શ્રી

# શ્રમણક્રિયાનાં સૂત્રો

સાર્થ

શ્રી વિજયદેવસૂરિ જૈન ગ્રંથમાળા, ગ્રંથાંક-૫

# શ્રી
# શ્રમણક્રિયાનાં સૂત્રો
## સાર્થ

卐

પ્ર કા શ ક
શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
અ મ દા વા દ

પ્રકાશક

**શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા વતી**

**શ્રી મહેશકુમાર શાંતિલાલ ભગત**

૪૪, વર્ધમાન ફ્લેટ્સ, પાલડી,

અમદાવાદ–૭

વીર નિ. સં. ૨૫૦૭

વિ. સં. ૨૦૩૭, શ્રાવણ

ઓગસ્ટ, સને ૧૯૮૨

કિંમત રૂ. ૧૩૧

મુદ્રક

શ્રી જસવંતલાલ ગિરધરલાલ શાહ

શ્રી પાર્શ્વ પ્રિન્ટરી,

દોશીવાડાની પોળ, તંબોળીનો ખાંચો,

અમદાવાદ–૧ (ફોન નં. ૩૮૩૭૦૬)



પરમપૂજ્ય શાસનસમ્રાટ આચાર્યમહારાજ
શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ



પરમપૂજ્ય પીયૂષપાણિ આચાર્યમહારાજ
શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ

# પ્રકાશકની વાત

સંયમજીવનની નિર્મળ આરાધનામાં એક કુશળ માર્ગદર્શકના જેવી કામગીરી બજાવતા આ ગ્રંથની ઉપયોગિતાને કારણે એની માંગ, હમેશને માટે, એકસરખી હોવાથી પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મહારાજની પ્રેરણાથી, એની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે.

આ પહેલાં આ ગ્રંથની બે આવૃત્તિઓ આ પ્રમાણે પ્રગટ કરવામાં આવી હતી—

**પહેલી આવૃત્તિ** "શ્રી શ્રમણક્રિયાસૂત્રસંદર્ભ" એ નામથી પૂજ્ય સાધ્વીજી શ્રી પ્રભંજનાશ્રીજી મહારાજના ઉપદેશથી, શ્રી શાંતિલાલ ચુનીલાલ શાહ (સુરદાસ શેઠની પોળ, અમદાવાદ) તરફથી પ્રકાશિત (વિ૦ સં૦ ૨૦૧૩ માં).

**બીજી આવૃત્તિ** "સાધુક્રિયાનાં સૂત્રો, સાર્થ" એ નામથી, પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી હેમસાગરસૂરિજી મહારાજની પ્રેરણાથી, પ્રગટ થઈ હતી.

સંયમયાત્રામાં સદા સહાયરૂપ થનાર આ ગ્રંથને આટલા સુવ્યવસ્થિત રૂપમાં તથા અર્થો સાથે તૈયાર કરવામાં પરમપૂજ્યપાદ બાપજી મહારાજના સમુદાયના ભદ્રપરિણામી પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી

મહારાજે જે ચીવટ રાખી હતી અને જે જહેમત ઉઠાવી હતી, તે માટે તેઓનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આ ગ્રંથની આ ત્રીજી આવૃત્તિ **"શ્રી શ્રમણક્રિયાનાં સૂત્રો–સાર્થ"** એ નામે અમારી સંસ્થા તરફથી પ્રગટ કરવાની અનુમતિ આપીને તેઓશ્રીએ અમને વિશેષ ઉપકૃત કર્યા છે.

આ ગ્રંથના મુદ્રણમાં જે જે સંઘોએ અમને આર્થિક સહાય આપી છે, તેઓનો અમે હાર્દિક આભાર માનીએ છીએ. આ ગ્રંથનું સુઘડ મુદ્રણ કરી આપવા બદલ અમે અમદાવાદની શ્રી પાર્શ્વ પ્રિન્ટરીના આભારી છીએ.

—પ્રકાશક

## ખાસ વિનતિ

આ ગ્રંથમાં આપેલ સૂત્રોના ક્રમ પ્રમાણે, "પાક્ષિક અતિચાર" "રાત્રિના અતિચાર મોટા" પછી તરત જ, ૧૦ મા પૃષ્ઠથી અપાવા જોઈતા હતા. પણ સરતચૂકથી એમ ન થઈ શક્યું, એટલે એ, ગ્રંથને અંતે, પૃષ્ઠ ૩૪૩ થી આપવામાં આવ્યા છે; તો એ ત્યાંથી જોવા-વાંચવા ખાસ વિનતિ છે.

—પ્રકાશક

## આ ગ્રન્થ માટે મળેલ સહાય

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય-દેવસૂરીશ્વરજી મહારાજ તથા એમના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયહેમચંદ્ર-સૂરિજી મહારાજના સદુપદેશથી મળેલ સહાય—

(૧) શ્રી સુરેન્દ્રનગર જૈન સંઘની શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી. ૧૦૦૦ નકલનું ખર્ચ; સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર).

(૨) શ્રી માટુંગા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી, ૫૦૦ નકલનું ખર્ચ; ઠે. કિંગ સર્કલ, માટુંગા, મુંબઈ-૧૯.

(૩) શ્રી તપગચ્છ જૈન સંઘ, ધ્રાંગધ્રા તરફથી, ૧૫૦ નકલનું ખર્ચ; ઠે. ગ્રીનચોક ધ્રાંગધ્રા (સૌરાષ્ટ્ર).

(૪) શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ. તપા-ગચ્છ સંઘ તરફથી, ૧૦૦ નકલનું ખર્ચ, મુંબઈ.

પરમ પૂજ્યપાદ, સંઘસ્થવિર, આચાર્ય ભગવંત શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી ( પૂજ્ય બાપજી ) મહારાજના સમુદાયના પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના સદ્દુપદેશથી, શ્રી ધીણોજ જૈન સંઘ તરફથી, ૫૦૦ નકલનું ખર્ચ; ઠે. જૈન ઉપાશ્રય, ધીણોજ ( ઉ. ગુજરાત ).

★

## વિનતિ

જે પૂજ્ય સાધુ મહારાજો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજોને આ ગ્રંથનો ખપ હોય તેઓને, ઉપરનાં પાંચ સરનામાંમાંથી ગમે તે સ્થાનના સંઘનો સંપર્ક સાધવા વિનતિ છે.

# પ્રાક્ કથન

( પહેલી આવૃત્તિનું )

**'ज्ञान–क्रियाभ्यां मोक्षः'** આત્માનો અનાદિ દુઃખોમાંથી છુટકારો સમજપૂર્વકનાં કર્તવ્યો કરવાથી થાય છે, એવો શ્રી જિનેશ્વરદેવોનો ઉપદેશ છે અને એ કર્તવ્યોનું સ્વરૂપ પણ તેઓએ સમજાવ્યું છે. તેને સમજીને જીવનને કર્તવ્ય-પરાયણ બનાવવું એ દુઃખોમાંથી છૂટવાનો સાચો ઉપાય છે.

આ કર્તવ્યરૂપ પુરુષાર્થ બે પ્રકારનો છે: એક જડ સામગ્રી દ્વારા થતો બાહ્ય અને બીજો ચૈતન્ય (આત્મગુણો) દ્વારા થતો અભ્યન્તર. જ્ઞાનીઓએ 'જ્ઞાન અને ક્રિયા' બેના સંયુક્ત પુરુષાર્થથી મોક્ષ થાય એમ કહ્યું છે, તેમાં જ્ઞાન ચૈતન્યરૂપ છે અને ક્રિયા સ્વરૂપે જડ છે.

સંસારી છદ્મસ્થ જીવો સઘળાય જડના (કર્મના) સંયોગવાળા છે. માટે મૂળ સ્વરૂપને પ્રગટાવવા જડ સ્વરૂપ ક્રિયા પણ તેઓને આવશ્યક છે. કારણ કે, તત્ત્વદૃષ્ટિએ તો, જડ ચૈતન્યને કે ચૈતન્ય જડને કંઈ કરી શકતું નથી, કિન્તુ જડ ક્રિયાથી જડનું બન્ધન તોડી શકાય છે અને જ્ઞાનાદિ ચૈતન્યથી આત્માનું જ્ઞાનાદિ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી શકાય છે: એમ બે કાર્યો સાથે થાય છે. વસ્તુતઃ જડથી મુક્તિ સાથે ચૈતન્યનું પૂર્ણ પ્રગટીકરણ, અથવા ચૈતન્યના સમ્પૂર્ણ પ્રગટીકરણ સાથે જડથી સર્વથા મુક્તિ, એ જ મોક્ષ છે. એકલી જડની મુક્તિ કે એકલો ચૈતન્યનો પ્રાદુર્ભાવ થતો નથી—જેમ દિવસની સમાપ્તિ એ જ રાત્રિ, અને રાત્રિનો પ્રારમ્ભ

એ જ દિવસની સમાપ્તિ છે તેમ. અને જડથી મુક્તિ એ જ ચૈતન્યનો પ્રાદુર્ભાવ અને ચૈત્યનનો પ્રાદુર્ભાવ એ જ જડથી મુક્તિ છે.

આટલું સમજ્યા પછી કેવળ જડ ક્રિયાનો આગ્રહ કે માત્ર જ્ઞાનનો પક્ષ ટકી શકતો નથી. પન્થ કાપવામાં પગ અને ચક્ષુ બેનો સહકાર આવશ્યક છે. પંગુ દેખવા છતાં અને અન્ધ ચાલવાની શક્તિવાળો છતાં એકલો ઇષ્ટ સ્થળે પહોંચી શકતો નથી, પરસ્પરના સહકારથી પહોંચી શકે છે; અહીં પણ જ્ઞાન અને ક્રિયા બન્નેના સહકારથી મુક્તિ-રૂપ કાર્ય સિદ્ધ થઈ શકે છે.

એમ છતાં શાસ્ત્રમાં ક્રિયાની મહત્તા કરતાં જ્ઞાનની મહત્તા ઘણી બતાવેલી છે, જ્ઞાનને સૂર્ય સમાન અને ક્રિયાને ખજુઆ તુલ્ય કહી છે, તે પણ સત્ય છે. કિન્તુ તેમાં અપેક્ષાએ **જ્ઞાનના વિષયમાં જ્ઞાનનું પ્રાધાન્ય ભલે હોય, તેથી ક્રિયાનું પ્રાધાન્ય ઘટતું નથી; ક્રિયાના વિષયમાં ક્રિયાનું મહત્ત્વ જ્ઞાનના જેટલું જ છે.** માથાના મુગટની કિંમત ભલે ગમે તેટલી મોટી હોય, પણ પગરખાંનું કામ મુગટ કદી કરી શકે નહિ; પાઘડીની કિંમત ભલે ગમે તેવી મોટી હોય પણ લંગોટનું (લજ્જા ઢાંકવાનું) કામ તે કરી શકે નહિ; ક્રોડોની કિંમતનો હીરો પણ અટવીમાં લાગેલી સખ્ત તૃષા વખતે જિવાડનારા પાણીનું કામ કરી શકે નહિ; સૂર્ય તીવ્ર અન્ધકારનો નાશક છતાં ભોંયરાના અન્ધકારને ટાળનાર દીપકનું કાર્ય તે કરી શકે નહિ; તેમ જ્ઞાન પણ ગમે તેટલું સમર્થ છતાં કર્મોને (જડને) નાશ કરનારી ક્રિયાની

ખોટ પૂરી શકે નહિ. હા, ક્રિયાના સહકારથી જ્ઞાન આત્મ-સ્વરૂપને પ્રગટાવી શકે; પણ, એમ તો, જ્ઞાનના સહકારથી ક્રિયા પણ જડનાં બન્ધનોનો સમૂળ નાશ કરી જ શકે છે.

એમ વિચારતાં સમજાશે કે જ્ઞાન કરતાં ક્રિયાનું સ્થાન જરાય ઊતરતું નથી; એ ઉપરાંત **ક્રિયા, જ્ઞાનની જેમ, ભાડે મળતી નથી.** જ્ઞાન તો બીજાનું પણ કામ લાગે છે, ક્રિયા એકની કરેલી બીજાને ઉપકાર કરતી નથી. વળી માતાની જેમ જ્ઞાનને પ્રગટ કરનાર, શુદ્ધ કરનાર, રક્ષણ કરનાર કે વૃદ્ધિ પમાડનાર **ક્રિયાને જ્ઞાનની માતા તુલ્ય પણ કહી શકાય.** માટે જ સમિતિ-ગુપ્તિને પ્રવચન-માતા કહી છે. સમર્થ તત્ત્વવેત્તા (ચૌદ પૂર્વધરો) પણ ક્રિયાને અખણ્ડ આરાધે છે. બીજી વાત એ પણ છે કે, જ્ઞાનથી દેવ, ગુરુ કે ધર્મ એ ઉપકારીઓની ઓળખાણ થાય છે, આત્માનાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર જેવાં અમૂલ્ય રત્નોની પિછાણ થાય છે, પણ એ ઉપકારીઓની કે જ્ઞાનાદિ રત્નોની પ્રાપ્તિ તો ક્રિયા વિના થતી નથી. તે ઉપરાન્ત જ્ઞાન બીજા સામાન્ય જીવોને અદૃશ્ય–પરોક્ષ હોવાથી માત્ર તે આત્માને જ ઉપકાર કરે છે અને ક્રિયા અન્યને પણ પ્રત્યક્ષ હોવાથી સ્વ-પર ઉપકારક છે. અહીં કોઈ કહે કે, જ્ઞાન પરને ઉપકાર કરે જ છે, તો સમજવું જોઈએ કે તે ઉપકાર ઉપદેશ દ્વારા કરે છે, સ્વતંત્ર રીતે નહિ, અને એ જ્ઞાનનો ઉપદેશ પણ એક ક્રિયા છે, માટે ક્રિયા દ્વારા જ્ઞાન ભલે પરને ઉપકારક હોય, સ્વતંત્રતયા નહિ, જ્યારે

ક્રિયા તો બાહ્ય પ્રવૃત્તિરૂપ હોવાથી પ્રત્યક્ષ દેખાય છે, તેથી તેને જોઈને પણ યોગ્ય જીવો અનુમોદના-પ્રશંસા વગેરે કરીને લાભ મેળવી શકે છે. આ સિવાય પણ ક્રિયાની મહત્તા અનેક પ્રકારે ભિન્ન ભિન્ન યુક્તિઓથી સમજી શકાય તેમ છે, પણ અહીં આટલું જ જણાવવું બસ છે.

ક્રિયાનું આવું (આટલું) મહત્ત્વ હોવા છતાં એથી જ્ઞાનનું મહત્ત્વ અંશેય ઓછું માનવાનું નથી. 'જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં જે કર્મો ખપાવી શકે છે, તેટલાં કર્મો અજ્ઞાની ક્રોડ પૂર્વ વર્ષો સુધી આકરી ક્રિયા કરવા છતાં ખપાવી શકતો નથી' એમ જ્ઞાનીઓએ કહેલું છે તે તદ્દન સત્ય છે. છતાં એ સમજાવવું જરૂરી છે કે, ક્રિયાનાં કષ્ટોથી ગભરાઈ ઊઠેલા જેઓ ક્રિયાની વજૂદ સ્વીકારતા નથી, કેવળજ્ઞાનની જ વાતો કરી જૈન શાસનના સ્યાદ્વાદને તોડી અજ્ઞાન ભોળા વર્ગને ક્રિયા પ્રત્યે અનાદર થાય તેવો એકાન્તિક-મિથ્યામાર્ગનો આગ્રહ કરે છે, તેઓ સ્વ-પરને મોટો અન્યાય કરી રહ્યા છે.

આ ગ્રન્થમાં શ્રમણક્રિયાનાં સૂત્રોનો સંગ્રહ છે. અને તે ક્રિયા સાધુ-સાધ્વીના અનુષ્ઠાનરૂપ છે. ઉપરની હકીકતથી વાચકો સમજશે કે, અનુષ્ઠાન આત્મિક વિકાસ માટે એક આવશ્યક કર્તવ્ય છે, માટે તેનાં સૂત્રો, અર્થ કે અનુષ્ઠાન સંબન્ધી વિશેષ માહિતી જેમાં છે, તે આ પુસ્તક પણ સામાન્ય છતાં વિશેષ ઉપકારક છે.

લૌકિક કે લોકોત્તર ક્રિયા-અનુષ્ઠાનો તો સુખનો અર્થી

જીવ એક યા બીજા રૂપમાં કરતો આવ્યો છે, કરે છે અને યથાર્થ સુખની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કરશે પણ ખરો. એથી અહીં ક્રિયાના કર્તવ્યપણાને અંગે બહુ જણાવવા કરતાં ક્રિયાની સમજણ, વિધિ અને શ્રદ્ધાને અંગે જણાવવું વિશેષ જરૂરી લાગવાથી આ પુસ્તકમાં તેને અંગે પ્રયત્ન કરવામાં આવ્યો છે અને અહીં પણ કંઈક જણાવવું ઉચિત લેખાશે.

બહુધા અજ્ઞાની જીવનો સ્વભાવ 'ગાડરિયા પ્રવાહ' જેવો છે, એકનું દેખીને બીજો, બીજાનું દેખીને ત્રીજો–એમ દેખાદેખી પ્રવાહ ચાલતો હોય છે તેના રહસ્યને સમજવાની રુચિ કે પ્રયત્ન કરનારા જીવો ઓછા હોય છે. આથી તેઓ ક્રિયાનાં કષ્ટો ઉઠાવવા છતાં તેના સાચા ફળથી વંચિત રહે છે અને કોઈક વાર વિપરીત પરિણામ પણ લાવે છે. આ વિષયમાં બાળ જીવો પણ સમજે તેવાં દૃષ્ટાન્તોથી ભવ્ય આત્માઓને ક્રિયાનો આદર, વિધિનો આદર અને શ્રદ્ધાને પ્રગટાવવા પૂર્વ પુરુષોએ ઘણા પ્રયત્નો કર્યા છે, એથી અહીં એ સંબંધી કંઈ કહેવાની જરૂર નથી.

બાલ્ય કાળમાં માતૃમુખી જીવન ભલે ઉપકારી હોય, પણ જીવનભર માતૃમુખ રહેનારો મૂર્ખ ગણાય છે; ગાડરના જીવનમાં અન્ધના અનુકરણ જેવી ગાડર-પદ્ધત્તિ ભલે ઉપકારક હોય, પણ માનવજીવનના છેડા સુધી એવું જિવાય તો જીવન નિષ્ફળપ્રાયઃ નીવડે, તેમ અહીં પણ જે જે વિષયનો બોધ ન હોય કે મેળવી શકાય તેમ ન હોય, તે વિષયમાં અજ્ઞાની જીવ બીજા જ્ઞાનીનું અનુકરણ ભલે કરે,

પણ જ્ઞાનના અનાદરથી અન્ધ અનુકરણ જેવું અનુષ્ઠાન કરે તો તે હિતાવહ નથી. માટે દરેક અનુષ્ઠાન સમજપૂર્વકનું હોવું જોઈએ. હા, આવી સમજ હોવા છતાંય વિનય કરવારૂપે, ઉપકારીઓની આજ્ઞાને આધીન બની, તેઓનું કહ્યું કરવું એ ઉત્તમ સાધુનું કર્તવ્ય છે, પણ સમજ્યા વિના જ કર્યા કરવું તે યોગ્ય મનાતું નથી.

બીજી વાત એ છે કે, ક્રિયા જેમ પ્રત્યક્ષ હોવાથી સ્વ-પર ઉપકાર કરે છે, તેમ જો તે અયોગ્ય હોય તો સ્વ-પર અપકાર પણ કરે છે. માટે જ ક્રિયાના વિધિને અખંડ સાચવવો જરૂરી છે. શ્રી વીતરાગકથિત આત્મહિતનાં અનુષ્ઠાનોને મનસ્વીપણે જે જેમ ફાવે તેમ કરે, તેને જ્ઞાનીઓએ વિરાધક કહ્યો છે, કારણ કે તેનું અનુકરણ કરતાં પરમ્પરાએ ક્રિયાનું મૂળ રૂપ બદલાઈ જાય અને એમ અનવસ્થા ઊભી થાય, મિથ્યાત્વ પણ વધે અને જિનાજ્ઞાનો ભંગ પણ થાય, ઇત્યાદિ શાસનને—મોક્ષમાર્ગને ઘણો ધક્કો લાગે.

એ પણ સમજવાનું છે કે, જ્ઞાનની જેમ ક્રિયા એ કોઈ એક વ્યક્તિનું ધન નથી, કિન્તુ ભવ્ય જીવોને મોક્ષનગર જવા માટેની મહાપુરુષોએ બાંધેલી અને સાચવેલી સુન્દર સડક છે; સડક ઉપર ચાલવાનો અધિકાર હોય પણ તેને તોડવાનો કે મનસ્વી ઉપયોગ કરવાનો અધિકાર, કોઈને ન હોય, તેમ ક્રિયા–અનુષ્ઠાન આચરવાનો આત્માર્થી જીવને અધિકાર છે, કિન્તુ તેનો વિરોધ કે મનસ્વી ઉપયોગ કરવાનો કોઈને અધિકાર નથી. પૂર્વના મહર્ષિઓએ એવા

પ્રસંગ ઊભા થતાં મનસ્વી-આગ્રહી આરાધકોની ઉપેક્ષા કરી છે, પણ વિધિને ધક્કો પહોંચવા દીધો નથી. હા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રિને ક્રિયામાં ફેરફાર કરવાનું વિધાન છે, પણ તે કોઈ એક વ્યક્તિ કે પક્ષને નહિ, શ્રમણસંઘ, શાસનના અને આરાધક આત્માઓના હિતાહિતનો વિચાર કરી, પ્રમાદાદિ શત્રુઓથી ભવ્યાત્માઓનું રક્ષણ થાય અને શ્રી જિનકથિત અનુષ્ઠાનોના તેઓ આરાધક બની શકે, એ રીતે તેમાં ફેરફાર કરી શકે છે. મનસ્વી ક્રિયાને કરનારાઓ અને તેમાં સહાય કરનારાઓ શાસનને કેવું અહિત કરે છે, તે સમજાવવા માટે શાસ્ત્રમાં કહેલું શ્રી કૃષ્ણજીની ભેરીનું દૃષ્ટાન્ત વિચારવા લાયક છે.

વિધિ અને સમજ હોવા છતાં શ્રદ્ધા (પક્ષ) ન હોય તોપણ ક્રિયા આત્મહિત કરી શકતી નથી. ક્રિયાનો વિધિ અને સમજ બે એવાં તત્ત્વો છે કે પ્રારમ્ભમાં શ્રદ્ધા વિના પણ વિધિ અને સમજપૂર્વક ક્રિયા કરનારને મિથ્યાત્વમોહનો ક્ષયોપશમ થાય છે, તેથી ન હોય તે શ્રદ્ધા પણ પ્રગટે છે, એમ ક્રિયામાં શ્રદ્ધાને પ્રગટાવવાની અને પોષવાની પણ શક્તિ છે.

આટલી હકીકત સમજ્યા પછી આ ગ્રન્થ કેટલો ઉપકારી છે, તે વાચક સ્વયં સમજી શકશે. આમાં વિધિ સાથે સામાન્ય હેતુઓ પણ સમજાવવા પ્રયત્ન કર્યો છે. ટૂંકાણમાં દરેકના અર્થ પણ આપ્યા છે, કે જેના બળે આત્માર્થી જીવો સમજ, શ્રદ્ધા અને વિધિપૂર્વક અનુષ્ઠાન કરી સ્વ-જીવનને સફળ કરી શકે. મુખ્યતયા બાળ જીવોને ઉદ્દેશીને

લખાયેલો આ ગ્રન્થ તેઓને ઉપકારક થશે એવી આશા રાખવી અનુચિત નથી.

પુસ્તકમાં શ્રમણક્રિયાનાં સૂત્રો વગેરેનો સંગ્રહ હોવાથી વિશેષતયા તે સાધુ-સાધ્વીને ઉપકારક છે, તોપણ ગૃહસ્થ-ધર્મનો સમ્બન્ધ સાધુધર્મ સાથે હોવાથી તેને પણ ઉપકારક છે.

ગ્રન્થોક્ત વિષયો 'વિષયાનુક્રમ' જોવાથી સમજાય તેવા છે, એથી એનું વિવેચન કર્યું નથી. ગ્રન્થ લખવામાં 'ધર્મ-સંગ્રહ' ઉપરાન્ત બીજા પણ ઉપયોગી ગ્રન્થોનો આધાર લીધો છે, છતાં એમાં છદ્મસ્થપણાથી કે અનુપયોગથી જે કંઈ શાસ્ત્રવિરુદ્ધ લખાયું હોય તેનો મિચ્છા મિ દુક્કડં દઈ ભવ્ય આત્માઓને આ ગ્રન્થનો યથાશક્ય ઉપયોગ કરવા વિનંતિ કરું છું. ઉપરાન્ત જે કંઈ ભૂલ દેખાય તે તેઓ લખી જણાવશે એવી આશા રાખું છું.

—વિજયભદ્રંકરસૂરિ

(પૂ. બાપજી મહારાજના સમુદાયના)

# ઉપકારક ગ્રંથ

જૈનધર્મ અને દર્શન મોક્ષલક્ષી સાધનાને વરેલો માર્ગ છે. મોક્ષ-મુક્તિની ઇચ્છાથી એ પંથ શરૂ થાય છે અને મોક્ષની પ્રાપ્તિથી એ પંથનો મુકામ આવે છે. મોક્ષ એટલે મુક્તિ-આત્મા સાથે અનાદિ કાળથી ઓતપ્રોત બની ગયેલા કર્મપુદ્ગલોથી સર્વથા મુક્તિ. તેથી જૈન શાસનમાં ધર્મ-સાધનાનાં જે કાંઈ હળવા કે કઠણ અથવા નાના યા મોટા ઉપાયો દર્શાવ્યા છે, તેનો એકમાત્ર હેતુ મોક્ષ કે મુક્તિના માર્ગ તરફ ધીમું કે ઝડપી પ્રયાણ, એ જ સ્વીકારવામાં આવ્યો છે.

આત્માને સર્વ દુઃખ કે સર્વ કર્મથી મુક્ત કરવા સમત્વ જરૂરી છે અને સમત્વ-સમભાવ માટે અહિંસા જરૂરી છે. અહિંસા માટે તપ અને સંયમ જરૂરી છે. આમ તપ-સંયમ દ્વારા અહિંસાનું પાલન થાય છે. અહિંસાથી-પૂર્ણ અહિંસક ભાવથી-મૈત્રીભાવ; મૈત્રીભાવથી સમભાવ અને શુદ્ધ કોટીના સમભાવથી મુક્તિ પ્રાપ્ત થાય છે. જૈન તત્ત્વજ્ઞાને દર્શાવેલી મોક્ષલક્ષી અંતરંગ ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ ભૂમિકાને સ્પર્શતી સાધનાની આ પ્રક્રિયાને-ક્રમે ક્રમે વિકાસ તરફ દોરી જતી પ્રક્રિયાને-વિના સંકોચે વૈજ્ઞાનિક કહી શકાય એવી છે.

આ સમગ્ર સાધનાનો પાયો છે જ્ઞાન અને ક્રિયા; બન્ને અવિનાભાવિ છે, અન્યોન્ય સંકળાયેલાં છે. જેમ એક વસ્ત્રમાં તાણા અને વાણા બે હોય છે અને બન્ને મળીને

જ વસ્ત્ર બને છે, તેમ અહીં આત્મસાધનામાં આ બન્ને જોઈએ. જ્ઞાનમાં સૂક્ષ્મતા અને ઊંડાણ હોય પણ ક્રિયામાં રુચિ–શ્રદ્ધા મંદ હોય તો તેથી ઇષ્ટપ્રાપ્તિની દિશામાં ગતિ ન થઈ શકે. એ જ રીતે ક્રિયામાં રુચિ અને સતત પ્રવૃત્તિ હોય, પણ એ જ્ઞાનથી આલોકિત ન હોય તો તે પણ ન ચાલે. તાણો ઊજળો હોય અને વાણો મેલો હોય તો વસ્ત્ર શોભે નહીં; બન્ને ઊજળાં જોઈએ—એવી સાદી સમજની આ વાત છે.

શ્રમણજીવન સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસાના નિત્ય-નિરંતર પાલનથી ભરેલું છે. કોઈ પણ સત્ત્વ–ભૂત–પ્રાણ કે જીવને મનથી પણ દુઃખ, પીડા, ભય કે ત્રાસ અથવા પરિતાપ ન આપવાં એ એની સાધનાનો રાજમાર્ગ છે. એટલે પછી વાણી અને કાયાથી કોઈ પણ જીવને થોડીક પણ કિલામણા –વેદના પહોંચાડવાની તો વાત જ ક્યાં રહી? તેથી જીવન માટે ચાલવા-બેસવા, સુવા-ઊઠવાની જે કાંઈ પ્રવૃત્તિ કરવી પડે, તે બધી જયણાપૂર્વક–જાગૃતિ સાથે–કરવાનું ફરમાવવામાં આવ્યું છે.

આ જાગૃતિ અને જયણાને શ્રમણજીવનમાં એકસાથે ખીલવવાની હોય છે. શ્રમણજીવનની દશવિધ ચક્રવાલ સામાચારીપૂર્વકની દિનચર્યા અપ્રમત્ત સાધક જ આચરી શકે તેવી સઘન અને સૂક્ષ્મ હોય છે. તેમાં પ્રતિક્રમણ, પ્રતિલેખન, ગવેષણા વગેરે ક્રિયાકાળે જે જે સૂત્રો બોલવાનાં હોય છે, તે બધાં સૂત્રોના અર્થ, રહસ્ય અને તાત્પર્ય બહુ ગંભીર

છે. તેની ક્રમિક સંકલના પણ તર્કસંગત, સૂક્ષ્મ, બુદ્ધિગમ્ય છે.

શ્રમણ-શ્રમણીએ પોતાના જીવનમાં આહાર-વિહાર વગેરે કાર્યોમાં કેવી ઝીણામાં ઝીણી વિગતોનો ખ્યાલ રાખવાનો હોય છે, તે સમજવા માટે જેઓ ગોચરીના બેંતાલીસ દોષનું નિરૂપણ વાંચે તેને તેનો ખ્યાલ આવ્યા વિના નહીં રહે.

સૂત્ર, અર્થ અને તદુભયનું પઠન-પાઠન-ચિંતન ક્ષયોપશમની વૃદ્ધિનું કારણ છે. અનુયોગદ્વાર સૂત્રમાં લોકોત્તર ભાવાવશ્યકનું વર્ણન આવે છે, તેમાં મૂકવામાં આવેલ– **तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसिए तत्तिव्वज्झवसाणे** –આ પાંચ પદો બહુ અગત્યનાં છે. જે સૂત્ર બોલાય તે વખતે સાધક તચ્ચિત્ત, તન્મનીભાવ( તન્મયીભાવ )વાળો, તલ્લેશ્યાવાળો, તદધ્યવસાયવાળો અને તત્તીવ્રાધ્યવસાનવાળો હોય –એ આનો ભાવ છે. જ્યારે જે જે સૂત્ર બોલાય તે વખતે તે તે સૂત્ર અને તેના અર્થોમાં મન પરોવવું. પછી તે સૂત્ર અને અર્થને અનુરૂપ લેશ્યા અને તે જ અધ્યવસાય–આ મનની જ સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સ્થિતિ છે. ચિત્ત તેના સર્વ પ્રદેશ સમેત, તે સૂત્રના શબ્દ અને અર્થના માધ્યમથી, તેના તાત્પર્ય–ભાવની સાથે આત્માનુસંધાન સાધે ત્યારે ક્રિયા તેના પૂર્ણ સ્વરૂપે સિદ્ધ થાય છે. તે વેળાએ તે ભાવાત્મક આંદોલનો મન-વાણી-કાયામાં ફેલાઈ જાય, ચિત્ત તે ભાવથી જ ભીંજાઈ જાય અને તે તે ક્રિયા કરતી વખતે તેના સિવાયનો બીજો કોઈ વિચાર બુદ્ધિમાં કે હૃદયમાં ન હોય ત્યારે જ **तदप्पियकरणे**–તદર્પિતકરણ અર્થાત્ બધી

ઇન્દ્રિયો તેમાં ડૂબી ગઈ હોય એવી અવસ્થા સાધ્ય બને છે, જે આદર્શ છે; પ્રત્યેક સાધકે ત્યાં પહોંચવાનું છે. અને તેમાં આ ગ્રંથમાં આવેલાં સૂત્રો, અર્થ, રહસ્ય મદદગાર બની શકે તેમ છે.

વળી જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર અને તપઆચાર–આ પાંચ આચારમાં અને પ્રાણાતિપાત-વિરમણ આદિ પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજનવિર-મણ વ્રત–એના પાલનમાં જે કાંઈ અતિચાર સેવાયા હોય, તેનું વિશદ સ્વરૂપ આ સૂત્રોમાં મળે છે. આપણે ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે, **अइयारा जाणियव्वा न समायरियव्वा** અર્થાત્, અતિચારો સેવાઈ ન જાય અને તેનાથી બચી શકાય તે માટે અતિચારો જાણવા જરૂરી છે. અતિચાર સુધી પહોંચેલાને શુદ્ધ થવાની તક છે.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર આમાં એક પ્રકારનો ક્રમ છે. જેમ કે કોઈકે રાત્રે ચોવિહારનાં પચ્ચખ્ખાણ કર્યાં છે, અને એને મોડી રાતે તૃષા લાગી. હવે તેને પાણી પીવાની ઇચ્છા થઈ તે અતિક્રમ; પછી પાણી ક્યાં મળશે તે વિચારી તે સ્થાન તરફ જવાનો પ્રયત્ન તે વ્યતિક્રમ; તે સ્થળે જઈ પ્યાલામાં પાણી કાઢવું તે અતિચાર; અને એ પાણીનો પ્યાલો મોઢે માંડવો તે અનાચાર.

આ રીતે આ ચાર અવસ્થા સમજી શકાય છે. આમાં અતિચાર સુધી પહોંચ્યા હોઈએ તો પશ્ચાત્તાપ કરી પ્રાય-શ્ચિત્તાદિ લઈ–કરીને શુદ્ધ થવાય છે, પણ અનાચારની કોટિમાં

પહોંચ્યા પછી શુદ્ધ થવાનું અત્યંત દુષ્કર થઈ પડે છે. એ આરાધના દરમ્યાન લાગેલા અતિચારોને આલોચવા માટે આ સૂત્રોમાં પણ પ્રસંગે પ્રસંગે જે ચિંતનની સામગ્રી મળે છે, તેમાં સૂત્રરચનાના ક્રમની સહેતુક વિશેષતા, તેના અર્થનું ઊંડાણ અને એ પદક્રમ અને પદવ્યવસ્થાને, હેતુ–રહસ્ય શોધવાની નજરે અનુપ્રેક્ષા–ચિંતન–મનન દ્વારા, જ્યારે જાણીએ છીએ ત્યારે તેના પ્રણેતા પ્રત્યે આપણું ભાવસભર હૈયું સહસા અવનત બની જાય છે, જેમ કે પખ્ખીસૂત્રમાં ધર્મનાં જે બાવીસ વિશેષણો **अहिंसालक्खण स, सच्चाहिट्ठिअस्स** વગેરે આવે છે, તેનું વિશ્લેષણ કરીએ તો તેમાં **लक्षण**, अधिष्ठित, मूल, **प्रधान्** વગેરે શબ્દો દ્વારા શ્રમણધર્મનું જે સર્વાંગીણ, સળંગ, સુરેખ ચિત્ર દોર્યું છે, તેનું સાંગોપાંગ દર્શન થાય છે. એક શ્રેષ્ઠ ધર્મની જે કલ્પના કરીએ અને તેની સર્વ જીવની કલ્યાણકારકતામાં જે કાંઈ અપેક્ષિત હોય, તે સર્વ આમાં સમાઈ જાય છે–કશું જ બાકી રહેતું નથી. વિશ્વના કોઈ પણ ધર્મના સ્વરૂપની ચર્ચા-વિચારણામાં **कषपट्टिका**( કસોટી )નું કાર્ય કરે તેવી પૂરતી સામગ્રી આ બાવીસ વિશેષણોમાં ભરી છે.

એ જ પ્રમાણે **सद्दहामि, पत्तिआमि, रोएमि, फासेमि, पालेमि, अणुपालेमि**–આ છ પદોનું અર્થચિંતન કરીએ છીએ ત્યારે પણ આપણને કંઈક નવો જ પ્રકાશ લાધે છે.

જે ધર્મ છે તેની પ્રથમ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જેની શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે અંગે પોતાને અનુભવ થાય ત્યારે

પ્રતીતિ થાય છે. જેની પ્રતીતિ થાય તેની જ રુચિ ઉત્પન્ન થાય છે. પછી તેની આસેવનારૂપ સ્પર્શના થાય છે અને સ્પર્શના પછી પાલના અને તે પછી અનુપાલના થાય–આ જ ક્રમ યુક્તિ અને અનુભવસંગત છે. અનુપ્રેક્ષાથી સૂત્રોનાં ઘણાં રહસ્યો પ્રકટ થાય છે.

"શ્રી શ્રમણક્રિયાનાં સૂત્રો–સાર્થ" એ નામનો આ ગ્રંથ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ માટે અને વિશેષે કરીને નવદીક્ષિત શ્રમણ-શ્રમણી માટે તો આવશ્યક પાઠ્ય-પુસ્તક જ છે. અને એ આવશ્યક ક્રિયાનાં સૂત્રો અર્થ-ભાવાર્થ સાથે સમજવાથી ક્રિયામાં પ્રાણ પુરાય છે. અને એવી સફળ ક્રિયા કરવાથી શ્રમણજીવનમાં આનંદનો અનુભવ થાય છે. એ રીતે આ ગ્રંથ સાધુ-સાધ્વી વર્ગને માટે ખૂબ જ ઉપયોગી ને ઉપકારક છે એમાં શક નથી.

એક રીતે આ ગ્રંથ શ્રમણક્રિયાનાં સૂત્રોનો ગ્રંથ છે, છતાં તેમાંથી જૈનધર્મે પ્રરૂપેલ ચરણકરણાનુયોગના મૌલિક પદાર્થોની ચિંતનસામગ્રી પણ મળી શકે એમ છે.

આના પઠન-પાઠનથી આવશ્યક ક્રિયાઓમાં પ્રાણનો ધબકાર અનુભવાય, તેવી શુભ કામના.

જૈન ઉપાશ્રય, જૈનનગર,
સંજીવનીમાર્ગ,
અમદાવાદ–૭
જેઠ વદિ ૧૧, વિ. સં. ૨૦૩૭.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયહેમચન્દ્ર-
સૂરિજી મહારાજના ચરણરેણુ
**મુનિ પ્રદ્યુમ્નવિજય ગણી**

# વિષયાનુક્રમ


**૧. શ્રી સાધુસાધ્વી યોગ્ય ક્રિયાસૂત્રો ૧ થી ૧૯૯**

૧. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામન્ત્ર ૧
૨. શ્રી સામાયિકસૂત્ર ૨
૩. ઇચ્છામિ ઠામિ૦ ૩
૪. રાત્રિક-દૈવસિક અતિચારો ચિન્તવવાની ગાથા ૬
૫. દૈવસિક અતિચાર મોટા ૭
૬. રાત્રિક અતિચાર મોટા ૮
૭. પાક્ષિક અતિચાર (**ગ્રંથને અંતે**) ૩૪૩
૮. શ્રી સાધુપ્રતિક્રમણસૂત્ર (**पगामसिज्जा**) ૧૦
૯. શ્રી પાક્ષિકસૂત્ર ૭૯
૧૦. શ્રી પાક્ષિક ખામણાં ૧૭૭
૧૧. પ્રતિક્રમણમાં અતિચારો ચિન્તવવાની ગાથા ૧૮૭
૧૨. છીંકનો કાયોત્સર્ગ-વિધિ ૧૮૮
૧૩. માંડલાનો વિધિ ૧૯૦
૧૪. સંથારા પોરિસીનો વિધિ અને સૂત્રપાઠ ૧૯૩


## પરિશિષ્ટ—૧


**૧. પ્રતિલેખના**

૧. પ્રતિલેખનાના ૨૫ પ્રકારો ૨૦૦
૨. ,, હેતુઓ ૨૦૨
૩. પ્રતિલેખનાના બોલ ૨૦૩
૪. સ્થાપનાચાર્યની પ્રતિલેખનાના બોલ ૨૦૪

૫. કયા બોલ કયા અંગે બોલવા તેની સજ્ઝાય ૨૦૪
૬. પ્રતિલેખનામાં રહસ્ય ૨૦૬
૭. સવારની પ્રતિલેખનાનો વિધિ ૨૦૮
૮. સાંજની ,, ,, ૨૦૯
**૨. સવારે પાદોનપોરિસિ (છ ઘડી)નો વિધિ ૨૧૦**
**૩. પચ્ચક્ખાણ પારવાનો વિધિ ૨૧૧**
**૪. દશવૈકાલિક સૂત્રની સત્તર ગાથાઓ–સાર્થ ૨૧૩**
**૫. ગોચરીના દોષો (એષણાસમિતિ)**
૧. સોળ ઉદ્ગમ-દોષો; તેમાં અવિશોધિ કોટિ ૨૨૨
૨. સોળ ઉત્પાદન-દોષો ૨૩૦
૩. ગ્રહણૈષણાના દસ દોષો; ૨૦ પ્રકારના દાયકો ૨૩૭
૪. શય્યાતરપિણ્ડનો નિષેધ ૨૪૪
૫. રાજપિણ્ડનો નિષેધ ૨૪૬
૬. ગ્રાસૈષણાના પાંચ દોષો ૨૪૭
**૬. ગોચરી આલોચવાનો વિધિ ૨૪૮**
**૭. પ્રતિદિન સાત વાર ચૈત્યવંદન ૨૫૦**
**૮. પ્રતિદિન ચાર વાર સજ્ઝાય ૨૫૧**

## પરિશિષ્ટ–૨

**૧. ચરણસિત્તરી**
૧. મહાવ્રતોનું સ્વરૂપ ૨૫૨
૨. દશ પ્રકારનો યતિધર્મ ૨૫૭
૩. વૈયાવચ્ચના દશ ભેદો ૨૫૯
૪. બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ ૨૬૦

૫. જ્ઞાનાદિ ત્રય ૨૬૧
૬. તપના બાર પ્રકારોનું સ્વરૂપ ૨૬૨
૭. ક્રોધાદિ નિગ્રહ ૨૬૬
૨. કરણસિત્તરી
૧. ઇન્દ્રિયનિરોધ ૨૬૭
૨. અભિગ્રહો ૨૬૯
૩. દશધા સામાચારી ૨૭૨
૪. ચૈત્રમાસમાં કાયોત્સર્ગ કરવાનો વિધિ ૨૭૪
૫. સત્તર પ્રકારના સંયમનું સ્વરૂપ ૨૭૭
૬. અષ્ટ પ્રવચનમાતાઓ ૨૭૮
૭. ભિક્ષુની બાર પડિમાઓ ૨૮૪
૮. બાવીસ પરીષહો ૨૮૮
૯. ચાર પ્રકારની ભાષા અને તેના ૪૨ ઉત્તરભેદો ૨૯૪
૧૦. પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓ ૨૯૯
૧૧. બાર ભાવનાઓ ૩૦૪


પરિશિષ્ટ—૩


૧. અસ્વાધ્યાયિક પ્રકરણ ૩૦૯
૨. લોચનો વિધિ ૩૧૯
૩. સાધુ-સાધ્વી કાલધર્મ પામે ત્યારે કરવાનો વિધિ ૩૨૨
૧. શ્રાવકનું કર્તવ્ય ૩૨૩
૨. સાધુઓને કરવાનો વિધિ ૩૨૬
૪. સંવિજ્ઞ સાધુ યોગ્ય નિયમ કુલક—સાર્થ ૩૨૮
પાક્ષિક અતિચાર ૩૪૩ થી ૩૪૮

## વાચક જસની મુનિ-હિતવાણી

(દુહા)

આતમ સાખે ધર્મ જે, તિહાં જનનું શું કામ;
જન-મન-રંજન ધર્મનું, મૂલ ન એક બદામ.

જગમાં જન છે બહુ રુચિ, રુચિ નહીં કો એક;
નિજ હિત હોય તેમ કીજીએ, ગ્રહી પ્રતિજ્ઞા ટેક.

દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;
સંગતિ કીજે સંતની, હુઈએ તેના દાસ.

સમતાસે લય લાઈએ, ધરી અધ્યાતમ રંગ;
નિંદા તજીએ પર તણી, ભજીએ સંજમ ચંગ.

વાચક 'જસવિજયે' કહી, એહ મુનિ હિત વાત;
એહ ભાવ જે મુનિ ધરે, તે પામે શિવ સાત.

(ઉદ્ધૃત : યતિધર્મબત્રીશી)

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
શ્રી વાસુપૂજ્યસ્વામિને નમઃ
શ્રી વિજયનેમિ-અમૃતગુરુચરણેભ્યો નમઃ

# श्री श्रमणक्रियानां सूत्रो–सार्थ

## ૧. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર

**नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं,**
**नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं ।**
**एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥**

**અર્થ**—શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ, શ્રી સિદ્ધભગવંતોને નમસ્કાર થાઓ, શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ, શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ, લોકમાં સર્વ શ્રી સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ.

આ પંચ પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનારો છે અને સર્વ મંગળોમાં પ્રથમ (શ્રેષ્ઠ) મંગળ છે.

**વિવેચન**—નમસ્કાર મહામંત્ર છે, તેનો મહિમા યથાર્થ રૂપમાં શ્રી તીર્થંકરો પણ કહી શકે તેમ નથી. જેમ લૌકિક મંત્રથી ઇહ-લૌકિક ધાર્યાં કાર્યો સિદ્ધ થાય છે, તેમ આ લોકોત્તર મહામંત્રથી આત્માને લાગેલું અનાદિ કાલનું મોહનું ઝેર ઊતરી જાય છે અને ક્રમશઃ સુખ-સંપત્તિને ભોગવવા છતાં નિર્વિકારી બનતો જીવ આખરે આ લોક–પરલોકનાં વિપુલ સુખોને ભોગવતો સર્વથા નિર્વિકારી બની

પરમપદને પ્રાપ્ત કરે છે. શ્રદ્ધા કરીને જે આત્મા એનો સવિશેષ જાપ કરે છે તે જ્ઞાન–દર્શન–ચારિત્ર ગુણોને નિર્મળ બનાવી દુષ્કર કાર્યોને સાધતો ઘોર ઉપસર્ગો અને પરિષહોને સહન કરતો વીતરાગદેવની આજ્ઞાનો અખંડ ઉપાસક બની શકે છે. વધારે શું ? આ મહામંત્ર સર્વ ગુણોની પ્રાપ્તિમાં બીજસ્વરૂપ છે, ચારિત્રનો પ્રાણ છે. એને યથાવિધિ આરાધનારો આત્મા સર્વ સુખોને સિદ્ધ કરી શકે છે.

## ૨. શ્રી સામાયિક સૂત્ર

**करेमि भंते ! सामाइअं, सव्वं सावज्जं जोगं पच्चक्खामि, जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

**અર્થ**—હે ભગવંત ! હું ( આપની સાક્ષીએ ) સામાયિક ( સમભાવમાં રહેવાનો નિશ્ચય ) કરું છું. જીવું ત્યાં સુધી સર્વ પાપયોગોનો (મન–વચન–કાયાની અકુશળ પ્રવૃત્તિનો) ત્રિવિધ ત્રિવિધથી ત્યાગ કરું છું.

તે આ પ્રમાણે—'મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણેય યોગોથી ( તે પાપવ્યાપારને ) હું સ્વયં કરું નહિ, બીજા દ્વારા કરાવું નહિ, અને કોઈ સ્વયં કરે તેમાં સંમત થાઉં નહિ.'

હે ભગવંત ! તે પાપનું પ્રતિક્રમણ કરું છું, મારા આત્માની સાક્ષીએ નિંદા કરું છું અને આપની સમક્ષ 'એ પાપ છે' એમ ગર્હા કરું છું. વળી (તે પાપ કરનારા મારા ભૂતકાલીન પર્યાયરૂપ) આત્માને વોસિરાવું છું–સર્વથા તજું છું.

**વિવેચન**—સર્વ જીવોને પોતાની સમાન માનવા અથવા રાગ-દ્વેષનાં કારણો આવે ત્યારે પણ ઉપશમમાં (સમભાવે) રમવું તે ભાવસામાયિક છે. તેની સિદ્ધિ આ પચ્ચક્ખાણ કરી તેનું પાલન કરવાથી થાય છે. સમજપૂર્વક જીવન પર્યંતનું આવું પચ્ચક્ખાણ કરનારને તુર્ત ભૌતિક ઇચ્છાઓનો નાશ થવા લાગે છે, મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિથી ચિત્તશુદ્ધિ થાય છે અને આત્મા સ્વરૂપ-રમણતાનો આનંદ અનુભવે છે. જડ ભાવો તેને આકર્ષવા અસમર્થ બને છે અને આત્મગુણોનો રાગ પ્રગટે છે. આ સૂત્ર આત્માના ચારિત્રરૂપ પ્રાણનું રક્ષણ કરવામાં બખ્તર સમાન છે. તેને વારંવાર સ્મરણ કરી તેના **અર્થનું** ધ્યાન કરવાથી જીવ પ્રમાદથી બચી જાય છે, માટે દર-રોજની ક્રિયામાં તેને નવ વાર બોલવાનો વિધિ છે. તે ઉપરાંત પણ તેનું જેટલું વધારે ચિંતન થાય, તેટલો પ્રમાદ ટળે છે, ભાવોલ્લાસ વધે છે.

એમાં 'ભંતે !' શબ્દ છે તેનો 'હે સુખી–કલ્યાણવંત ગુરુ !' એવો અર્થ છે. તેથી એમ સમજવાનું છે કે જીવનભર ગુરુની નિશ્રા ચારિ-ત્રમાં આવશ્યક છે. બીજો અર્થ ભંતે !='હે ભવનો પાર પામેલા (જિનેશ્વર) દેવ ! એમ થાય છે.' એથી 'જીવનભર જિનાજ્ઞાનું અખંડ પાલન કરવા માટે ચારિત્ર છે' એમ સમજવાનું છે. બીજી વખતે ભંતે! શબ્દ આવે છે તેનો ભાવ એ છે કે 'હે ભગવંત ! આ ચારિત્ર હું આપના આશીર્વાદ–કૃપાથી લઈ શક્યો છું, એ યશ (ઉપકાર) આપને ઘટે છે' એમ ભક્તિપૂર્વક કૃતજ્ઞતા બતાવવા માટે છે.

આ પચ્ચક્ખાણમાં 'સામાઇઅં કરેમિ' એનાથી વર્તમાન-કાલનાં, 'પચ્ચક્ખામિ' પદથી ભવિષ્યકાલનાં અને 'પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ' પદોથી ભૂતકાળનાં, એમ ત્રણે કાળનાં પાપ-વ્યાપારોનો ત્યાગ થાય છે.

'તિવિહં તિવિહેણં' પાઠથી સાત સપ્તભંગીઓરૂપ ઓગણ-

પચાસ ભાંગા અને તેને ત્રણ કાળથી ગણતાં એકસો સુડતાલીસમા (છેલ્લા) ભાંગે થતું આ પચ્ચક્ખાણ ઉત્કૃષ્ટ છે.

એને યથાયોગ્ય સમજી પાલન કરનારો આત્મા પરંપરાએ સર્વ સુખોના સ્થાનરૂપ મોક્ષને પામે જ છે.

## ૩. ઇચ્છામિ ઠામિ૦

**इच्छामि ठामि काउस्सग्गं, जो मे देवसिओ अइआरो कओ, काइओ वाइओ माणसिओ, उस्सुत्तो उम्मग्गो अकप्पो अकरणिज्जो, दुज्झाओ दुव्विचिंतिओ, अणायारो अणिच्छिअव्वो असमणपाउग्गो, नाणे, दंसणे, चरित्ते, सुए, सामाइए, तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हं महव्वयाणं, छण्हं जीवनिकायाणं, सत्तण्हं पिंडेसणाणं, अट्ठण्हं पवयणमाऊणं, नवण्हं बंभचेरगुत्तीणं, दसविहे समणधम्मे, समणाणं जोगाणं जं खंडिअं जं विराहिअं तस्स मिच्छा मि दुक्कडं ॥**

**અર્થ**—હું કાયોત્સર્ગ કરવા ઇચ્છું છું, (શા માટે?) જે મેં દૈવસિક અતિચાર કર્યા (તેની શુદ્ધિ માટે). અતિચારોને (સાધનભેદે જણાવે છે કે) કાયાથી, વચનથી અને મનથી કર્યા હોય, (તેને નિમિત્ત ભેદે જણાવે છે કે) તે ઉત્સૂત્ર(=આગમ)નું ઉલ્લંઘન કરવાથી, ઉન્માર્ગ(=આત્માના ક્ષાયોપશમિકભાવરૂપ) મોક્ષમાર્ગનું ઉલ્લંઘન કરવાથી, અર્થાત્ મોહના ઉદયરૂપ ઉન્માર્ગને વશ થવાથી, અકલ્પ્ય (=ચરણ-કરણરૂપ સાધુના કલ્પ)નું ઉલ્લંઘન કરવાથી, અને અકરણીય(=સામાન્યતયા અકાર્ય)ને કરવાથી.

તેમાંના માનસિક અતિચારોને અંગે કહે છે કે, દુર્ધ્યાન કરવાથી અને દુષ્ટ ચિંતન કરવાથી. અહીં સ્થિર ચિત્ત એટલે ધ્યાન અને ચળ ચિત્ત એટલે ચિંતન સમજવું.

હવે એ કાયિકાદિ ત્રણે અતિચારોને અંગે કહે છે કે, તે અનાચાર=નહિ આચરવા યોગ્ય, માટે તે અનિ-ચ્છનીય=નહિ ઇચ્છવા યોગ્ય અને તેથી તે અસાધુપ્રાયોગ્ય =સાધુજીવનમાં અઘટિત છે.

(હવે વિષયભેદે જણાવે છે કે,) જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રમાં. (જ્ઞાનાદિના જુદા જુદા વિષયો જણાવવા કહે છે કે–) શ્રુતમાં=શ્રુતજ્ઞાનના આઠ આચારોનું પાલન કરવામાં, સામાયિકમાં=સમ્યક્ત્વસામાયિકરૂપ દર્શનાચારના આઠ આચારોનું પાલન કરવામાં, તથા ચારિત્રાચારના પાલનરૂપ ત્રણ ગુપ્તિઓમાં (પ્રમાદ કરવાથી), ચાર કષાયોમાં (વશ થવાથી), પાંચ મહાવ્રતોમાં (પ્રમાદ કરવાથી), છ જીવનિકાયમાં (રક્ષા નહિ કરવાથી), સાત પિંડૈષણામાં (દોષ લગાડવાથી), આઠ પ્રવચન માતામાં (દોષ લગાડવાથી), નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓમાં (નહિ પાળવાથી), દશ પ્રકારના (ક્ષમાદિ) શ્રમણધર્મમાં (તેનું પાલન નહિ કરવાથી) અને સાધુઓના યોગોમાં (સાધુ સામાચારીરૂપ કર્તવ્યમાં પ્રમાદાદિ કરવાથી) જે જે ખંડના (દેશ-વિરાધના) કરી હોય, જે વિરાધના (મોટી ભૂલ) કરી હોય, તે મારું સર્વ પાપ મિથ્યા થાઓ !

**વિવેચન**—આ સૂત્રમાં આત્માના અનાદિ સંસ્કારોને લીધે

થયેલી ભૂલોની શુદ્ધિ કરવાનો ઉપાય બતાવ્યો છે. આ સૂત્ર આલોચના માટે બોલાય ત્યારે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! દેવિસઅં આલોઉં ?' અર્થાત્ હે ભગવંત! આપની ઇચ્છાનુસાર આપ આદેશ આપો. હું દિવસના અતિચારોની આપની સમક્ષ આલોચના કરું ? એમ ગુરુની અનુમતિ મેળવી જે જે ભૂલો, જેવા જેવા ભાવથી થઈ હોય તેવા તેવા ભાવને જણાવવા પૂર્વક નિખાલસપણે ગુરુની સમક્ષ તે પ્રગટ રૂપમાં જણાવાય છે. એથી વિધિપૂર્વક ભૂલોને કબૂલ કરતો આત્મા તે પાપોમાંથી છૂટી જાય છે. જેમ સ્નાન કરવાથી શરીરનો મેલ જાય તેમ આ સૂત્રથી આત્મસ્નાન થાય છે, કર્મમેલ દૂર થાય છે. બે પ્રતિક્રમણોમાં આઠ વાર આવું સ્નાન કરવાથી આત્માની મલિનતા દૂર થતી જાય છે અને ઉત્તરોત્તર ચારિત્રના અધ્યવસાયો શુદ્ધ થતા (વધતા) રહે છે. ભૂલ થવી એ મોહાદિ અશુભ કર્મોનું પરિણામ હોવાથી દુષ્કર નથી, કિન્તુ ભૂલનો પશ્ચાત્તાપપૂર્વક નિર્મળ ચિત્તે એકરાર કરવો તે અતિ દુષ્કર છે. એ કામ આ સૂત્રના આલંબનથી આત્મા કરી શકે છે. માટે તેનું વારંવાર ચિંતન-મનન કરીને શુદ્ધ થનારો જીવ પરંપરાએ નિરતિચાર ચારિત્રનો આરાધક બને છે.

## ૪. રાત્રિક-દૈવસિક અતિચારોને ચિંતવવાની ગાથા

**"सयणासणन्नपाणे, चेइय-जइ-से(सि)ज्ज-काय-उच्चारे ।**
**समिती(ई) भावणा गुत्ती, वितहायरणंमि अइआरो ॥१॥"**

(આવ૰ નિર્યુ૰ ૧૩૪૮).

**અર્થ**—શયન, આસન, આહાર-પાણી, ચૈત્ય, સાધુ, વસતિ, માત્રુ, સ્થંડિલ, સમિતિ, ભાવના અને ગુપ્તિ એ વિષયમાં જે જે વિપરીત (અયોગ્ય) આચરણ કર્યું હોય તે તે અતિચાર જાણવો (૧).

**વિવેચન—શયન**=સંથારો, વગેરે અવિધિએ કરવાથી, **આસન** =પાટ-પાટલો વિગેરે અવિધિએ (પૂજ્યા-પ્રમાર્જ્યા વિના) લેવા, મૂકવા

કે વાપરવાથી, **આહાર પાણી**=તેને વહોરવા, વાપરવામાં એષણાના દોષો પૈકી કોઈ દોષ સેવવાથી, **ચૈત્ય**=જિનમંદિરને અંગે અવિધિ (દેવવન્દનાદિ નહિ કરવાથી કે અવિધિએ) કરવાથી, **યતિ**=સાધુઓનો વિનય-વૈયાવચ્ચ વગેરે નહિ કરવાથી કે આશાતનાદિ કરવાથી, **શય્યા**=વસતિ (ઉપાશ્રય) ને અંગે પ્રમાર્જનાદિ નહિ કરવાથી કે સ્ત્રી આદિથી સંસક્ત વસતિમાં રહેવાથી, **કાય**=પ્રશ્રવણને માત્રુ અંગે (અશુદ્ધ ભૂમિમાં પરઠવવાથી કે જીવાદિથી રહિત શુદ્ધ ભૂમિમાં પણ દૃષ્ટિપડિલેહણાદિ નહિ કરવારૂપ) અવિધિ કરવાથી, અને **ઉચ્ચાર**=પુરીષ (ઠલ્લો) પરઠવવામાં (પ્રશ્રવણની જેમ) અવિધિ કરવાથી, **સમિતિ**=પાંચ સમિતિનું યથાયોગ્ય પાલન નહિ કરવાથી, **ભાવના**=અનિત્યાદિ બાર કે મહાવ્રતોની પચીસ ભાવનાઓનું ચિંતન વગેરે નહિ કરવાથી કે અવિધિએ કરવાથી અને **ગુપ્તિ**=મનોગુપ્તિ આદિ ત્રણનું પાલન નહિ કરવાથી કે અવિધિથી કરવાથી, ઉપલક્ષણથી તપ, પડિલેહણ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય વગેરે સાધુના દરેક વ્યાપારમાં અવિધિ આદિ કરવાથી લાગેલા અતિચારોને કાઉસ્સગ્ગમાં આ ગાથાનું ધ્યાન કરવા પૂર્વક યાદ કરી ધારી રાખવા અને પછી ગુરુ સમક્ષ કહી સંભળાવી પ્રાયશ્ચિત્ત લેવું.

## ૫. દૈવસિક અતિચાર મોટા

**ઠાણે કમણે ચંકમણે આઉત્તે અણાઉત્તે હરિઅકાયસંઘટ્ટે, બીઅકાયસંઘટ્ટે, ત્રસકાયસંઘટ્ટે, સ્થાવરકાયસંઘટ્ટે, છપ્પઇઆ સંઘટ્ટે, ઠાણાઓ ઠાણં સંકામિઆ, દેહરે ગોચરી બાહિરભૂમિ માર્ગે જાતાં આવતાં સ્ત્રી-તિર્યંચતણા સંઘટ્ટ પરિતાપ ઉપદ્રવ હુઆ, દિવસમાંહિ ચાર વાર સજ્ઝાય, સાત વાર ચૈત્યવંદન ન કીધાં, પડિલેહણા આઘી પાછી**

ભણાવી, અસ્તોવ્યસ્ત કીધી, આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયાં, ધર્મધ્યાન શુકૂલધ્યાન ધ્યાયાં નહિ, ગોચરી તણા બેંતાલીશ દોષ ઉપજતા ચિંતવ્યા નહિ, પાંચ દોષ માંડલી તણા ટાળ્યા નહિ, માત્રુ અણ-પૂંજે લીધું, અણપૂંજી જીવાકુળ ભૂમિકાએ પરઠવ્યું, પરઠવતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' ન કીધો, પરઠવ્યા પુંઠે વાર ત્રણ 'વોસિરે વોસિરે' ન કીધું. દેહરા ઉપાશ્રય માંહિ પેસતાં નિસિહી નીસરતાં આવસ્સહી કહેવી વિસારી. જિનભુવને ચોરાશી આશાતના; ગુરુપ્રત્યે તેત્રીશ આશાતના કીધી, અનેરો દિવસ સંબંધી જે કોઈ (અતિચાર) પાપ-દોષ લાગ્યો હોય, તે સવિ હું મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

## અઘરા શબ્દાર્થ

ઠાણે=ઉભા રહેતાં
કમણે=ચાલતાં
ચંકમણે=આમ તેમ ફરતાં
આઉત્તે=ઉપયોગપૂર્વક
અણાઉત્તે=ઉપયોગ વિના
બીઅકાય=વૃક્ષોનાં બીજદાણા વગેરે
છપ્પઈઆ=ષટ્પદિકા—જૂ વગેરે
બાહિરભૂમિ=સ્થંડિલ ભૂમિ
સંઘટ્ટ=સામાન્ય સ્પર્શ
પરિતાપ=વિશેષ સંતાપ (પીડા)
ઉપદ્રવ=અત્યંત ત્રાસ
આઘી પાછી=મોડી વહેલી
અસ્તોવ્યસ્ત=જેમ તેમ અવિધિથી
પાપ=સાવદ્ય વ્યાપાર (ક્રિયા)
દોષ=મનનો અશુભ પરિણામ

## ૬. રાત્રિક અતિચાર મોટા

સંથારા ઉવટ્ટણકી, પરિઅટ્ટણકી, આઉટ્ટણકી,

પસારણકી, છપ્પઇઅ સંઘટ્ટણકી, (અચક્ખુ વિસય હુઓ), સંથારા ઉત્તરપટ્ટો ટળતો અધિક ઉપકરણ વાવર્યો, શરીર અણપડિલેહ્યું હલાવ્યું, માત્રું અણપૂંજ્યું લીધું, અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યું, પરઠવતાં અણુજાણહ જસ્સુગ્ગહો ન કીધો, પરઠવ્યાં પુંઠે વાર ત્રણ વોસિરે વોસિરે ન કીધું. સંથારા પોરિસી ભણાવ્યા વિના સુતા, કુસ્વપ્ન લાધ્યું, સ્વપ્નાંતરમાંહિ શિયળતણી વિરાધના હુઈ, આહટ્ટ દોહટ્ટ ચિંતવ્યું, સંકલ્પ વિકલ્પ કીધો. રાત્રિસંબંધી જે કોઈ અતિચાર લાગ્યો હોય તે સવિ હું મન, વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

## અઘરા શબ્દાર્થ

ઉવટ્ટણકી=બીજે પડખે ફરતાં
પરિઅટ્ટણકી=પુનઃ મૂળ પડખે ફરતાં
આઉંટણકી=પગ વગેરે સંકોચતાં
પસારણકી=પગ વગેરે લંબાવતાં
છપ્પઈઅ સંઘટ્ટણકી=જૂનો સંઘટ્ટ થતાં

અચક્ખુવિસય=અંધારે દેખાયું ન હોય
લાધ્યું=આવ્યું
આહટ્ટ દોહટ્ટ=આડું દોઢું (જેમ તેમ)
સંકલ્પ=દૃઢ કલ્પના
વિકલ્પ=વારંવાર અથવા વિચિત્ર કલ્પના

# ॥ पगाम सिज्जा० ॥

**અવતરણ**—હવે સાધુના પ્રતિક્રમણ સૂત્ર **पगाम सिज्जाए०** નું વિવરણ લખીએ છીએ. તેમાં 'પ્રતિક્રમણ' શબ્દનો અર્થ શુભ યોગોમાંથી અશુભ યોગોમાં ગયેલા આત્માનું પુનઃ શુભ યોગોમાં પ્રતિકૂળ (ઊલટું) ગમન કરવું, પાછા ફરવું તેને 'પ્રતિક્રમણ' કહ્યું છે. તે પ્રતિક્રમણ બે પ્રકારનું છે. એક યાવજ્જીવ સુધીનું અને બીજું અમુક કાલ સુધીનું. તેમાં મહાવ્રતો આદિ ઉચ્ચરવાં તે યાવજ્જીવ માટેનું અને દૈવસિક-રાઈ વગેરે પ્રતિક્રમણ મર્યાદિત કાલનું સમજવું. **પ્રતિક્રમણના વિષયો**-૧-પ્રતિષિદ્ધ કાર્ય કરવું. ૨-કરણીય નહિ કરવું. ૩-તેમાં (જિનવચનમાં) અશ્રદ્ધા કરવી અને ૪-વિપરીત પ્રરૂપણા કરવી એ ચાર છે.

**મંગળ**—પ્રતિક્રમણ સૂત્રના પ્રારંભે (ભાવમંગળ રૂપ) શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્ર, અને 'કરેમિ ભંતે' કહેવું. તે પછી વિઘ્નોની શાન્તિ માટે પ્રતિક્રમણ સૂત્ર મંગળપૂર્વક કહેવું જોઈએ, માટે સૂત્રકાર સ્વયં મંગલને જણાવે છે કે—

**"चत्तारि मंगलं, अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केवलिपण्णत्तो धम्मो मंगलं."**

**વ્યાખ્યા**—'સંસારથી મને ગાળે' (પાર ઉતારે) તે 'મંગલ', અથવા 'મંગાય (પ્રાપ્ત કરાય) હિત જેનાથી' તે 'મંગલ', અથવા 'મંગ' એટલે ધર્મને 'લા' એટલે આપે

તે 'મંગલં'—એમ 'मंगल' શબ્દની ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ દ્વારા જુદા જુદા અર્થો થાય છે, (તાત્પર્યથી બધા અર્થો એકાર્થિક છે). તેમાં ચાર પદાર્થો 'મંગલ' છે તે કહે છે કે, 'અરિહંતા મંગલં' વગેરે. અર્થાત્ ૧–અરિહંતો, ૨–સિદ્ધો, ૩–સાધુઓ અને ૪–કેવલિપ્રરૂપિત ધર્મ, એ ચાર મંગલ છે. તેમાં આચાર્યો–ઉપાધ્યાયો પણ સાધુપણાથી યુક્ત હોવાથી 'સાધુઓ'માં તેઓને પણ સમજી લેવા અને કેવલિપ્રરૂપિત ધર્મમાં શ્રુતધર્મ અને ચારિત્રધર્મ (જ્ઞાન અને ક્રિયા) બન્ને ધર્મો સમજી લેવા. એ પદાર્થોની મંગલતા એ કારણે છે કે હિત તેઓ દ્વારા જ મંગાય છે (મેળવાય છે). આ હેતુથી જ તેઓનું લોકોત્તમપણું છે. અથવા લોકોમાં તે પદાર્થોનું ઉત્તમપણું છે, એ જણાવવા કહે છે કે—

**"चत्तारि लोगुत्तमा–अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो."**

**વ્યાખ્યા**—પૂર્વે કહેલા ચાર પદાર્થો, લોક એટલે (ક્ષાયોપશમિક આદિ ભાવોરૂપ) ભાવલોકમાં ઉત્તમ છે માટે 'લોકોત્તમ' છે. તેમાં 'અરિહંતો' ભાવલોકમાં પ્રધાન છે, કારણ કે તેઓને કર્મની સર્વ શુભ પ્રકૃતિઓનો ઉદય હોય છે, અર્થાત્ શુભ ઔદયિક ભાવે તેઓ વર્તતા હોય છે. સમગ્ર લોકમાં અરિહંતની તુલનામાં આવે તેવો કોઈ આત્મા શુભ ઔદયિક ભાવવાળો હોતો નથી. 'સિદ્ધા' ચૌદ રાજલોકના અંતે; ઉપર ત્રણ લોકને મસ્તકે રહેલા હોવાથી ક્ષેત્રલોકમાં ઉત્તમ છે. 'સાધુઓ' તો સમ્યગ્

જ્ઞાન, દર્શન અને ચારિત્રને આશ્રિને ભાવલોકમાં ઉત્તમ છે જ; અર્થાત્ જ્ઞાનાદિ ગુણોરૂપ ભાવધર્મની પ્રાપ્તિવાળા હોવાથી ભાવલોકોત્તમ છે અને ધર્મમાં શ્રુતધર્મ ક્ષાયોપશમિક ભાવલોકની અપેક્ષાએ તથા ચારિત્રધર્મ ક્ષાયિક ભાવ અને મિશ્ર (સાંનિપાતિક) ભાવની અપેક્ષાએ ભાવલોકોત્તમ છે. એમ તેઓનું લોકોત્તમપણું હોવાથી જ તે શરણ કરવા યોગ્ય પણ છે, અથવા તે શરણ કરવા યોગ્ય હોવાથી તેઓમાં લોકોત્તમપણું છે. એ જણાવે છે કે—

**चत्तारि सरणं पवज्जामि—अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि."**

**વ્યાખ્યા**—ચારનાં શરણાંને હું સ્વીકારું છું, અંગીકાર કરું છું; અર્થાત્ સાંસારિક દુઃખોથી મારી રક્ષા કરવા માટે હું ચારનો આશ્રય કરું છું-ચારને ભજું છું. ૧- અરિહંતોનો આશ્રય કરું છું, ૨-સિદ્ધોનો આશ્રય કરું છું, ૩-સાધુઓનો આશ્રય કરું છું અને ૪-કેવલિપ્રરૂપિત ધર્મનો આશ્રય કરું છું.

એ રીતે માંગલિક વ્યવહાર કરીને હવે પ્રતિક્રમણ સૂત્ર કહે છે. "**इच्छामि पडिक्कमिउं जो मे०** ઇત્યાદિ **तस्स मिच्छामि दुक्कडं**" સુધી કહેવું. એમ અતિચારોને ઓઘથી જણાવીને તેનું સંક્ષેપમાં પ્રતિક્રમણ જણાવ્યું; હવે વિગતવાર અતિચારો જણાવીને તેનું પ્રતિક્રમણ કહે છે—તેમાં પણ પહેલાં ગમન-આગમનને અંગેના અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે

"इच्छामि पडिक्कमिउं इरिआवहियाए" વગેરે બોલે, એમ ગમન-આગમન અંગેના અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું. હવે બાકીના સઘળા અતિચારોના પ્રતિક્રમણ માટે મૂલ પ્રતિક્રમણ સૂત્ર કહે છે—

इच्छामि पडिक्कमिउं—पगामसिज्जाए, निगामसिज्जाए, संथाराउवट्टणाए, परिअट्टणाए, आउंटणाए, पसारणाए, छप्पइयसंघट्टणाए, कूइए, कक्कराइए, छीए, जंभाइए, आमोसे, ससरक्खामोसे, आउलमाउलाए, सोअणवत्तिआए, इत्थीविप्परिआसिआए, दिट्ठीविप्परिआसिआए, मणविप्परिआसिआए, पाणभोअणविप्परिआए, जो मे देवसिओ अइआरो कओ, तस्स मिच्छा मि दुक्कडम् ॥

पडिक्कमामि गोअरचरिआए, भिक्खायरिआए, उग्घाडकवाडउग्घाडणाए, साणावच्छा-दारासंघट्टणाए, मंडीपाहुडिआए, बलिपाहुडिआए, ठवणापाहुडिआए, संकीए, सहसागारिए, अणेसणाए, पाणेसणाए, पाणभोअणाए, बीअभोअणाए, हरिअभोअणाए, पच्छेकम्मिआए, पुरेकम्मिआए, अदिट्ठहडाए, दगसंसट्ठहडाए, रयसंसट्ठहडाए, पारिसाडणिआए, पारिट्ठावणिआए, ओहासणभिक्खाए, जं उग्गमेणं उप्पायणेसणाए, अपरिसुद्धं, परि(डि)ग्गहिअं, परिभुत्तं वा जं न परिट्ठविअं, तस्स मिच्छा मि दुक्कडम् ॥

पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए,

उभओकालं भंडोवगरणस्स अप्पडिलेहणाए, दुप्पडिलेहणाए, अप्पमज्जणाए, दुप्पमज्जणाए, अइक्कमे, वइक्कमे, अइआरे, अणायारे, जो मे देवसिओ अइआरो कओ, तस्स मिच्छा मि दुक्कडम् ॥

पडिक्कमामि एगविहे असंजमे, पडिक्कमामि दोहिं बंधणेहिं—रागबंधणेणं, दोसबंधणेणं। पडिक्कमामि तिहिं दंडेहिंमणदंडेणं, वयदंडेणं, कायदंडेणं । पडिक्कमामि तिहिं गुत्तीहिं—मणगुत्तीए,वयगुत्तीए, कायगुत्तीए। पडिक्कमामि तिहिं सल्लेहिं—मायासल्लेणं, नियाणसल्लेणं, मिच्छादंसणसल्लेणं। पडिक्कमामि तिहिं गारवेहिं—इड्ढिगारवेणं, रसगारवेणं, सायागारवेणं। पडिक्कमामि तिहिं विराहणाहिं—नाणविराहणाए, दंसणविराहणाए, चरित्तविराहणाए। पडिक्कमामि चउहिं कसाएहिं—कोहकसाएणं, माणकसाएणं, मायाकसाएणं, लोभकसाएणं। पडिक्कमामि चउहिं सन्नाहिं—आहारसन्नाए, भयसन्नाए, मेहुणसन्नाए, परिग्गहसन्नाए। पडिक्कमामि चउहिं विकहाहिं—इत्थिकहाए, भत्तकहाए, देसकहाए, रायकहाए। पडिक्कमामि चउहिं झाणेहिं—अट्टेणं झाणेणं, रुद्देणं झाणेणं, धम्मेणं झाणेणं, सुक्केणं झाणेणं। पडिक्कमामि पंचहिं किरियाहिं—काइआए, अहिगरणियाए, पाउसियाए, पारितावणियाए, पाणाइवायकिरियाए। पडिक्कमामि पंचहिं कामगुणेहिं—सद्देणं, रूवेणं, रसेणं, गंधेणं, फासेणं। पडिक्कमामि पंचहिं मह-

व्वएहिं—पाणाइवायाओ वेरमणं, मुसावायाओ वेरमणं, अदिन्नादाणाओ वेरमणं, मेहुणाओ वेरमणं, परिग्गहाओ वेरमणं। पडिक्कमामि पंचहिं समिईहिं—इरियासमिइए, भासासमिइए, एसणासमिइए, आयाणभंडमत्तनिक्खेवणासमिइए, उच्चार-पासवण-खेल-जल्ल-सिंघाण-पारिट्ठावणिआसमिइए। पडिक्कमामि छहिं जीवनिकाएहिं—पुढविकाएणं, आउकाएणं, तेउकाएणं, वाउकाएणं, वणस्सइकाएणं, तसकाएणं। पडिक्कमामि छहिं लेसाहिं—किण्हलेसाए, नीललेसाए, काउलेसाए, तेउलेसाए, पम्हलेसाए, सुक्कलेसाए। पडिक्कमामि सत्तहिं भयठाणेहिं, अट्ठहिं मयठाणेहिं, नवहिं बंभचेरगुत्तिहिं, दसविहे समण-धम्मे, इगारसहिं उवासगपडिमाहिं, बारसहिं भिक्खुपडि-माहिं, तेरसहिं किरिआठाणेहिं, चउदसहिं भूअगामेहिं, पन्नरसहिं परमाहम्मिएहिं, सोलसहिं गाहासोलसएहिं, सत्त-रसविहे असंजमे, अट्ठारसविहे अबंभे, एगुणवीसाए नायज्झय-णेहिं, वीसाए असमाहि ठाणेहिं, इग(क)वीसाए सबलेहिं, बावीसाए परीसहेहिं, तेवीसाए सुअगडज्झयणेहिं, चउवीसाए देवेहिं, पणवीसाए भावणाहिं, छव्वीसाए दसाकप्पववहाराणं उद्देसणकालेहिं, सत्तावीसाए अणगारगुणेहिं, अट्ठावीसाए आयारप्पकप्पेहिं, एगुणतीसाए पावसुअप्पसंगेहिं, तीसाए मोहणीयठाणेहिं, इगतीसाए सिद्धाइगुणेहिं, बत्तीसाए जोग-संगहेहिं, तित्तीसाए आसायणाहिं, १ अरिहंताणं आसायणाए,

२ सिद्धाणं आसायणाए, ३ आयरियाणं आसायणाए, ४ उवज्झायाणं आसायणाए, ५ साहूणं आसयणाए, ६ साहुणीणं आसायणाए, ७ सावयाणं आसयणाए, ८ सावियाणं आसायणाए, ९ देवाणं आसायणाए, १० देवीणं आसायणाए, ११ इहलोगस्स आसायणाए, १२ परलोगस्स आसायणाए, १३ केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए, १४ सदेवमणुआसुरस्स लोगस्स आसायणाए, १५ सव्वपाण—भूअ—जीव—सत्ताणं आसायणाए, १६ कालस्स आसायणाए, १७ सुअस्स आसायणाए, १८ सुअदेवयाए असायणाए, १९ वायणायरिअस्स आसायणाए, २० जं वाइद्धं, २१ वच्चामेलिअं, २२ हीणक्खरं, २३ अच्चक्खरं, २४ पयहीणं, २५ विणयहीणं, २६ घोसहीणं, २७ जोगहीणं, २८ सुट्ठुदिन्नं २९ दुट्ठुपडिच्छिअं, ३० अकाले कओ सज्झाओ, ३१ काले न कओ सज्झाओ, ३२ असज्झाइए सज्झाइअं, ३३ सज्झाइए न सज्झाइअं, तस्स मिच्छा मि दुक्कडम् ॥

नमो चउवीसाए तित्थयराणं उसभाइमहावीरपज्जवसाणाणं। इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलिअं पडिपुन्नं नेआउअं संसुद्धं सल्लगत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं, निज्जाणमग्गं निव्वाणमग्गं अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गं ॥

इत्थं ठिआ जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणमंतं करंति, तं धम्मं सद्दहामि पत्तियामि रोएमि

फासेमि पालेमि अणुपालेमि तं धम्मं सद्दहंतो पत्तिअंतो रोअंतो फासंतो पालंतो अणुपालंतो तस्स धम्मस्स केवलिपन्नत्तस्स अब्भुट्ठिओ मि आराहणाए, विरओ मि विराहणाए, असंजमं परिआणामि, संजमं उवसंपज्जामि,अबंभं परिआणामि, बंभं उवसंपज्जामि, अकप्पं परिआणामि, कप्पं उसंपज्जामि, अन्नाणं परिआणामि, नाणं उवसंपज्जामि, अकिरिअं परिआणामि, किरियं उवसंपज्जामि, मिच्छत्तं परिआणामि, सम्मत्तं उवसंपज्जामि, अबोहिं परिआणामि, बोहिं उवसंपज्जामि, अमग्गं परिआणामि, मग्गं उवसंपज्जामि, जं संभरामि जं च न संभरामि, जं पडिक्कमामि जं च न पडिक्कमामि, तस्स सव्वस्स देवसिअस्स अइआरस्स पडिक्कमामि, तस्स सव्वस्स देवसिअस्स अइआरस्स पडिक्कमामि। समणो हं संजय–विरय –पडिहय–पच्चक्खाय पावकम्मे, अनिआणो, दिट्ठिसंपन्नो, मायामोसविवज्जिओ, अड्ढाइज्जेसु दीवसमुद्देसु पन्नरससु कम्मभूमीसु जावंत केवि साहू रयहरणगुच्छपडिग्गहधारा पंचमहव्वयधारा अट्ठारससहस्ससीलंगधारा अक्खुयायारचरित्ता ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि॥

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।
मित्ति मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ॥१॥

**एवमहं आलोइअ, निंदिअ गरहिअ दुगंछिअं सम्मं ।**
**तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥२॥**

**વ્યાખ્યા**—પ્રથમ શયનક્રિયાના અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે—'પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું.' કોનું પ્રતિક્રમણ? તે કહે છે કે—'**प्रकामशय्यया**' અર્થાત્ 'પ્રકામશય્યા' કરવાથી લાગેલા દિવસ સંબંધી અતિચારનું. અહીં પણ 'ક્રિયાકાળ' સમજવો. અર્થાત્ જ્યારે જ્યારે પ્રકામશય્યા કરવાથી મને અતિચાર લાગ્યો હોય, તે તે વખતે લાગેલા અતિચારનું મને 'મિચ્છા મિ દુક્કડં' થાઓ, એ સમાપ્તિકાળ જાણવો. એટલે અત્યારે તે મારું પાપ મિથ્યા થાઓ, એમ સમજવું. એમ આગળનાં પદોમાં પણ ક્રિયાકાળ અને સમાપ્તિકાળનો વિવેક કરવો. હવે 'પ્રકામશય્યા'નો અર્થ કહે છે કે 'શયન કરવું તે શય્યા' તે 'પ્રકામ'=અતિશય=ચારે પ્રહર સુધી કરવું તે 'પ્રકામશય્યા.' આ અર્થમાં શય્યા એટલે સંથારીયું વગેરે સમજવું. તે 'પ્રકામા' એટલે સંથારા-ઉત્તરપટ્ટાથી વધારે ઉપકરણો અથવા કપડાને ઉદ્દેશીને ત્રણથી વધારે કપડાં વાપરવાં તે 'પ્રકામશય્યા' કહેવાય. એવી કોઈ પણ 'પ્રકામશય્યા' કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું એમ સંબંધ જોડવો. આ રીતે 'પ્રકામશય્યા' કરવાથી સ્વાધ્યાય ન થઈ શકે તે અહીં અતિચાર સમજવો. **निकामशय्या**=દરરોજ 'પ્રકામશય્યા' કરવી તે 'નિકામશય્યા' કહેવાય. તેનાથી 'સ્વાધ્યાય નહિ કરવારૂપ' અતિચાર લાગ્યો હોય

તેનું પ્રતિક્રમણ તથા **संस्तारके उद्वर्त्तनया (तया)**=સંથારામાં 'ઉદ્વર્તન' એટલે શયન કર્યું હોય તેની અપેક્ષાએ બીજા પડખે ફરવાથી અને **परिवर्त्तनया(तया)**=પુનઃ તે જ (પૂર્વના) પડખે ફરવાથી-પુનઃ પડખું બદલવાથી, (અહીં 'ता' પ્રત્યય સ્વાર્થમાં કરેલો છે, એમ આગળ પણ જ્યાં જ્યાં 'ता' પ્રત્યય આવે ત્યાં સ્વાર્થમાં સમજવો).

આ ઉદ્વર્તન અને પરિવર્તન કરતાં સંથારાને અને કાયાને નહિ પ્રમાર્જવા વગેરેથી અતિચાર સમજવો. **आकुञ्चनया(तया)**=શરીરના અવયવો (પગ વગેરે) ને સંકોચવાથી, તથા **प्रसारणया(तया)**=સંકોચેલા અવયવોને પહોળા (લાંબા) કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. અહીં કુક્કડીની જેમ આકાશે (ઉંચે) પગ લંબાવવાની તથા સંકોચવાની ક્રિયા પ્રમાર્જીને કરવી જોઈએ. તે પ્રમાણે નહિ કરવાથી અતિચાર સમજવો. **षट्पदीसंघट्टणया(तया)**= જુઓ ને, અવિધિએ સંઘટ્ટણ (સ્પર્શ) કરવાથી, તથા '**कूजिते**'= ખાંસી આવવાથી, અર્થાત્ ખાંસી વખતે મુખ આગળ મુખવસ્ત્રિકા કે હાથ નહિ રાખવાથી, '**कर्करायिते**'=નારાજીથી વસતિ (મકાન)માં તો 'ખાડા-ટેકરા છે' અથવા 'ગરમી છે' વગેરે બોલવું તે 'કર્કરાયિત' કહેવાય. વસતિને અંગે એવી નારાજી થાય તે આર્ત્તધ્યાનરૂપ અતિચાર સમજવો. તથા '**क्षुतेजृम्भिते**'=છીંક કે બગાસુ અવિધિએ ખાવાથી અર્થાત્ છીંક કે બગાસુ આવતાં મુખે મુખવસ્ત્રિકા કે હાથ રાખી જયણા નહિ કરવાથી, '**आमर्षणे**'=સ્પર્શ કરવાથી,

અર્થાત્ કોઈ વસ્તુને પ્રમાર્જન કર્યા વિના હાથ લગાડવાથી, '**सरजस्कामर्षे**'=પૃથ્વી આદિ રજવાળી વસ્તુને સ્પર્શ કરવાથી.

એ જાગૃત અવસ્થામાં સંભવિત અતિચારોને ઉદ્દેશી કહ્યું. હવે નિદ્રાધીન અવસ્થામાં સંભવિત અતિચારોને કહે છે કે-'**आकुलाकुलयास्वप्ननिमित्तया**'=આકુળ-વ્યાકુળતાથી સ્વપ્નનિમિત્તક, એટલે સ્વપ્નમાં સ્ત્રી આદિનો ભોગ, વિવાહ કે કોઈને સાથે યુદ્ધ વગેરે કરવું, અર્થાત્ તે તે વિષયની આકુળતાથી નિદ્રામાં જુદા જુદા પ્રકારનાં સ્વપ્ન આવવાને લીધે જે અતિચાર લાગ્યો હોય, આ આકુળ-વ્યાકુળતા પણ મૂળ ગુણ અને ઉત્તર ગુણને અંગે, એમ બે પ્રકારની હોય, તેથી તેને ભિન્ન ભિન્ન જણાવે છે કે-'**स्त्रीवैपर्यासिक्या**'=અબ્રહ્મ (સ્ત્રી) સેવન સંબંધી આકુળ-વ્યાકુળતાથી, '**दृष्टिवैपर्यासिक्या**'=રૂપને જોવાના અનુરાગથી-સ્ત્રીને જોવારૂપ દૃષ્ટિવિકારથી થયેલી આકુળ-વ્યાકુળતાથી, એ પ્રમાણે '**मनोवैपर्यासिक्या**'=મનમાં સ્ત્રીનું ધ્યાન-ચિંતન કરવારૂપ મનોવિકારથી થયેલી આકુળ-વ્યાકુળતાથી, તથા '**पानभोजन-वैपर्यासिक्या**'=રાત્રે આહાર-પાણી વાપરવારૂપ વિપરીત વર્તન જેમાં હોય તેવી આકુળ-વ્યાકુળતાથી (તાત્પર્ય કે, નિદ્રામાં તે તે પ્રકારની વ્યાકુળતાને કારણે અબ્રહ્મ સેવનનું, સ્ત્રીના રૂપને જોવાનું, તેના ચિંતનનું કે આહાર-પાણી વાપરવા સંબંધી સ્વપ્ન આવવાથી) '**यो मया दैवसिकः अतिचारः कृतः**'=જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યો હોય તે '**मिथ्या मे दुष्कृतम्**'=

મારું પાપ મિથ્યા થાઓ.

**પ્રશ્ન**—સાધુને દિવસે શયનનો નિષેધ હોવાથી એ અતિચારો દિવસે કેવી રીતે થાય? **ઉત્તર**—પ્રશ્ન બરાબર છે, પણ આ પાઠ જ એમ જણાવે છે કે વિહારને કારણે થાક લાગ્યો હોય અને રોગ ઇત્યાદિ પ્રસંગે અપવાદથી સાધુ દિવસે પણ શયન કરી શકે અને ત્યારે આ અતિચારો પણ સંભવિત છે.

એમ શયન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કહીને હવે ગોચરી સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવા માટે કહે છે કે—

'**प्रतिक्रमामि**'=પ્રતિક્રમણ કરું છું. શાનું? ગોચરી ફરવામાં જે અતિચારો લાગ્યા હોય તેનું. એમ સર્વત્ર સંબંધ જોડવો. '**गोचरचर्यायाम्**'='ગાયનું ચરવું' તે '**गोचर**' કહેવાય. ગોચરની જેમ '**चर्या**'=ભ્રમણ કરવું તે '**गोचरचर्या**', તેમાં લાગેલા અતિચારોનું. કયા વિષયમાં? '**भिक्षाचर्यायाम्**' ભિક્ષા માટે ભ્રમણ કરવું તે ભિક્ષાચર્યામાં, અર્થાત્ ભિક્ષા માટે ગોચરી ફરતાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. તે આ પ્રમાણે: સાધુ આહારાદિ વસ્તુ મળે કે ન મળે તેની અપેક્ષા વિનાનો અને ચિત્તમાં દીનતા રહિત, અર્થાત્ મળે તો સંયમ વૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ, એમ ઉભયથા લાભને માનતો, માટે જ મળવા, ન મળવામાં નિરપેક્ષ હોવાથી દીનતા વિનાનો. વળી ઉત્તમ (શ્રીમંતનાં), અધમ

(દરિદ્રોનાં) અને મધ્યમ (સામાન્ય) ઘરોમાં ઇષ્ટ વસ્તુ મળે તોપણ રાગ વિના અને અનિષ્ટ મળે તોપણ દ્વેષ વિના ગોચરી ફરે, એ ગોચરી ફરવાનો વિધિ છે. તેમાં અતિચાર કેવી રીતે લાગે તે કહે છે કે-'**उद्घाटकपाटउद्घाटनया**'= ઉદ્ઘાટ એટલે માત્ર સાંકળ ચઢાવેલું કે અલ્પ માત્ર બંધ કરેલું, માત્ર અડકાવેલું 'કપાટ' એટલે કમાડ, ઉપલક્ષણથી જાળી-બારી-કબાટ-કોઠાર વગેરે, તેને 'ઉદ્ઘાટનયા' એટલે સંપૂર્ણ ઉઘાડવાથી. અહીં વિના પ્રમાર્જે ઉઘાડવાથી અતિચાર સમજવો. તથા '**श्वानवत्सदारकसंघट्टनया**'= કૂતરાનો, વાછરડાનો કે નાના બાળકનો (ઉપલક્ષણથી બીજા પણ તિર્યંચ વગેરેનો) સંઘટ્ટો (સ્પર્શ) થવાથી અતિચાર. '**मण्डीप्राभृतिकया**'='પ્રાભૃતિકા' એટલે સિદ્ધાન્તની પરિભાષાથી ભાત (આહાર) સમજવો, તે જ્યાં 'મંડીમાં' એટલે ઢાંકણી-ઢાંકણ કે બીજા કોઈ ભાજનમાં અગ્રકૂર (ઉપરનો ભાગ) જુદો કાઢીને પછી ભિક્ષા આપે તે 'મંડી પ્રાભૃતિકા' કહેવાય. તેમ કરવાથી સાધુને નિમિત્ત આહારને જુદો કાઢવારૂપ પ્રવૃત્તિ (દોષ) થાય તે અહીં અતિચાર સમજવો. '**बलिप्राभृतिकया**'=બલી એટલે અન્ય ધર્મવાળા સ્વધર્મ અનુસારે મૂળ ભાજનમાંથી પ્રથમ ચારે દિશામાં (દિગ્પાલોને) કે અગ્નિને બલિદાન ફેંકીને પછી ભિક્ષા આપે તે 'બલિપ્રાભૃતિકા' કહેવાય. એમ આહાર ફેંકવાથી જીવ-વિરાધના થવારૂપ અહીં અતિચાર સમજવો. '**स्थापनाप्राभृतिकया**'=સ્થાપના એટલે અન્ય ભિક્ષુકોને

માટે રાખી મૂકેલી પ્રાભૃતિકા (આહાર), તેમાંથી ભિક્ષા આપે તે લેતાં ભિક્ષુકોને અંતરાય થાય તે, (અથવા નિર્ગ્રંથ સાધુને આપવા માટે પણ રાખી મૂકેલી વસ્તુ વહોરવાથી 'સ્થાપના દોષ'રૂપ) અતિચાર લાગે. તથા '**शङ्किते**'=જે આહારાદિ વહોરતાં 'આધાકર્મ' વગેરે કોઈ પણ દોષની શંકા રહે તે આહારાદિ જે જે દોષથી 'શંકિત' હોય તે તે દોષરૂપ અતિચાર લાગે. '**सहसाकारे**'= શીઘ્રતયા (રભસવૃત્તિથી) અકલ્પનીય વસ્તુ ગ્રહણ કરી તેને નહિ પરિઠવવાથી અથવા અવિધિએ પરિઠવવાથી અતિચાર. એ પ્રકારે '**अनेषणया**'=અનેષણા કરવાથી અર્થાત્ (અહીં 'નઞ્') અલ્પ અર્થમાં હોવાથી) એષણા સમિતિમાં પ્રમાદ કરવાથી અને '**प्राणेषणया**'=સર્વથા અવિચારિતપણે પ્રમાદ કરવાથી-દોષનો સર્વથા વિચાર નહિ કરવાથી-લાગેલો અતિચાર તથા '**प्राणभोजनया**'=તેમાં 'પ્રાણ' એટલે રસ વગેરેમાં ઉત્પન્ન થતા જીવો, 'ભોજને' દહીં-ભાત વગેરેમાં (કાલાતીત દહીંમાં કે વાસી ભાતમાં), તથા સડેલાં કેળાંમાં કે ભાગેલી કેરી વગેરેમાં, અથવા જૂની ખારેક વગેરેમાં (ઉત્પન્ન થયેલા જીવોવાળી તે તે વસ્તુ ખાવામાં), જે વિરાધના થાય તે પ્રાણના (જીવોવાળી વસ્તુના) ભોજનથી લાગેલો અતિચાર. એ પ્રમાણે '**बीजभोजनया** તથા **हरित-भोजनया**'=તલસાંકળી વગેરે ખાવામાં કાચા તલ વગેરે બીજોની વિરાધના અને ભીંજાવેલી દાળ વગેરેની નખીમાં ઊગેલા અંકુરા (અનંતકાય)નો સંભવ હોવાથી તેવી વસ્તુ

ખાવામાં હરિત (વનસ્પતિકાય)ની વિરાધનાનો સંભવ છે. એમ બીજ અને હરિતની વિરાધનાથી લાગેલો અતિચાર. તથા '**पश्चात् कर्मिकया** અને **पुरःकर्मिकया** '=દાન દીધા પછી પાત્ર કે હાથ વગેરે ધોવામાં પાણી વાપરવું, વગેરે 'પશ્ચાત્ કર્મ' જેમાં થાય તેવી અને દાન દીધા પહેલાં પાત્ર હાથ ધોવા વગેરે. 'પુરઃકર્મ' જેમાં થયું હોય તેવી ભિક્ષા લેવાથી લાગેલો અતિચાર. '**अदृष्टाहृतया** '=લેતાં-મૂકતાં દેખાય નહિ તે રીતે લીધેલી, લાવેલી, મૂકેલી ભિક્ષા લેવાથી, તેમાં આપનારને જીવનો સંઘટ્ટો વગેરે થવાનો સંભવ હોવાથી અતિચાર. '**उदकसंसृष्टाहृतया** '=(સચિત્ત) પાણીથી સંસૃષ્ટ (ભીંજાએલા)-પાણીવાળા સ્થાનેથી લાવેલી ભિક્ષા લેવાથી (સચિત્તસંઘટ્ટનરૂપ) અતિચાર. એ પ્રમાણે '**रजःसंसृष्टाहृतया** '=સચિત્ત પૃથ્વી આદિ રજવાળા સ્થાનેથી લાવેલી ભિક્ષા લેતાં પણ સચિત્તરજસંઘટ્ટનરૂપ અતિચાર. '**पारिशाटनिकया** '=દેવાની વસ્તુને જમીન ઉપર ઢોળતો વહોરાવે તે 'પારિશાટનિકા' ભિક્ષા કહેવાય, તે લેવાથી છકાય જીવોની વિરાધનારૂપ અતિચાર. '**पारिष्ठापनिकया** '=ભોજન આપવા માટેના ભાજનમાંના અન્ય દ્રવ્યને ખાલી કરીને તેનાથી દાન દેવું તેને 'પરિષ્ઠાપન' કહેવાય, તેવી રીતે આપેલી ભિક્ષા લેવાથી પણ સચિત્તાદિના સંઘટ્ટા વગેરેનો સંભવ હોવાથી અતિચાર. '**अवभाषणभिक्षया** '=વિશિષ્ટ દ્રવ્યની માગણી કરવી તેને સિદ્ધાન્તની ભાષામાં અવભાષણ (ઓહાસણ) કહેવાય છે, એવી ભિક્ષા લેવાથી

લાગેલો અતિચાર. હવે ઉપસંહાર કરતાં કહે છે કે–એ રીતે ભેદો ઘણા જ છે, તે કેટલા કહી શકાય ? માટે સઘળા ભેદો 'ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા' એ ત્રણ પ્રકારોમાં અંતર્ગત થતા હોવાથી કહે છે કે–'**यद् उद्गमेन उत्पादनेन एषणया च अपरिशुद्धं परिगृहितं**'=જે કાંઈ અશનાદિ 'આધાકર્મ' વગેરે ઉદ્ગમ દોષોથી, 'ધાત્રીદોષ' વગેરે ઉત્પાદન દોષોથી અને 'શંકિત' વગેરે એષણા દોષોથી દૂષિત છતાં લીધું, '**परिभुक्तं वा यन्न परिष्ठापितं**'= લેવા છતાં જે પરઠવ્યું નહિ, અથવા વાપર્યું, એમ જે જે અતિચાર લાગ્યો હોય '**तस्स मिच्छा मि दुक्कडं**'=તે મારું પાપ મિથ્યા થાઓ' વગેરે પૂર્વે કરેલી વ્યાખ્યા પ્રમાણે.

એ પ્રમાણે ગોચરી સંબંધી અતિચારનું પ્રતિક્રમણ કહીને હવે સ્વાધ્યાયાદિમાં લાગેલા અતિચારના પ્રતિક્રમણ માટે કહે છે કે—

'પ્રતિક્રમણ કરું છું.' કોનું પ્રતિક્રમણ ? '**चतुष्कालं स्वाध्यायस्य अकरणतया**'=દિવસના અને રાત્રિના પહેલા અને છેલ્લા બે બે પ્રહર, એમ ચાર ચાર સૂત્રનો સ્વાધ્યાય કરવાનું વિધાન છે તે પ્રમાણે નહિ કરવાથી જે અતિચાર કર્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું, એમ સંબંધ સમજવો. તથા '**उभयकालं**'=દિવસની પહેલી અને છેલ્લી પોરિસીમાં '**भाण्डोपकरणस्य**'='ભાણ્ડ' પાત્ર વગેરે અને 'ઉપકરણ' વસ્ત્રો વગેરેને (અહીં સમાહાર દ્વંદ્વ સમાસથી એક વચનાન્ત પ્રયોગ સમજવો, તેને) '**अप्रत्युपेक्षणया**'=સર્વથા

નેત્રોથી નહિ જોવાથી અને 'दुष्प्रत्युपेक्षणया'=જેમ તેમ (અસમ્પૂર્ણ-અવિધિથી) જોવાથી, તથા 'अप्रमार्जनया'= રજોહરણ વગેરેથી સર્વથા પ્રમાર્જના નહિ કરવાથી 'दुष्प्रमार्जनया'=અવિધિથી (જેમ તેમ) પ્રમાર્જના કરવાથી. તથા 'अतिक्रमे व्यतिक्रमेऽतिचारेऽनाचारे'=અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર અને અનાચાર કરવાથી 'यो मया दैवसिक अतिचारः कृतः तस्य मिथ्या मे दुष्कृतम्'=મેં જે દિવસ સંબંધી અતિચાર કર્યો હોય તે મારું પાપ મિથ્યા થાઓ. તે અતિક્રમ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે—જેમ કે કોઈ આધાકર્મિકાદિ દોષિત વસ્તુ વહોરવા નિમંત્રણ કરે તેને (દોષિત જાણવા છતાં) સાંભળવાથી (નિષેધ નહિ કરવાથી) ૧-અતિક્રમ, તેને વહોરવા માટે જતાં ૨-વ્યતિક્રમ, તે દોષિત વસ્તુ વહોરવાથી ૩-અતિચાર, અને તે દોષિત આહારનું ભોજન કરવા કોળિયો હાથમાં લેવાથી ૪-અનાચાર. એમ અન્ય પ્રસંગોમાં પણ સ્વયં સમજી લેવું.

હવે એકવિધ, દ્વિવિધાદિ ભેદોથી પ્રતિક્રમણ કહે છે. 'प्रतिक्रमामि'=પાપનું પ્રતિક્રમણ કરું છું, પાપથી પાછો ફરું છું. કયા હેતુઓથી લાગેલા પાપનું પ્રતિક્રમણ? તે વિગતવાર કહે છે, 'एकविधे असंयमे'=અવિરતિરૂપ એક અસંયમથી જે અતિચાર કર્યો (સેવ્યો) હોય 'તે મારું પાપ મિથ્યા થાઓ' એમ 'वायणारियस्य आसायणाए'=સુધીનાં દરેક પદોનો છેલ્લા પદ 'मिथ्या मे दुष्कृतम्'ની સાથે સંબંધ સમજવો. 'प्रतिक्रमामि द्वाभ्यां बन्धनाभ्यां-रागबन्धनेन, द्वेषबन्ध-

**નેન**'=રાગ અને દ્વેષ એ બે બંધનોથી સેવેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. તેમાં 'રાગ એટલે અભિષ્વઙ્ગ' (આસક્તિ, અનુરાગ) અને દ્વેષ એટલે અપ્રીતિ. એ બન્ને આત્માને (કર્મબંધ કરાવનાર હોવાથી) સંસારમાં બંધનરૂપ છે એ સ્પષ્ટ છે.* (અહીં કોઈ પદોમાં તૃતીયા વિભક્તિ છે અને કોઈ પદોમાં સપ્તમી વિભક્તિ છે તે, વ્યાકરણના નિયમ પ્રમાણે, હેતુ વગેરેમાં તૃતીયા (પંચમી), સપ્તમી વિકલ્પે થાય છે એ અર્થમાં સર્વ પદોમાં તે તે વિભક્તિ સમજી

* અહીં અસંયમથી રાગ-દ્વેષ જુદા નથી, તેમ આગળ કહેવાતા ત્રણ દંડો વગેરે બધા હેતુઓ એકબીજામાં અંતર્ગત છે. અર્થાત્ અસંયમથી લાગતા અતિચારો રાગદ્વેષથી જ થાય છે અને તે પણ મન, વચન અને કાયારૂપ ત્રણ દંડથી થાય છે, એમ એક હેતુમાં પછી પછીના બધાય હેતુઓ અંતર્ગત છે, છતાં ભિન્ન ભિન્ન જણાવવાનું કારણ એ છે કે પ્રતિક્રમણ કરનાર ભિન્ન ભિન્ન રીતે ખ્યાલ કરીને લાગેલા દોષોનું સારી રીતે પ્રતિક્રમણ કરી શકે. વળી અસંયમ, રાગદ્વેષ, ત્રણ દંડ, શલ્યો, ગારવો, કષાયો વગેરે અશુભ ભાવોથી તો અતિચાર લાગે અને તેનું પ્રતિક્રમણ પણ કરાય, પણ ત્રણ ગુપ્તિ, શુભ ધ્યાન, પાંચ મહાવ્રતો, સમિતિ વગેરે શુભ ભાવો છે, તેનું પ્રતિક્રમણ શા માટે?–એમ પ્રશ્ન થાય તો સમજવું કે એ કરણીય ભાવોને નહિ કરવાથી, અવિધિએ કરવાથી, તેમાં શ્રદ્ધા નહિ કરવાથી, કે વિપરીત પ્રરૂપણાદિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાનું છે. એ રીતે '**सोलसहिं गाहासोलसएहिं, एगुणवीसाए नायज्झयणहिं**' વગેરેમાં પણ તે તે શ્રુતજ્ઞાનની શ્રદ્ધા ન કરવાથી કે ઉત્સૂત્ર પ્રરૂપણાદિથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. ઇત્યાદિ સ્વયં સમજી લેવું.

લેવી. અહીં માત્ર શબ્દાર્થ કહીએ છીએ.) જેનાથી આત્મા દંડાય અર્થાત્ જ્ઞાનાદિ ગુણોરૂપ ઐશ્વર્યનું હરણ કરીને જે આત્માને નિર્ધન (દરિદ્ર) બનાવે તે 'દંડ' કહેવાય. અહીં દુષ્ટ માર્ગે જોડાએલાં મન, વચન અને કાયા એ ત્રણ દંડો છે, માટે '**प्रतिक्रमामि त्रिभिर्दण्डैः, मनोदण्डेन, वचोदण्डेन, कायदण्डेन**'=મનોદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડથી જે અતિચાર કર્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું.* '**प्रतिक्रमामि तिसृभिर्गुप्तिभिः, मनोगुप्त्या, वाग्गुप्त्या, कायगुप्त्या**'=+મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, એ ત્રણ ગુપ્તિઓથી કરેલા અતિચારનું પ્રતિક્રમણ કરું છું.

---

* રાજા દંડ ફરમાવીને ધનવાનને લૂંટે તેમ મોહરાજા મન-વચન-કાયા દ્વારા આત્માનાં ગુણરત્નોને લૂંટે છે માટે તે "દંડો' કહેવાય છે.

+ આર્ત્ત-રૌદ્રધ્યાન કરાવનાર કલ્પનાઓનો રોધ કરવો તે ૧, ધર્મધ્યાનજનક શાસ્ત્રાનુસારી માધ્યસ્થ પરિણતિ સેવવી તે ૨, અને મનઃકલ્પનાઓનો સર્વથા રોધ કરવો તે ૩, એમ મનોગુપ્તિના ત્રણ પ્રકારો છે. વચનગુપ્તિના બે પ્રકારો છે: ૧–મુખનેત્રાદિની સંજ્ઞાનો પણ ત્યાગ કરીને સર્વથા મૌન કરવું તે, ૨–મુખે મુખવસ્ત્રિકા રાખીને વાચના–પૃચ્છનાદિ સ્વાધ્યાય કરવો તથા શાસ્ત્ર કે વ્યવહારથી અવિરુદ્ધ સત્ય–હિતકર બોલવું તે. ત્રીજી કાયગુપ્તિના પણ બે પ્રકારો છે: એક પરિષહ–ઉપસર્ગાદિ પ્રસંગે પણ કાયોત્સર્ગરૂપે કાયચેષ્ટાની નિવૃત્તિ અથવા ચૌદમા ગુણસ્થાનકે કાયયોગનો સર્વથા નિરોધ કરવો તે અને બીજો વિનય–વૈયાવચ્ચ–પડિલેહણ–પ્રમાર્જન આદિ શાસ્ત્રાનુસારી સંયમ-અનુષ્ઠાન આચરવું તે. એ પ્રમાણે ત્રણ ગુપ્તિનું પાલન નહિ કરવાથી, તેમાં શ્રદ્ધા નહિ કરવાથી કે વિપરીત પ્રરૂપણા કરવાથી અતિચાર લાગે એમ સમજવું.

તેમાં ગોપન કરવું-રક્ષણ કરવું તે ગુપ્તિ સમજવી, અર્થાત્ શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાંથી નિવૃત્તિ કરવારૂપે મન-વચન-કાયાનું રક્ષણ કરવું; તે ત્રણ ગુપ્તિઓ નહિ કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરું છું, એમ સર્વત્ર સમજવું. **'प्रति० त्रिभिः शल्यैः, मायाशल्येन, निदानशल्येन, मिथ्यात्त्व-(दर्शन)शल्येन'** માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વ-શલ્ય, એ ત્રણ શલ્યોથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરું છું. જેનાથી આત્માને શલ્ય-દુઃખ-પીડા થાય તે 'શલ્ય' અર્થાત્ કાંટો. તેમાં ૧-'માયા'-કપટ એ જ શલ્ય. જેમ કે જીવ અતિચાર સેવવા છતાં કપટથી ગુરુની સમક્ષ આલોચના ન કરે, કરે તો બીજી (ખોટી) રીતે કરે, કે કપટથી બીજાની ઉપર પોતાના દોષો ચઢાવે ત્યારે માયાથી અશુભ કર્મનો બંધ કરીને પોતે આત્માને દુઃખી કરે, 'માયાપ્રવૃતિ' એ જ તેનું શલ્ય કહેવાય, તેનાથી કરેલો અતિચાર. ૨-નિદાન=દેવની અથવા મનુષ્યની ઋદ્ધિ જોઈને કે સાંભળીને તેને મેળવવાની અભિલાષાથી (ધર્મ) અનુષ્ઠાન કરવું, એ પાપસાધનની અનુમોદના દ્વારા આત્માને કષ્ટ આપનાર હોવાથી શલ્ય. અને ૩-મિથ્યા=વિપરીત દર્શન (અર્થાત્ ખોટી માન્યતા-શ્રદ્ધા), તેના દ્વારા પણ કર્મબંધ કરીને આત્માને દુઃખી કરવાથી તે પણ શલ્ય. એમ માયા, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણ શલ્યોથી કરેલા અતિચારનું પ્રતિક્રમણ. તથા **'प्रति० त्रिभिर्गौरवैः, ऋद्धिगौरवेण, रसगौरवेण, सातगौरवेण'** =અહીં ગુરુપણું (મોટાઈ) એટલે ગૌરવ, અર્થાત્ અભિમાન

અને લોભરૂપ આત્માનો અશુભ ભાવ. આવું ગૌરવ રાજપૂજા કે આચાર્યપણું વગેરે ઋદ્ધિ (સન્માન-સંપત્તિ) મળવાથી, ઇષ્ટ (મનોનુકૂળ) રસોની પ્રાપ્તિથી અને શાતાથી (સુખથી) થાય અર્થાત્ તેની તેવી પ્રાપ્તિનું અભિમાન કરવાથી અને વધારે મેળવવાની પ્રાર્થના (અભિલાષા) કરવાથી થાય, માટે તેના ઋદ્ધિ, રસ અને શાતા એમ ત્રણ પ્રકારો કહ્યા. તે કરવાથી થયેલા અતિચારનું પ્રતિક્રમણ. તથા '**प्रति० तिसृभिर्विराधनाभिः, ज्ञानविराधनया, दर्शनविराधनया, चारित्रविराधनया**'=વિરાધના એટલે ખંડના, જ્ઞાનની, દર્શનની અને ચારિત્રની એમ ત્રણની વિરાધના દ્વારા. તેમાં જ્ઞાનની વિરાધના પાંચ પ્રકારે થાય: ૧–જ્ઞાનની નિંદા કરવાથી; ૨–ગુર્વાદિ ઉપકારીઓને છુપાવવાથી–તેઓને ઉપકારી માની કૃતજ્ઞભાવ દાખવવાને બદલે તેઓના ઉપકારને ઓળવવાથી; ૩–'શાસ્ત્રોમાં તેના તે જ પૃથ્વીકાયાદિ જીવોનું અને પ્રાણાતિપાતવિરમણાદિ વ્રતોનું વારંવાર વર્ણન (નિષ્કારણ) કર્યું છે,' 'મદ્ય, વિષય આદિ પ્રમાદોનું અને તેના પ્રતિ-પક્ષી અપ્રમાદોનું જ્યાં ત્યાં વારંવાર વર્ણન કરીને પુનરૂક્ત દોષ કર્યો છે,' તથા 'સાધુજીવનમાં જ્યોતિષ કે યોનિના જ્ઞાનની શું જરૂર છે? નિરર્થક જ્યોતિઃશાસ્ત્રનું અને યોનિપ્રાભૃત વગેરેનું વર્ણન કર્યું છે,' એમ શાસ્ત્રોની નિંદાદિ આશાતના કરવાથી; ૪–સ્વાધ્યાય કરનારને અન્ત-રાયાદિ કરવાથી; અને ૫–અકાલે સ્વાધ્યાય કરવો વગેરે આઠ જ્ઞાનાચારની વિરુદ્ધ વર્તન કરવાથી. બીજી દર્શનની એટલે સમ્યક્ત્વની વિરાધના પણ દર્શનનો મહિમા

જણાવનારાં 'સંમતિતર્ક' આદિ દર્શનશાસ્ત્રોની અપેક્ષાએ એજ પાંચ પ્રકારે થાય છે. ૧–જૈન દર્શનની નિંદાથી; ૨–જૈનધર્મીની નિન્દા કરવાથી; ૩–જૈન દર્શનની સત્યતા સિદ્ધ કરનારા જૈન દર્શનના ગ્રન્થોની, જિનમંદિર-મૂર્તિ કે તીર્થોની તથા જૈન દર્શનની પ્રભાવના કરનારાં ઉદ્યાપનાદિ કાર્યોની નિન્દા કરવાથી; ૪–સાધર્મી આદિને ઉપદ્રવ–ધર્મમાં અંતરાય–કરવાથી; અને ૫–દર્શનાચારના આઠ આચારોને નહિ પાળવાથી; એમ યથાયોગ્ય પાંચ પ્રકારો સમજી લેવા. ચારિત્રની વિરાધના પણ વ્રત વગેરેના ખંડનરૂપ સમજવી. (તેના પણ ૧–ચારિત્રની નિન્દા; ૨–ચારિત્રવંત સાધુ-સાધ્વીની નિન્દા; ૩–ચારિત્રનાં ઉપકરણોની આશાતના; ૪–ચારિત્રમાં લેવામાં કે પાળવામાં તે તે પ્રકારે અંતરાય કરવો; અને ૫–સમિતિ-ગુપ્તિઓનું કે ચરણ–કરણસિત્તરી વગેરેનું યથાયોગ્ય પાલન નહિ કરવું, એમ પાંચ પ્રકારો યથાયોગ્ય સમજવા.) એ ત્રણ પ્રકારની વિરાધનાથી જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું. વળી '**चतुर्भिः कषायैः, क्रोधकषायेन, मानकषायेन, मायाकषायेन, लोभकषायेन**' તેમાં જ્યાં જીવો વિવિધ દુઃખોથી કસાય એટલે પીડાય–રીબાય–મરી જાય તેને 'કષ' એટલે સંસાર કહ્યો છે, તેનો આય એટલે લાભ જેનાથી થાય તે કષાયો ચાર છેઃ ક્રોધ, માન, માયા અને લોભ; તેમાં ક્રોધ એટલે અપ્રીતિ, માન એટલે અકડાઈ, માયા એટલે કપટ–કુટિલતા અને લોભ એટલે જડ પદાર્થ ઉપર મૂર્છા, એ દરેકનો ઉદય થવા પહેલાં ઉદય થતો નહિ અટકાવવાથી અને

ઉદયમાં આવેલાને નિષ્ફળ નહિ કરવાથી અતિચાર લાગે. (એના ઉત્તર ભેદો, સ્થિતિ, ફળ અને સ્વરૂપ વગેરે અન્ય ગ્રન્થો, પહેલા કર્મગ્રંથ વગેરેમાંથી જોઈ લેવું). તથા '**प्रति० चतसृभिः संज्ञाभिः, आहारसंज्ञया, भयसंज्ञया, मैथुनसंज्ञया, परिग्रहसंज्ञया**'=સંજ્ઞા એટલે સમજ, અભિલાષા વગેરે, અર્થાત્ અનાદિ કાળથી આત્મા ઉપર લાગેલું પૌદ્ગલિક વાસનાનું બળ તે સંજ્ઞા; તેના ચાર પ્રકારો છે : ૧-ક્ષુધા વેદનીયના ઉદયથી આહારની અભિલાષા તે 'આહારસંજ્ઞા'; ૨-(ભય) મોહનીયના ઉદયથી ડરવું તે 'ભયસંજ્ઞા'; ૩-વેદ મોહનીયના ઉદયે મૈથુનની અભિલાષા થાય તે 'મૈથુનસંજ્ઞા'; અને ૪-તીવ્ર લોભના ઉદયે જડ પદાર્થ ઉપર મૂર્છા થાય તે 'પરિગ્રહસંજ્ઞા'. (એ ઉપરાંત દશ-સોળ વગેરે ભેદો પણ કહ્યા છે, જે આ ચારના જ ઉત્તર ભેદો રૂપ છે. તે દંડક વગેરે ગ્રંથોથી જાણી લેવા) તે ચાર સંજ્ઞાઓથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. વળી '**प्रति० चतसृभिर्विकथाभिः, स्त्रीकथया, भोजनकथया, देशकथया, राजकथया**' =અહીં વિરુદ્ધ-વિપરીત કહેવું તે વિકથા (જેમ કે-સ્ત્રી કે પુરુષ સંબંધી કામોત્તેજક વાર્તા કરવી તે સ્ત્રી કથા; બલ-રૂપ-સ્વાદને ઉદ્દેશીને રાગ-દ્વેષજનક ભોજનની વાર્તા કરવી તે ભક્ત કથા; સુખ-સંપત્તિને ઉદ્દેશીને રાગ-દ્વેષથી દેશની વાર્તા કરવી તે દેશકથા અને રાગ-દ્વેષાદિના લીધે રાજાના ગુણદોષ વગેરેની વાર્તા કરવી તે રાજકથા); શ્રી સ્થાનાઙ્ગ સૂત્રમાં એ ચાર ઉપરાંત મૃદુકારુણિકી, દર્શનભેદિની અને ચારિત્રભેદિની એમ ત્રણ મળી સાત વિકથાઓ કહી છે. તેમાં

પુત્રાદિના વિયોગથી દુઃખી માતા વગેરે અત્યંત કરુણાજનક વિલાપ કરે તે મૃદુકારુણિકી; અન્ય કુતીર્થિઓના જ્ઞાન-આચાર વગેરેની પ્રશંસા કરવી (કે જેથી સાંભળનારને જૈન દર્શન ઉપરની શ્રદ્ધા તૂટે) વગેરે દર્શનભેદિની; અને વર્તમાનમાં સાધુઓ બહુ પ્રમાદી હોવાથી આ કાળમાં મહાવ્રતોનો સંભવ નથી, અતિચારની શુદ્ધિ કરે તેવા આલોચનાચાર્ય નથી અને તેમણે આપેલા પ્રાયશ્ચિત્તથી અતિચારોની શુદ્ધિ પણ થાય તેમ નથી, ઇત્યાદિ ચારિત્રમાં અશ્રદ્ધા થાય તેવી વાત કરવી તે ચારિત્રભેદિની જાણવી. એ ત્રણનો પૂર્વની ચાર વિકથાઓમાં અંતર્ભાવ સમજવો. એ વિકથાઓથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. '**प्रति० चतुर्भिर्ध्यानैः, आर्तेन ध्यानेन, रौद्रेण ध्यानेन, धर्म्येण ध्यानेन, शुक्लेन ध्यानेन**'=અહીં ધ્યાન એટલે મનનો સ્થિર અધ્યવસાય, અર્થાત્ મનનું અંતર્મુહૂર્ત સુધી એક વિષયનું એકાગ્ર આલંબન. તેના ચાર પ્રકારો છે: તેમાં ૧. 'આર્ત્ત' એટલે વિષયના અનુરાગથી થતું; ૨. 'રૌદ્ર' એટલે હિંસાના અનુરાગથી થતું; ૩. 'ધર્મ્ય'–ક્ષમાદિ દશ પ્રકારના ધર્મવાળું–શ્રી જિનવચનના અર્થના નિર્ણયરૂપ; અને 'શુક્લ' એટલે શોકને દૂર કરાવનારું, જેમાં રાગનું બળ ન હોય તેવું રાગ વિનાનું. એ દરેકના ચાર ચાર પ્રકારો છે.

૧. **આર્ત્તધ્યાન**—આર્ત્તધ્યાનના પ્રકારોમાં ૧. 'અનિષ્ટ વિયોગ': શબ્દ–રૂપ–ગંધ–રસ–સ્પર્શરૂપ ઇન્દ્રિયોના અમનોજ્ઞ વિષયો કે તેના આધારભૂત પદાર્થો ગધેડા વગેરેનો યોગ

થતાં તેના વિયોગની અને ભવિષ્યમાં એવો યોગ ન થવાની, ઈત્યાદિ ચિંતા–અભિલાષા કરવી તે. ૨. 'રોગચિંતા': 'શૂલ' વગેરેનો રોગ થતાં તેના વિયોગનું ધ્યાન કરવું, કે તે મટયા પછી પુનઃ ન થાય એવી ચિંતા કરવી તે. ૩. 'ઇષ્ટસંયોગ' આર્ત્તધ્યાન : મળેલા મનપસંદ શબ્દાદિ વિષયોનો તથા ઉદયમાં આવેલા શાતાવેદનીય વગેરે (સુખ)નો વિયોગ ન થાય તેવી તથા તે સુખ કે સુખના સાધનરૂપ શબ્દાદિ વિષયોનો યોગ થાય તેવી અભિલાષા–ચિંતા કરવી તે. અને ૪. 'નિદાન' : અન્ય ભવમાં ચક્રવર્તી આદિની ઋદ્ધિ (સુખ)ની પ્રાર્થના કરવી તે. આ આર્ત્તના ચાર પ્રકારો જાણવા. આ આર્ત્તધ્યાનને ઓળખવાનાં લિંગો પણ ચાર છે. ૧. દુઃખીઆનો વિલાપ; ૨. અશ્રુપૂર્ણ નયને રુદન; ૩. દીનતા કરવી અને ૪. માથું કૂટવું–છાતી પીટવી વગેરે. એમ કરનારો આર્ત્તધ્યાની છે એમ સમજવું.

૨. **રૌદ્રધ્યાન**—રૌદ્રધ્યાનના ચાર પ્રકારો છે. તેમાં ૧. **હિંસાનુબંધિ** : જીવોને મારવા–વિંધવા-બાંધવા-ડામ દેવા –અંગોપાંગાદિ છેદવાં કે પ્રાણમુક્ત કરવાં, ઇત્યાદિ વિચારવું તે. ૨. **મૃષાનુબંધિ** : ચાડી, અસભ્ય, અસત્ય કે કોઈનો ઘાત વગેરે થાય તેવું બોલવાનું વિચારવું તે. ૩. **સ્તેયાનુબંધિ** : ક્રોધ, લોભ વગેરેથી બીજાનું ધનહરણ કરવાનું ચિંતવવું તે. અને ૪. **વિષયસંરક્ષણાનુબંધિ** : પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોના આધારભૂત તે તે પદાર્થોના રક્ષણ માટે 'રખે કોઈ લઈ ન લે' એવી સર્વ પ્રત્યેની શંકાથી બીજાઓને મારી નાખવા સુધી ધ્યાન કરવું તે.

એમ ચાર પ્રકારો રૌદ્રના જાણવા. રૌદ્ર ધ્યાનનાં લિંગો (નિશાનીઓ) પણ ૧. ઉત્સન્ન, ૨. બહુલ, ૩. નાનાવિધ અને ૪. આમ્મરણ, એમ ચાર છે. તેમાં હિંસાનુબંધિ આદિ ચાર પ્રકારો કહ્યા તે પૈકીના કોઈ એક પ્રકારના રૌદ્રધ્યાનમાં ઉત્સન્ન: સતત પ્રવૃત્તિ કરે તે, ૧. 'ઉત્સન્નદોષ'. ચારેય પ્રકારોમાં એ રીતે પ્રવૃત્તિ કરે (અર્થાત્ હિંસા, જૂઠ, ચોરી અને વિષય-રક્ષણ એ ચારેય આચરે) તે ૨. 'બહુલદોષ'. ચામડી ઉતારવી, નેત્રો ઉખેડવાં વગેરે હિંસાના ભિન્ન ભિન્ન ઉપાયો (પ્રકારો) વારંવાર કરે તે ૩. 'નાનાવિધ દોષ'. અને પોતે કે સામો પણ મહા (મારણાન્તિક) આપત્તિમાં મુકાય તોપણ પોતાના અકાર્યનો પશ્ચાત્તાપ ન થાય અર્થાત્ મરી જવા સુધી અકાર્યથી ન અટકે તે ૪. 'આમરણદોષ'.

૩. **ધર્મધ્યાન**—ધર્મ્યધ્યાનના ચાર પ્રકારો છે. તેમાં ૧. **આજ્ઞાવિચય**: જેણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વૈરાગ્ય અને ભાવનાઓથી આત્માને અભ્યાસી બનાવ્યો હોય તેવો આત્મા પોતાને નય-નિક્ષેપ-સપ્તભંગી વગેરે તે તે અપેક્ષાઓથી અતિગહન એવું શ્રી જિનવચન તુચ્છ બુદ્ધિથી ન સમજાય પરંતુ તે સત્ય જ છે એવું ચિંતન કરે તે. ૨. **અપાયવિચય**: રાગ, દ્વેષ અને કષાયોને તથા તેના યોગે હિંસા, જૂઠ, ચોરી વગેરે આશ્રવોને કરનારા તે તે આત્માઓ તે તે આશ્રવોથી આલોક-પરલોકમાં જે જે દુ:ખો પામે તેનું ધ્યાન કરવું તે. ૩. **વિપાકવિચાય**: પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચાર ભેદથી આઠ કર્મોનું

સ્વરૂપ વિચારવું તે. અને ૪. **સંસ્થાનવિચય** : શ્રી જિનેશ્વરદેવે કહેલાં (ધર્માસ્તિકાયાદિ) છ દ્રવ્યોનાં લક્ષણ, આકાર, આધાર, ભેદો અને પ્રમાણ વગેરેનું ધ્યાન કરવું તે. તેમાં ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિસહાયકતા, જીવનું જ્ઞાનાદિ વગેરે તે તે દ્રવ્યોનાં તે લક્ષણો કહેવાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો આકાર લોકાકાશ જેવો, જીવોનો સમચતુરસ્ર સંસ્થાનાદિ છ પ્રકારનો, અજીવનો ગોળ-લંબગોળ આદિ પાંચ પ્રકારનો, કાળનો મનુષ્યક્ષેત્રના જેવો ગોળ વગેરે તે તે દ્રવ્યોનો આકાર સમજવો. છયે દ્રવ્યોનો આધાર ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશ સમજવું. જીવ-અજીવ વગેરેના પ્રકારો એ તેના ભેદો અને તે તે પદાર્થોનું જઘન્ય, ઉત્કૃષ્ટ વગેરે માપ તે પ્રમાણ જાણવું. તેનું 'વિચય' એટલે ચિંતન દ્વારા પરિચય કરવો તે સંસ્થાનવિચય. એમ ચાર ભેદો ધર્મ્યધ્યાનના છે. તેનાં લિંગો : ૧. આગમથી, ૨. ઉપદેશ-શ્રવણથી, ૩. (ગુરુની) આજ્ઞાથી અને ૪. નૈસર્ગિક ભાવે-એમ શ્રી જિનેશ્વરે કહેલા પ્રત્યક્ષ-પરોક્ષ ભાવોમાં તે તે પ્રકારે શ્રદ્ધા થવી તે ધર્મ્યધ્યાનનાં લિંગો જાણવાં. અર્થાત્ જિનકથિત તત્ત્વોની શ્રદ્ધાથી ઓળખાય કે જીવમાં આ ધર્મ્યધ્યાનનાં લિંગો છે. જિનકથિત તત્ત્વની શ્રદ્ધાથી ઓળખાય કે આ ધર્મધ્યાની છે.

૪. **શુક્લધ્યાન**—એના પણ ૧. પૃથક્ત્વવિતર્ક સવિચાર, ૨. એકત્વવિતર્કઅવિચાર, ૩. સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ અને ૪. વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ, એમ ચાર ભેદો છે. તેમાં એક જ

દ્રવ્યમાં તેનાં ઉત્પત્તિ, વ્યય અને સ્થૈર્યાદિ પર્યાયોની તે દ્રવ્યથી ભિન્નતાનો જે *વિતર્ક (કલ્પના)*, તેનો *'વિચાર'* એટલે સંક્રમ, તેનાથી યુક્ત જે ધ્યાન તે ૧. **'પૃથક્ત્વ-વિતર્કસવિચાર.'** અહીં સંક્રમ પરસ્પર 'અર્થ–વ્યંજનમાં તથા યોગોમાં' સમજવો. તે અર્થ એટલે પદાર્થ (દ્રવ્ય)-માંથી વ્યંજન એટલે શબ્દમાં અને શબ્દમાંથી પદાર્થમાં, એમ ત્રણ યોગોમાં ( મન, વચન, કાયામાં ) પણ પરસ્પર વિચારનું સંક્રમણ તે 'વિચાર'. અને તેવા વિચારવાળું ધ્યાન, માટે 'સવિચાર' (અર્થાત્ એક જ દ્રવ્યમાં તેના પર્યાયોના ભેદની કલ્પનાથી પરસ્પર શબ્દ--અર્થ (વાચકવાચ્ય) ના તથા મન, વચન, કાયાના સંક્રમથી વિચાર કરવો તે. ૨. **'એકત્વવિતર્કઅવિચાર'**: 'એકત્વ' એટલે દ્રવ્ય-પર્યાયના અભેદપણાનો 'વિતર્ક'=શબ્દ અથવા અર્થની કલ્પના, તે પણ 'અવિચાર' એટલે શબ્દ-અર્થ-યોગના સંક્રમ રહિત અર્થાત્ કોઈ એક જ યોગનું આલંબન લઈને માત્ર શબ્દથી અથવા અર્થથી, એક જ અપેક્ષાએ દ્રવ્ય-પર્યાયની અભિન્નતાનું ધ્યાન કરવું તે. શુકલધ્યાનના આ બે ભેદો પૂર્વધરોને હોય છે. ૩. **'સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ'**: ત્રણ યોગો પૈકી મન-વચનના યોગોનો સંપૂર્ણ રોધ કર્યા પછી ( બાદર ) કાયયોગનો અર્ધો રોધ કરનાર કેવલીને યોગનિરોધ કરતાં ( માત્ર સૂક્ષ્મ કાયયોગના વ્યાપારરૂપ ) હોય તે ત્રીજું. અને ૪. **'વ્યુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિ'**: ચૌદમે ગુણસ્થાનકે શૈલેશી અવસ્થામાં યોગના અભાવરૂપ,

માટે વ્યુચ્છિન્નક્રિયા અને નાશ નહિ પામનારું માટે અપ્રતિ-પાતિ ( અર્થાત્ યૌગિક ( સર્વ જડની ) ક્રિયાનો કાયમી અભાવ ), તેમાં છદ્મસ્થની મનની નિશ્ચલતાની જેમ કેવલીને કાયાની નિશ્ચલતા એ જ ત્રીજું ધ્યાન અને યોગોનો નિરોધ કરવાથી દ્રવ્ય મનના અભાવે પણ પૂર્વ પ્રયોગથી કુંભારનું ચક્ર ચાલે તેમ જીવનો ઉપયોગ વર્તતો હોવાથી ભાવ મન હોય, તે ચોથું ભવસ્થ (અયોગી ) કેવળીને હોય છે. અહીં ધ્યાન શબ્દ જે ધાતુ ઉપરથી બને છે, તે 'ધ્યૈ' ધાતુના પણ 'ચિંતન, કાયાનો નિરોધ અને અયોગી-પણું' એમ અનેક અર્થો થતા હોવાથી કાયનિરોધ અને અયોગી અવસ્થાને પણ 'ધ્યાન' કહી શકાય છે. આ શુકલધ્યાનનાં ૧. અવધ, ૨. અસંમોહ, ૩. વિવેક અને ૪. વ્યુત્સર્ગ, એમ ચાર લિંગો છે. (તેમાં પરિષહો-ઉપસર્ગો પ્રસંગે પણ ધ્યાનથી ચલાયમાન ન થાય એવો ધીર-સ્થિર આત્મા તે તે પરિષહાદિથી પણ ભય ન પામે તે ૧. 'અવધ'; અત્યન્ત ગહન-સૂક્ષ્મ વિષયોમાં પણ સંમોહને (મૂઢતાને) વશ ન થાય, તેમ અનેકવિધ દેવમાયામાં પણ ન મૂંઝાય તે ૨. 'અસંમોહ'; આત્માથી શરીરને તેમ જ સર્વ સંયોગોને જુદા ( ભિન્ન ) માને, પરપદાર્થ (જડ )માં મમત્વ ન કરે તે ૩. 'વિવેક'; તથા શરીર, આહાર અને ઉપધિ સર્વનો સર્વથા ત્યાગ કરી, નિઃસંગ બને તે ૪. 'વ્યુત્સર્ગ'; એમ કુલ ચાર ધ્યાનો પૈકી પ્રથમનાં બે સેવવા દ્વારા તથા ધર્મ-શુકલધ્યાન નહિ સેવવાથી ( અથવા તે ધ્યાનોની શ્રદ્ધા-

પ્રરૂપણાદિ વિપરીત કરવાથી) લાગેલા અતિચારનું પ્રતિક્રમણ કરું છું. 'प्रति०पञ्चभिःक्रियाभिः, कायिकया-आधिकरणिकया-प्राद्वेषिकया-पारितापनिकया-प्राणातिपातिकया'=ક્રિયા એટલે વ્યાપાર, તેમાં કાયાનો વ્યાપાર તે **કાયિકીક્રિયા** ત્રણ પ્રકારે છે. ૧. અવિરતકાયિકી, આ ક્રિયામાં મિથ્યાદષ્ટિ અને અવિરતિસમકિતદૃષ્ટિ (તથા દેશવિરતિ પાંચમા ગુણસ્થાનક સુધીના જીવો)ની 'ફેંકવું' વગેરે કર્મબંધના કારણભૂત સર્વ ક્રિયાઓ સમજવી. ૨. દુષ્પ્રણિહિત કાયિકી, આ ક્રિયામાં પ્રમત્ત સંયત (છઠ્ઠા ગુણસ્થાનકવાળા)ની (પંચવિધ) પ્રમાદ યુક્ત ઇન્દ્રિયો અને મનદ્વારા થતી સર્વ પ્રવૃત્તિ સમજવી અને ૩. ઉપરતકાયિકી, આ ક્રિયા પ્રાયઃ પાપવ્યાપારથી નિવૃત્ત અપ્રમત્ત સંયત (છટ્ઠાથી ઉપરના ગુણસ્થાનકવાળાની સમજવી. એમ મૂળ કાયિકી ક્રિયાના ત્રણ ભેદો જાણવા. હવે બીજી **આધિકરણિકી**=જેનાથી આત્મા નરકાદિ દુર્ગતિનો અધિકારી થાય(ત્યાં ઉપજે) તે અધિકરણ કહેવાય અને એવાં અધિકરણો દ્વારા થતી ક્રિયાને આધિકરણિકીક્રિયા કહેવાય. તેના બે ભેદો છે. તેમાં ચક્રરથ-(ગાડાં-મોટર-સાઇકલ-રીક્ષા) વગેરે વાહનો ચલાવવાં, પશુને બાંધવાં (પક્ષિઓને પાંજરે ઘાલવાં, મનુષ્યોને જેલમાં પુરવાં વગેરે) તથા મન્ત્ર-તન્ત્ર વગેરેનો પ્રયોગ કરવો તે. ૧. અધિકરણ પ્રવર્તની અને ખડ્ગ વગેરે શસ્ત્રો બનાવવાં તે. ૨. અધિકરણ નિવર્તની. ત્રીજી **પ્રાદ્વેષિકી**=મત્સરને યોગે થતી ક્રિયા. (અર્થાત્ મત્સર કરવો તે.) તેના પણ ૧. કોઈ સજીવ ઉપર મત્સર કરવો તે અને

૨. કોઈ અજીવ પદાર્થ ઉપર મત્સર કરવો તે, એમ બે ભેદો જાણવા. ચોથી **પારિતાપનિકી**=એટલે તાડન-તર્જનાદિનું દુઃખ તે પરિતાપ અને તે દુઃખથી થતી ક્રિયાને પારિતાપનિકી ક્રિયા જાણવી. તેના પણ ૧. પોતાના શરીરને તાડન-તર્જનાદિ કરવું તે અને ૨. પરના શરીરને તાડના-તર્જનાદિ કરવું .તે, એમ બે ભેદો જાણવા. પાંચમી **પ્રાણાતિપાતિકી**-પ્રાણનો નાશ કરવારૂપ-ક્રિયા. તેના પણ પોતાના અને પરના પ્રાણનો નાશ, એમ બે ભેદો છે, તેમાં પહેલી સંસારનાં દુઃખોથી કંટાળીને મરવા માટે અથવા સ્વર્ગાદિનાં સુખ મેળવવા માટે પર્વત ઉપરથી પડીને મરી જવું ઇત્યાદિ પોતાનો આપઘાત કરવો તે, અને બીજી-મોહ, ક્રોધ વગેરેને વશ થઈ બીજાને હણવો તે. એ ઉપર જણાવેલી પાંચ ક્રિયાઓ વડે જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. '**प्रति० पञ्चभिः कामगुणैः, शब्देन-रूपेण-गन्धेन-रसेन-स्पर्शेन** અર્થાત્ શબ્દ-રૂપ-ગન્ધ-રસ અને સ્પર્શ એ પાંચ કામગુણોથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તેમાં પાંચે ઇન્દ્રિયોના તે તે 'શબ્દ-રૂપ' વગેરે વિષયોની ઇચ્છા થાય માટે તે 'કામ' કહેવાય અને દ્રવ્યને આશ્રિને રહેલા દ્રવ્યના ગુણ હોવાથી તેને ગુણ પણ કહેવાય. માટે તે 'કામગુણ' સમજવા. '**प्रति० पञ्चभिर्महाव्रतैः, प्राणातिपाताद्विरमणं, मृषावादाद्विरमणं, अदत्तादानाद्विरमणं, मैथुनाद्विरमणं, परिग्रहाद्विरमणं**' :(અહીં પ્રથમા વિભક્તિ સપ્તમીના અર્થમાં હોવાથી) પ્રાણાતિપાત-વિરમણાદિ પાંચ મહાવ્રતોમાં જે અતિચાર લાગ્યો હોય તેનું

પ્રતિક્રમણ સમજવું. અને તે તે વ્રતોને અંગે નહિ કરવા યોગ્ય કરવાથી, કરવા યોગ્ય નહિ કરવાથી ઇત્યાદિ (ચાર) કારણોથી અથવા સંઘટ્ટો–પરિતાપ વગેરે કરવાથી પ્રાણાતિપાતાદિ તે તે વ્રતમાં લાગતા અતિચારો સ્વયં વિચારી લેવા. તથા '**प्रति० पञ्चभिः समितिभिः, इर्यासमित्या, भाषासमित्या, एषणासमित्या–आदानभाण्डमात्रनिक्षेपणासमित्या, उच्चारप्रश्रवणखेलजल्लसिंघानपारिष्ठापनिकासमित्या**': ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓનું યથાર્થ પાલન વગેરે નહિ કરવાથી તેમાં લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તેમાં **૧. ઇર્યાસમિતિ**: એટલે જે રસ્તે લોકો ચાલેલા હોય, સૂર્યનો પ્રકાશ જ્યાં પડતો હોય, ત્યાં જીવહિંસા ન થાય તે માટે ધોંસરીપ્રમાણ દૃષ્ટિથી ભૂમિને જોઈને ચાલવું તે. **૨. ભાષાસમિતિ**: નિષ્પાપ, સર્વ જીવોને હિતકારી અને પ્રિય એવું મિત (અલ્પ) બોલવું તે. **૩. એષણાસમિતિ**: આહાર, વસ્ત્ર, પાત્ર (વહોરતાં) અને શય્યા લેવામાં શાસ્ત્રોક્ત બેંતાલીસ દોષોને ટાળવા તે. **૪. આદાનભાણ્ડમાત્ર નિક્ષેપણાસમિતિ**: અહીં આદાન એટલે લેવું, નિક્ષેપણા એટલે મૂકવું અને ભાણ્ડમાત્ર એટલે પાત્ર–વસ્ત્રાદિ સંયમોપકારક સર્વ વસ્તુઓ. તેમાં વચ્ચેનો 'ભાણ્ડમાત્ર' શબ્દ આગળ-પાછળના બન્ને શબ્દો સાથે સંબંધવાળો હોવાથી એ અર્થ થયો કે ભાણ્ડમાત્રને (સર્વ ઉપકરણોને) લેવા-મૂકવામાં પૂંજવા–પ્રમાર્જવાપૂર્વક સમ્યક્ પ્રવૃત્તિ કરવી તે આદાનભાણ્ડમાત્રનિક્ષેપણાસમિતિ. તથા **૫. ઉચ્ચાર: પ્રશ્રવણ-ખેલ-જલ્લ સિંઘાનપારિષ્ઠાપનિકાસમિતિ**:

ઉચ્ચાર=મળ (ઝાડો), પ્રશ્રવણ=માત્રુ (પેશાબ), ખેલ=થૂંક, કફ વગેરે, જલ્લ=શરીર ઉપરનો મેલ અને સિંઘાન=શ્લેષ્મ (નાકનો મેલ) અને **પારિષ્ઠાપનિકા સમિતિ**–એ દરેકને ફરી નહિ લેવાના ઉદ્દેશથી નિર્જીવ ભૂમિમાં વિધિપૂર્વક સર્વથા તજી દેવું તે. એ પાંચ સમિતિઓ દ્વારા (માં) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ વગેરે; બાકીનો અર્થ સુગમ છે. '**प्रति० षड्भिर्जीवनिकायैः पृथ्वीकायेन, अप्कायेन, तैजस्कायेन, वायुकायेन, वनस्पतिकायेन, त्रसकायेन**': પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય, એ છ કાયજીવોને અંગે (વિરાધનાદિ કરવારૂપ) જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. તથા '**प्रति० षड्भिर्लेश्याभिः, कृष्णलेश्यया, नीललेश्यया, कापोतलेश्यया, तेजोलेश्यय, पद्म-लेश्यया, शुक्ललेश्यया**': કૃષ્ણાદિ છ લેશ્યાઓમાં પહેલી ત્રણમાં પ્રવૃત્તિ કરવાથી (સેવવાથી) અને છેલ્લી ત્રણમાં પ્રવૃત્તિ નહિ કરવાથી (નહિ સેવવાથી) જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. તેમાં જેમ નિર્મળ પણ સ્ફટિક રત્નનો તેવા તેવા નીલ કૃષ્ણ દ્રવ્યના સહયોગથી તેવો તેવો વર્ણ થાય તેમ નિર્મળ પણ આત્માનો સર્વ કર્મપ્રકૃતિઓના રસ (ઝરણા) ભૂત તે તે કૃષ્ણ, નીલ, વગેરે દ્રવ્યોના સંબંધથી તેવો તેવો પરિણામ થાય, તેને લેશ્યા કહેવાય છે, તે 'કૃષ્ણ, નીલ કાપોત' વગેરે છ છે. તેનું સ્વરૂપ ગામના વધ માટે નીકળેલા ચોરોના અને જાંબૂને ખાનારા છ પુરુષોના દૃષ્ટાન્તોથી* સમજવું. તથા '**प्रति० सप्तभिर्भय-**

*કેટલાક ચોરો કોઈ ગામમાં ચોરી કરવા નીકળ્યા. રસ્તે જતાં

પરસ્પર વિચાર કરતાં એક બોલ્યો : “જે ગામમાં જવું છે ત્યાં જેને દેખો તેને મારવા.” બીજાએ કહ્યું : “ એમ શા માટે ? બિચારા પશુઓનો શું અપરાધ છે ? મનુષ્યોને જ મારવા.” ત્રીજાએ કહ્યું : “ એ પણ ઠીક નથી, સ્ત્રીઓ, બાળકો વગેરેને છોડીને, માત્ર પુરુષોને જ મારવા કે જે ધનના માલિક છે.” ચોથાએ કહ્યું : “ એમ પણ શા માટે ? જેઓ શસ્ત્રધારી હોય તેને જ મારવા.” પાંચમાએ કહ્યું : “ નહિ, ભલે શસ્ત્રધારી હોય, નાસી જતાને ન મારવા, સામે થાય તેને જ મારવા.” છઠ્ઠાએ કહ્યું : “ અરે ! એક તો ચોરી અને બીજી મનુષ્યહત્યા ? શા માટે કોઈને પણ મારવો ? માત્ર ધન જ લેવું.” એ છ જુદા જુદા પરિણામવાળા ચોરોની અનુક્રમે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ લેશ્યા જાણવી. એ રીતે કોઈ છ માણસો અટવીમાં ભૂલા પડયા. ભૂખ્યા થયેલા તેમણે ચારે બાજુ નજર ફેંકતાં એક પાકેલાં જાંબૂડાનું વૃક્ષ જોયું. આનંદમાં આવી એક બોલ્યો : “ કાપો ઝાડને મૂળમાંથી, નાખો નીચે, કે જેથી સુખપૂર્વક જાંબૂ ખાઈ શકીએ.” બીજો બોલ્યો : “આવું મોટું વૃક્ષ ફરી ક્યારે ઊગે ? માટે મોટાં ડાળાં જ કાપો, કારણ કે ફળો તો ડાળાં ઉપર જ છે ને ?” ત્રીજો બોલ્યો : “મોટાં ડાળાં પણ ઘણાં વર્ષોએ તૈયાર થાય, તેને શા માટે કાપવાં ? નાની ડાળીઓ કાપો, જાંબૂ તો નાની ડાળીઓ ઉપર જ છે ને !” ચોથો ચતુર બોલ્યો : “ નાની ડાળીઓને શા માટે કાપવી ? જાંબૂના ગુચ્છા જ કાપો, આપણે જરૂર તો જાંબૂની જ છે ને ?’ પાંચમો બોલ્યો : “ અરે ! ગુચ્છામાં પણ ઘણાં કાચાં કે ખરાબ જાંબૂ હોય તેનું આપણે શું પ્રયોજન છે ? માત્ર પાકેલાં જાંબૂ જ તોડવાં, આપણે કામ તેનું જ છે ને ?” છઠ્ઠો બોલ્યો : “ વિના પ્રયોજને ઉપરનાં જાંબૂ શા માટે તોડવાં ? નીચે પાકેલાં ઢગલાબંધ પડયાં છે તે જ ખાઓ ને ? કામ તો જાંબૂ ખાવાનું જ છે ને ? વિના પ્રયોજને હિંસા શા માટે કરવી ?” એ છ જણમાં જેમ પરિણામનું તારતમ્ય છે તેમ કૃષ્ણાદિ ત્રણ લેશ્યાવંતમાં ઉત્તરોત્તર અશુદ્ધિની ન્યૂનતા અને છેલ્લી ત્રણમાં ઉત્તરોત્તર શુદ્ધિનો પ્રકર્ષ–વૃદ્ધિ જાણવી. આ પ્રત્યેક લેશ્યામાં પણ

**સ્થાનૈ:**' ભયનાં સ્થાન એટલે ભયના આશ્રયો (નિમિત્તો), તે ૧. 'આલોક, ૨. પરલોક, ૩. આદાન, ૪. અકસ્માત્ ૫. આજીવિકા, ૬. મરણ અને ૭. અપયશ' એમ સાત પ્રકારના છે. તેમાં 'મનુષ્યને મનુષ્યથી, પશુને પશુથી' વગેરે સ્વજાતિથી ભય તે ૧. ઇહલોકભય. પરજાતિનો એટલે મનુષ્ય વગેરેને તિર્યંચ વગેરેથી ભય તે. ૨. પરલોકભય. રખે, કોઈ ચોર વગેરે મારું ધન વગેરે, લઈ જશે, એવો ભય તે ૩. આદાનભય. કોઈ બાહ્ય નિમિત્ત વિના જ (એકાએક વિજળી પડવા વગેરેનો) અથવા ઘરમાં અંધકારનો ભય, તે ૪. અકસ્માત્ભય. નિર્ધન વગેરેને 'અરેરે, હું દુષ્કાળમાં શી રીતે જીવીશ? વગેરે ભય તે ૫. આજીવિકાભય. ૬. મરણનો ભય, અને લોકમાં અપકીર્તિ આદિ થવાનો ભય તે ૭. અપશયભય. એ સાત ભયસ્થાનોને લીધે જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું. હવે પછીના પાઠમાં સૂત્રકાર ભગવંતે '**प्रतिक्रमामि**' ક્રિયાપદ તથા તે તે સ્થાનોની નામપૂર્વક ગણના કરી નથી, એથી તે સ્વયમેવ સમજી લેવાં. '**अष्टभिर्मदस्थानैः**' આઠ મદસ્થાનો વડે (લાગેલા અતિચારનું 'પ્રતિક્રમણ કરું છું' એમ સ્વયં સમજી લેવું). એ આઠ મદસ્થાનો: ૧. જાતિમદ, ૨. કુળમદ, ૩. બળમદ, ૪. રૂપમદ, ૫. તપમદ, ૬. ઐશ્વર્ય–ઠકુરાઈનો મદ, ૭. શ્રુતમદ અને ૮. લાભમદ, તથા '**नवभिर्ब्रह्मचर्यगुप्तिभिः**' --બ્રહ્મચર્યની રક્ષા માટે ઉપાયભૂત 'વસતિશુદ્ધિ' વગેરે નવ

---

તારતમ્યની અપેક્ષાએ અસંખ્યાત ભેદો હોય છે. અથાત્ પ્રત્યેક લેશ્યામાં વર્તતા વિચિત્ર પરિણામવાળા જીવો અસંખ્યાતા હોય છે.

વાડોનું પાલન નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. (નવ વાડોનું વર્ણન આ પુસ્તકમાં જ જુદા સ્થાને ચરણસિત્તરીના વિવરણમાં કહેવાશે, ત્યાંથી જોઈ લેવું.) તથા '**दशविधे श्रमणधर्मे**' : ક્ષમા વગેરે દશ પ્રકારના યતિ-ધર્મનું યથાસ્થિત પાલન નહિ કરવા વગેરેથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. (દશ પ્રકારના યતિધર્મનું સ્વરૂપ આ પુસ્તકમાં જ જુદું કહેવાશે, ત્યાંથી જોઈ લેવું) તથા '**एकादशभिरुपासकप्रतिमाभिः**' : શ્રાવકની અગિયાર પ્રતિમા સંબંધમાં અશ્રદ્ધા વગેરેથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. (શ્રાવકની આ અગિયાર પ્રતિમાનું સ્વરૂપ અન્ય ગ્રંથથી જાણી લેવું). તથા '**द्वादशभिर्भिक्षुप्रतिमाभिः**' : વિશિષ્ટ પ્રકારના અભિગ્રહ સ્વરૂપ બાર પ્રકારની ભિક્ષુપ્રતિમા સંબંધમાં લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. (આ બાર પ્રકારની સાધુપ્રતિમાનું વર્ણન આ પુસ્તકમાં જુદું કહેવાશે, ત્યાંથી જોઈ લેવું.) '**त्रयोदशभिः क्रियास्थानैः**'–અહીં ક્રિયા–કર્મબંધમાં હેતુભૂત ચેષ્ટા અને તેનું પ્રતિક્રમણ. ક્રિયાસ્થાનો આ પ્રમાણે છે : ૧. **અર્થાય(સપ્રયોજન)ક્રિયા**–સંયમ-નિર્વાહ ન થાય તેવા પ્રસંગે, અથવા ગ્લાન વગેરેને કારણે, એમ સ્વ–પરાર્થે દોષિત આહારાદિ વસ્તુ લેવી પડે તે ( અથવા ત્રસાદિ જીવની વિરાધના કરવી પડે તે). ૨. **અનર્થાય(નિષ્પ્રયોજન) ક્રિયા**–વિના પ્રયોજને પણ દોષિત વસ્તુ લેવી (અથવા કાચિંડો કે વનના વેલાદિ તોડવા, ઇત્યાદિ) ક્રિયા. ૩. **હિંસાયૈ (હિંસા માટે) ક્રિયા**–દેવ, ગુરુ કે સંઘના

શત્રુઓની હિંસા, અથવા સર્પ વગેરેને એણે હણ્યા, હણે છે કે હણશે; એમ તેઓની ત્રણ કાળ સંબંધી હિંસા માટે દંડ કરવો-માર મારવો; તે હિંસાથૈ ક્રિયા-હિંસાક્રિયા. ૪. **અકસ્માત્ક્રિયા**-કોઈ બીજાને હણવા માટે બાણ વગેરે શસ્ત્ર ફેંકવા છતાં ઘાત બીજાનો થાય તે. ૫. **દૃષ્ટિવિપર્યાસક્રિયા**-મિત્ર છતાં શત્રુ જાણીને કે ચોર ન હોય તેને ચોર સમજીને હણવો. ૬. **મૃષાક્રિયા**-(પોતાના માટે કે જ્ઞાતિજન વગેરેના માટે) અસત્ય બોલવારૂપ ક્રિયા. ૭. **અદત્તાદાનક્રિયા**-પોતાના કે જ્ઞાતિજન વગેરેના માટે) સ્વામિઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત અને ગુરુઅદત્ત એ ચાર પ્રકારનું અદત્ત ગ્રહણ કરવારૂપ ક્રિયા. ૮. **અધ્યાત્મક્રિયા**-કોંકણ દેશના* સાધુની જેમ ચિંતવવું તે. (અથવા કોઈ કંઈ કહે નહિ તોપણ પોતે હૃદયમાં ક્રોધ-માન-માયા-લોભથી દુઃખી થાય તે પોતાના આત્મામાં થતી ક્રિયા.) ૯. **માનક્રિયા**-પોતે જાતિ, કુળ વગેરેનો મદ (અભિમાન) કરીને બીજાને હલકા માનવા-અવહેલણા કરવી

* કોંકણ દેશના એક ખેડૂતે પ્રભુ શ્રી ઋષભદેવના શાસનમાં દીક્ષા લીધેલી. તેણે એક દિવસે કાર્યોત્સર્ગ કરેલો, તેમાં બહુ વાર લાગવાથી ગુરૂએ પૂછ્યું: "હે મહાનુભાવ! આટલો વખત તેં કાયોત્સર્ગમાં શું ચિતવ્યું ?', તેણે કહ્યું : "જીવદયા ! કેવી જીવદયા ચિંતવી ? ત્યારે કહ્યું: "અત્યારે વર્ષાઋતુ છે, હું ખેતી કરતો ત્યારે ક્ષેત્રમાં 'સૂડ' વગેરે સારી રીતે કરતો, તેથી અનાજ ઘણું પાકતું. હવે પુત્રો પ્રમાદી છે તે સૂડ વગેરે નહિ કરે તો અનાજ ઓછું પાકશે, તો તે બિચારા શું ખાશે? માટે સૂડ વગેરે કરે તો સારું, વગેરે ચિંતવ્યું." ગુરૂએ સાવદ્ય જણાવી નિષેધ કર્યો વગેરે.

તે. ૧૦. **અમિત્રક્રિયા**–માતા-પિતા કે જ્ઞાતિજન વગેરેને અલ્પ અપરાધ છતાં તાડન-તર્જન-દહનાદિ સખ્ત દંડ કરવો તે (એને મિત્રદ્વેષક્રિયા પણ કહી છે). ૧૧. **માયા-ક્રિયા**–કપટથી જુદું કરવું તે. ૧૨. **લોભક્રિયા**–લોભથી અશુદ્ધ (દોષિત) આહારાદિ ગ્રહણ કરવાં તે અથવા પાપારંભમાં કે સ્ત્રીભોગમાં આસક્ત જીવ પોતાની રક્ષા કરતો બીજા જીવોને મારે–હણે–બાંધે ઇત્યાદિ ક્રિયા. ૧૩. **ઇર્યા-પથિકી ક્રિયા**–વીતરાગીની ક્રિયા, જેમાં માત્ર યોગપ્રત્યયિક ત્રિસામયિક કર્મબંધ હોય: પહેલે સમયે બંધાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે નિર્જરા થાય તે. '**चतुर्दशभिर्भूतग्रामैः**'–'ભૂત' એટલે જીવો, તેના 'ગ્રામ' એટલે સમૂહો, તે ચૌદ ભૂતગ્રામોથી (અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, હિંસાદિ કરતાં) લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. ભૂતગ્રામો આ પ્રમાણે છે: સૂક્ષ્મ અને બાદર એ બે પ્રકારના એકેન્દ્રિય જીવો તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણ વિકલેન્દ્રિયો તથા સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે પ્રકારના પંચેન્દ્રિયો મળી કુલ સાત પ્રકારના જીવોના પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત બે બે (અથવા ચૌદ ગુણસ્થાનકવર્તી ચૌદ) એમ ચૌદ ભૂતગ્રામો. '**पञ्चदशभिः परमाधार्मिकैः**'=પંદર પ્રકારના અતિસંકિલષ્ટ ચિત્તવાળા (**परमा+अधार्मिका=**)પરમાધાર્મિક નામના (ભવનપતિ નિકાયના) અસુરોને અંગે (અશ્રદ્ધાદિક કરવાથી) લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તેઓનાં ૧૫ નામો આ પ્રમાણે છે: ૧. અમ્બ, ૨. અમ્બરીશ, ૩. શ્યામ, ૪. શબલ, ૫. રૌદ્ર,

૬. ઉપરૌદ્ર, ૭. કાલ, ૮. મહાકાલ, ૯. અસિપત્ર, ૧૦. ધનુષ્ય, ૧૧. કુમ્ભ, ૧૨. વાલુકા, ૧૩. વૈતરણી, ૧૪. ખરસ્વર અને ૧૫. મહાઘોષ. (એ અસુરો સ્વસ્વ નામ પ્રમાણે નારકોને ઘણાં દુઃખો આપે છે.)'षोडशभिर्गाथाषोडशकैः'–જેમાં'ગાથા'નામનું અધ્યયન સોળમું (છેલ્લુ) છે, તે સુયગડાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધનાં સોળ અધ્યયનોને અંગે (અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણાદિ કરવાથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ., તેનાં નામો આ પ્રમાણે છે: ૧. સમય, ૨. વૈતાલીય, ૩. ઉપસર્ગ-પરિજ્ઞા, ૪. સ્ત્રીપરિજ્ઞા, ૫. નરકવિભક્તિ, ૬. વીરસ્તવ, ૭. (કુશીલીઓની) કુશીલ પરિભાષા, ૮. વીર્ય, ૯. ધર્મ, ૧૦. સમાધિ, ૧૧. માર્ગ, ૧૨. સમવસરણ, ૧૩. અવિતથ, ૧૪. ગ્રંથ, ૧૫. યદતીત અને ૧૬. ગાથા. 'सप्तदशविधेऽसंयमे'–સત્તર પ્રકારના સંયમ (આ ગ્રંથમાં જુદો આપેલો છે તેના)થી વિરુદ્ધ અસંયમને આચરવાથી જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ. 'अष्टादशविधे अब्रह्मणि'–ઔદારિક અને વૈક્રિય શરીર દ્વારા (એટલે મનુષ્ય, તિર્યંચ અને દેવના શરીર સાથે) મન, વચન અને કાયાથી મૈથુન સેવવું નહિ, સેવરાવવું નહિ, સેવતાને સારો માનવો નહિ એમ (૨×૩ =+૩=૧૮) અઢાર પ્રકારના બ્રહ્મચર્યથી વિપરીત અબ્રહ્મને આચરવા વગેરેથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. 'एकोनविंशत्या ज्ञाताध्ययनैः'–'જ્ઞાતાધર્મકથા' નામના છઠ્ઠા અંગસૂત્રના પહેલા શ્રુતસ્કંધનાં ઓગણીસ અધ્યયનોને અંગે (અશ્રદ્ધા, ઉત્સૂત્રપ્રરૂપણા વગેરેથી) લાગેલા અતિ-ચારોનું પ્રતિક્રમણ. તે અધ્યયનો આ પ્રમાણે છે: ૧. ઉત્-

ક્ષિપ્તજ્ઞાત, ૨. સંઘાટકજ્ઞાત, ૩. અંડકજ્ઞાત, ૪. કૂર્મજ્ઞાત, ૫. સેલકજ્ઞાત, ૬. તુંબકજ્ઞાત, ૭. રોહિણીજ્ઞાત, ૮. મલ્લિજ્ઞાત, ૯. માકંદીજ્ઞાત, ૧૦. ચંદ્રમસ્‌જ્ઞાત, ૧૧. દાવદ્રવજ્ઞાત, ૧૨. ઉદકજ્ઞાત, ૧૩. મંડુક્કજ્ઞાત, ૧૪. તેતલીજ્ઞાત, ૧૫. નંદીફળજ્ઞાત, ૧૬. અપરકંકાજ્ઞાત, ૧૭. આકીર્ણજ્ઞાત, ૧૮. સુંસુમાજ્ઞાત અને ૧૯. પુંડરીકજ્ઞાત. '**विंशत्याऽसमाधिस्थानैः**'–તેમાં સમાધિ–ચિત્તની સ્વસ્થતા, એટલે મોક્ષમાર્ગમાં સ્થિરતા–દઢતા, તેનો અભાવ તે અસમાધિ અને તેનાં સ્થાનો એટલે આશ્રયો–નિમિત્તો, તે સ્વ-પરને અસમાધિ પેદા કરનારાં માટે અસમાધિસ્થાનો, તે આ પ્રમાણે વીસ છે: ૧. જલદી જલદી (અયતનાથી) ચાલવું, ૨. અપ્રમાર્જિત સ્થાને બેસવું, સૂવું ઇત્યાદિ, ૩. પ્રમાર્જેલા સ્થાને પણ જેમ તેમ બેસવું વગેરે, ૪. શાસ્ત્રાજ્ઞાથી વધારે શય્યા વાપરવી, ૫. શાસ્ત્રાજ્ઞા ઉપરાંત વધારે આસન વાપરવું (અહીં ઉપલક્ષણથી વસ્ત્ર–પાત્રાદિ સર્વ ઉપકરણો સમજવાં), ૬. રત્નાધિક (વડીલ)નો (અપમાના(દ) પરાભવ કરવો, ૭. *સ્થવિરનો ઉપઘાત (વિનાશ) કરવો, ૮. પૃથ્વીકાયાદિ ભૂતોની એટલે જીવોની હિંસા કરવી, ૯. ક્ષણિક કોપ કરવો, ૧૦. લાંબા કાળ સુધી ક્રોધને વશ થવું, ૧૧. બીજાનો અવર્ણવાદ બોલવો (નિંદાદિ કરવું),

* સ્થવિરના ત્રણ પ્રકારો છે: એક સમવાયાંગ સૂત્ર સુધીના જ્ઞાતા તે **શ્રુતસ્થવિર**; બીજા વીશ વર્ષના દીક્ષા પર્યાયવાળા તે **પર્યાયસ્થવિર** અને ત્રીજા સાઠ અથવા સિત્તેર વર્ષની વય વાળા તે **વયસ્થવિર**.

૧૨. કોઈ દોષિતને પણ વારંવાર 'તું ચોર છે, તું દ્રોહી છે, તું કપટી છે,' વગેરે કહેવું, ૧૩. શાન્ત થયેલા કષાયની પુનઃ ઉદીરણા કરવી, ૧૪. શાસ્ત્રે નિષિદ્ધ કરેલા કાળે સ્વાધ્યાય કરવો, ૧૫. સચિત્ત રજથી ખરડાયેલા હાથ-પગ છતાં પ્રવૃત્તિ કરવી, ૧૬. રાત્રિ (દિવસે પણ) વગેરેમાં અવિવેકથી ઊંચા સ્વરે બોલવું, ૧૭. કલહ (વાક્કલહ) કરવો, ૧૮. ઝંઝા એટલે ગચ્છમાં પરસ્પર સાધુઓમાં ભેદ પડાવવો, ૧૯. સૂર્યાસ્ત સુધી આહાર-પાણી વાપરવાં અને ૨૦. એષણા સમિતિનું પાલન નહિ કરવું. એ વીસ અસમાધિસ્થાનો સેવવા વગેરેથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. '**एकविंशत्या शबलैः**'-અહીં (મૂળથી વિરાધના નહિ પણ) ચારિત્રમાં શબલપણું (મલિનતાને) કરનારાં એકવીશ નિમિત્તોને 'શબલ' કહેવાય છે: ૧. હસ્તક્રિયા કરવા-કરાવવારૂપ **અબ્રહ્મ**નું સેવવું, ૨. અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારરૂપે દિવ્યાદિ ત્રિવિધ (દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી) 'મૈથુન સેવવું' અર્થાત્ એ ત્રિવિધ મૈથુનને અંગે અતિક્રમાદિ ત્રણ દોષો સેવવા. (આલંબન વિના અતિક્રમાદિ સેવનાર કે અનાચાર સેવનાર વિરાધક જાણવો, કારણે અતિક્રમાદિ સેવનારો શબલ જાણવો, એમ આગળના ભેદોમાં પણ સમજવું), ૩. દિવસે વહોરેલું દિવસે, દિવસે વહોરેલું રાત્રિએ, રાત્રિએ વહોરેલું દિવસે અને રાત્રિએ વહોરેલું રાત્રિએ વાપરવું, એ ચાર ભાંગામાં પહેલો ભાંગો શુદ્ધ છે, બાકીના ત્રણ ભાંગારૂપ રાત્રિ-ભોજનમાં અતિક્રમાદિ ત્રણ દોષો સેવવા તે શબલ; ગાઢ

કારણે તો જયણાથી સંનિધિ વગેરે રાખવામાં દોષ નથી, ૪ થી ૧૦ આ પ્રમાણે : ૧. આધાકર્મિક, ૨. રાજપિંડ, ૩. ક્રીતપિંડ, ૪. પ્રામિત્યક પિંડ અને ૫. અભ્યાહૃત પિંડ તથા ૬. આચ્છેદ્ય પિંડ તથા ૭. (વારંવાર) ત્યાગ (પચ્ચક્ખાણ) કરેલા પિંડ (વસ્તુ), એ સાત અકલ્પ્ય દ્રવ્યોને વિના કારણે ભોગવવામાં અતિક્રમાદિ ત્રણ દોષ લગાડવા તે ચારથી દસ સુધીનાં સાત શબલો, અહીં પણ ગાઢ કારણ વિના અતિક્રમાદિ કે અનાચાર સેવનાર વિરાધક જાણવો. ૧૧. જ્ઞાનાદિ પ્રયોજન વિના છ મહિનામાં એક ગણથી બીજા ગણની નિશ્રામાં જવું, ૧૨. એક મહિનામાં ત્રણ વાર દગલેપ–નાભિ જેટલા પાણીમાં ઊતરવું, અર્ધજંઘા સુધી પાણી હોય તે 'સંઘટ્ટ', નાભિ સુધી હોય તે 'દગલેપ' અને એથી વધારે ઊંડું હોય તે 'લેપોપરિ' કહેવાય છે. તેમાં એક માસમાં વધુમાં વધુ બે વાર 'દગલેપ' કરી શકાય, ત્રણ કરે તો શબલ, ૧૩. એક માસમાં ત્રણ વાર કપટ–માયા કરવાથી શબલ, અહીં અના-ચરણીય આચરીને લજ્જા (ભયાદિ)થી આચાર્યને નહિ કહેવું-છુપાવવું તે માયા–કપટ સમજવું, ૧૪. ઇરાદાપૂર્વક એક-બે અથવા ત્રણ વાર લીલી વનસ્પતિના અંકુરા વગેરે તોડવા ઇત્યાદિ પ્રાણાતિપાત–હિંસા કરવી, ૧૫. ઇરાદાપૂર્વક એક, બે કે ત્રણ વાર જૂઠું બોલવું, ૧૬. ઇરાદાપૂર્વક એક, બે કે ત્રણ વાર અદત્ત વસ્તુ લેવી, ૧૭. ઇરાદાપૂર્વક ભીની, કીડી, મંકોડી વગેરેનાં ઇંડાંવાળી, ત્રસ જીવવાળી કે સચિત્ત

બીજ ( કણાદિ )વાળી જમીન ઉપર તથા સચિત્ત પથ્થર કે કીડાઓએ ખાધેલા (કીડાવાળા) લાકડા ઉપર કંઈ પણ આંતરા વિના સીધો સંઘટ્ટો થાય તેમ ( આસનાદિ પાથર્યા વિના જ) ઊભા રહેવું-બેસવું, ૧૮. ઇરાદા ( નિર્દયતા ) પૂર્વક મૂળકન્દ પુષ્પ, ફળ વગેરે લીલી વનસ્પતિનું ભોજન કરવું, ૧૯. એક વર્ષમાં દશ વાર દગલેપ કરવા (નાભિ સુધી પાણીમાં ઊતરવું), ૨૦. એક વર્ષમાં દશ વાર માયા-કપટ કરવું (ભૂલો કરીને છુપાવવી), અને ૨૧. (ઇરાદાપૂર્વક) સચિત્ત પાણીથી ભીંજાયેલા-ગળતાજળબિન્દુવાળા હાથ કે પાત્રવાળા ગૃહસ્થ પાસેથી ભોજન વહોરીને વાપરવું—એમ એકવીશ પૈકી કોઈ પણ શબલથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તથા '**द्वाविंशत्या परीषहैः**'-આ ગ્રન્થમાં જુદા જણાવ્યા છે તે બાવીશ પરિષહોને અંગે (આર્ત્તધ્યાનાદિ કરવા દ્વારા) જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ. તથા '**त्रयोविंशत्या सूत्रकृताध्ययनैः**'-સૂયગડાંગ નામના બીજા અંગ સૂત્રનાં ત્રેવીશ અધ્યયનો, તેમાં પહેલા શ્રુતસ્કંધનાં સોળ (સોળમા આલાવામાં) કહ્યાં અને બીજા શ્રુતસ્કંધનાં ૧. પુંડરીક, ૨. ક્રિયાસ્થાન, ૩. આહારપરિજ્ઞા, ૪. પચ્ચ-ક્ખાણ ક્રિયા, ૫. અનગાર, ૬. આર્દ્રકીય અને ૭. નાલંદીય, એ સાત મળી ત્રેવીશ અધ્યયનોને અંગે અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, વિરાધનાદિ કરવા દ્વારા લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તથા '**चतुर्विंशत्या देवैः**'-શ્રી ઋષભાદિ ચોવીશ જિનેશ્વરોની વિરાધનાથી અથવા દશ ભવનપતિઓ, આઠ વ્યંતરો, પાંચ જ્યોતિષીઓ અને એક પ્રકારે વૈમાનિકો મળી કુલ

ચારે નિકાયના ચોવીશ જાતિના દેવોને અંગે અશ્રદ્ધાદિ કરવાથી લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તથા '**पञ्चविंशत्या भावनाभिः**'–પાંચ મહાવ્રતોના રક્ષણ માટે દરેક વ્રતની ભાવવાની પાંચ પાંચ મળી પચીસ ભાવનાઓ, (આ ગ્રન્થમાં જુદી આપેલી છે) તેને અંગે પાલન નહિ કરવું ઇત્યાદિથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. તથા '**षड्विंशत्या दशा–कल्पव्यवहाराणामुद्देशनकालैः**'–અહીં સૂત્રાદિના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા * માટે ગુરુને છ વન્દન દેવાં, ત્રણ વાર કાયોત્સર્ગ કરવો ઇત્યાદિ શાસ્ત્રોક્ત (મોટા જોગની) ક્રિયા કરવી તે ઉદ્દેશન કાળ જાણવા, તે દશાશ્રુતસ્કંધના દશ અધ્યયનોમાં દશ, કલ્પસૂત્રનાં દશ અધ્યયનોમાં દશ અને વ્યવહારના છ ઉદ્દેશોનાં છ—એમ છવ્વીસને અંગે કાલગ્રહણાદિ તે તે ક્રિયા અવિધિએ કરવાથી (કે અશ્રદ્ધા –અસદ્‌ભાવાદિ કરવાથી) લાગેલા અતિચારનું પ્રતિક્રમણ. તથા '**सप्तविंशत्याऽनगारगुणैः**'–સત્તાવીશ સાધુના ગુણોનું પાલનાદિ નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. તે ગુણો આ પ્રમાણે છે: ૧ થી ૬. રાત્રીભોજન વિરમણ સહિત છ વ્રતોનું પાલન, ૭ થી ૧૧. પાંચ ઇન્દ્રિયોનો વિજય, ૧૨. ભાવશુદ્ધિ, ૧૩. પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાની શુદ્ધિ, ૧૪. ક્ષમાનું

* **ઉદ્દેશ**–મૂળ સૂત્ર ભણાવવું–ભણવું, **સમુદ્દેશ**–અર્થથી ભણવું–ભણાવવું–સ્થિર કરવું અને **અનુજ્ઞા**–ભણેલું બરાબર છે એવી તથા બીજાને ભણાવવાની સંમતિ લેવી–દેવી. અથવા ઉદ્દેશ એટલે ભણવાના ક્રમનો નિર્ણય, **સમુદ્દેશ** એટલે તે ક્રમનું પાલન અને **અનુજ્ઞા** એટલે એ રીતે ભણ્યા પછી બીજાને ભણાવવાનો અધિકાર.

પાલન, ૧૫. વૈરાગ્ય, ૧૬-૧૭-૧૮. મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિનો નિરોધ, ૧૯ થી ૨૪. છ કાય જીવોની રક્ષા કરવી, ૨૫. વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય વગેરે સંયમના વ્યાપારોનું સેવન, ૨૬. શીતાદિ પરિષહોની પીડાઓને સહવી, અને ૨૭. પ્રાણાન્ત ઉપસર્ગ વગેરેમાં પણ સમાધિ રાખવી. '**अष्टाविंशत्या आचारप्रकल्पैः**'-અહીં 'આચાર' એટલે આચારાંગસૂત્ર અને 'પ્રકલ્પ' એટલે તેની જ પાંચમી ચૂલારૂપ 'નિશીથ' નામનું અધ્યયન, એ બે મળીને 'આચારપ્રકલ્પ', 'આચારાંગ' પચીસ અધ્યયનોવાળું હોવાથી તેનાં પચીસ અને તેમાં ઉદ્ઘાતિમ (નાનું પ્રાયશ્ચિત્ત), અનુદ્ઘાતિમ (મોટું પ્રાયશ્ચિત્ત) અને આરોપણા (આપેલા પ્રાયશ્ચિત્તમાં વધારો કરવો તે), એ (ત્રણ પ્રકારનાં પ્રાયશ્ચિત્તને અંગેનો જેમાં વિચાર છે તે) પ્રકલ્પનાં ત્રણ અધ્યયનો મેળવવાથીઅટ્ઠાવીશને અંગે (અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, વિરુદ્ધ આચરણા વગેરેથી) લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. આચારનાં પચીસ અધ્યયનોનાં નામો આ પ્રમાણે છે: ૧. શસ્ત્રપરિજ્ઞા, ૨. લોકવિજય, ૩. શીતોષ્ણીય, ૪. સમ્યક્ત્વ, ૫. આવંતીલોકસાર, ૬. ધૂત (કર્મધૂનન), ૭. વિમોહ, ૮. ઉપધાનશ્રુત, ૯. મહાપરિજ્ઞા, ૧૦. પિણ્ડેષણા, ૧૧. શય્યા, ૧૨. ઈર્યા, ૧૩. ભાષાજાત, ૧૪. વસ્ત્રૈષણા, ૧૫. પાત્રૈષણા, ૧૬ અવગ્રહપ્રતિમા, ૧૭ થી ૨૩ (૧. સ્થાન, ૨. નૈષેધિકી, ૩. ઉચ્ચારપ્રશ્રવણ, ૪. શબ્દ, ૫. રૂપ, ૬. પરક્રિયા, ૭. અન્યોન્યક્રિયા, એ) સાત સપ્તિક (સત્તકીયાં), ૨૪. ભાવના અને ૨૫. વિમુક્તિ. તેમાંના પહેલા શ્રુતસ્કંધમાં સોળ અને બીજામાં નવ સમજવાં.' **एकोनत्रिंशता पापश्रुतप्रसङ्गैः**'-

પાપના કારણભૂત ૨૯ પ્રકારનું શ્રુત તે પાપશ્રુત અને તેના પ્રસંગો એટલે સેવા (આચરણ) તે પાપશ્રુત પ્રસંગ, તે સેવવા વગેરેથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. તે ઓગણત્રીસ આ પ્રમાણે છે: નિમિત્તશાસ્ત્રનાં આઠ અંગો: ૧. **'દિવ્ય'**–વ્યન્તરાદિ દેવોનાઅટ્ટહાસ વગેરેનાં ફળનું વર્ણન જેમાં હોય, ૨. **'ઉત્પાત'**–રુધિરનો વરસાદ વગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૩. **'આન્તરિક્ષ'**–આકાશમાં થતાં ગ્રહોના ભેદ વગેરેના ફળનું જેમાં વર્ણન હોય, ૪. **'ભૌમ'**–ભૂમિકંપ વગેરે પૃથ્વીના વિકાર જોઈને જ 'આનું આમ થશે' વગેરે ફળ જણાવનાર, ૫. **સ્વપ્ન**–કોઈને આવેલા સ્વપ્નને સાંભળી તેનો ફળાદેશ કહેવો તે, ૬. **સ્વર**–'ષડ્જ' વગેરે સ્વરો (અને પક્ષિઓ વગેરેના સ્વરો)નું ફળ જણાવનાર, ૭. **વ્યંજન**–શરીર ઉપરના મસ, તલ વગેરે ઉપરથી તેનું ફળ જણાવનાર અને ૮. **લક્ષણ**–અવયવોની રેખાઓ ઉપરથી તેનું ફળ જણાવનાર, એ નિમિત્ત શાસ્ત્રનાં આઠ અંગોના દરેકના ત્રણ ત્રણ ભેદો છે: ૧. સૂત્ર, ૨. વૃત્તિ અને ૩. * વાર્તિક–એ ત્રણથી ગુણતાં (૮×૩=૨૪) ચોવીસ અને ૨૫. સંગીતશાસ્ત્ર, ૨૬. નૃત્યશાસ્ત્ર, ૨૭. વાસ્તુવિદ્યા (શિલ્પશાસ્ત્ર), ૨૮. વૈદ્યક (ઔષધનું) શાસ્ત્ર અને ૨૯. ધનુર્વેદ (શસ્ત્રકળાજ્ઞાપક) શાસ્ત્ર, અંગવિજ્જા નામના પયન્નાસૂત્રમાં તો નિમિત્તનાં આઠ અંગો આ પ્રમાણે કહ્યાં છે: ૧. અંગ, ૨. સ્વપ્ન, ૩. સ્વર, ૪. વ્યંજન, ૫. ભૌમ,

* **સૂત્ર**=મૂળ ગ્રંથ. **વૃત્તિ**=સૂત્રના વિસ્તૃત અર્થનું સંસ્કૃતમાં વિવરણ અને **વાર્તિક**=વૃત્તિના કોઈ કોઈ ભાગનું વધુ સ્પષ્ટીકરણ.

૬. લક્ષણ, ૭. ઉત્પાત અને ૮. આન્તરિક્ષ (અર્થાત્ દિવ્યને બદલે સ્વપ્નશાસ્ત્ર કહેલું છે એટલો ભેદ છે). તથા "**त्रिंशता मोहनीयस्थानैः**"–મોહનીય નામનું ચોથું કર્મ બાંધવાનાં ત્રીસ કારણો સેવવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. તે ત્રીસ કારણો આ પ્રમાણે છે: ૧ ક્રૂરતાથી પાણીમાં ડુબાડીને સ્ત્રી વગેરે ત્રસ જીવોને હણવા, ૨. હાથથી કે કપડા વગેરેથી બીજાનું મુખ બંધ કરીને (ડુચો દઈને, ગળે ટૂંપો દઈને કે એવી ક્રૂરતા કરીને) નિર્દયપણે મારી નાખવો, ૩. રોષથી ચામડાની લીલી વાધર વગેરેથી મસ્તક વીંટીને મારી નાખવો, ૪. ક્રૂરતાથી મસ્તકે મોગર, હથોડો, ઘણ વગેરે મારીને માથું વગેરે ફોડીને મારી નાખવા, ૫. સંસાર-સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને રક્ષણ કરવામાં સમર્થ ધર્મના નાયક (ગણધર, આચાર્ય વગેરે)ને હણવા, ૬. છતે સામર્થ્યે ઘોર (કઠોર) પરિણામથી ગ્લાનની ઔષધાદિ સેવા ન કરે, ૭. સાધુને (કે દીક્ષાના અર્થી ગૃહસ્થને) બલાત્કારે ધર્મભ્રષ્ટ કરે (કે દીક્ષા લેતાં રોકે), ૮. સમ્યગ્ દર્શનાદિ (જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ) મોક્ષમાર્ગની વિપરીત પ્રરૂપણા અને સાધુ કે ધર્મસાધનોની નિન્દા વગેરે કરીને તેના ઉપર બીજાઓને અરુચિ–અસદ્ભાવ પ્રગટ કરવા દ્વારા સ્વ-પરનો અપકાર કરે, અર્થાત્ લોકોને જૈન શાસનના દ્વેષી બનાવે, ૯. કેવળજ્ઞાન છે જ નહિ, અથવા કોઈ કેવળી બને જ નહિ વગેરે તીર્થંકરોની કે કેવલજ્ઞાનીઓની નિન્દા કરે, ૧૦. આચાર્ય, ઉપાધ્યાય વગેરે સાધુવર્ગની (તેઓનાં જાતિ, જ્ઞાન વગેરેની) નિન્દા કરે, ૧૧. જ્ઞાનદાન વગેરેથી

ઉપકાર કરતા પોતાના ઉપકારી આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ આદિની સેવા-વૈયાવચ્ચ ન કરે, ૧૨. પુનઃ પુનઃ નિમિત્ત-કથનાદિ દ્વારા અધિકરણ (આહાર, ઉપધિ આદિ) મેળવે, ૧૩. તીર્થનો ભેદ (કુસંપ) કરાવે, ૧૪. વશીકરણાદિ કરે, ૧૫. ત્યાગ (પચ્ચક્ખાણ) કરેલા ભોગોની ઇચ્છા કરે, ૧૬. બહુશ્રુત ન હોય છતાં પોતાને બહુશ્રુત કે તપ ન કરવા છતાં તપસ્વી તરીકે વારંવાર જાહેર કરે, (બહુશ્રુતમાં કે તપસ્વીમાં ગણાવે), ૧૭. ઘણાઓને અગ્નિના ધુમાડામાં ગૂંગળાવીને મારી નાખે, ૧૮. પોતે પાપકર્મ કરીને બીજાને શિરે ચઢાવે, ૧૯. પોતાની ઉપધિ-પાત્રને કપટથી છુપાવે (પોતાના અસદ્ આચરણને કપટથી છુપાવી બીજાઓને ઠગે, સદાચારીમાં ગણાવે), ૨૦. અસદ્ભાવથી સભામાં સત્ય બોલનારને પણ જુઠ્ઠો ઠરાવે, ૨૧. નિત્ય કલહ કરે, ૨૨. બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરીને (અટવી વગેરેમાં લઈ જઈને) તેનું ધન વગેરે લૂંટી લે, ૨૩. એ જ રીતે પરને વિશ્વાસ પમાડીને તેની સ્ત્રીને લોભાવે-લલચાવે (વશ કરે), ૨૪. કુમાર નહિ છતાં બીજાની આગળ પોતાને કુમાર તરીકે જણાવે, ૨૫. એ રીતે બ્રહ્મચારી નહિ છતાં પોતાને બ્રહ્મચારી જણાવે, ૨૬. જેની સહાયથી પોતે ધનાઢ્ય થયો હોય તેના ધનનો લોભ કરે, ૨૭. જેના પ્રભાવથી પોતે લોકપ્રસિદ્ધ (યશસ્વી) થયો હોય તેને જ કોઈ રીતે અંતરાય (દુઃખી) કરે, ૨૮. રાજા, સેનાપતિ, મંત્રી, રાષ્ટ્રચિંતક આદિ ઘણા જીવોના નાયકને હણે, ૨૯. નહિ જોવા છતાં કપટથી 'હું દેવોને દેખું છું' એમ કહી લોકોમાં પ્રભાવ

વધારે, ૩૦. દેવોની અવજ્ઞા કરે, અર્થાત્ વિષયાંધ દેવોનું શું પ્રયોજન છે? હું જ દેવ છું, એમ બીજાઓને જણાવે (આ ત્રીસ પ્રકારોથી સામાન્યથી દરેક કર્મનું 'મોહ' એવું નામ આપેલું હોવાથી સામાન્યતયા આઠેય કર્મોને અને વિશેષતયા મોહનીય કર્મને જીવ બાંધે છે), તે મહામોહને પેદા કરનારાં, સાધુઓને જેનો પક્ષ થવો સંભવિત છે, એવાં ત્રીસ સ્થાનકો પૈકી કોઈ કરવાથી, કોઈ કરાવવાથી અને કોઈ કરવાની મનમાં ઇચ્છા કરવાથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. તથા '**एकत्रिंशता सिद्धादिगुणैः**'– ક્રમિક નહિ પણ સિદ્ધાવસ્થાના પ્રારંભમાં જ એકસાથે પ્રગટ થતા હોવાથી જેને આદિ ગુણો કહ્યા છે, તે એકત્રીસ સિદ્ધાદિ ગુણોને અંગે અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા, અબહુમાન આદિ કરવાથી જે અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ. એ ગુણો આ પ્રમાણે છે: (ગોળ, ચોરસ વગેરે) પાંચ સંસ્થાનો (આકારો), શુક્લાદિ પાંચ વર્ણો, સુરભિ, દુરભિ બે પ્રકારના ગંધ, મધુર આદિ પાંચ પ્રકારના રસો, ગુરુ-લઘુ આદિ આઠ સ્પર્શોએ અને પુરુષ વેદ વગેરે ત્રણ વેદો, અટ્ઠાવીશનો અભાવ તે અટ્ઠાવીશ, તથા અશરીરીપણું, અસંગપણું અને જન્મરહિતપણું એમ એકત્રીશ ગુણો; અથવા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મના ક્ષયરૂપ એકત્રીશ ગુણો, તે આ પ્રમાણે: પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય, નવ પ્રકારનું દર્શનાવરણીય, બે પ્રકારે વેદનીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારે મોહનીય, ચાર પ્રકારનું આયુષ્ય, શુભ અને અશુભ એમ બે પ્રકારે નામકર્મ, બે પ્રકારે

ગોત્રકર્મ અને પાંચ પ્રકારનું અંતરાયકર્મ—એમ ૩૧ પ્રકારનાં કર્મનો ક્ષયથવારૂપ એકત્રીશ સિદ્ધાદિ ગુણો જાણવા. '**द्वात्रिंशता योगसंग्रहैः**'–મન–વચન–કાયાના પ્રશસ્ત યોગોના સંગ્રહ માટે નિમિત્તભૂત 'આલોચના' વગેરે યોગ-સંગ્રહના બત્રીશ પ્રકારો, તેના દ્વારા (તેમાં) જે અતિચાર સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ. તે પ્રકારો આ પ્રમાણે છે: ૧. શિષ્યે વિધિપૂર્વક આચાર્યને આલોચના દેવી (પોતાના અપરાધો નિષ્કપટભાવે ગુરુને યથાર્થ કહી સંભળાવવા), ૨. આચાર્યે પણ શિષ્યે કહેલી આલોચના (અપરાધ) બીજાને નહિ જણાવવી, ૩. આપત્તિના પ્રસંગોમાં (દ્રવ્યાદિ ઉપ-સર્ગોમાં) પણ ધર્મમાં દૃઢતા કેળવવી, ૪. આલોક–પરલોકના સુખની અપેક્ષા વિના ઉપધાન (વિવિધ તપ) કરવાં, ૫. ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષાનું સેવન કરવું, (વિધિપૂર્વક જ્ઞાન ભણવું અને ક્રિયામાં પ્રમાદ નહિ કરવો), ૬. શરીરનું પ્રતિકર્મ (શુશ્રૂષા, શોભા વગેરે) નહિ કરવું, ૭. બીજો જાણે નહિ તેમ ગુપ્ત તપ કરવો, ૮. નિર્લોભતા માટે યત્ન કરવો, લોભ તજવો, ૯. પરીષહો, ઉપસર્ગો આદિનો જય કરવો, સમભાવે સહવાં, દુર્ધ્યાન નહિ કરવું, ૧૦. સરળતા રાખવી, ૧૧. સંયમમાં તથા વ્રત વગેરેમાં (મૂલ–ઉત્તર ગુણોમાં) પવિત્રતા રાખવી (અતિચાર નહિ સેવવા), ૧૨. સમ્યક્ત્વની શુદ્ધિ સાચવવી (દૂષણાદિ નહિ સેવવું), ૧૩. ચિત્તમાં સમાધિ કેળવવી (રાગ-દ્વેષાદિ નહિ કરવાં), ૧૪. આચારોનું પાલન કરવું (માત્ર દેખાવ નહિ કરવો), ૧૫. વિનીત થવું (કરવા યોગ્યનો દરેકનો

વિનય કરવો), માન નહિ કરવું, ૧૬. ધૈર્યવાન થવું (દીનતા નહિ કરવી), ૧૭. સંવેગમાં (મોક્ષની જ એક સાધનામાં) તત્પર રહેવું, ૧૮. માયાનો ત્યાગ કરવો, ૧૯. દરેક અનુષ્ઠાનમાં સુંદર વિધિ સાચવવી, ૨૦. સંવર કરવો (નવા કર્મબંધને બને તેટલો અટકાવવો), ૨૧. આત્માના દોષોનો ઉપસંહાર (ઘટાડો) કરવો, ૨૨. સર્વ પૌદ્ગલિક ઇચ્છાઓના વિરાગની (ત્યાગની) ભાવના કેળવવી, ૨૩. મૂળ ગુણોને અંગે (ચરણસિત્તરીમાં) વિશેષ વિશેષ પચ્ચક્ખાણ કરવાં, ૨૪. ઉત્તર ગુણોને અંગે (કરણસિત્તરીમાં) સવિશેષ પચ્ચક્ખાણ કરવાં, ૨૫. દ્રવ્ય અને ભાવ ઉભય વિષયોમાં વ્યુત્સર્ગ (વિવિધ ત્યાગ) કરવો, (દ્રવ્યથી બાહ્ય ઉપધિ આદિનો અને ભાવથી અંતરંગ રાગદ્વેષાદિનો ત્યાગ કરવો -પક્ષ તજવો), ૨૬. અપ્રમત્તભાવ કેળવવો, ૨૭. ક્ષણે ક્ષણે સાધુસામાચારીનું રક્ષણ-પાલન કરવું, ૨૮. શુભ ધ્યાનરૂપ સંવરયોગ સેવવો, ૨૯. પ્રાણાન્ત વેદનાના ઉદયે પણ મનમાં (ધર્મમાં) ક્ષોભ નહિ કરવો, ૩૦. પૌદ્ગલિક સંબંધોનું સ્વરૂપ સમજવું અને તેનો ત્યાગ કરવા માટે સવિશેષ પચ્ચક્ખાણ કરવાં, ૩૧. અપરાધોનું પ્રાયશ્ચિત્ત કરવું અને ૩૨. અંતકાલે આરાધના (સંલેખના) કરવી. આ પ્રમાણે ૩૨ યોગસંગ્રહનું પાલન-સેવન નહિ કરવાથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ. તથા '**त्रयस्त्रिंशता आशातनाभिः**'-ગુરુવન્દન અધિકારમાં આવતી ગુરુની તેત્રીશ આશાતનાઓ દ્વારા અથવા અહીં આગળ કહેવામાં આવે છે, તે તેત્રીશ આશાતનાઓ દ્વારા લાગેલા

અતિચારનું પ્રતિક્રમણ. તે આશાતનાઓ અરિહંતથી માંડીને વાચનાચાર્ય સુધીના ઓગણીસની ઓગણીસ, તથા 'વ્યાવિદ્ધ' પદથી માંડીને છેલ્લે 'સ્વાધ્યાય કાળે સ્વાધ્યાય ન કર્યો' ત્યાં સુધીની શ્રુત સંબંધી ચૌદ મળીને તેત્રીશ આ પ્રમાણે સમજવી: ૧. '**अरिहंतानामाशातनया**'–અરિહંતો નથી, અથવા જાણવા છતાં ભોગોને કેમ ભોગવે? વગેરે અવર્ણવાદ બોલવાથી કરેલી અરિહંતની આશાતના દ્વારા, ૨. '**सिद्धानामाशातनया**'–કોઈ સિદ્ધો નથી વગેરે અવર્ણવાદ બોલવાથી કરેલી સિદ્ધોની આશાતના દ્વારા, ૩. '**आचार्याणामाशातनया**', ૪. '**उपाध्यायानामाशातनया**'–આ તો મારાથી નાનો છે, અકુલીન છે, દુર્બુદ્ધિ છે, અલ્પલબ્ધિ (શક્તિ) વાળો છે ઇત્યાદિ અવર્ણવાદ બોલવાથી કરેલી આચાર્યની આશાતના દ્વારા, તથા એ જ પ્રમાણે કરેલી ઉપાધ્યાયની આશાતના દ્વારા, ૫. '**साधूनामाशातनया**', ૬. '**साध्वीनामाशातनया**'–ભોજન, વાચના વગેરે પ્રસંગે 'આ તો અવસરને ઓળખતાં નથી' વગેરે બીજાં સાધુ-સાધ્વીના અવર્ણવાદ (અપમાનાદિ) કરવાથી સાધુ-સાધ્વીને અંગે કરેલી આશાતનાઓ દ્વારા, ૭. '**श्रावकानामाशातनया**' ૮. '**श्राविकानामाशातनया**'–શ્રાવક તથા શ્રાવિકાને અંગે પણ 'જિનધર્મને જાણવા છતાં વિરતિ (ચારિત્ર) નહિ લેનારાં શ્રાવક–શ્રાવિકાઓને ધન્ય (ભાગ્યવાન) કેમ કહેવાય?' વગેરે બોલવાથી કરેલી આશાતના દ્વારા, ૯. '**देवनामाशातनया**' ૧૦. '**देवीनामाशातनया**'–દેવો તથા દેવીઓને અંગે પણ

'એ તો અવિરતી છે, કામભોગમાં આસક્ત છે, સામર્થ્ય છતાં તીર્થની (શાસનની) પ્રભાવના કરતા નથી' વગેરે બોલવાથી કરેલી આશાતના દ્વારા, ૧૧. '**इहलोकस्याशातनया**' ૧૨. '**परलोकस्याशातनया**'-અહીં મનુષ્યને મનુષ્યપણું વગેરે સમાનતા તે આલોક અને મનુષ્યને દેવપણું વગેરે અસમાનતા તે પરલોક જાણવો, તેને અંગે અસત્ય પ્રરૂપણાદિ કરવાથી કરેલી આશાતના દ્વારા, ૧૩. '**केवली-प्रज्ञप्तस्य धर्मस्याशातनया**'-કેવલજ્ઞાનીઓએ કહેલા શ્રુત-ચારિત્ર (જ્ઞાન-ક્રિયા) રૂપ ધર્મની, જેમ કે 'આગમ પ્રાકૃત ભાષામાં રચેલું છે, તે કોણ જાણે છે કે કોણે કલ્પેલું છે' વગેરે શ્રુતને અંગે, તથા 'જેમાં દાન દેવાનું નથી તે ચારિત્રથી શું કલ્યાણ થાય?' વગેરે ચારિત્રને અંગે અસત્ય-અવર્ણવાદ બોલવાથી કરેલી આશાતના દ્વારા, ૧૪. '**सदेवमनुजाऽसुरलोकस्याशातनया**'-અહીં દેવથી ઊર્ધ્વલોક, મનુષ્યથી તિર્છાલોક અને અસુર શબ્દથી અધોલોક-એમ ત્રણ લોક (રૂપ ચૌદરાજ)ને અંગે 'સાત દ્વીપ, સાત સમુદ્ર જેટલો જ લોક છે, બ્રહ્માએ ઉત્પન્ન કરેલો છે, અથવા પ્રકૃતિ અને પુરુષના યોગથી થયેલો છે,' વગેરે અસત્યપ્રરૂપણાદિને યોગે કરેલી આશાતના દ્વારા, ૧૫. '**सर्वप्राणभूतजीवसत्त्वानामाशातनया**'-અહીં 'પ્રાણા' એટલે બેઇન્દ્રિયાદિ પ્રગટ શ્વાસોચ્છ્વાસવાળા થયેલા, થતા કે થનારા જીવો, 'ભૂતાનિ'-પૃથ્વી વગેરે પાંચ સ્થાવર, 'જીવા'-જીવે તે જીવો, અર્થાત્ આયુષ્યને ભોગવતા સર્વ

જીવો અને 'સત્ત્વા'–સંસારી–અસંસારી સર્વ જીવો, એમ જુદો જુદો અર્થ કરવો, અથવા જુદા જુદા દેશના શિષ્યોને સમજવા માટે જુદા જુદા શબ્દો હોવા છતાં દરેકનો એક જ 'સર્વ જીવો' એમ અર્થ સમજવો, તેઓની તેમના સ્વરૂપથી વિપરીત પ્રરૂપણા (અશ્રદ્ધા) આદિ કરવાથી થયેલી આશાતના દ્વારા, તે વિપરીત પ્રરૂપણા વગેરે આ રીતે જેમ કે, એઇન્દ્રિય વગેરે જીવો માત્ર અંગુઠાના પર્વ જેવડા જ છે, પૃથ્વી આદિમાં તો હાલવું–ચાલવું વગેરે ચૈતન્ય ક્રિયા દેખાતી નથી માટે તે જીવો નથી, જીવો તો ક્ષણિક છે, અંગુઠાના પર્વ જેવડા માત્ર સંસારી જ છે, સંસારથી પાર પામેલા કોઈ છે જ નહિ; મોક્ષ તો બુઝાયેલા દીપક સરખો અભાવરૂપ છે વગેરે કોઈ કોઈ દર્શનવાળાનાં જે મન્તવ્યો છે, તે અસત્ય પ્રરૂપણા સમજવી, ૧૬. '**कालस्याशातनया**'–કાળ દ્રવ્યને ન માને, કાળ છે જ નહિ, અથવા જગત કાળની પરિણતિરૂપ છે ઇત્યાદિ કાળની વિપરીત પ્રરૂપણા કે અશ્રદ્ધાદિ કરવાથી કરેલી આશાતના દ્વારા, ૧૭. '**श्रुतस्याशातनया**'–જ્ઞાનાચારને અંગે વિપરીત બોલે, જેમ કે, માંદાને વળી કાળ-અકાળ કયો? મેલાં વસ્ત્રો ધોવામાં વળી કાળ-અકાળ કેવો? જો જ્ઞાન મોક્ષનું સાધન છે તો તેને માટે 'આ કાળ અને આ અકાળ' વગેરે શા માટે? તથા 'આગમમાં જ્યાં ત્યાં તે જ છ કાયનું, તે જ વ્રતોનું વગેરે વારંવાર એક જ વિષયનું વર્ણન કરી પુનરુક્તિ દોષ કર્યો છે, સાધુને વળી જ્યોતિષની શી જરૂર

હતી કે 'જ્યોતિષપ્રાભૃત' વગેરે ગ્રંથો રચ્યા હશે ? -વગેરે શાસ્ત્રોનો અવર્ણવાદ બોલે ઇત્યાદિ આશાતના દ્વારા, તેરમી આશાતના શ્રુતધર્મને અંગે કહી અને આ સ્વતંત્ર શ્રુતને અંગે જ કહી, માટે પુનરુક્ત દોષ નથી, ૧૮. '**श्रुत-देवताया आशातनया**'-શ્રુત દેવી છે જ નહિ અથવા તેનામાં કાંઈ સારું-ખોટું કરવાની શક્તિ જ નથી વગેરે વિપરીત બોલવારૂપ આશાતના દ્વારા, ૧૯.'**वाचनाचार्यस्याशातनया**'-વાચનાચાર્યને અંગે તેઓ સામાના સુખ-દુઃખનો ખ્યાલ કર્યા વિના વારંવાર ઘણા વન્દન દેવરાવે છે ઇત્યાદિ અસદ્ભાવપૂર્વક વચન બોલવા વગેરેથી કરેલી આશાતના દ્વારા, એમ ઓગણીસ આશાતના કહી. હવે પછીના '**जंवाइद्धं**' વગેરે ૧૪ પદો શ્રુતને અંગે ક્રિયા અને કાળ વિષયક હોવાથી પુનરુક્તિ દોષ સમજવો નહિ. તે આ પ્રમાણે છે : ૧. '**यद्व्याविद्धं**'-સૂત્રાદિમાં અસ્તવ્યસ્ત કર્યું, જેમ માળામાં રત્નો નાનાં-મોટાં જેમ તેમ પરોવે તેમ શ્રુતમાં પણ ક્રમ વગેરે સાચવે નહિ, ઉચ્ચાર યથાર્થ કરે નહિ ઇત્યાદિ આશાતના દ્વારા જે અતિચાર કર્યો તેનું પ્રતિક્રમણ. એમ આગળ પણ વાક્ય સંબંધ કરવો. ૨. '**व्यत्याम्रेडितं**'-જ્યાંથી ત્યાંથી વસ્તુ લાવીને બનાવેલી કોળીની ક્ષીરની જેમ જુદાં જુદાં શાસ્ત્રોના પાઠો (અંશો) મેળવીને મૂળ શાસ્ત્રને સ્વરૂપથી બદલી નાખવારૂપ આશાતના દ્વારા, ૩. '**हीनाक्षरं**'-અક્ષર ન્યૂન કરવારૂપ આશાતના દ્વારા, ૪. '**अत्यक्षरं**'-અક્ષર વધારવારૂપ આશાતના દ્વારા,

૫. '**पदहीनं**'–પદ ઘટાડવારૂપ આશાતના દ્વારા, ૬. '**विनय-हीनं**'–ઉચિત વિનય નહિ કરવારૂપ આશાતના દ્વારા, ૭. '**घोषहीनं**'–ઉદાત્ત, અનુદાત્ત વગેરે તે તે વર્ણનો ઘોષ (અવાજ) યથાર્થ નહિ કરવારૂપ આશાતના દ્વારા, ૮. '**योगहीनं**'–વિધિપૂર્વક યોગોદ્વહન નહિ કરવારૂપ આશાતના દ્વારા, ૯. '**सुष्ठु दत्तं**'–'સુષ્ઠુ' શબ્દનો પ્રાચીન ભાષામાં 'અધિક' અર્થ થતો હોવાથી અહીં ગુરુએ અલ્પ શ્રુતને યોગ્ય સાધુને 'સુષ્ઠુ' એટલે ઘણું શ્રુત આપ્યું અર્થાત્ યોગ્યતા રહિતને વધારે ભણાવવારૂપ આશાતના દ્વારા, ૧૦. '**दुष्ठु प्रतीच्छित्तं**'–શિષ્યે કલુષિત ચિત્તે સૂત્રાદિ ગ્રહણ કરવા (ભણવા) રૂપ આશાતના દ્વારા, ૧૧. '**अकाले कृतः स्वाध्यायः**, ૧૨. **काले न कृतः स्वाध्यायः**'–સ્વાધ્યાય માટે નિષિદ્ધ સમયે સ્વાધ્યાય કર્યો અને અનિષિદ્ધ સમયે સ્વાધ્યાય ન કર્યો, એમ ઉભય રીતે આશાતના દ્વારા, ૧૩. '**अस्वाध्यायिके स्वाध्यायितम्**', ૧૪. '**स्वाध्यायिके न स्वाध्यायितम्**'–અહીં સ્વાધ્યાય એ જ વ્યાકરણના નિયમ પ્રમાણે સ્વાર્થમાં પ્રત્યય આવતાં સ્વાધ્યાયિક અને સ્વાધ્યાયિક નહિ તે અસ્વાધ્યાયિક (એનાં કારણો રુધિર, હાડકું વગેરેને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવા દ્વારા અસ્વાધ્યાયિક કહેવાય), તે અસ્વાધ્યાયિકનું વર્ણન આ ગ્રંથમાં આપેલું છે તે અનધ્યાય પ્રસંગે સ્વાધ્યાય કર્યો અને અનધ્યાયના અભાવે સ્વાધ્યાય ન કર્યો એમ ઉભય રીતે આશાતના દ્વારા જે અતિચાર

સેવ્યો હોય તેનું પ્રતિક્રમણ કરું છું. એમ સર્વત્ર વાકય-સંબંધ જોડવો.

એમ એક વગેરેથી તેત્રીસ સ્થાનો સુધી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યું. તે ઉપરાંત આગળ પણ સમજવું. જેમ કે શ્રી જિનેશ્વરોના ચોત્રીશ અતિશયોમાં અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા વગેરેથી કરેલી આશાતના દ્વારા, બુદ્ધના પાંત્રીસ વચનાતિશયોમાં અશ્રદ્ધાદિ કરવા દ્વારા, ઉત્તરાધ્યયનનાં છત્રીસ અધ્યયનોમાં અશ્રદ્ધાદિ કરવારૂપ આશાતના દ્વારા, યાવત્ 'સો તારાયુક્ત શતભિષા' નક્ષત્ર હોય છે ત્યાં સુધી સમવાયાંગ સૂત્રમાં કહેલા તે તે પ્રકારોને અંગે તે તે પ્રકારની આશાતનાનું પ્રતિક્રમણ જાણવું.

એ પ્રમાણે અતિચારોની વિશુદ્ધિ કરીને આ પ્રમાણે નમસ્કાર કરે, અથવા પૂર્વે કરેલી અશુભ સેવનાનું (અતિચારોનું) પ્રતિક્રમણ કરીને પુનઃ તેવું નહિ કરવા માટે પ્રતિક્રમણ કરનાર નમસ્કારપૂર્વક કહે કે-

**नमश्चतुर्विंसतये तीर्थंकरेभ्यः ऋषभादिमहावीरपर्यवसानेभ्यः** '-શ્રી ઋષભદેવાદિ પ્રભુ મહાવીર સુધીના ચોવીસ તીર્થંકરોને નમસ્કાર થાઓ. એમ નમસ્કાર કરીને પ્રસ્તુત જૈન પ્રવચન (આગમ)ના ગુણોનું વર્ણન (પ્રશંસા) કરતો કહે કે—

'**इदमेव**' સામાયિક વગેરે પ્રત્યાખ્યાન પર્યન્ત, અથવા આચાર્યની ઝવેરાતની પેટી તુલ્ય બાર અંગોરૂપ '**नैर्ग्रंथं प्रावचनं**'-અહીં નૈર્ગ્રંથ-બાહ્ય-અભ્યંતર ગ્રંથ (પરિગ્રહ)થી મુક્ત થયેલા નિર્ગ્રંથો (સાધુઓ)નું 'પ્રવચન'-

જેમાં પ્રકૃષ્ટતયા (વિશેષ રૂપમાં વ્યાપકરૂપે) જીવ-અજીવ આદિ પદાર્થોનું વર્ણન કરેલું છે તે આગમ, અર્થાત્ એ જ સાધુ જીવનને ઉપકારક આગમ, તે કેવું છે તે જણાવે છે કે- '**सत्यं**'-સજ્જનોને હિતકારી, વળી નય (ન્યાય) દર્શન પણ પોતાના વિષયોના નિરૂપણમાં સત્ય છે માટે કહે છે કે- '**अनुत्तरं**'-જેનાથી ઉત્તર (શ્રેષ્ઠ) બીજું કોઈ દર્શન નથી, કારણ કે સમસ્ત પદાર્થોનું એમાં યથાર્થ સ્વરૂપે પ્રતિપાદન કરેલું છે. વળી કોઈ માને કે બીજું પણ કોઈ શાસ્ત્ર આવું હશે માટે કહે છે કે-'**केवलिअं**-(**केवलैकं** અથવા જે **केवलं** તે જ **कैवलिकं** એમ સ્વાર્થમાં પ્રત્યય આવવાથી '**केवलिअं**'ની સિદ્ધિ સમજવી), અદ્વિતીય, જેની બરાબર બીજું કોઈ પ્રવચન નથી એવું, તથા '**प्रतिपूर्णं**'-સર્વ વિષયોનું પ્રરૂપક હોવાથી, અથવા સર્વ નયો (અપેક્ષાઓ) રૂપ હોવાથી મોક્ષ પ્રાપ્તિ કરાવનારા ગુણોથી ભરેલું-પરિપૂર્ણ, '**नैयायिकं**'-મોક્ષમાં લઈ જનારું અર્થાત્ મુક્તિ પ્રાપ્ત કરાવનારું) અથવા ન્યાયથી યુક્ત (નીતિને સમજાવનારું) વળી કોઈ માને કે એવું પણ એ આગમ અશુદ્ધ હશે? તેના નિરાકરણ માટે '**संशुद्धं**'-કષ, છેદ અને તાપ એ ત્રણ પરીક્ષાઓથી શુદ્ધ હોવાથી સર્વથા શુદ્ધ. એકાન્તે કલંક (દોષ) વિનાનું. વળી કોઈ માને કે એવું પણ તેના સ્વભાવે જ કદાચ સંસારના કારણભૂત માયાદિ શલ્યોને દૂર કરવામાં અસમર્થ હશે, માટે કહે છે '**शल्यकर्त्तनं**'-ત્રણ શલ્યોને કાપી નાખનારું. હવે પરદર્શનો કે જેઓ

સિદ્ધિ આદિને માનતાં નથી, તેઓનું નિરાકરણ કરતાં કહે છે કે '**सिद्धिमार्गः-मुक्तिमार्गः**'-અહીં સિદ્ધ થવું (કરવું) તે સિદ્ધિ, અર્થાત્ હિતકર ભાવો (અવસ્થા)ની પ્રાપ્તિ તે સિદ્ધિ, તેના માર્ગરૂપ અને મુંકાવું તે મુક્તિ, અર્થાત્ અહિતકારી કર્મ (સંબંધ)થી છૂટા થવું તે મુક્તિ, તેના માર્ગરૂપ, અર્થાત્ આત્માના હિતકારી પદાર્થની પ્રાપ્તિ કરાવવા દ્વારા અને અહિતકારક કર્મના સંબંધને તોડાવવા દ્વારા મોક્ષની સિદ્ધિ કરાવનારું. (અહીં '**मार्गः**' પુલ્લિંગે છતાં આર્ષ પ્રયોગથી મૂળમાં નપુંસકપણું છે એમ સમજવું.) આ વિશેષણોથી જેઓ એમ માને છે કે 'મુક્તાત્માઓને કેવલજ્ઞાનાદિ ગુણો હોતા નથી અને તેઓ કર્મોથી યુક્ત હોય છે' તેઓના દુર્નય (અન્યાયી નિરૂપણ)નું નિરાકરણ કર્યું સમજવું. '**निर्याणमार्गः**'-અહીં '**या**' ધાતુ ઉપરથી બહુલ અર્થમાં 'લ્યુટ' પ્રત્યય આવવાથી '**यान**' શબ્દ બને છે; તેનો અર્થ જ્યાં જીવો જાય તે યાન સ્થાન, નિરૂપમ (શ્રેષ્ઠ) યાન (સ્થાન) માટે નિર્યાન, અર્થાત્ 'ઇષત્પ્રાગ્ભારા' (સિદ્ધશિલા) નામનું મુક્તાત્માઓનું સ્થાન, ત્યાં જવાનો માર્ગ, માટે '**निर्याणमार्गः**'-આ વિશેષણથી જે મુક્તાત્માઓનું સ્થાન અનિયત જણાવે છે, તે દુર્નય (કુવિકલ્પવાળાઓ)ના મતનો પ્રતિકાર કર્યો સમજવો. વળી '**निर्वाणमार्गः**'-નિર્વૃત્તિ (શાન્તિ) તે નિર્વાણ અર્થાત્ સકળ કર્મોના ક્ષયથી પ્રગટતું આત્માનું અત્યંત (સંપૂર્ણ-અવિનાશી-શુદ્ધ-નિરૂપાધિક) સુખ; તેનો માર્ગ તે નિર્વાણમાર્ગ; આ વિશે-

ષણુથી જેઓ માને છે કે મુક્તાત્માઓ સુખ-દુઃખ બન્નેથી રહિત હોય છે, તેઓના કુવિકલ્પ (દુર્નય)નો નિરાસ કર્યો સમજવો. હવે તેની ઘટના કરતાં કહે છે કે 'अवितथं'–સત્ય, અથવા પુનરુક્ત દોષ ટાળવા માટે પૂર્વે 'सच्चं'નો અર્થ 'સત્ય' કર્યો છે, તેથી અહીં 'सच्चं'નો પર્યાય 'સાર્ચં' કરીને 'અર્ચા' એટલે પૂજા સહિત તે 'સાર્ચ' એવો અર્થ કરવો; કારણ કે, આ પ્રવચન જગતને પૂજાનું પણ સ્થાન (પૂજ્ય) છે. 'अविसन्धि'–(अव्यवच्छिन्न)–નાશ વિનાનું, મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સતત ચાલુ હોવાથી શાશ્વત, 'सर्वदुःखप्रहीणमार्ग'–સર્વ દુઃખો પ્રહીણ–સર્વથા ક્ષીણ થયાં છે જ્યાં, તે મોક્ષ; તેનો માર્ગ એટલે મેળવવાનું કારણ.

હવે પરોપકાર કરવા દ્વારા પ્રવચનનું ચિંતામણિપણું સિદ્ધ કરવા કહે છે કે, 'अत्र स्थिता जीवाः'–આ નિર્ગ્રંથ પ્રવચનમાં (તેની આરાધનામાં) રહેલા જીવો. 'सिद्धयन्ति'–અણિમા વગેરે લબ્ધિઓ (અતિશયો) રૂપ ફળની સિદ્ધિ (પ્રાપ્તિ) કરે છે. વળી 'बुध्यन्ति'–બોધ પામે છે, કેવલજ્ઞાન–દર્શનવાળા બને છે. વળી 'मुच्यन्ते'–ભવોપગ્રાહી (અઘાતી) કર્મોથી પણ મુક્ત થાય છે. વળી 'परिनिर्वान्ति' (અથવા પાઠાન્તર 'परिनिव्वुडन्ति')– સર્વ રીતે નિર્વાણ (શાન્તિને) પામે છે. એટલે શું, તે કહે છે કે 'सर्वदुःखानामन्तं कुर्वन्ति'–શરીર અને મન સંબંધી સર્વ દુઃખોનો વિનાશ કરે છે.

એ પ્રમાણે પ્રવચનનો મહિમા વર્ણવીને હવે ચિંતામણિ રત્ન તુલ્ય એ પ્રવચનમાં કર્મમેલને ધોવામાં સમર્થ પાણીના પ્રવાહ તુલ્ય પોતાની શ્રદ્ધાને પ્રગટ કરતાં કહે છે કે '**तं धर्मं श्रद्दधे**'-જે આ નિગ્રંથ પ્રવચન સંબંધી ધર્મ કહ્યો, તેમાં હું '**तहत्ति**' (તેવી જ રીતે તે છે એવી પ્રતીતિ-વિશ્વાસ) કરું છું. કોઈને સામાન્ય રૂપે પણ વિશ્વાસ થાય માટે વિશેષણ કહે છે કે '**प्रत्येमि**'-માં દૃઢ શ્રદ્ધા કરું છું; અથવા એનો પ્રીતિ કરવા રૂપે સ્વીકાર કરું છું. વળી '**रोचयामि**'-એ ધર્મની વધારે સેવા કરવાની ભાવનાપૂર્વક સેવાની રુચિ-અભિલાષા કરું છું. અહીં પ્રીતિ અને રુચિમાં એ ભિન્નતા છે કે, કોઈ જીવને દહીં, દૂધ વગેરે ઉપર પ્રીતિ હોવા છતાં સદૈવ તેની રુચિ ન હોય; એમ પ્રીતિથી રુચિ જુદી સમજવી. વળી '**स्पृशामि**'-તે ધર્મની આસેવના (પાલન) કરવા રૂપે સ્પર્શના કરું છું. તથા '**पालयामि**' (અહીં '**पालेमि**' પાઠ વધારાનો જણાય છે તોપણ જો તે અતિરૂઢ છે, તો) તેનો અર્થ 'પાલન' એટલે અતિચારોથી તેનું રક્ષણ કરું છું, એમ હવે પછી કહેવાશે તે. '**पालितो**' પાઠનો અર્થ પણ એ રીતે સમજી લેવો. વળી '**अनुपालयामि**'-પુનઃ પુનઃ રક્ષા કરું છું, તે પછી '**तं धर्मं श्रद्दधानः प्रतीयन् (प्रतिपद्यमानो) रोचयन् स्पृशन् (पालयन्) अनुपालयन् तस्य धर्मस्य (केवलिप्रज्ञप्तस्य) अभ्युत्थितोऽस्मि आराधनायां विरतोऽस्मि विराधनायाम्**'-એમ તે ધર્મની શ્રદ્ધા. પ્રતીતિ, રુચિ, સ્પર્શના, પાલન અને અનુપાલન કરતો હું તે કેવલિકથિત ધર્મની

આરાધના કરવામાં ઉદ્યત થયો છું અને વિરાધનામાં(થી) નિવૃત્ત થયો છું-અટકયો છું.

હવે એ જ આરાધના-વિરાધનામાં ઉદ્યમ અને નિવૃત્તિને વિભાગપૂર્વક જણાવે છે કે '**असंयमं**'-પ્રાણાતિપાતાદિરૂપ અસંજમને, '**परिजानामि**'-જ્ઞાનથી જાણીને પચ્ચક્ખાણ દ્વારા ત્યાગ કરું છું, તથા '**संयमं**'-જેનું સ્વરૂપ આ ગ્રન્થમાં જુદું કહ્યું છે તે સંજમને. '**उपसम्पद्य**'-અંગીકાર કરું છું. એમ **परिजानामि** અને **उपसम्पद्ये** પદોનો અર્થ આગળ પણ સમજી લેવો. હવે સંયમનો સ્વીકાર જે અસંયમનાં અંગોનો ત્યાગ કરવાથી થાય તે અસંયમનું મુખ્ય અંગ અબ્રહ્મ છે, માટે તેને તજવા કહે છે કે '**अब्रह्म**'-અહીં બસ્તિકર્મનો અનિયમ તે અબ્રહ્મ; અને '**ब्रह्म**'-બસ્તિકર્મનો નિયમ તે બ્રહ્મ. તેમાં સમજીને અબ્રહ્મનો ત્યાગ કરું છું અને 'બ્રહ્મ'નો સ્વીકાર કરું છું. વળી અસંયમના અંગભૂત '**अकल्पं**'-અકૃત્યને જાણી-સમજીને ત્યાગ કરું છું અને '**कल्पं**'-કૃત્યને સ્વીકાર કરું છું, એમ સર્વત્ર સમજપૂર્વક ત્યાગ અને સ્વીકાર સમજી લેવો. હવે 'અકલ્પ' અજ્ઞાનથી જ થાય છે, માટે તેનો પરિહાર કરવા કહે છે. '**अज्ञानं**'-સમ્યગ્ જ્ઞાનથી વિપરીત જે અજ્ઞાન તેનો ત્યાગ, અને '**ज्ञानं**'-જિનવચન, તેનો સ્વીકાર કરું છું. એ અજ્ઞાનના પ્રકારોના ત્યાગ માટે કહે છે: '**अक्रियां**'-નાસ્તિકોનો મત અક્રિયા, તેનો ત્યાગ અને '**क्रियां**'-આસ્તિકોનો સમ્યગ્વાદ, તેનો સ્વીકાર કરું છું. વળી અજ્ઞા-

નનું મૂળ મિથ્યાત્વ છે, માટે તેનો ત્યાગ કરવા કહે છે: '**मिथ्यात्वं**'–અતત્ત્વમાં રુચિ (અથવા તત્ત્વમાં રુચિનો અભાવ) તેનો ત્યાગ અને '**सम्यक्त्वं**'–તત્ત્વરુચિનો સ્વીકાર કરું છું. હવે 'અબોધિ' એ મિથ્યાત્વના અંગભૂત હોવાથી કહે છે '**अबोधिं**'–મિથ્યાત્વના કાર્યરૂપ જે શ્રી જિનધર્મની અપ્રાપ્તિ, તે અબોધિનો ત્યાગ અને '**बोधिं**'–સમ્યક્ત્વના કાર્યરૂપ શ્રી જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિ તેનો સ્વીકાર કરું છું. હવે મિથ્યાત્વ તે મોક્ષનો ઉન્માર્ગ છે, માટે બીજા પણ ઉન્માર્ગનો ત્યાગ કરવા કહે છે કે '**अमार्गं**'–મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિનો ત્યાગ અને '**मार्गं**'–સમ્યગ્દર્શન, પ્રશમ, સંવેગાદિને અંગીકાર કરું છું. ઉપર્યુક્ત પદોના પાઠનો ક્રમ જણાવનારી સંગ્રહગાથા આ પ્રમાણે છે:

**"संजमे बंभे कप्पे, नाणे किरिआइ सम्मबोहीसु ।**
**मग्गे सविपक्खेसुं, परिन्न उवसंपया कमसो ॥१॥"**

**ભાવાર્થ**—સંયમ, બ્રહ્મ, કલ્પ, જ્ઞાન, ક્રિયા, સમ્યક્ત્વ, બોધિ અને માર્ગ—એ સાતમાં અસંયમાદિ સાતનું પરિજ્ઞાન અને સંયમાદિ સાતનો સ્વીકાર કરું છું એમ સમજવું.

હવે છદ્મસ્થપણાથી કેટલું યાદ કરે? માટે સર્વ દોષોની શુદ્ધિ માટે કહે છે કે '**यत्स्मरामि**'–જે કંઈ થોડું પણ મને સ્મૃતિમાં છે, તે અને '**यच्च न स्मरामि**'–જે છદ્મસ્થપણાને કારણે, ઉપયોગના અભાવે, મને સ્મૃતિમાં નથી, તથા '**यत प्रतिक्रमामि**'–ઉપયોગથી જે જાણવામાં

આવ્યું (અને પ્રતિક્રમણ કર્યું) તથા '**यच्च न प्रतिक्रमामि**'–જે સૂક્ષ્મ જાણવામાં ન આવ્યું (તેથી પ્રતિક્રમણ ન કર્યું) એ પ્રમાણે જે કોઈ અતિચાર લાગ્યો હોય '**तस्य सर्वस्य दैवसिकस्य अतिचारस्य प्रतिक्रमामि**'–તે સર્વ દિવસ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરું છું (અહીં અતિચારો ઘણા છતાં જાતિમાં એક વચન સમજવું).

એમ પ્રતિક્રમણ કરીને પુનઃ પણ અકલ્યાણકર પ્રવૃત્તિનો પરિહાર કરવા પોતાના સ્વરૂપનો વિચાર કરતો કહે છે કે '**श्रमणोऽहं**'–હું તપ-સંયમમાં રક્ત શ્રમણ (સાધુ) છું. તેમાં પણ 'ચરક' વગેરે અન્ય દર્શનીય સાધુ નહિ, પણ '**संयत**'–સમસ્ત પ્રકારે યતનાવાન્ (પ્રમાદના પરિહાર માટે પ્રયત્નશીલ) છું. અને હવેથી **विरतः**'–પાપથી નિવૃત્ત થયો છું અર્થાત્ ભૂતકાલીન અતિચારોની નિંદા કરતો અને ભવિષ્યકાલીનનો સંવર (ત્યાગ) કરતો હું અતિચારોથી અટક્યો છું. તેથી '**प्रतिहतं**'–વર્તમાનમાં પણ અકરણીય-રૂપે '**प्रत्याख्यातपापकर्म**'–ત્યાગ 'કર્યાં છે પાપકર્મોને જેણે એવો હું. તાત્પર્ય કે ભૂતકાલનાં પાપકર્મની નિંદા અને ભવિષ્યકાળને અંગે સંવર કરેલો હોવાથી હું વર્તમાનમાં પણ પાપકર્મના પ્રત્યાખ્યાન (ત્યાગ)વાળો છું. વળી નિયાણું કરવું તે સંસારનું મૂળ હોવાથી મોટો દોષ છે, માટે પોતે એ દોષ રહિત છે, એમ ભાવના ભાવતો કહે છે કે '**अनिदानः**'–હું નિયાણા રહિત છું (અર્થાત્ આ નિર્ગ્રંથપ્રવચનની આરાધના કોઈ ઐહિક કે

પારલૌકિક બાહ્ય સુખની ઇચ્છાથી કરતો નથી). વળી સકલ ગુણોના મૂળભૂત 'દર્શન' પોતાનામાં છે; એ વિચારે છે કે '**दृष्टिसंपन्नः**'-હું સમ્યગ્ દર્શનવાળો છું.

હવે (આગળ કહે છે તે) મારું વંદન દ્રવ્યવંદન નથી એમ ભાવતો કહે છે કે '**मायामृषाविवर्जितः**'-માયાપૂર્વક મૃષા બોલવું તે માયામૃષાવાદ; તેનાથી રહિત એવો હું શું કરું છું તે કહે છે—

**વ્યાખ્યા**—'**अर्द्धतृतीयेषु द्वीपसमुद्रेषु**'-અઢી દ્વીપો અને વચ્ચેના બે સમુદ્રોમાં અર્થાત્ જમ્બૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાવર્ત દ્વીપ અડધો, એમ અઢી દ્વીપ અને વચ્ચે-ના લવણ તથા કાલોદધિ નામના બે સમુદ્રોમાં; અહીં સમુદ્ર કહેવાનું કારણ એ છે કે કોઈ પ્રસંગે ચારણ મુનિઓ વગેરે સમુદ્રમાં (થી પસાર થતા હોય ત્યારે સમુદ્રમાં) પણ હોય. એ અઢી દ્વીપમાં પણ '**पञ्चदशसु**'-૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ રૂપ '**कर्मभूमिषु**'-કર્મભૂમિ-ઓમાં '**यावन्तः केचित् साधवः**' જે કોઈ સાધુઓ. ઉપ-કરણો તરીકે '**रजोहरणगोच्छक-पतत्ग्रहधारकाः**'-ઓઘો અને ગુચ્છા તથા પાત્રાંને ધારણ કરનારા; અહીં ગુચ્છા અને પાત્રાં કહેવાથી 'પાત્રાં, ઝોળી, નીચેનો ગુચ્છો (પાત્ર-સ્થાપન), પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ અને ગુચ્છો (ઉપરનો), એ પાત્રનો સઘળો ઉપધિ સમજવો; કારણ કે આદિ અને અન્ત્ય શબ્દના કથનથી મધ્યનું કથન પણ આવી જાય છે; અહીં પણ 'ગુચ્છો' અને 'પાત્ર' બે શબ્દો

આદિ અને અન્ત્યમાંના છે, માટે સર્વ ઉપધિ જાણવો. તથા '**पञ्चमहाव्रतधाराः**'–પંચમહાવ્રતોમાં 'ધારા' એટલે પ્રકર્ષ (પરિણામની વૃદ્ધિ) વાળા. વળી ઉપધિ આદિ એકાદિ વિશેષણથી રહિત પ્રત્યેકબુદ્ધો વગેરેને પણ સાથે ગણવા. માટે કહે છે કે '**अष्टादशसहस्रशीलाङ्गधारा**'–અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા. જે કોઈ રજોહરણાદિ ઉપકરણ–ઉપધિ વિનાના પણ હોય તે સઘળાને વન્દન થઈ શકે, માટે આ વિશેષણ સાર્થક છે. અઢાર હજાર શીલાંગ આ આ પ્રમાણે છે—

**"जोए करणे सण्णा-इंदिय-पुढवाइ-समणधम्मे अ ।**
**सीलंगसहस्साणं, अट्ठारसगस्स निप्फत्ति ॥१॥"**

**ભાવાર્થ**—મન, વચન અને કાયા–એ ત્રણ યોગોથી; કરવું, કરાવવું અને અનુમોદવું નહિ–એ ત્રણ કરણથી; આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ–એ ચાર સંજ્ઞાથી; સ્પર્શનેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિયોથી; તથા પૃથ્વીકાયાદિ પાંચ એકેન્દ્રિય, ત્રણ વિકલેન્દ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી બે પંચેન્દ્રિય–એમ દશ પ્રકારના જીવોને ક્ષમા, મૃદુતા, આર્જવ, નિર્લોભતા, તપ, સંજમ, સત્ય, શૌચ, આકિંચન્ય (અપરિગ્રહ) અને બ્રહ્મચર્ય–એ દશ પ્રકારના યતિ ધર્મની રક્ષા કરવા પૂર્વક (૩×૩×૪×૫×૧૦×૧૦=૧૮૦૦૦) શીલ (આત્મધર્મ)ની રક્ષા થાય તે અઢાર હજાર પ્રકારો શીલાંગના (સદાચારના) જાણવા.

પ્રત્યેકની જુદી જુદી ભાવના આ પ્રમાણે કરવી:

આહારસંજ્ઞાથી મુક્ત, શ્રોત્રેંદ્રિયથી સંવૃત (શાબ્દિક વિષયના પરિહારવાળો), ક્ષમાવાન, પૃથ્વીકાયના આરંભને મનથી ન કરે, તે એક પ્રકાર; એ પ્રમાણે મૃદુતાવાળાનો બીજો પ્રકાર; એમ દશ ધર્મના દશ પ્રકારો એક જ પૃથ્વી કાયના થાય. તે પ્રમાણે અપકાય વગેરે બાકીના નવ પ્રકારના જીવોના દશ દશ ગણતાં એક ઇન્દ્રિયના સો થયા; તેને પાંચ ઇન્દ્રિયથી ગુણતાં પાંચસો થાય; તે એક આહારસંજ્ઞાના થયા. એમ બાકીની ત્રણ સંજ્ઞાના પણ ગણતાં કુલ બે હજાર થાય. તે એક મનોયોગના થાય. તેમ ત્રણે યોગના ગણતાં છ હજાર થાય અને તે પણ સ્વયં કરવાના થયા, તેમ કરાવવાના અને અનુમોદવાના ગણતાં અઢાર હજાર થાય.

'**अक्षताकारचारित्राः**'-અહીં આકાર એટલે સ્વરૂપ અને અક્ષત આકાર-અતિચારથી જેનું સ્વરૂપ ક્ષત (દૂષિત) નથી નયું એવા નિર્મળ ચારિત્રવાળા. (મૂળપાઠમાં* '**अक्खुया**' છે, તેમાં આર્ષ પ્રયોગથી 'ઉકાર' થયેલો છે એમ સમજવું.) '**तान् सर्वान्**'-તે ગચ્છવાસી કે જિનકલ્પિકાદિ ગચ્છથી મુક્ત થયેલા, સર્વને '**शिरसा**'-મસ્તકથી, '**मनसा**'-અંતઃકરણથી અને '**मस्तकेन**' મસ્તકથી-'**वन्दे**'-હું વાંદું છું. એમ વચન દ્વારા ઉચ્ચાર કરીને એ જ '**वन्दे**' પાઠથી (મનથી,

* કોઈ સ્થળે '**अक्षुद्रः**' એવો પર્યાય કરીને '**अक्षुद्रः**' એટલે અતુચ્છ અર્થાત્ સુંદર-નિર્મળ ચારિત્રવાળા એવો અર્થ કર્યો છે, તે બન્ને એકાર્થ છે. કોઈ સ્થળે '**अक्खयायार**' એવો મૂળ પાઠાન્તર પણ જોવામાં આવે છે.

વચનથી અને મસ્તકથી એટલે કાયાથી) વન્દન કરું છું. એમ 'वन्दे' ક્રિયાપદની પુનઃ યોજના કરવી. એ રીતે સાધુઓને વાંદીને પુનઃ સામાન્યથી સર્વ જીવોની સાથે ક્ષમાપનાપૂર્વક મૈત્રિભાવ બતાવતાં કહે છે કે—

**"खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥१॥**

**ભાવાર્થ**—સ્પષ્ટ છે. સર્વ જીવોને હું ખમાવું છું; સર્વ જીવો પણ મને ક્ષમા કરો; મારે સર્વ જીવો સાથે મૈત્રી છે; મારે કોઈની સાથે વૈર નથી. અંહી 'સર્વ જીવો મને ક્ષમા કરો' એમ કહેવાથી 'તેઓને પણ અક્ષમાને કારણે મારા નિમિત્તે કર્મબંધન ન થાઓ' એમ કરુણા દર્શાવી છે.

હવે પોતાનું સ્વરૂપ (આરાધકપણું) બતાવવાપૂર્વક સૂત્રની સમાપ્તિના મંગલ માટે કહે છે —

**"एवमहं आलोइअ, निंदिअ गरहिअ दुगंछिउं सम्मं ।**
**तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥१॥"**

**ભાવાર્થ**—એમ પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યા પ્રમાણે 'आलोच्य'–ગુરુની સમક્ષ (અતિચારોને) પ્રગટ કરીને. 'निन्दित्वा'–આત્મ સાક્ષીએ પોતાના પાપકારી પર્યાયની નિન્દા કરીને. 'गर्हित्वा'–ગુરુ સાક્ષીએ પોતાની નિન્દા કરીને. 'जुगुप्सित्वा'–એ પાપપ્રવૃત્તિ દુષ્ટ છે' એમ તેની દુર્ગંછા કરીને, અથવા કોઈ સ્થળે 'दुगंछिअ' પાઠ છે તે પંચમી વિભક્તિના લોપવાળો છે, માટે તેનો પર્યાય 'जुगुप्सितात्' સમજીને એ રીતે જુગુપ્સા કરેલા પાપવ્યાપાર-

થી (અતિચારોથી) '**सम्यक् त्रिविधेन प्रतिक्रान्तः**'-સમ્યગ્ (સારી રીતે) મન, વચન અને કાયાથી નિવૃત્ત (મુક્ત) થયેલો હું '**वन्दे जिनान् चतुर्विंशतिम्**'-ચોવીશ જિનેશ્વરોને વન્દન કરું છું. એ આલોચના, નિન્દા, ગર્હા અને પ્રતિક્રમણનું ફળ અનુક્રમે શલ્યોનો ઉદ્ધાર, પશ્ચાત્તાપ, અપુરસ્કાર (અનાદર, તિરસ્કાર) અને વ્રતોનાં છિદ્રોને ઢાંકવાં (વ્રતોને અખંડ બનાવવાં) વગેરે ઉત્તરાધ્યયન સૂત્રથી જાણવું.

એમ દૈવસિક પ્રતિક્રમણ (સૂત્ર) કહ્યું. રાઈ પણ એમ જ સમજવું. માત્ર દૈવસિક પાઠને સ્થાને રાત્રિક (**राइअं**) શબ્દ કહી રાત્રિના અતિચારો કહેવા.

**પ્રશ્ન**—જો રાત્રિમાં પણ આ પ્રતિક્રમણ સૂત્ર જ કહેવાનું છે, તો તેમાં '**इच्छामि पडिक्कमिउं गोअरचरिआए**' વગેરે ગોચરીના અતિચારોનું પ્રતિક્રમણ નિરર્થક છે, કારણ કે, રાત્રે ગોચરીના દોષોનો સંભવ નથી.

**ઉત્તર**—એકાન્ત એમ નથી; સ્વપ્ન વગેરેથી પણ ગોચરીના અતિચારોની રાત્રે પણ સંભાવના છે; અથવા સૂત્રપાઠ અખંડ રાખવા માટે એ બોલવાનો છે. જો એમ ન હોય તો યોગોદ્વહન કરનારા સાધુઓ કે જેઓને પરઠવવા યોગ્ય આહાર વાપરવાનો અધિકાર નથી, તેઓને પણ પચ્ચક્ખાણમાં '**परिट्ठावणियागारेणं**' આગાર શા માટે ઉચ્ચારવો જોઈએ? માટે એ આલાવો બોલવામાં કંઈ દોષ નથી.

**॥ इति श्री पगामसिज्जासूत्रं सार्थं सम्पूर्णम् ॥**

# ॥ श्रीपाक्षिकसूत्रम् ॥

तित्थंकरे अ तित्थे, अतित्थसिद्धे य तित्थसिद्धे य। सिद्धे जिणे रिसी मह–रिसी य नाणं च वंदामि ॥१॥ जे–य इमं गुणरयणसायर–मविराहिऊण तिन्नसंसारा। ते मंगलं करित्ता, अहमवि आराहणाभिमुहो ॥२॥ मम मंगलमरिहंता, सिद्धा साहू सुयं च धम्मो अ। खंती गुत्ती मुत्ती, अज्जवया मद्दवं चेव ॥३॥ लोअम्मि संजया जं, करिंति परमरिसिदेसिअमुआरं। अहमवि उवट्ठिओ तं, महव्वयउच्चारणं काउं ॥४॥

से किं तं महव्वयउच्चारणा? महव्वयउच्चारणा पंचविहा पन्नत्ता, राईभोअण वेरमण छट्ठा, तं जहा–सव्वाओ पाणाइवायाओ वेरमणं १. सव्वाओ मुसावायाओ वेरमणं २, सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ३, सव्वाओ मेहुणाओ वेरमणं ४, सव्वाओ परिग्गहाओ वेरमणं ५, सव्वाओ राईभोअणाओ वेरमणं ॥६॥ तत्थ खलु पढमे भंते! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा, बायरं वा, तसं वा, थावरं वा, नेव सयं पाणे अइवाएज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ से पाणा-

इवाए चउव्विहे पन्नत्ते। तं जहा—दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ णं पाणाइवाए छसु जीवनिकाएसु। खित्तओ णं पाणाइवाए सव्वलोए। कालओ णं पाणाइवाए दिआ वा राओ वा। भावओ णं पाणाइवाए रागेण वा दोसेण वा। जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खीसंबलस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्वि अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किडयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, पाणाइवाओ कओ वा, काराविओ वा, कीरंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि, गरिहामि, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं पाणाइवायं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं पाणे अइवाएज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणिज्जा(णामि), तं जहा—अरि-

हंतसक्खिअं, सिद्धसक्खिअं, साहुसक्खिअं देवसक्खिअं, अप्प-सक्खिअं, एवं भवइ भिक्खु वा भिक्खुणी वा संजय–विरय–पडिहय–पच्चक्खाय–पावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु पाणाइवायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं, सव्वेसिं भूयाणं, सव्वेसिं जीवाणं, सव्वेसिं सत्ताणं, अदुक्खणयाए असोयणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरियावणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जिता णं विहरामि । पढमे भंते! महव्वए उवट्ठिओ मि सव्वाओ पाणाइवायाओ वेरमणं॥१॥

अहावरे दोच्चे भंते! महव्वए मुसावायाओ वेरमणं। सव्वं भंते! मुसावायं पच्चक्खामि । से कोहा[1] वा लोहा[2] वा भया[3] वा हासा[4] वा, नेव सयं मुसं वएज्जा नेवन्नेहिं मुसं वायावेज्जा, *मुसं वयंते वि अन्ने न समणुजाणामि*, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। से मुसावाए चउव्विहे पन्नत्ते। तं जहा–दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ

णं मुसावाए सव्वदव्वेसु, खित्तओ णं मुसावाए लोए वा अलोए वा, कालओ णं मुसावाए दिआ वा राओ वा, भावओ णं मुसावाए रागेण वा दोसेण वा । जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खाविचिअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्विं-अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, मुसावाओ भासिओ वा, भासाविओ वा, भासिज्जंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं मुसावायं, जावज्जीवाए अणिस्सिओहं नेवं सयं मुसं वएज्जा, नेवन्नेहिं मुसं वायावेज्जा, मुसं वयंते वि अन्ने न समणुजाणिज्जा(णामि) तं जहा-अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खु

वा भिक्खुणी वा संजय–विरय–पडिहय–पच्चक्खाय–पावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु मुसावायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खण-याए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंप-ज्जित्ता णं विहरामि। दोच्चे भंते! महव्वए उवट्ठिओ मि सव्वाओ मुसावायाओ वेरमणं ॥ २ ॥

अहावरे तच्चे भंते! महव्वए अदिन्नादाणाओ वेरमणं। सव्वं भंते! अदिन्नादाणं पच्चक्खामि, से गामे वा नगरे वा अरण्णे वा, अप्पं वा बहु वा, अणुं वा थूलं वा, चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हते वि अन्ने न समणुजा-णामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। से अदिन्नादाणे चउव्विहे पन्नत्ते। तं जहा–दव्वओ खित्तओ काल-

ओ भावओ। दव्वओ णं अदिन्नादाणे गहणधारणिज्जेसु दव्वेसु, खित्तओ णं अदिन्नादाणे गामे वा नगरे वा अरण्णे वा, कालओ णं अदिन्नादाणे दिआ वा राओ वा, भावओ णं अदिन्नादाणे रागेण वा दोसेण वा, जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, अदिन्नादाणं गहिअं वा गाहाविअं वा घिप्पंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं अदिन्नादाणं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि(णिज्जा), तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं

साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खु वा भिक्खुणी वा संजय–विरय–पडिहय–पच्चक्खाय–पावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु अदिन्नादाणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ताणं विहरामि। तच्चे भंते! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥ ३ ॥

अहावरे चउत्थे भंते! महव्वए मेहुणाओ वेरमणं। सव्वं भंते! मेहुणं पच्चक्खामि। से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणिअं वा। नेव सयं मेहुणं सेविज्जा, नेवन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। से मेहुणे चउव्विहे पन्नत्ते। तं जहा–दव्वओ खित्तओ कालओ भावओ। दव्वओ

णं मेहुणे रूवेसु वा रूवसहगएसु वा, खित्तओ णं मेहुणे उड्ढ-लोए वा अहोलोए वा तिरियलोए वा, कालओ णं मेहुणे दिआ वा राओ वा, भावओ णं मेहुणे रागेण वा दोसेण वा । जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठि-अस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उव-समपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खाविति्तअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वय-जुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्वि—अन्नाणयाए असवण-याए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा, पमाएणं राग-दोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगा-रवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्न-भारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, मेहुणं सेविअं वा सेवाविअं वा सेविज्जंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि, गरिहामि, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईयं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं मेहुणं, जावज्जीवाए अणिस्सिओऽहं नेवसयं मेहुणं सेविज्जा, नेवन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणिज्जा(णामि) । तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ

भिक्खू वा भिक्खुणी वा संजय–विरय–पडिहय–पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु मेहुणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि। चउत्थे भंते! महव्वए उवट्ठिओ मि सव्वाओ मेहुणाओ वेरमणं ॥ ४ ॥

अहावरे पंचमे भंते! महव्वए परिग्गहाओ वेरमणं, सव्वं भंते! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा बहुं वा, अणुं वा थूलं वा, चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि। तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। से परिग्गहे चउव्विहे पन्नत्ते। तं जहा– दव्वओ खित्तओ कालओ भावओ। दव्वओ णं परिग्गहे सचित्ता-

चित्तमीसेसु दव्वेसु । खित्तओ णं परिग्गहे सव्वलोए । कालओ णं परिग्गहे दिआ वा राओ वा । भावओ णं परिग्गहे अप्पग्घे वा महग्घे वा, रागेण वा दोसेण वा । जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खीसबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुपन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, परिग्गहो गहिओ वा गाहाविओ वा घिप्पंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि, गरिहामि, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं परिग्गहं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि(णिज्जा तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं

साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजय–विरय–पडिहय-पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु परिग्गहस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)-क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उपसंपज्जित्ताणं विहरामि। पंचमे भंते! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥ ५ ॥

अहावरे छट्ठे भंते! वए राईभोअणाओ वेरमणं। सव्वं भंते! राईभोअणं पच्चक्खामि। से असणं वा पाणं वा खाइमं वा साइमं वा नेव सयं राइं भुंजिज्जा, नेवन्नेहिं राइं भुंजाविज्जा, राइं भुंजंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि। से राईभोअणे चउव्विहे पन्नत्ते। तं जहा–दव्वओ खित्तओ कालओ भावओ। दव्वओ णं राई-

भोअणे असणे वा पाणे वा खाइमे वा साइमे वा, खित्तओ णं राईभोअणे समयखित्ते, कालओ णं राईभोअणे दिआ वा राओ वा, भावओ णं राईभोअणे तित्ते वा कडुए वा कसाए वा अंबिले वा महुरे वा लवणे वा रागेण वा दोसेण वा । जं मए इमस्स धमस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खाविवित्तिअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारिआए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, राईभोअणं भुत्तं वा, भुंजाविअं वा, भुंजंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं । अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि सव्वं राईभोअणं । जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं राईभोअणं भुंजिज्जा, नेवन्नेहिं राईभोअणं भुंजाविज्जा, राईभोअणं

भुंजंते वि अन्ने न समणुजाणिज्जा(णामि)। तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं। एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजय—विरय—पडिहय—पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा। एस खलु राईभोअणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए अणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विरहामि। छट्ठे भंते! वए उवट्ठिओ मि सव्वाओ राईभोअणाओ वेरमणं ॥६॥

इच्चेइआइं पंचमहव्वयाइं राइभोअणवेरमणछट्ठाइं अत्तहिअट्ठयाए उवसंपज्जित्ता णं विरहामि ॥

अप्पसत्था य जे जोगा, परिणामा य दारुणा।
पाणाइवायस्स वेरमणे, एसवुत्ते अइक्कमे ॥ १ ॥
तिव्वरागा य जा भासा, तिव्वदोसा तहेव य
मुसावायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥ २ ॥
उग्गहंसि अजाइत्ता, अविदिन्ने य उग्गहे।

अदिन्नादाणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥ ३ ॥

सद्दा–रूवा–रसा–गंधा, फासाणं पवियारणा ।
मेहुणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥ ४ ॥

इच्छा मुच्छा य गेही य, कंखा लोभे य दारुणे ।
परिग्गहस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥ ५ ॥

अइमत्ते अ आहारे, सूरखित्तंमि संकिए ।
राईभोअणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥ ६ ॥

दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।
पढमं वयमणुरक्खे, विरयामो पाणाइवायाओ ॥ ७ ॥

दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।
बीअं वयमणुरक्खे, विरयामो मुसावायाओ ॥ ८ ॥

दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।
तइअं वयमणुरक्खे, विरयामो अदिन्नादाणाओ ॥९॥

दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।
चउत्थं वयमणुरक्खे, विरयामो मेहुणाओ ॥ १० ॥

दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।
पंचमं वयमणुरक्खे, विरयामो परिग्गहाओ ॥ ११ ॥

दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।
छट्ठं वयमणुरक्खे, विरयामो राईभोअणाओ ॥ १२ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
पढमं वयमणुरक्खे, विरयामो पाणइवायाओ ॥ १३ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
बीअं वयमणुरक्खे, विरयामो मुसावायाओ ॥ १४ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
तइअं वयमणुरक्खे, विरयामो अदिन्नादाणाओ ॥ १५ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
चउत्थं वयमणुरक्खे, विरयामो मेहुणाओ ॥ १६ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
पंचमं वयमणुरक्खे, विरयामो परिग्गहाओ ॥ १७ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ सममधम्मे ।
छट्ठं वयमणुरक्खे, विरयामो राईभोअणाओ ॥ १८ ॥

आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।
तिविहेण अप्पमत्तो, रक्खामि महव्वए पंच ॥ १९ ॥

सावज्जजोगमेगं, मिच्छत्तं एगमेव अन्नाणं ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ २० ॥

अणवज्जजोगमेगं, सम्मत्तं एगमेव नाणं तु ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ २१ ॥

दो चेव रागदोसे, दुन्नि य झाणाइं अट्टरुद्दाइं ।

परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ २२ ॥

दुविहं चरित्तधम्मं, दुन्नि य झाणाइं धम्मसुक्काइं ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ २३ ॥

किण्हा नीला काऊ, तिन्नि य लेसाओ अप्पसत्थाओ ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ २४ ॥

तेऊ पम्हा सुक्का, तिन्नि य लेसाओ सुप्पसत्थाओ ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ २५ ॥

मणसा मणसच्चविऊ, वायासच्चेण करणसच्चेण ।
तिविहेण वि सच्चविऊ, रक्खामि महव्वए पंच ॥ २६ ॥

चत्तारि य दुहसिज्जा, चउरो सन्ना तहा कसाया य ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ २७ ॥

चत्तारि य सुहसिज्जा, चउव्विहं संवरं समाहिं च ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ २८ ॥

पंचेव य कामगुणे, पंचेव य अण्हवे महादोसे ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ २९ ॥

पंचिंदियसंवरणं, तहेव पंचविहमेव सज्झायं ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३० ॥

छज्जीवनिकायवहं, छप्पि य भासाओ(उ) अप्पसत्थाओ ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३१ ॥

छव्विहमब्भिंतरयं, बज्झंपि य छव्विहं तवोकम्मं ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३२ ॥
सत्त य भयठाणाइं, सत्तविहं चेव नाणविब्भंगं ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३३ ॥
पिंडेसण पाणेसण, उग्गह सत्तिक्कया महज्झयणा ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३४ ॥
अट्ठ य मयठाणाइं, अट्ठ य कम्माइ तेसिं बंधं च ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३५ ॥
अट्ठ य पवयणमाया, दिट्ठा अट्ठविहनिट्ठिअट्ठहिं ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३६ ॥
नवपावनिआणाइं, संसारत्था य नवविहा जीवा ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३७ ॥
नवबंभचेरगुत्तो, दुनवविहं बंभचेरपरिसुद्धं ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३८ ॥
उवघायं च दसविहं, असंवरं तह य संकिलेसं च ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥ ३९ ॥
सच्चसमाहिट्ठाणा, दस चेव दसाओ समणधम्मं च ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ४० ॥
आसायणं च सव्वं, तिगुणं इक्कारसं विवज्जंतो ।

उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥ ४१ ॥

एवं तिदंडविरओ, तिगरणसुद्धो तिसल्लनिस्सल्लो ।
तिविहेण पडिक्कंतो, रक्खामि महव्वए पंच ॥ ४२ ॥

इच्चेइअं महव्वयउच्चारणं थिरत्तं सल्लुध्धरणं धिइबलं ववसाओ साहणट्ठो पावनिवारणं निकायणा भावविसोही पडागाहरणं निज्जूहणाराहणा गुणाणं, संवरजोगो पसत्थज्झाणोवउत्तया जुत्तया य नाणे परमट्ठो उत्तमट्ठो ।

एस खलु तित्थंकरेहिं रइरागदोसमहणेहिं देसिओ पवयणस्स सारो छज्जीवनिकायसंजमं उवएसिअ तेलुक्कसक्कयं ठाणं अब्भुवगया । नमोत्थु ते सिद्ध बुद्ध मुत्त निरय निस्संग माणमूरण गुणरयणसायरमणंतमप्पमेअ । नमोत्थु ते महइमहावीरवद्धमाणसामिस्स । नमोत्थु ते अरहओ, नमोत्थु ते भगवओ, त्ति कट्टु ।

एसा खलु महव्वय-उच्चारणा कया, इच्छामो सुत्तकित्तणं काउं ।

नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइअं छव्विहमावस्सयं भगवंतं । तं जहा-सामाइअं चउवीसत्थओ वंदणयं पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं । सव्वेहिं पि एअम्मि छव्विहे आवस्सए भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे

गुणा वा भावा वा अरिहंतेहिं भगवंते हिं पन्नत्ता वा परूविआ वा। ते भावे सद्दहामो पत्तियामो रोएमो फासेमो पालेमो अणुपालेमो। ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोअंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं। अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं अणुपेहिअं अणुपालिअं, तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि। अंतोपक्खस्स जं न वाइअं, न परिअट्टिअं, न पुच्छिअं, नाणुपेहिअं, नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो, तस्स मिच्छा मि दुक्कडं।

नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं अंगबाहिरं उक्कालिअं भगवंतं, तं जहा—दसवेआलिअं, कप्पिआकप्पिअं, चुल्लकप्पसुअं, महाकप्पसुअं, ओ(उव)वाइअं, रायप्पसेणिअं, जीवाभिगमो पन्नवणा महापन्नवणा नंदी अणुओगदाराइं देविंदत्थओ तंदुलवेआलिअं चंदाविज्झयं पमायप्पमायं पोरिसिमंडलं मंडलप्पवेसो गणिविज्जा विज्जाचरणविणिच्छओ झाणविभत्ती मरणविभत्ती आयविसोही संलेहणासुअं वीयरायसुअं विहारकप्पो चरणविही आउरपच्चक्खाणं महापच्चक्खाणं सव्वेहि

षि एअम्मि अंगबाहिरे उक्कालिए भगवंतेससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा, ते भावे सद्दहामो पत्तिआमो रोएमो फासेमो पालेमो अणुपालेमो, ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोअंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं अणुपेहिअं अणुपालिअं तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उपसंपज्जित्ता णं विहरामि। अंतोपक्खस्स जं न वाइअं, न पढिअं, न परिअट्टिअं, न पुच्छिअं, नाणुपेहिअं, नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं।

नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं अंगबाहिरं कालिअं भगवंतं, तं जहा—उत्तरज्झयणाइं दसाओ कप्पो ववहारो इसिभासिआइं निसीहं महानिसीहं जंबुद्दीवपन्नत्ती सूरपन्नत्ती चंदपन्नत्ती दीवसागरपन्नत्ती खुड्डियाविमाणपविभत्ती महल्लिआविमाणपविभत्ती अंगचूलिआए वग्ग-चूलिआए विवाहचूलिआए अरुणोववाए वरुणोववाए गरुलोववाए (धरणोववाए) वेसमणोववाए वेलंधरोववाए देविंदोववाए उट्ठाणसुए समुट्ठाणसुए नाग-

परिआवलिआणं निरयावलिआणं कप्पिआणं कप्पवडिंसयाणं पुप्फिआणं पुप्फचूलिआणं (वण्हिआणं) वण्हिदसाणं आसीविसभावणाणं दिट्ठिविसभावणाणं चारण(सुमिण)भावणाणं महासुमिणभावणाणं तेअग्गिनिसग्गाणं सव्वेहिं पि एअम्मि अंगबाहिरे कालिए भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा, ते भावे सद्दहामो पत्तिआमो रोएमो फासेमो अणुपालेमो। ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोयंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं अणुपेहिअं अणुपालिअं, तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि। अंतोपक्खस्स जं न वाइअं न पढिअं न परिअट्टिअं न पुच्छिअं नाणुपेहिअं नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं॥

नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं दुवालसंगं गणिपिडगं भगवंतं, तं जहा—आयारो सूअगडो ठाणं समवाओ विवाहपन्नत्ती नायाधम्मकहाओ उवासगदसाओ अंतगडदसाओ अणुत्तरोववाइअदसाओ पण्हावागरणं विवागसुअं दिट्ठिवाओ

सव्वेहिं पि एअम्मि दुवालसंगे गणिपिडगे भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा, ते भावे सद्दहामो पत्तिआमो रोएमो फासेमो पालेमो अणुपालेमो, ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोयंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं अणुपेहिअं अणुपालिअं तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जिता णं विहरामि। अंतोपक्खस्स जं न वाइअं न पढिअं न परिअट्टिअं न पुच्छिअं नाणुपेहिअं, नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं।

नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं दुवालसंगं गणिपिडगं भगवंतं, सम्मं काएणं फासंति पालंति पूरंति (सोहंति) तीरंति किट्टंति सम्मं आणाए आराहंति, अहं च नाराहेमि, तस्स मिच्छा मि दुक्कडं ॥

सुअदेवयाभगवई, नाणावरणीअकम्मसंघायं।
तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती ॥१॥

॥ श्रीपाक्षिकसूत्रं समाप्तम् ॥

# श्री पाक्षिकसूत्र(पक्खीसूत्र)ना अर्थ

**અવતરણ**—શ્રમણ ભગવાન્ મહાવીર દેવે અર્થથી નિરૂપણ કરેલ અને ગણધર ભગવંતે સૂત્રથી ગૂંથેલ, આ પાક્ષિક સૂત્રમાં સામાન્યથી ત્રણ અધિકારો વર્ણવવામાં આવ્યા છે.

**પહેલા અધિકારમાં**—'પ્રાણાતિપાત વિરમણ' વગેરે પાંચ મહાવ્રત અને છઠ્ઠું 'રાત્રિભોજનવિરમણ' વ્રત, એમ છયેના અતિચારના પ્રતિક્રમણ માટે વિસ્તારપૂર્વક એ છયેનું સમુત્કીર્તન-સ્તુતિ (પ્રતિજ્ઞા) વગેરે.

**બીજા અધિકારમાં**—એ જ મહાવ્રતોના રક્ષણ માટે, 'સાવદ્ય યોગ' વગેરે ત્યાગ કરવા લાયક અને 'અનવદ્ય યોગ' વગેરે સ્વીકાર કરવા લાયક એકથી દશ પર્યંતના ભાવોનું નિરૂપણ.

**ત્રીજા અધિકારમાં**—ગણધરાદિ ભગવંતોએ ગૂંથેલા આવશ્યક, કાલિક, ઉત્કાલિક, અંગપ્રવિષ્ટ આદિ શ્રુતનું સમુત્કીર્તન. આ ત્રણ અધિકારમય અતિગંભીર અર્થવાળું શ્રી પાક્ષિકસૂત્ર પાક્ષિક આદિ પ્રતિક્રમણમાં ગુરુએ આદેશ કરેલ સાધુ (સાધ્વી) ચિત્તની એકાગ્રતા-પૂર્વક, ગંભીર અને ઉદાત્ત સ્વરે, બોલે અને અન્ય મુમુક્ષુ આત્માઓ પ્રણિધાનપૂર્વક કાયોત્સર્ગ મુદ્રાએ રહી અર્થની વિચારણાપૂર્વક સાંભળે. એમ શાસ્ત્રીય વિધાન છે. આ

પાક્ષિકસૂત્રની રચના કરતાં સૂત્રકાર ભગવંત અભીષ્ટ કાર્યની સિદ્ધિ માટે ભાવ મંગલનું નિરૂપણ કરતાં કહે છે કે—

"तित्थंकरे अतित्थे, अतित्थसिद्धे य तित्थसिद्धे य।
सिद्धे जिणे (य) रिसि, महरिसि(अ)णाणं च वंदामि ॥१॥"

**વ્યાખ્યા**—અંહી 'वंदामि'-'હું વાંદુ છું' એ ક્રિયાપદ સર્વપદો સાથે જોડવું. કોને કોને ?-તે કહે છે: 'तीर्थंकरान्'-વીતરાગ એવા તીર્થંકરોને, તથા अ(च) શબ્દથી ત્રણે કાળના તીર્થંકરો સમજવા 'तीर्थान्'-તીર્થરૂપ પ્રથમ ગણધર, સંઘ (અથવા દ્વાદશાંગી) વગેરેને. 'अतीर्थसिद्धान्, तीर्थसिद्धान्, सिद्धाँश्च'-અતીર્થસિદ્ધોને, તીર્થસિદ્ધોને અને સિદ્ધોને. એમાં અતીર્થસિદ્ધો અને તીર્થસિદ્ધો એ બે સિદ્ધોનો અર્થ એ છે કે, ચતુર્વિધ સંઘરૂપ તીર્થ સ્થપાયા પછી તીર્થ ચાલતું હોય, તે કાળે સિદ્ધ થયેલા 'તીર્થસિદ્ધ' અને તે પહેલાં કે તીર્થ વિચ્છેદ થયા પછી સિદ્ધ થાય તે 'અતીર્થસિદ્ધ' જાણવા. અને સિદ્ધોને એટલે બાકીના જિનસિદ્ધ, અજિનસિદ્ધ વગેરે તેર પ્રકારે સિદ્ધ થયેલાઓને. આ જિનસિદ્ધ વગેરેનું સ્વરૂપ અન્ય ગ્રન્થોથી જાણવું. 'जिनान्'-સામાન્ય કેવળીઓને. 'ऋषीन्'-મૂળગુણથી યુક્ત અને ઉત્તરગુણથી યુક્ત યતિ (સાધુ)ઓને. 'महर्षीन्'-એ સાધુઓને જ નહિ પણ જે 'અણિમા' વગેરે લબ્ધિઓવાળા મુનિઓ હોય તેમને. 'ज्ञानं'-મતિ

આદિ પાંચ પ્રકારના જ્ઞાનને–એ સર્વને 'વાંદું છું', એમ ક્રિયાપદ જોડવું. ('च' સર્વત્ર સમુચ્ચય અર્થમાં જાણવો.)

"जे य इमं० ॥२॥ 'ये'–જે મુનિઓ (च–વળી) 'इमं गुणरत्नसागरं अविराध्यं'–આ ગુણરૂપી રત્નના સાગર તુલ્ય મહાવ્રતોના આરાધનને સુંદર રીતે પાળીને (આરાધીને) 'तीर्णसंसारा'–સંસારનો નિસ્તાર પામ્યા (તેઓ મને મંગળ કરો). 'अहमपि'–હું પણ, 'तान् मङ्गलं कृत्त्वा' –તે મુનિઓને મંગળ કરીને (તે ગુણરત્નોના સાગરભૂત મહાવ્રતોનું). 'आराधनाभिमुखः'–આરાધન કરવા એક ચિત્તવાળો થયો છું અર્થાત્ મહાવ્રતોના અને મહામુનિઓના આરાધન માટે ઉત્સાહી થયો છું.

વળી પણ અરિહંત અને ધર્મની આશિષરૂપ પોતાના મંગળ માટે કહે છે કે—"मम मंगल० ॥ ३ ॥" 'अर्हंतः'–જિનેશ્વરો. 'सिद्धाः'–પંદર પ્રકારે સિદ્ધ થયેલા સિદ્ધો. 'साधवः'–મુનિઓ. 'श्रुतं'–આગમ અને 'धर्मश्च'–સાધુ અને શ્રાવકના આચાર રૂપ બે પ્રકારની વિરતિ. 'क्षान्तिः'–સહનશીલતા–ક્ષમા. 'गुप्तिः'–મન–વચન–કાયાની ઉન્માર્ગથી રક્ષા કરવી (રોકવાં). 'मुक्तिः'–લોભનો અભાવ–સંતોષ. 'आर्जवता'–નિર્માયપણું–સરલતા અને 'मार्दव'–નિર્મદપણું. એ અરિહંતો વગેરે 'मम मङ्गलं'–મારું મંગલ કરો. અહીં 'કરો' એ અર્થ ઉપરની ગાથાનો લેવો.

હવે મહાવ્રતોને પોતે ઉચ્ચર્યાં (ઉચ્ચરે) છે તે સૂચવે છે કે—

"लोगं(यं)मि० ॥ ४ ॥" 'लोके'–કર્મભૂમિરૂપ પંદર

ક્ષેત્રોમાં. 'संयताः'-મુનિઓ. 'यत्कुर्वंति'-જે કરે છે, શું કરે છે? 'परमर्षिदर्शितं'-તીર્થંકરાદિએ દેખાડેલું કહેલું. 'उदारं'-અતિ બલવાન્ (શ્રેષ્ઠ). 'महाव्रतोच्चारणं'-પંચમહાવ્રતોનું ઉચ્ચારણ (કથન). 'तं कर्तुम्'-તે મહાવ્રતોચ્ચારણ કરવાને. 'अहमपि'-હું પણ. 'उपस्थितः'-તૈયાર થયો છું. (એમ ગુરુએ કહેવાથી શિષ્ય પ્રશ્ન કરે છે અને ગુરુ તેનો જવાબ આપે છે) તે જ કહે છે. "से किं तं०" ॥૧॥ અહીં છઠ્ઠા પદ સુધી પ્રશ્ન સમજવો. 'से'નો અર્થ 'હવે પછી,' અને 'किं' પ્રશ્ન માટે સમજવો. તેથી હવે તે મહાવ્રતોનું ઉચ્ચારણ શું વસ્તુ છે અર્થાત્ 'મહાવ્રત ઉચ્ચારણ' એટલે શું? એમ પ્રશ્નાર્થ સમજવો. અથવા પ્રાકૃતભાષાની શૈલી પ્રમાણે અભિધેયને અનુસરીને લિંગ અને વચન સમજવાનાં હોય છે એ ન્યાયે 'किं' ને બદલે 'का' 'तं' ના સ્થાને सा' અને 'उच्चारणं' ના સ્થાને 'उच्चारणा' પદો કરીને 'કઈ તે મહાવ્રતોની ઉચ્ચારણા?'-એમ અર્થ કરવો. ગુરુ મહારાજ તેનો જવાબ આપે છે કે, મહાવ્રતોની ઉચ્ચારણા પાંચ પ્રકારની 'पन्नत्ता'-કહી છે અને રાત્રિ ભોજનનો ત્યાગ એ છઠ્ઠો પ્રકાર છે. 'तद्यथा'-તે આ પ્રમાણે. 'सर्वस्मात्'-ત્રસ અને સ્થાવર, તેમાં પણ સૂક્ષ્મ અને બાદર એમ સર્વ પ્રકારના જીવોનો, તે પણ 'કરવું', કરાવવું અને અનુમોદવું,' એમ ત્રણ પ્રકારે. જે 'प्राणाति-पातात्'-જીવહિંસન (હિંસા) તેનાથી. 'विरमणं'-અટકવું (તે પ્રથમ મહાવ્રત કહ્યું છે). તેમ 'सर्वस्मात् मृषावादा-

द्विरमणं'–ક્રોધ, લોભ, ભય કે હાસ્ય, એ કોઈ કારણે બોલાતું સર્વ મિથ્યા(અસત્ય) વચન, તેનાથી અટકવું (તે બીજું). તથા 'सर्वस्माददत्तादानाद्विरमणं'–દાંત ખોતરવા માટે તૃણની સળી લેવા જેવું નાનામાં નાનું (અર્થાત્ સર્વથા) પણ અદત્તાદાન એટલે ચોરી તેનાથી અટકવું (તે ત્રીજું). 'सर्वस्मात् मैथुनाद्विरमणं'–માત્ર સ્ત્રી–(પુરુષ)ની વાત કરવા જેટલું અલ્પ પણ (અર્થાત્ સર્વ પ્રકારનું) મૈથુન એટલે કામનો સંગ, તેનાથી અટકવું (તે ચોથું). 'सर्वस्मात् परिग्रहाद्विरमणं'–સર્વ એટલે (ભેગું કરવું વગેરે વધારે તો દૂર રહ્યું પણ સંયમ માટે ઉપકારી જરૂરી વસ્તુમાં પણ) સહજ (અલ્પ) માત્ર જે મૂર્ચ્છારૂપ પરિગ્રહ, તેનાથી પણ અટકવું (તે પાંચમું). અને 'सर्वस्माद्रात्रिभोजनाद्विरमणं'–સર્વ એટલે 'દિવસે લાવેલું દિવસે વાપરવું' ઇત્યાદિ ચતુર્ભંગી પૈકી કોઈ પણ દુષ્ટ ભાંગાથી આહાર લેવા માત્ર રૂપ જે રાત્રિભોજન, તેનાથી અટકવું–(તે છટ્ઠું મહાવ્રત કહેલું છે). એમ નામ માત્રથી ઉચ્ચારણા કરીને હવે પ્રથમ વ્રતનું વિસ્તારથી ઉચ્ચારણ કરે છે કે—

'तत्थ खलु पढमे भंते–इत्यादि० ॥' 'तत्र'–તે મહાવ્રતોના ઉચ્ચારણમાં. 'खलु'–નિશ્ચયથી. 'भंते!' હે ભગવન્ત! એમ ગુરુની આગળ પ્રતિક્રમણ કરવા માટે પૂજ્ય ગુરુને સંબોધવા માટે 'भंते' પદ સમજવું. 'प्रथमे महाव्रते प्राणातिपाताद्विरमणं'–પહેલા મહાવ્રતમાં જીવહિંસાથી અટકવું. અહીં 'અટકવું' એટલે સર્વથા હિંસાનો ત્યાગ

સમજવો. એમ સર્વ વ્રતોમાં સમજવું. અહીં કોઈ આચાર્યો સપ્તમી વિભક્તિના સ્થાને પ્રથમા વિભક્તિ કહે છે, તેઓના મતે '**प्रथमं महाव्रतं**' થાય. એમ સઘળાં વ્રતોમાં પહેલી વિભક્તિ કહે છે. '**सर्वं भदंत ! प्राणातिपातं प्रत्याख्यामि**'-હે ભગવંત! પ્રાણાતિપાતને સર્વથા ત્યજું છું. હવે અહીં 'સર્વથા પ્રાણાતિપાતને ત્યજું છું,' તેને જ વિશેષ રૂપમાં જણાવે છે કે '**से सुहुमं वा**' વગેરે, તેમાં '**से**' શબ્દ 'તે વ્રતને' જણાવનાર છે, અર્થાત્ 'તે આ પ્રમાણે' એમ જણાવવા માટે છે. '**सूक्ष्मं वा**'-પાંચે ઇન્દ્રિયોથી જાણી-જોઈ ન શકાય, માત્ર જ્ઞાનથી સમજી-જાણી શકાય તેવા જીવને. '**बादरं वा**' ઇન્દ્રિયોથી જાણી-જોઈ શકાય તેવાને. '**त्रसं वा**' અગ્નિકાય અને વાયુકાય બે (ગતિત્રસ) તથા બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના કોઈ (ગતિમાન) જીવને. '**स्थावरं वा**'-પૃથ્વી, પાણી અને વનસ્પતિરૂપ ત્રણ (સ્થિર) એકેન્દ્રિયને. સર્વત્ર '**वा**' શબ્દો પરસ્પર એકબીજાના સમુચ્ચય (જોડાણ) માટે છે. '**नैव स्वयं प्राणान् अतिपातयामि**'-હું સ્વયં (ઉપર કહ્યા તે) કોઈ જીવોને હણું નહિ. '**नैवान्यैः प्राणान् अतिपातयामि**'-બીજાઓ દ્વારા એ કોઈ જીવોને હણાવું નહિ. '**प्राणानतिपातयतोऽन्यान्न समनुजानामि**'-એ જીવોને હણનારા બીજાઓને પણ હું સારા જાણું નહિ (અનુમોદના કરું નહિ). ક્યાં સુધી? '**जावज्जीवाए**' ઇત્યાદિ૦ '**यावज्जीवं**'-જીવું ત્યાં સુધી. **त्रिविधं**'-ત્રણ પ્રકારની (કરવા, કરાવવા, અનુમોદવારૂપ) હિંસાને

**त्रिविधेन**'-ત્રણ કરણ (મન-વચન-કાયા)થી તજું છું, એમ સંબંધ સમજવો. એ જ જણાવવા કહે છે કે—'**मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमन्यं न समनुजानामि**'-મન, વચન અને કાયાથી. કરું નહિ, કરાવું નહિ અને બીજો કરે તો તેને અનુમતિ આપું (અનુમોદના કરું) નહિ. '**तस्य**' તે (પણ) ત્રિકાળભાવિ હિંસા પૈકી ભૂતકાળની હિંસાનું '**भदन्त**'-હે ભગવંત! '**प्रतिक्रमामि**'-હું પ્રતિક્રમણ કરું (મિથ્યા દુષ્કૃત દઉં) છું, '**निंदामि**'-આત્મસાક્ષીએ જુગુપ્સા (નિંદા) કરું છું અને '**गर्हामि**'-પર સાક્ષીએ જુગુપ્સા કરું છું. કોને નિંદે છે, તે કહે છે કે '**आत्मानं**'-હિંસા કરનારા મારા આત્માને (ભૂત-કાલીન આત્મપર્યાયને) કે જે પ્રશંસા કરવા યોગ્ય નથી, તેને, '**व्युत्सृजामि**'-સર્વથા ત્યજું છું.

વળી પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવભેદે પ્રાણાતિપાત (હિંસા)નું વર્ણન કરે છે—

'**से पाणाइवाए चउव्विहे पन्नत्ते० इत्यादि**' '**स प्राणातिपातश्चतुर्विधः प्रज्ञप्तः**'-તે પ્રાણાતિપાત ચાર પ્રકારનો કહેલો છે. '**तद्यथा**'-તે આ પ્રમાણે. '**द्रव्यतः क्षेत्रतः कालतः भावतः**'-૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી અને ૪. ભાવથી. તેમાં '**द्रव्यतः णं प्राणातिपातः षट्सु जीवनिकायेसु**'-'**णं**' વાકયની શોભા માટે છે; દ્રવ્યથી પ્રાણાતિપાત છ જીવ-નિકાયને વિષે, અર્થાત્ પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસ એ છકાય પૈકી કોઈ પણ જીવની હિંસા તે દ્રવ્ય

પ્રાણાતિપાત. '**क्षेत्रतः प्राणातिपातः सर्वलोके**'-ક્ષેત્રથી હિંસા ચૌદ રાજલોકરૂપ સર્વ લોકમાં. '**कालतः प्राणातिपातो दिवा वा रात्रौ वा**' કાલથી હિંસા દિવસે અથવા રાત્રે. અને '**भावतः प्राणातिपातो रागेण द्वेषेण वा**'-ભાવથી હિંસા રાગ અથવા દ્વેષથી.

એમ હિંસાનું ભેદથી સ્વરૂપ કહીને ભૂતકાળમાં કરેલી તે હિંસાની વિશેષ રૂપમાં નિન્દા કરવા માટે કહે છે કે—

'**यो मयाऽस्य धर्मस्य**'-જે મેં આ સાધુનો આચાર ધર્મ કે જે '**केवलिप्रज्ञप्त**' આદિ બાવીશ વિશેષણોથી વિશિષ્ટ છે, તેમાં પૂર્વે અજ્ઞાનતાદિ ચાર કારણોથી અને પ્રમાદ વગેરે અગિયાર કારણોથી પ્રાણાતિપાત કર્યો હોય તેની નિંદા કરું છું વગેરે વાક્યનો સળંગ સંબંધ જોડવો. તેનો અર્થ કહે છે કે-'**जं**' એમાં વિભક્તિ બદલાયેલી હોવાથી '**यः**'-જે (પ્રાણાતિપાત એમ સંબંધ જોડવો). તેમાં '**मया**'-પદથી પ્રતિક્રમણ કરનાર સાધુ પોતાને જણાવે છે, અર્થાત્ મેં. '**अस्य धर्मस्य**'-આ સાધુના આચારરૂપ સર્વવિરતિ ધર્મમાં. કેવો તે ધર્મ? ૧. '**केवलिप्रज्ञप्तस्य**'-કેવલિ ભગવંતે કહેલો. ૨. '**अहिंसालक्षणस्य**'-અહિંસક વૃત્તિથી ઓળખાતો અર્થાત્ અહિંસા જેનું ચિહ્ન છે. ૩. '**सत्याधिष्ठितस्य**'-સત્યના આધારે રહેલો (અર્થાત્ સત્ય જેમાં વ્યાપક છે). ૪. '**विनयमूलस्य**'-જેનું મૂળ વિનય છે. ૫. '**क्षान्तिप्रधानस्य**'-ક્ષમા (સહનશીલતા) જેમાં મુખ્ય છે. ૬. '**अहिरण्यसुवर्णस्य**'-જેમાં હિરણ્ય (કાચું સોનું-રૂપું) અને

સુવર્ણ (સૌનૈયા કે ઘડેલું સુવર્ણ) રાખી શકાતું નથી, અર્થાપત્તિથી સર્વ પ્રકારના સર્વ પરિગ્રહથી રહિત. ૭. '**उपशमप्रभवस्य**'–જેનાથી આત્મામાં (મોહાદિનો) ઉપશમ થાય છે. ૮. '**नवब्रह्मचर्यगुप्तस्य**'–નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ(રક્ષા)થી સુરક્ષિત. ૯. '**अपचमानस्य**'–જેના આરાધકો પાક (રસોઈ) કરતા નથી, અર્થાત્ રસોઈ કરવાની ક્રિયાના ત્યાગી સાધુઓ જેના આરાધક હોય છે. ૧૦. '**भिक्षावृत्तिकस्य**'–(પાકક્રિયાનો ત્યાગ હોવાથી) ભિક્ષાથી જેમાં આજીવિકા ચલાવવાની છે. ૧૧. '**कुक्षिशम्बलस्य**'–(તે ભિક્ષાથી પણ સંચય કરવાનો નહિ કિન્તુ) માત્ર કુક્ષિપ્રમાણ ભોજન જેમાં લેવાનું છે. ૧૨. '**निरग्निशरणस्य-स्मरणस्य वा**'–જ્યાં અગ્નિનું શરણ અથવા સ્મરણ પણ કરવાનું નથી (અર્થાત્ શીત પરિષહાદિ કારણે પણ અગ્નિનો ઉપયોગ જેમાં કરાતો નથી. ૧૩. '**संप्रक्षालितस्य**'–સર્વ કર્મમલનું પ્રક્ષાલન કરનારો (અથવા સર્વ દોષનું જેમાં પ્રક્ષાલન થાય છે). ૧૪. '**त्यक्तदोषस्य**'–રાગાદિ દોષોનો જેમાં ત્યાગ છે, (અથવા '**दोष**' એટલે '**द्वेष**' જેમાં ત્યજાએલો છે), એથી જ. ૧૫. '**गुणग्राहिकस्य**'–જેમાં ગુણનો અનુરાગ છે. (તાત્પર્ય કે તે ચારિત્રધર્મનું આરાધન કરનારને તે દોષોનો અથવા દ્વેષનો ત્યાગ અને ગુણનો અનુરાગ (વૃદ્ધિ) કરાવનારો છે). વળી, ૧૬. '**निर्विकारस्य**'–જેમાં ઇન્દ્રિયો અને મનનો વિકાર (ઇચ્છાઓનો ઉન્માદ) નથી. ૧૭. '**निवृत्तिलक्षणस्य**' સર્વ (પાપ) વ્યાપારનો પરિહાર એ જેનું લક્ષણ (અથવા

પરિણામે જે બાહ્ય સર્વ યોગોની નિવૃત્તિ કરાવનારો) છે. વળી ૧૮. '**पञ्चमहाव्रतयुक्तस्य**'-જે પાંચ મહાવ્રતરૂપ છે, (પહેલાં 'અહિંસાલક્ષણસ્ય' એમ કહેવા છતાં ફરી) 'પંચ મહાવ્રતયુક્તસ્ય' એમ કહ્યું તેનું કારણ એ છે કે અહિંસાની જેમ બીજાં મહાવ્રતોની પણ આ ધર્મમાં (અહિંસામાં) પ્રધાનતા છે. ૧૯. '**असन्निधिसञ्चयस्य**'-જેમાં (લાડુ વગેરે આહાર, ખર્જુરાદિ મેવો કે ફળફળાદિ ખાદિમ અને હરડે આદિ ઔષધ પણ રાત્રે વાસી રાખવા રૂપ) સંનિધિનો સંચય થતો (રખાતો) નથી. ૨૦. '**अविसंवादिनः**'-જેનું નિરૂપણ (કે પ્રવૃત્તિ) દૃષ્ટ કે ઇષ્ટનું વિરોધી નથી (અર્થાત્ જેમાં જગતમાં પ્રત્યક્ષ દેખાતા ભાવોનું, આત્માના ઇષ્ટ સુખને આપે તેવું યથાર્થ અને યથેષ્ટ નિરૂપણ છે). ૨૧. '**संसारपारगामिनः**'-જે સંસારથી પાર ઉતારનારો છે. અને ૨૨. '**निर्वाणगमनपर्यवसानफलस्य**'-નિર્વાણ (મોક્ષ)ની પ્રાપ્તિ એ જ જેનું પારમાર્થિક (સાચું) ફળ છે. એ પ્રમાણે ૨૨ વિશેષણોથી વિશિષ્ટ ચારિત્રધર્મની (આરાધનાં કરતાં અજ્ઞાનતા વગેરેથી)-એમ છઠ્ઠી વિભક્તિનો સંબંધ જોડવો. હવે તેની આરાધના કરતાં શું કર્યું ? તે કહે છે—

૧. '**पूर्वमज्ञानतया**'-(ધર્મ પામ્યા) પહેલાં અજ્ઞાનતાથી. ૨. '**अश्रवणतया**'-(ગુર્વાદિકના મુખે) નહિ સાંભળવાથી. ૩. '**अबोध्या**'-(સાંભળવા છતાં યથાર્થ રૂપે) નહિ સમજવાથી (માનવાથી). અને ૪. '**अनभिगमेन**'-(સાંભળવા અને

સમજવા છતાં) સમ્યગ્‌પણે નહિ સ્વીકારવાથી. અથવા '**अभिगमेन**'-એવા પાઠાન્તરમાંથી વિભક્તિ બદલીને, '**अभिगमे**'-પર્યાય કરવાથી સ્વીકારવા છતાં તેમાં પ્રમાદ વગેરે કરવાથી. (એમ ચાર નિમિત્તોથી એ ધર્મમાં પ્રાણાતિપાત કર્યો હોય, એમ સંબંધ જોડવો.) હવે તે પ્રાણાતિપાતના પ્રમાદ વગેરે હેતુઓ કહે છે—

૧. '**प्रमादेन**'-મદ્ય વગેરે પાંચ પ્રકારનો અથવા આળસ વગેરે દ્વારા પ્રમાદ કરવાથી. ૨. '**रागद्वेषप्रतिबद्धतया**'-રાગદ્વેષની આકૂળતાથી (વશ થઈને). ૩. '**बालतया**'-બાલબુદ્ધિ (મૂઢતા)થી અથવા બાલકપણાથી. ૪. '**मोहतया**'-મિથ્યાત્વ વગેરે મોહનીય કર્મના ઉદયને આધીન થવાથી. ૫. '**मन्दतया**'-કાયાની મંદતા (જડતા)થી, આલસથી. ૬. '**क्रीडनतया**'-ક્રીડાપ્રિય (કુતૂહલ)પણાથી. ૭. '**त्रिगौरवगुरुतया**'-રસ, ઋદ્ધિ અને શાતા, એ ત્રણ ગારવના ભારેપણાથી (મદથી). ૮. '**चतुष्कषायोपगतेन**'-ક્રોધાદિ ચાર કષાયના ઉદયને વશ થઈને. ૯. '**पञ्चेन्द्रियोपवशार्तेन**'-સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિયોના આધીનપણાથી થયેલી વિહ્વળતાને યોગે. ૧૦. '**प्रत्युत्पन्नभारिक(त)या**'-વર્તમાનકાલીન કર્મનો ભાર જેને હોય છે, તે પ્રત્યુત્પન્નભારિક કહેવાય, એવા પ્રત્યુત્પન્નભારિકપણાથી, અર્થાત્‌ વર્તમાનકાલીન કર્મોના ભારેપણાથી. અને ૧૧. '**सातसौख्यमनुपालयता**'-શાતા વેદનીય કર્મના ઉદયથી મળેલા સુખને ગૃદ્ધિથી ભોગવતાં, અર્થાત્‌ સુખમાં આસક્તિ કરવાથી—એમ અગિ-

ચાર હેતુઓથી. '**अस्मिन् वा भवे**'-વર્તમાન જન્મમાં. '**अन्येषु वा भवग्रहणेषु**'-ભૂતકાળ અને ભાવિકાળના(જન્મો) ભવોમાં. '**प्राणातिपातः कृतो वा कारितो वा क्रियमाणो परैः वा समनुज्ञातः तं**'-જે પ્રાણાતિપાત (હિંસા) સ્વયં કર્યો, બીજા દ્વારા કરાવ્યો, અથવા બીજાઓએ સ્વયં કરતાં મેં સારો માન્યો, હું સંમત થયો, એ રીતે ત્રિવિધ પ્રાણાતિપાતને. '**निन्दामि गर्हामि**'-આત્મસાક્ષીએ પશ્ચાત્તાપ (નિન્દા) કરું છું અને પરસાક્ષીએ પણ 'એ મેં અયોગ્ય કર્યું છે' એમ મારી દુષ્ટતાને કબૂલ (જાહેર) કરું છું-ગર્હા કરું છું. કેવી રીતે? '**त्रिविधं त्रिविधेन**'-કરવા, કરાવવા અને અનુમોદવારૂપ ત્રિવિધ પ્રાણાતિપાતને ત્રણ યોગો દ્વારા નિન્દુ છું-ગર્હું છું. તે ત્રણ યોગો કયા? તે કહે છે, '**मनसा, वाचा, कायेन**'-મન, વચન અને કાયા એ ત્રણ યોગોથી (નિન્દા અને ગર્હા કરું છું). અહીં વાક્યનો સંબંધ પૂર્ણ થયો. હવે ત્રણે કાળ સંબંધી એનો ત્યાગ કરતાં કહે છે કે-'**अतीतं निन्दामि, प्रत्युत्पन्नं संवृणोमि, अनागतं पच्चक्खामि**'-ભૂતકાલીન પ્રાણાતિપાતને નિન્દું છું, વર્તમાન કાલે સંવરું (રોકું) છું અને ભવિષ્યકાળે 'નહિ કરવો' એવો નિયમ (પચ્ચક્ખાણ) કરું છું. '**सर्वं प्राणातिपातं**'-એમ સર્વ પ્રાણાતિપાતની નિંદા, સંવર અને પચ્ચક્ખાણ કરીને તેનો ત્રૈકાલિક ત્યાગ કરું છું.

હવે આ ભવિષ્યના પચ્ચક્ખાણને જ વિશેષ રૂપમાં કહે છે કે—

'यावज्जीवमनिश्रितोऽहं'–જીવું ત્યાં સુધી આશંસા રહિત એવો હું 'नैव स्वयं प्राणानतिपातयामि, नैवान्यैः प्राणानतिपातयामि, प्राणानतिपातयतोऽप्यन्यान्न समनुजानामि'–સ્વયં (બીજાના) પ્રાણોનો નાશ નહિ જ કરું, બીજાઓ દ્વારા પ્રાણોનો નાશ નહિ જ કરાવું અને બીજા પ્રાણનાશ કરનારાઓને પણ હું સારા નહિ માનું.

આ પચ્ચક્ખાણ કેટલી સાક્ષીપૂર્વક કરે છે તે કહે છે કે—

'तद्यथा–अर्हत्साक्षिकं, सिद्धसाक्षिकं, साधुसाक्षिकं, देवसाक्षिकं, आत्मसाक्षिकं'–તે પચ્ચક્ખાણ આ પ્રમાણે કરું છું—૧. અરિહંતોની સાક્ષીએ, અર્થાત્ અરિહંતો જ્યાં સમક્ષ (પ્રત્યક્ષ) મનાય તે અરિહંતની સાક્ષીપૂર્વક કહેવાય. તાત્પર્ય કે અરિહંતોની સાક્ષી માનીને, એમ. ૨. સિદ્ધોની સાક્ષીએ. ૩. સાધુઓની સાક્ષીએ. ૪. દેવોની સાક્ષીએ. અને ૫. મારા આત્માની સાક્ષીએ. 'एवं' આ પ્રમાણે પચ્ચક્ખાણથી (કરવાથી). 'भवति भिक्षुर्वा भिक्षुकी वा'–સાધુ અથવા સાધ્વી થાય છે. કેવા થાય છે? 'संयत-विरत-प्रतिहत-प्रत्याख्यातपापकर्मा'–સંયત, વિરત, પ્રતિહત અને પ્રત્યાખ્યાત કર્યાં છે પાપકર્મો જેણે, એવા થાય છે. તેમાં 'संयत'–સત્તર પ્રકારના સંયમથી યુક્ત. 'विरत'–બાર પ્રકારના તપમાં વિવિધ પ્રકારે રક્ત. 'प्रतिहत'–સ્થિતિનો હ્રાસ થવાથી ગ્રંથિભેદ દ્વારા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોનો

વિનાશ, તથા 'પચ્ચક્ખાણ'–(મિથ્યાત્વ વગેરે કર્મબંધના) હેતુના અભાવે નિરાકૃત (દીર્ઘસ્થિતિએ ન બંધાય તેવાં) કર્યાં છે જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોને જેણે એવો, (અર્થાત્ સત્તર પ્રકારે સંયમયુક્ત, વિવિધ તપમાં રક્ત અને અલ્પસ્થિતિવાળાં તથા પુનઃ દીર્ઘ સ્થિતિક ન બંધાય તેવાં કર્મોવાળો થાય છે) એ વાક્યમાં બે પદોનો કર્મધારય અને છેલ્લા ત્રણ પદોનો બહુવ્રીહિ સમાસ કરવાપૂર્વક પુનઃ તે બેનો કર્મધારય સમાસ કરવો.

તે પણ કેવી કેવી અવસ્થામાં ક્યારે ક્યારે તેવો થાય છે તે કહે છે—'**दिवा वा रात्रौ वा**'–દિવસે અથવા રાત્રે, અર્થાત્ સર્વ કાળે, '**एको वा पर्षद्गतो वा**'–કોઈ કારણે એકાકી હોય ત્યારે અથવા સાધુઓની પર્ષદા એટલે સમૂહમાં હોય ત્યારે, અર્થાત્ એકલો કે અન્ય સાધુઓ સાથે, કોઈ પણ પ્રસંગમાં, '**सुप्तो वा जाग्रद्वा**'–રાત્રિએ બે પ્રહર સૂતો હોય ત્યારે કે શેષકાળે જાગતો હોય ત્યારે, અર્થાત્ કોઈ પણ અવસ્થામાં (તે સાધુ કે સાધ્વી સંયત, વિરત અને પ્રતિહત પ્રત્યાખ્યાતપાપકર્મા બને છે.)

હવે આ પ્રાણાતિપાતની ત્રણ કાળની ત્રિવિધ ત્રિવિધે કરેલી વિરતિનો મહિમા વર્ણવે છે કે–('**एस**'–પદમાં વિભક્તિનો વ્યત્યય હોવાથી) '**तत् खलु प्राणतिपातस्य विरमणं**'–તે પ્રાણાતિપાતની વિરતિ (ત્યાગ) નિશ્ચયથી '**हितं**'–(પથ્ય-આહારની જેમ) હિતકર છે, '**क्षमं**'–(તરસ્યાને શિતલ જલની જેમ) સુખ કરનાર છે, '**सुखं**'–તારવામાં (કર્મઘાત કરાવ-

વામાં) સમર્થ છે, '**नैःश्रेयसिकम्**'–મોક્ષના કારણભૂત–મોક્ષકારક છે, '**आनुगामिकं**'–ભવોભવ સુખ આપનાર (અર્થાત્ વિરતિના સંસ્કારનો અનુબંધ (પરંપરા) ચાલવાથી અન્યભવોમાં પણ વિરિતિજન્ય સુખને પ્રાપ્ત કરાવનાર), તથા '**पारगामिकं**'–પાર ઉતારનારું છે.

હવે એ હિતકર વગેરે કેમ છે તેના હેતુઓ કહે છે–'**सर्वेषां प्राणानाम्**'–સર્વ (બે, ત્રણ અને ચાર ઇન્દ્રિય વાળા) જીવોને. '**सर्वेषां भूतानाम्**'–સર્વ વનસ્પતિકાય જીવોને. '**सर्वेषां जीवानाम्**'–સર્વ પાંચ ઇન્દ્રિયવાળા જીવોને. '**सर्वेषां*सत्त्वानाम्**'–સર્વ પૃથ્વીકાય આદિ જીવોને '**अदुःखनतया**'–મનમાં સંતાપરૂપ દુઃખ નહિ કરવાપણાથી. '**अशोचनतया**'–શોક નહિ કરાવવાપણાથી. '**अजूरणतया**'–જીર્ણ (અશક્ત) નહિ કરવાપણાથી. (અર્થાત્ વૃષભ, પાડા, હાથી, ઘોડા, ઊંટ, ગધેડા વગેરેને અતિભાર ખેંચાવતાં, આહાર નહિ આપતાં, અંકુશ, ચાબુક વગેરેથી મારતાં, અશક્ત–વૃદ્ધ બનતાં જોવાય છે, તેવું નહિ કરવાથી).

---

* 'પ્રાણ' એટલે દશવિધ પ્રાણ ધારણ કરનારા પંચેન્દ્રિયો, 'ભૂત' એટલે થયા છે, થાય છે અને થશે તે ત્રિકાળવર્તી પૃથ્વીકાયાદિ પાંચ પ્રકારના જીવો, 'જીવ' એટલે નિરૂપક્રમ આયુષ્યથી જીવનારા–દેવો, નારકો, શલાકાપુરુષો, અસંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચ, મનુષ્ય, યુગલિકો તથા ચરમશરીરી મનુષ્યો; અને 'સત્ત્વ' એટલે લોકના ઉપકાર પૂરતું જ જેમનું સત્ત્વ છે તેવા વિકલપ્રાણવાળા, સોપક્રમ આયુષવાળા તિર્યંચ, મનુષ્યો અને વિકલેન્દ્રિય જીવો, એવો પણ અર્થ પાક્ષિકસૂત્રની વૃત્તિમાં કરેલો છે.

'**अतेपनया**'-ખેદ વગેરે નહિ પમાડવાથી, (પસીનો, લાળ, આંસુ વગેરે પડે તેવો પરિશ્રમ નહિ આપવાપણાથી) '**अपीडनया**'-પગ વગેરેથી (પીલવારૂપ) પીડા નહિ કરવાથી. '**अपरितापनतया**'-સર્વ પ્રકારનાં શારીરિક દુઃખોરૂપ સંતાપ કરવાના અભાવથી (નહિ કરવાથી). '**अनुपद्रवणतया**'-સર્વથા મરણ (અથવા અતિ ત્રાસ) નહિ કરવાથી (એ કારણોથી, આ વ્રત સર્વ પ્રાણ-ભૂત-વગેરેને હિતકર, સુખકર વગેરે ગુણકારક છે). વળી, આ પ્રાણાતિપાતવિરમણ પદ (વ્રત) કેવું છે તે કહે છે કે—'**महार्थं, महागुणं, महानुभावं, महापुरुषानुचीर्णं, परमर्षिदेशितं, प्रशस्तं**'-(ફળસ્વરૂપ વગેરે કહેલું હોવાથી) મહાઅર્થવાળું, (મહાવ્રતો સકલગુણોનો આધાર હોવાથી) મહાગુણસ્વરૂપ, (સ્વર્ગ, મોક્ષ વગેરે અચિન્ત્ય ફળ આપવાથી) મહા મહિમાવાળું, (તીર્થંકર, ગણધરાદિએ આચરેલું હોવાથી) મહાપુરુષોએ આચરેલું-સેવેલું, (શ્રી તીર્થંકરાદિએ ઉપદેશેલું હોવાથી) પરમર્ષિઓએ કહેલું અને (સકળ કલ્યાણને કરનાર હોવાથી) પ્રશસ્ત છે. તે પ્રાણાતિપાતવિરમણ મને '**दुःखक्षयाय, कर्मक्षयाय, मोक्षाय, बोधिलाभाय, संसारोत्तारणाय**'-શારીરિક, માનસિક, વગેરે સર્વ દુઃખોના ક્ષયને માટે, જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયને માટે, રાગદ્વેષાદિનાં બંધનોથી મુક્ત થવા માટે, જન્માન્તરમાં સમ્યક્ત્વાદિ સદ્ધર્મની પ્રાપ્તિ માટે અને મહાભયંકર ભવભ્રમણમાંથી પાર ઉતરવા માટે, 'સહાયક થશે' (એમ અહીં અધૂરો

પાઠ સમજી લેવો). 'इति कृत्वा'–એ કારણથી 'उपसंपद्य णं विरहामि'–તે પ્રાણાતિપાત વિરમણને સર્વથા અંગીકાર કરીને, 'માસકલ્પ' વગેરે નવકલ્પી સાધુના વિહારથી વિચરું છું (णं વાક્યની શોભા માટે અવ્યય સમજવો), કારણ કે એમ નહિ વિચરવાથી વ્રતનો સ્વીકાર વ્યર્થ થાય. હવે છેલ્લે વ્રત સ્વીકારવાની પ્રતિજ્ઞા (નિશ્ચય) કરતાં કહે છે કે—

'प्रथमे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वस्मात् प्राणातिपातात् विरमणं'–હે ભગવંત ! હું પહેલા મહાવ્રતની સમીપમાં રહ્યો છું, સર્વથા પ્રાણાતિપાતની વિરતિનો સ્વીકાર કરું છું, અર્થાત્ મારે આજથી સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી (હિંસાથી) વિરમણ એટલે નિવૃત્તિ (નહિ કરું એવી પ્રતિજ્ઞા) છે. અહીં 'હે ભગવંત' એવું આમંત્રણ આદિમાં, મધ્યે અને અંતે કરેલું હોવાથી, ગુરુને પૂછ્યા વિના કંઈ કરવું નહિ અને પૂછીને પણ કર્યા પછી તેઓને જણાવવું એમ સૂચવ્યું છે, એ રીતે આ વ્રતની આરાધના થાય છે. આ વ્રત લેવા છતાં પ્રાણાતિપાત કરનારાઓને 'નરકમાં જવું, આયુષ્ય ઘટવું–અલ્પ થવું, બહુ રોગો થવા, કદરૂપા થવું વગેરે દોષો સમજવા. (૧)

એ પ્રમાણે પહેલું વ્રત કહ્યું. હવે બીજું વ્રત કહે છે–

'अहावरे दु(दो)च्चे भंते०' ઇત્યાદિ–હવે પહેલા પછીના બીજા મહાવ્રતમાં હે ભગવંત ! શ્રી જિનેશ્વરદેવોએ

* મૃષાવાદની વિરતિ કહી છે. હે ભગવંત! તે મૃષાવાદનું હું સર્વથા પચ્ચક્ખાણ (ત્યાગ) કરું છું. તે આ પ્રમાણે- ક્રોધથી, લોભથી, ભયથી અથવા હાસ્યથી (હાંસી-મશ્કરી આદિ કુતૂહલોથી) અને પહેલા તથા છેલ્લા કષાયો ક્રોધ તથા લોભ કહ્યા માટે ઉપલક્ષણથી તેની વચ્ચેના માનથી તથા માયાથી પણ, એમ કોઈ હેતુથી હું સ્વયં મૃષા બોલું નહિ, બીજા દ્વારા મૃષા બોલાવું નહિ અને મૃષા બોલનારા બીજા કોઈને સારો જાણું નહિ. તે પછીનો અર્થ પહેલા વ્રત પ્રમાણે જાણવો.

---

* મૃષાવાદના ચાર પ્રકારો છે. ૧. સત્યનો નિષેધ કરવો, ૨. અસત્યની સ્થાપના કરવી, ૩. હોય તેથી બીજું જ કહેવું અને ૪. અનુચિત (ગર્હણીય) બોલવું. તેમાં ૧. આત્મા નથી, પુણ્યપાપ નથી વગેરે સત્ય વસ્તુનો નિષેધ સમજવો, એમ બોલવાથી આત્મા, પુન્ય, પાપ વગેરે તત્ત્વોના અભાવે જીવની દાન, ધ્યાન, તપ અધ્યયનાદિ સર્વ ક્રિયાઓ વ્યર્થ થાય અને જગતની વિચિત્રતાનું કારણ ન રહે વગેરે તેનું જુટ્ઠાપણું સમજવું. ૨. આત્મા બહુ નાનો છે, તે લલાટમાં કે હૃદયમાં રહે છે, અથવા સર્વત્ર વ્યાપક છે, ઇત્યાદિ અસત્યની સ્થાપના જાણવી. એથી સર્વ શરીરમાં સુખદુઃખનો અનુભવ થાય છે તે અસત્ય ઠરે, અથવા સર્વવ્યાપક હોય તો સર્વત્ર શરીરનો કે સુખ-દુઃખનો અનુભવ થવો જોઈએ, તે થતો નથી માટે તે મૃષા સમજવું. ૩. ગાયને ઘોડો, સ્ત્રીને પુરુષ ઇત્યાદિ બોલવું તે સ્પષ્ટ મૃષા છે જ. ૪. અયોગ્ય-ગર્હાયોગ્ય બોલવું તે, કાણાને કાણો કહેવો ઇત્યાદિ કટુ વચન, અથવા પરલોક જેનાથી બગડે તેવાં સાવદ્ય વચનો 'ખેતી કરો', 'કન્યાને પરણાવો', 'શત્રુને મારો' વગેરે બોલવું તે. એ ચારેય પ્રકારના મૃષાવાદની વિરતિ.

આ મૃષાવાદ દ્રવ્યાદિ વિષયોની અપેક્ષાએ ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે-૧. દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી ૩. કાળથી અને ૪. ભાવથી. તેમાં ૧. **દ્રવ્યથી**-જીવ અજીવ આદિ સર્વ દ્રવ્યોમાં અને તેના તે તે ધર્મ, અધર્મ આદિ ભાવો વગેરે સર્વ વિષયોમાં વિપરીત બોલવાથી ૨. **ક્ષેત્રથી**-ચૌદરાજ પ્રમાણ લોકમાં અને તેની બહાર અલોકમાં, અર્થાત્ લોક-અલોકને અંગે મૃષા બોલવાથી. ૩. **કાળથી** (કાળ સંબંધી અથવા રાત્રે કે દિવસે) અને ૪. **ભાવથી**-(ક્ષાયિકાદિ ભાવોને અંગે અથવા રાગ કે દ્વેષથી) પછીનો અર્થ પહેલા વ્રત પ્રમાણે—

'એ મૃષાવાદ હું બોલ્યો, અથવા બીજા પાસે બોલાવ્યો કે બોલનારા બીજાઓને મેં સારા માન્યા' વગેરે પહેલા વ્રતમાં કહ્યો તે પ્રમાણે-યાવત્ સંપૂર્ણ આલાપકનો અર્થ સમજી લેવો, જ્યાં પ્રાણાતિપાત શબ્દ છે, ત્યાં મૃષાવાદ સમજી તે પ્રમાણે અર્થ સમજવો. (૨)

હવે ત્રીજા વ્રતનું વર્ણન કરવા માટે કહે છે કે-

'**अहावरे तच्चे भंते ! महाव्वए**' ઇત્યાદિ-હવે એ પછીના ત્રીજા મહાવ્રતમાં હે ભગવંત ! શ્રી જિનેશ્વરદેવોએ માલિકે આપ્યા વિનાનું કાંઈ પણ લેવાનો નિષેધ (વિરામ) કહેલો છે, હે ભગવંત ! એવું માલિકે આપ્યાં વિનાનું લેવાનો હું સર્વથા ત્યાગ કરું છું. તે આ પ્રમાણે-ગામમાં, નગરમાં કે અરણ્યમાં કોઈ પણ સ્થળે, થોડું કે ઘણું,

નાનું કે મોટું, સજીવ કે નિર્જીવ, કંઈ પણ આપ્યા વિનાનું સ્વયં લઈશ નહિ, બીજા દ્વારા લેવરાવીશ નહિ, કે બીજો કોઈ સ્વયમેવ લે તેને હું સારું માનીશ નહિ, યાવજ્જીવ સુધી વગેરે તે પછીનો સઘળો અર્થ પહેલા આલાપકના અર્થ પ્રમાણે જાણવો.

તે અદત્તાદાન (આપ્યા વિના લેવા)ના પણ ચાર પ્રકારો આ પ્રમાણે છે-૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી અને ૪. ભાવથી. તેમાં **દ્રવ્યથી**-અદત્તાદાન, જે લેવા યોગ્ય કે પાસે રાખવા યોગ્ય હોય તે પદાર્થ, આથી ચાલવામાં, સ્થિર થવામાં, કે જીવનવ્યવહારમાં ઉપયોગી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ—એ ચાર દ્રવ્યો ગ્રહણ કરવાનાં કે પાસે રાખવાનાં હોતાં નથી. માટે તેને અંગે અદત્તાદાન નથી એમ સમજવું. **ક્ષેત્રથી**-ગામમાં નગરમાં કે અરણ્યમાં (અટવી, જંગલ, વન વગેરે વસતિ વિનાના ક્ષેત્રમાં) અર્થાત્ સજન, નિર્જન કોઈ પણ સ્થળે, **કાળથી** અને **ભાવથી,** પહેલા વ્રતમાં જણાવ્યા પ્રમાણે તે પછીનો અર્થ એ પણ તે વ્રતમાં કહ્યા પ્રમાણે જાણવો.

એ અદત્તાદાન ગ્રહણ કર્યું, બીજા પાસે ગ્રહણ કરાવ્યું અથવા બીજાએ ગ્રહણ કર્યું તેને સારું માન્યું વગેરે બાકીનો અર્થ પણ પૂર્વ પ્રમાણે.

જીવું ત્યાં સુધી આશંસા રહિત હું એ અદત્તાદાનને ગ્રહણ કરીશ નહિ, બીજા દ્વારા ગ્રહણ કરાવીશ નહિ

અને બીજા ગ્રહણ કરનારને સારો માનીશ નહિ. વગેરે પ્રથમ વ્રત પ્રમાણે.

નિશ્ચયથી આ અદત્તાદાનનો ત્યાગ હિતકારી છે, વગેરે પણ પૂર્વ પ્રમાણે. હે ભગવંત! હું આ ત્રીજા મહાવ્રત માટે ઉપસ્થિત થયો છું, સર્વથા અદત્તાદાનના ત્યાગને (વિરતિને) સ્વીકારું છું. (૩)

હવે ચોથા વ્રતના વિશિષ્ટ (ફેરફારવાળા) પાઠના અર્થ કહે છે.

"**अहावरे चउत्थे भंते०**" ઇત્યાદિ–હવે તે પછીના ચોથા મહાવ્રતમાં શ્રીજિનેશ્વરોએ મૈથુનથી વિરામ (વિરતિ) કરવાનું કહ્યું છે, 'હે ભગવંત! તે સર્વ મૈથુનને હું પચ્ચક્ખું છું. (ત્યાગ કરું છું) દેવ–દેવીના વૈક્રિય શરીર સંબંધી, મનુષ્ય-સ્ત્રી-પુરુષના શરીર સંબંધી, અને તિર્યંચ જીવો ઘોડા–ઘોડી આદિના શરીર સંબંધી, કોઈ પણ મૈથુન હું સ્વયં સેવું નહિ, બીજાને સેવરાવું નહિ કે બીજા સેવનારાઓને 'હું સારા માનું નહિ, (એવું પચ્ચક્ખાણ મારે) જાવજ્જીવ સુધી, વગેરે અર્થ પૂર્વ પ્રમાણે. તે મૈથુન ચાર પ્રકારનું છે. દ્રવ્યથી વગેરે, તે પણ પૂર્વે કહ્યા પ્રમાણે. તેમાં ૧. **દ્રવ્યથી** મૈથુન–' રૂપોમાં ' એટલે નિર્જીવ પ્રતિમાઓ વગેરેમાં અથવા જેને આભૂષણાદિ શણગાર ન હોય તેવાં રૂપો–ચિત્રોમાં (આસક્તિ કરવા રૂપ), તથા ' રૂપ સહગતમાં ' એટલે સજીવ સ્ત્રીપુરુષનાં શરીરોમાં અથવા આભૂષણ–અલં-

કારાદિ શોભા સહિત (ચિત્રાદિ) રૂપોમાં, ૨. **ક્ષેત્રથી** મૈથુન-ઊર્ધ્વલોક, અધોલોક, કે તિર્છાલોકમાં અર્થાત્ ત્રણે લોકમાં. ૩. **કાળથી** અને ૪. **ભાવથી** વગેરે પછીના પાઠનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

તે મૈથુન સેવ્યું હોય, સેવરાવ્યું હોય કે બીજા મૈથુન સેવનારાઓને સારા માન્યા હોય તેને નિન્દુ છું, વગેરે પૂર્વે કહ્યા પ્રમાણે.

જીવું ત્યાં સુધી આશંસા વિનાનો હું તે સર્વ મૈથુનને સ્વયં સેવીશ નહિ, બીજા દ્વારા સેવરાવીશ નહિ, બીજા સેવનારાઓને સારા માનીશ નહિ. પછીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

નિશ્ચયથી આ મૈથુનનો ત્યાગ હિતકર છે વગેરે પછીનો અર્થ પૂર્વે પ્રમાણે. હે ભગવંત! હું આ ચોથા મહાવ્રત માટે તૈયાર થયો છું (પાસે આવ્યો છું), એથી સર્વથા મૈથુન ત્યાગને હું સ્વીકારું છું. (૪)

હવે પાંચમા વ્રતના ફેરફારવાળા પાઠનો અર્થ કહે છે–

"**अहावरे पञ्चमे भंते०**" ઇત્યાદિ–હવે તે પછીના પાંચમા મહાવ્રતમાં શ્રીજિનેશ્વરોએ પરિગ્રહથી વિરામ (વિરતિ) કરવાનું કહ્યું છે. હે ભગવંત! હું તે સર્વ પરિ-ગ્રહને પચ્ચક્ખું છું (તજું છું). તે (પચ્ચક્ખાણ એ રીતે કરું છું કે) અલ્પ કે બહુ, નાના કે મોટા, તે પણ સચિત્ત (સજીવ) કે અચિત્ત (નિર્જીવ) કોઈ પણ (પદાર્થનો)

પરિગ્રહ હું સ્વયં કરીશ નહિ, બીજા દ્વારા તેવા પરિગ્રહને કરાવીશ નહિ અને પરિગ્રહ કરનારાઓને સારા માનીશ નહિ, વગેરે અર્થ પહેલા વ્રતમાં કહ્યા પ્રમાણે.

તે પરિગ્રહ ચાર પ્રકારનો છે: દ્રવ્યથી, ક્ષેત્રથી વગેરે પહેલા વ્રત પ્રમાણે. તેમાં **દ્રવ્યથી**–સજીવ (સ્ત્રી વગેરે), નિર્જીવ (ઘરેણાં વગેરે) અને મિશ્ર (સાલંકાર સ્ત્રી વગેરે), એમ કોઈ પણ પદાર્થમાં મૂર્છા તે દ્રવ્ય પરિગ્રહ. **ક્ષેત્રથી**–સર્વલોકમાં (ચૌદ રાજલોકમાં) આકાશ વગેરે સર્વ પદાર્થમાં પણ પરિગ્રહ (મમત્વ) કરી શકાય છે, માટે સર્વ લોકરૂપ ક્ષેત્રમાં પરિગ્રહ તે ક્ષેત્ર પરિગ્રહ. **કાળથી**–દિવસે કે રાત્રે અને **ભાવથી**–અલ્પ મૂલ્ય કે બહુ મૂલ્યવાળા કોઈ પણ પદાર્થમાં રાગ અથવા દ્વેષથી મમત્વ કરવું તે ભાવથી પરિગ્રહ. પછીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

એ પરિગ્રહ મેં ગ્રહણ કર્યો, બીજા પાસે ગ્રહણ કરાવ્યો કે બીજાએ ગ્રહણ કરેલો સારો માન્યો તેને નિન્દુ છું વગેરે પૂર્વ પ્રમાણે.

યાવજ્જીવ સુધી આસક્તિ રહિત હું સર્વ પરિગ્રહને સ્વયં ગ્રહણ કરીશ નહિ, બીજા દ્વારા ગ્રહણ કરાવીશ નહિ અને બીજા પરિગ્રહ ગ્રહણ કરનારાઓને સારા માનીશ નહિ, પછીનો અર્થ પૂર્વ પ્રમાણે.

આ પરિગ્રહનું વિરમણ (વિરતિ) નિશ્ચયથી હિતકારી છે, વગેરે પૂર્વ પ્રમાણે.

હે ભગવંત ! હું આ પાંચમા મહાવ્રતને માટે ઉપસ્થિત (તૈયાર) થયો છું. સર્વથા પરિગ્રહથી વિરામ (કોઈ પણ પદાર્થમાં મૂર્ચ્છાનો ત્યાગ) કરું છું. (૫)

હવે છઠ્ઠા રાત્રિભોજન વિરમણવ્રતમાં ફેરફારવાળા-પાઠનો અર્થ કહે છે-

"**अहावरे छट्ठे भंते०**" ઇત્યાદિ-હવે તે પછી છઠ્ઠા વ્રતમાં શ્રીજિનેશ્વરોએ રાત્રિભોજનનો વિરામ(ત્યાગ) કહ્યો છે. હે ભગવંત ! હું તે સર્વ રાત્રિભોજનનો એટલે 'રાત્રે ગ્રહણ કરેલું રાત્રે વાપરવું' વગેરે (ચાર) ભાંગાવાળા રાત્રિભોજનને પચ્ચક્ખું છું (ત્યાગ કરું છું). તે (એ રીતે કે) આહાર, પાણી, ખાદિમ અથવા સ્વાદિમ-એ ચારે પ્રકારના આહારનું હું સ્વયં રાત્રે ભોજન કરીશ નહિ, બીજાઓને રાત્રે ભોજન કરાવીશ નહિ અને બીજા રાત્રિભોજન કરનારાઓને સારા માનીશ નહિ. પછીનો અર્થ પહેલા વ્રત પ્રમાણે.

તે રાત્રિભોજન ચાર પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે-વગેરે પૂર્વ પ્રમાણે.

તેમાં **દ્રવ્યથી**-રાત્રિ ભોજન, અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ-એ ચાર પ્રકારનાં દ્રવ્યો પૈકી કોઈ વસ્તુ ખાવી તે. **ક્ષેત્રથી**-મનુષ્યલોકમાં, કારણ કે ત્યાં જ રાત્રિ હોય છે, (મનુષ્યલોક સિવાય અન્યત્ર રાત્રિ દિવસનો વ્યવહાર નથી). **કાળથી**-દિવસે અથવા રાત્રે, અને **ભાવથી**-કડવું,

તીખું, તૂરું, ખાટું, મીઠું અને ખારું, એમ કોઈ પણ સ્વાદવાળા પદાર્થમાં રાગ કે દ્વેષ કરવાપૂર્વક, બાકીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

એ રાત્રિભોજન સ્વયં ભોગવ્યું (ખાધું) બીજાને ખવરાવ્યું અથવા બીજાઓએ રાત્રે ખાધું તેને સારું માન્યું હોય તેને નિન્દુ છું વગેરે પૂર્વ પ્રમાણે.

જાવજ્જીવ સુધી અનાશંસાવાળો હું સર્વ રાત્રિ-ભોજનને સ્વયં રાત્રે કરીશ નહિ, બીજાઓને રાત્રે ભોજન કરાવીશ નહિ અને બીજા રાત્રિભોજન કરનારાઓને સારા માનીશ નહિ, પછીનો અર્થ પૂર્વ પ્રમાણે.

આ રાત્રિ ભોજનની વિરતિ નિશ્ચયથી હિતકારક છે. વગેરે પછીનો અર્થ પૂર્વ પ્રમાણે.

હે ભગવંત ! હું આ છઠ્ઠા વ્રતમાં (પાલનમાં) ઉપ-સ્થિત (ઉત્સાહી) થયો છું, સર્વ પ્રકારના રાત્રિ ભોજનનો હું વિરામ (ત્યાગ) કરું છું. (૬)

હવે એ સર્વ (છએ) વ્રતોની એક સાથે ઉચ્ચારણા કરતાં કહે છે કે—

"इच्चेइयाइं०" ઇત્યાદિ–એ ઉપર જણાવ્યાં તે પાંચ મહાવ્રતો કે જેની સાથે રાત્રિભોજન વિરમણ વ્રત છટ્ઠું છે, તે (છએ) વ્રતોનો આત્માના હિત માટે સમ્યક્ સ્વી-કાર કરીને હું વિચરું છું (પાલન કરું છું).

હવે ક્રમશઃ એ મહાવ્રતોના અતિચારો કહે છે.

"**अपसत्था य जे जोगा०**" ઇત્યાદિ ગા. "१ થી ६"—'**अप्रशस्ता च ये योगाः, परिमाणाश्च दारुणाः**'–અજયણાથી ચાલવું બોલવું વગેરે હિંસાજનક વ્યાપારો (પ્રવૃત્તિ) અને 'દારુણ પરિણામો' એટલે જીવોને હણવા વગેરેના રૌદ્ર (ધ્યાનરૂપ જે) અધ્યવસાયો '**प्राणातिपातस्य विरमणे, एष उक्त अतिक्रमः**'–પ્રાણાતિપાત વિરમણ વ્રતમાં આ અતિક્રમ-રૂપ દોષ કહેલો છે (માટે તેને તજવો જોઈએ), એમ માનીને તેને ત્યજે. એમ સર્વવ્રતોની ગાથાઓમાં (અધૂરો) અર્થ જોડવો. (૧)

'**तीव्ररागा**' ઇત્યાદિ–વિષયના ઉત્કટ રાગવાળી જે ભાષા, તથા '**तीव्रद्वेषा**'– ઉગ્ર મત્સરવાળી જે ભાષા (અર્થાત્ ઉત્કટ રાગ કે ઉત્કટ દ્વેષપૂર્વક બોલવું) તે મૃષાવાદ વિરમણવ્રતમાં અતિક્રમ કહ્યો છે. (માટે તેને તજવો જોઈએ) એમ માનીને તેને ત્યજે. (૨)

'**अवग्रहं च अयाचित्वा०**' કે તેણે જેને ભળાવ્યો હોય તેવા બીજા પાસેથી અવગ્રહ (ઉપાશ્રય–આશ્રય)ની યાચના કર્યા વિના (અનુમતિ મેળવ્યા વિના), તેમાં રહેવું, (એટલા શબ્દો અધ્યાહારથી સમજવા). તથા '**अविदत्ते वा अवग्रहे**'–પ્રતિનિયત અમુક (મેળવેલા) અવગ્રહની(જગ્યાની)બહાર(જે જગ્યા તેના માલિકે વાપરવાની સંમતિ ન આપી હોય ત્યાં) 'ચેષ્ટા કરવી' ('તેનો ઉપયોગ કરવો' એ શબ્દો પણ અધ્યાહારથી સમજવા), તે

અદત્તાદાન વિરમણવ્રતમાં અતિક્રમ (દોષ) કહેલો છે, એમ માનીને તે અતિચારોને ત્યજે. (૩)

'**सद्दा रूवा रसा गंधा, फासाणं०**' ઇત્યાદિ–અહીં પ્રક્રમથી સુંદર શબ્દ ઉમેરવો, જેથી સુંદર શબ્દો, રૂપો, રસો, ગંધો અને સ્પર્શોની '**प्रविचारणा**'–રાગપૂર્વક સેવા કરવી (ભોગવવા), તે મૈથુન વિરમણરૂપ ચોથા વ્રતમાં અતિક્રમ (દોષ) કહેલો છે, એમ માનીને તેનો ત્યાગ કરે. (૪)

'**इच्छा०**' ઇત્યાદિ ઇચ્છા એટલે પ્રાપ્ત નહિ થયેલા કોઈ પણ પદાર્થની પ્રાર્થના, '**मूच्छी च**'–ચોરાઈ (હરણ થઈ) ગયેલા, નાશ પામેલા પદાર્થનો શોક. '**गृद्धिश्च**'–વિદ્યમાન પદાર્થની મૂર્છા (મમત્વ) અને '**काङ्क्षा**'–નહિ મળેલા વિવિધ પદાર્થોની પ્રાર્થના, તદ્રૂપ જે લોભ, તે કેવો ? '**दारुण**'–રૌદ્રધ્યાનના કારણભૂત (અતિ ઉત્કટ), એ ઇચ્છા, મૂર્છા, ગૃદ્ધિ અને દારુણ કાંક્ષારૂપ લોભ, એ સર્વ પરિગ્રહ વિરમણ વ્રતમાં અતિક્રમ (દોષ) કહેલો છે, એમ માનીને તેને તજે, (અન્યત્ર ઇચ્છા, મૂર્છા વગેરે શબ્દોને, એક અર્થવાળા જણાવી જુદા જુદા શિષ્યોને તેમની ભાષામાં સમજાવવા માટે ભિન્ન ભિન્ન શબ્દોનો પ્રયોગ કર્યો છે, એમ પણ વિકલ્પે જણાવેલું છે) અહીં મૂળમાં જ્યાં જ્યાં '**य**'–'**च**' છે તે સમુચ્ચય (વળી) અર્થમાં સમજવા. (૫)

'**अतिमात्र आहारः**' ઇત્યાદિ–રાત્રે ક્ષુધા લાગવાના ભયથી દિવસે ઘણો આહાર લેવો, તથા '**सूरक्षेत्र शङ्कित**'–

ઉદય અસ્ત થવારૂપ સૂર્યક્ષેત્રમાં, અર્થાત સૂર્ય જ્યાં ઊગે અને આથમે તે આકાશ ક્ષેત્રમાં 'શંકિત' એટલે સૂર્યનો ઉદય થયો કે નહિ? અથવા અસ્ત થયો કે નહિ?–એવી શંકા હોવા છતાં આહાર લેવો, તે રાત્રિભોજન વિરમણ વ્રતમાં અતિક્રમ (દોષ) કહેલો છે, એમ માનીને તેને ત્યજે. (૬)

એમ છ વ્રતોનાં અતિચારો કહ્યા. હવે તેની રક્ષાનો ઉપાય કહે છે—

'**दंसणनाणचरित्ते०**' ઇત્યાદિ૦ '**दर्शनज्ञानचरित्राण्य-विराध्य**'–દર્શન, જ્ઞાન અને ચારિત્રની વિરાધના કર્યા વિના (અવિરાધિત). '**स्थितः श्रमणधर्मे**'–સાધુધર્મમાં સ્થિર (નિશ્ચલ) થયેલો હું, '**प्रथमं व्रतम् अनुरक्षामि**'–પહેલા વ્રતનું (કોઈ દોષ ન લાગે તેમ) રક્ષણ કરું છું (પાલન કરું છું). કેવો હું? '**विरयामो**' એ પદને બહુવચનને બદલે એકવચનાન્ત કરવાથી '**विरतोऽस्मि प्राणातिपातात्**'–સર્વથા પ્રાણાતિપાતથી વિરામ પામેલો (મુક્ત) એવો હું, અર્થાત્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનું યથાર્થ પાલન કરતો, શ્રમણધર્મમાં નિશ્ચળ અને પ્રાણાતિપાતથી વિરામ પામેલો હું પહેલા મહાવ્રતનું કોઈ પણ દોષ ન લાગે તેમ રક્ષણ–પાલન કરું છું. (૧)

એ પ્રમાણે બાકીની પાંચ ગાથાઓનો અર્થ પણ સમજી લેવો, માત્ર બીજી ગાથામાં 'મૃષાવાદથી વિરામ પામેલો', ત્રીજીમાં 'અદત્તાદાનથી વિરામ પામેલો', ચોથી

-પાંચમી-છઠ્ઠી ગાથામાં અનુક્રમે 'મૈથુનથી, પરિગ્રહથી અને રાત્રિભોજનથી વિરામ પામેલો' એવો અર્થ તે તે વ્રતને અનુસારે સમજી લેવો.

વળી પણ વ્રતોના રક્ષણનો ઉપાય કહે છે કે—

'**आलयविहारसमिओ०**' ઇત્યાદિ૦ '**आलयः**'–અહીં આલય શબ્દ સૂચક હોવાથી 'આલયવર્ત્તી' અર્થાત્ 'સ્ત્રી, પશુ, પંડક વગેરેથી રહિત' ઇત્યાદિ સકળ દોષ વિનાનાં સ્થાનમાં રહેલો હું, તથા '**विहारः**'–આગમોક્ત નવકલ્પી વિહારથી વિચરતો હું, '**समितः**'–ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિનું પાલન કરતો 'સમિત' એવો હું, તથા '**युक्तः**'–'પરિષહો સહવા, ગુરુકુળવાસ સેવવો' વગેરે સાધુના ગુણોથી યુક્ત એવો હું, '**गुप्तः**'–ત્રણ ગુપ્તિનું પાલન કરવાથી ગુપ્ત એવો હું, '**स्थितः श्रमणधर्मे**'–ક્ષમા, મૃદુતા આદિ દશ પ્રકારના શ્રમણધર્મમાં સ્થિર–નિશ્ચળ એવો હું, '**प्रथमं व्रतमनुरक्षामि, विरतोऽस्मि प्राणातिपातात्**' એનો અર્થ ઉપર જણાવેલી ગાથાઓના અર્થ પ્રમાણે (અર્થાત્ પ્રાણાતિપાતથી વિરામ પામેલો હું પહેલા મહાવ્રતનું સર્વ દોષોથી રક્ષણ કરું છું (એમ) કરવો. (૧)

આ ગાથા પ્રમાણે જ બીજીથી છઠ્ઠી ગાથા સુધીનો અર્થ પણ કરવો. માત્ર 'બીજીમાં મૃષાવાદથી, ત્રીજીમાં અદત્તાદાનથી, ચોથીમાં મૈથુનથી, પાંચમીમાં પરિગ્રહથી

અને છઠ્ઠીમાં રાત્રિભોજનથી વિરામ પામેલો હું' એટલો અર્થ તે તે શબ્દોને અનુસારે ભિન્ન ભિન્ન કરવો. સાતમી ગાથાના પૂર્વાર્ધનો અર્થ પણ ઉપર જણાવ્યો તેમ કરવો; ઉત્તરાર્ધમાં આટલો ફેરફાર સમજવો, 'त्रिविधेन'-મન, વચન અને કાયારૂપ ત્રણ યોગથી, 'अप्रमत्तः'-સારી રીતે એકાગ્ર બનેલો હું, 'रक्षामि महाव्रतानि पञ्च'-સ્વજીવની જેમ પાંચ મહાવ્રતોનું રક્ષણ (પાલન) કરું છું. (૭)

હવે એકથી દશ પર્યન્ત હેય ભાવોનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરવા દ્વારા મહાવ્રતોની વિશેષ રક્ષા માટે કહે છે કે—

'सावज्जजोगमेगं०' ઇત્યાદિ. 'सावद्ययोगमेकम्'-(સર્વ નિન્દ્ય કર્મોરૂપ) એક પાપવ્યાપારને, 'मिथ्यात्वमेकम्'-એક મિથ્યાત્વને, 'एवमज्ञानं'-એ પ્રમાણે (એક) અજ્ઞાનને, 'परिवर्जयन्'-ત્યાગ કરતો, 'गुप्त'-મન, વચન અને કાયગુપ્તિથી ગુપ્ત, 'रक्षामि महाव्रतानि पञ्च'-પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. (આ ગાથામાં અજ્ઞાન, મિથ્યાત્વ અને અવિરતિ-રૂપ જ્ઞાન, દર્શન અને ચરિત્રનાં મૂળ દૂષણોનો ત્યાગ કરવા પૂર્વક શુદ્ધ મન, વચન અને કાયાથી પાંચ મહાવ્રતોનું રક્ષણ જણાવ્યું', એમ સમજવું). (૧)

'अनवद्ययोगमेकम्'-સકળ આત્મહિતકર અનુષ્ઠાનોરૂપ એક નિષ્પાપ વ્યાપારને, 'सम्यक्त्वम् एकम्'-એક સમ્યગ્-દર્શનને અને 'एवं ज्ञानं तु'-એ પ્રમાણે એક સમ્યગ્જ્ઞાનને

પણ, 'उपसंपन्नः'-પ્રાપ્ત થયેલો હું (અર્થાત્ ચારિત્ર, સમ્યક્ત્વ અને જ્ઞાનવાળો) તથા 'युक्तः'-(વિનય, વૈયાવચ્ચ વગેરે) સંયમના વ્યાપારથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. (૨)

'द्वौ चैव रागद्वेषौ'-એક રાગ અને એક દ્વેષ એમ બે તથા 'द्वे च ध्याने आर्त्तरौद्रे'-અને બે દુષ્ટ ધ્યાનો, એક આર્ત અને બીજું રૌદ્ર, એનો ત્યાગ કરતો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. (૩) 'द्विविधं चारित्रधर्मम्'-દેશ-વિરતિ અને સર્વવિરતિરૂપ બે પ્રકારના ચારિત્રધર્મને, અને 'द्वे च ध्याने धर्मशुक्ले'-ધર્મ તથા શુક્લ એ બે ધ્યાનોને, 'उप०' વગેરેનો અર્થ 'પ્રાપ્ત થયેલો અને યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું.' હવે પછીની ગાથાઓના ઉત્તરાર્દ્ધનો અર્થ એ પ્રમાણે જાણવો. (૪)

મૂળગાથામાં 'किण्हा' વગેરે પ્રથમાન્ત છે, તોપણ વિભક્તિને બદલવાથી 'कृष्णां नीलां कापोतां'-કૃષ્ણ, નીલ અને કાપોત એ 'तिस्रो लेश्या अप्रशस्ताः'-ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓને, 'परि०' વગેરે પૂર્વ પ્રમાણે. (૫) 'तैजसीं पद्मां शुक्लां'-તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એ 'तिस्रो लेश्याः सुप्रशस्ताः'-ત્રણ અતિપ્રશસ્ત લેશ્યાઓને, 'उव०' વગેરે પૂર્વ પ્રમાણે. (૬)

'मनसा'-શુભ ભાવરૂપ પ્રશસ્ત ચિત્ત દ્વારા પાંચ મહા-વ્રતોનું હું રક્ષણ કરું છું એમ સંબંધ જોડવો. તેમાં હું

કેવો ? '**मनःसत्यविद्वान्**'-મનસત્યને જાણતો હું; અર્થાત્ અકુશળ મનનો નિરોધ અને શુભ ચિત્તની ઉદીરણા કરવા-રૂપ મનસત્ય (મનના સંયમ)ને જાણતો, એ પ્રમાણે '**वाक्-सत्येन**'-કુશળ વચનની ઉદીરણા અને અકુશળનો નિરોધ કરવારૂપ વચનસંયમ વડે અને '**करणसत्येन**'-ક્રિયાની શુદ્ધિ વડે અર્થાત્ કાયસંયમ વડે, (કાયસંયમ, કાર્ય કરતાં ગમન-આગમન વગેરે જયણાથી કરવાથી અને કાર્ય ન હોય ત્યારે હાથ-પગ વગેરે અવયવોને સંકોચીને સ્થિર બેસવાથી થાય છે) એમ '**त्रिविधेनापि सत्यवित्**'-ત્રણેય પ્રકારે સંયમને જાણતો હું પંચમહાવ્રતોનું રક્ષણ કરું છું. આ 'મનસંયમ' વગેરે ત્રણ ભાંગા કહ્યા તેનાથી, દ્વિક-સંયોગી પણ ત્રણ ભાંગાનું સૂચન કરેલું છે, તે આ પ્રમાણે : ૧. મન-વચનના સંયમથી, ૨. મન-કાયાના સંયમથી તથા ૩. વચન-કાયાના સંયમથી. અને ત્રિકસંયોગી ૧. મન-વચન-કાયા ત્રણેના સંયમથી, એમ સર્વ ભાંગાથી સત્યને (સંયમને) જાણતો અર્થાત્ શુદ્ધ સંયમનો પાલક હું. આ કથનથી ત્રિકસંયોગી એક ભાંગો કહ્યો એમ સમજવું. કુલ ૧. માત્ર મન, ૨. માત્ર વચન, ૩. માત્ર કાયા, ૪. મન-વચન, ૫. મન-કાયા, ૬. વચન-કાયા, ૭. મન-વચન-કાયા–એમ સાત ભાંગે સંયમનું રક્ષણ કરું છું, એમ અર્થ જાણવો. (૭)

'**चतस्रश्च दुःखशय्या**'-ચાર દુઃખશય્યાઓ, તે દ્રવ્યથી તેવો દુષ્ટ પલંગ–ખાટલો (સંથારો) વગેરે, ભાવથી દુઃખ-શય્યા એટલે દુષ્ટ ચિત્તજન્ય કુસાધુતાનો સ્વભાવ, તેના

ચાર પ્રકારો (શ્રી ઠાણાંગસૂત્રમાં) આ પ્રમાણે છે: ૧. પ્રવચનમાં (જિનવચનમાં) અશ્રદ્ધા, ૨. બીજા પાસેથી (પૌદ્‍ગલિક) ધન આહારાદિ મેળવવા વગેરેની ઇચ્છા-પ્રાર્થના, ૩. દેવ-મનુષ્ય સંબંધી કામ(ભોગો)ની આશંસા (મેળવવાની-ભોગવવાની ઇચ્છા), અને ૪. સ્નાનાદિ શરીર-સુખની (ગૃહસ્થપણાનાં સુખોની) ઇચ્છા-આ ચાર દુષ્ટ ભાવનાઓથી સંયમમાં દુઃખનો અનુભવ થાય માટે તે દુઃખશય્યાઓ સમજવી. તથા '**चतस्रः संज्ञाः**'-(અશાતા-વેદનીય અને મોહનીયના ઉદયજન્ય) ચાર પ્રકારની ચેતના: ૧. આહારસંજ્ઞા, ૨. ભયસંજ્ઞા, ૩. મૈથુનસંજ્ઞા અને ૪. પરિગ્રહસંજ્ઞા; તથા "**चत्वारः कषायाश्च**'-ક્રોધ, માન, માયા અને લોભ-એ ચાર કષાયો; એ દરેકને '**परि०**'-ત્યાગ કરતો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. (૮). તથા '**चतस्रश्च सुखशय्याः**'-ચાર સુખશય્યાઓ, તે દ્રવ્યથી અને ભાવથી દુઃખશય્યાઓ કહી, તેનાથી વિપરીત (ચોથા-ઠાણામાં કહ્યા પ્રમાણે) જાણવી. '**चतुर्विधं संवरं**'-ચાર પ્રકારે સંવર, તેમાં મન, વચન અને કાયા એ ત્રણનો (અકુશળથી નિરોધ અને કુશળમાં પ્રવર્તાવવારૂપ) સંવર, તથા (મહા-મૂલ્ય વસ્ત્રો, સુવર્ણ આદિના ત્યાગરૂપ) ચોથો ઉપકરણ સંવર જાણવો. તથા '**समाधिं च**'-ચાર પ્રકારની સમાધિ, અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ-એ ચારને અંગે આત્માનો પ્રશસ્ત (આરાધક) પરિણામ-તે ચાર પ્રકારે સમાધિ જાણવી. એ બધાં પદો દ્વિતીયા વિભક્તિવાળાં

હોવાથી ચાર પ્રશસ્ત શય્યાઓને, ચાર પ્રકારના સંવરને અને ચાર સમાધિને ' **उप०** '-સ્વીકારતો ( પ્રાપ્ત થયેલો ) હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું વગેરે પૂર્વની જેમ અર્થ કરવો. (૯)

' **पञ्चैव च कामगुणान्** '-મનોભિષ્ટ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે ( કામ એટલે વિકારને ગુણ કરનારા હોવાથી ) કામગુણોને, તથા ' **पञ्चैव च आस्नवान्-महादोषान्** '-પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ, એ પાંચ કર્મોનું ગ્રહણ કરે માટે આસ્નવો અર્થાત્ કર્મ આવવાનાં (બંધનાં) દ્વારોરૂપ આસ્રવો; એ (આત્માને દારુણ દુઃખોનાં કારણો હોવાથી) ' મહાદોષો ' છે, તેને ' **परि०** '-વગેરે પૂર્વ પ્રમાણે. (૧૦) તથા ' **पंचिं-दियसंवरणं** '-( નિવૃત્તિ અને ઉપકરણરૂપ બે દ્રવ્યેન્દ્રિય અને લબ્ધિ તથા ઉપયોગરૂપ બે ભાવેન્દ્રિય એમ ચાર પ્રકારની) સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોના ( ઇષ્ટ વિષયોમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ નહિ કરવા રૂપ) સંવરને, ' **तथैव पञ्चविधमेव स्वाध्यायम्** ' -તથા એ જ રીતે પાંચ પ્રકારના (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ) સ્વાધ્યાયને, ' **उप०** '-પ્રાપ્ત થયેલો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું વગેરે (૧૧).

' **षड्जीवनिकायवधं०** '-પૃથ્વીકાયાદિ છ પ્રકારના જીવોના વધને ( વિનાશને) તથા ' **षड्विधाः ( षडपि ) च भाषा अप्रशस्ताः** '-છ પ્રકારની અપ્રશસ્ત (કર્મબંધ થાય તેવી) ભાષાઓને; તે આ પ્રમાણે : ૧. હીલિતા, ૨. ખિંસિતા, ૩.

પરુષા, ૪. અલિકા, ૫. ગાર્હસ્થી અને ૬. ઉપશમિતાધિકરણોદીરણી–એમ છ જાણવી; તેમાં અસૂયાથી–અવજ્ઞાથી (અનાદરપૂર્વક હે ગણિ, હે વાચક, હે જ્યેષ્ઠાર્ય, વગેરે) બોલવું તે ૧. હીલીતા; નિન્દાપૂર્વક (બીજાના અયોગ્ય વર્તનને પ્રગટ કરવાપૂર્વક) બોલવું તે ૨. ખિંસિતા; (હે દુષ્ટ ! વગેરે) ગાલી દેવાપૂર્વક કઠોર વચન બોલવું તે ૩. પરુષા; ('દિવસે કેમ ઊંઘો છો' વગેરે શિખામણ આપતા ગુર્વાદિકને 'નથી ઊંઘતો' વગેરે) અસત્ય જણાવવું તે ૪. અલિકા; ગૃહસ્થની જેમ (પિતા, પુત્ર, કાકા, ભાણેજ વગેરે સગાઈવાચક) બોલવું તે ૫. ગાર્હસ્થી; અને શાન્ત થયેલા કલહ વગેરે પુનઃ શરૂ થાય તેવું બોલવું તે ૬. ઉપશમિતકલહપ્રવર્તની. એ દરેકને '**परि०**' ત્યાગ કરતો વગેરે પૂર્વની જેમ (૧૨). '**षड्विधं अभ्यन्तरं बाह्यम् अपि च षड्विधं तपोकर्म०**'–પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને શુભ ધ્યાન–એ છ પ્રકારનું અભ્યંતર તપકર્મ, અને અનશન, ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા–એ છ પ્રકારનું બાહ્ય તપકર્મ, તેને '**उप०**'–પ્રાપ્ત થયેલો વગેરે પૂર્વે કહ્યા પ્રમાણે (૧૩).

'**सप्त च भयस्थानानि**'–ઇહલોકભય, પરલોકભય વગેરે પૂર્વે (પગામસિજ્જાના અર્થમાં) કહી ગયા તે સાત ભયસ્થાનોને (ભયમોહનીય કર્મના ઉદયથી જન્ય આત્માના ભયરૂપ પરિણામનાં કારણોને) તથા '**सप्तविधं चैव ज्ञानविभङ्गम्**'–અહીં 'જ્ઞાન અને 'વિભંગ' બે પદો પૂર્વાપર

ફેરવવાથી સાત પ્રકારનાં વિભંગ જ્ઞાનને, 'परि०'-ત્યાગ કરતો વગેરે પૂર્વ પ્રમાણે. આ વિભંગ જ્ઞાનના સાત પ્રકારો બતાવનારી ગાથા કહે છે:—

"इग-पणदिसि लोगगमो, किरिआवरणो मुदग्गओ जीओ। ण मुदग्गओ रूवी, सव्व जीवो सग विभंगा॥" અર્થાત્ ૧. 'एकदिशि लोगाभिगमः'-પૂર્વાદિ કોઈ એક જ દિશામાં લોક (સર્વ જગત્ છે એવો) બોધ તે એક વિભંગજ્ઞાન; તથા ૨. 'पञ्चसु दिक्षु लोकाभिगमः'-કર્મોને નહિ માનવારૂપે અને શરીરના ધર્મો દેખીને આત્માને તેવો માનવારૂપે છ દિશાને બદલે ઊર્ધ્વ, અધો પૈકી કોઈ એક અને ચાર તિર્છી દિશાઓ, એમ પાચ દિશામાં લોક છે એવો બોધ; ૩. 'क्रियावरणो जीवः'-જીવ પ્રાણાતિપાત વગેરે ક્રિયાઓ કરે છે તે પ્રત્યક્ષ દેખાય છે, તેમાં હેતુભૂત કર્મ તો દેખાતું નથી, માટે જીવ કર્મથી આવૃત્ત નથી, પણ 'ક્રિયા જ જીવનું આવરણ છે' એવો બોધ; ૪. 'मुदग्र'-ભવનપત્યાદિ દેવોનું વૈક્રિય શરીર બાહ્ય-અભ્યંતર પુદ્ગલોના ગ્રહણપૂર્વક કરાતું જોવાથી જીવ 'મુદગ્ર' એટલે સ્વશરીરાવગાહ ક્ષેત્ર સિવાયના અન્ય ક્ષેત્રમાંથી લીધેલા પુદ્ગલોના શરીરવાળો છે, એવો અભિપ્રાય; ૫. 'अमुदग्र'-વૈમાનિક દેવોનું વૈક્રિય શરીર બાહ્ય-અભ્યંતર પુદ્ગલોના ગ્રહણ વિના રચાતું જોઈને જીવ 'અમુદગ્ર' એટલે બાહ્ય-અભ્યંતર ક્ષેત્રગત પુદ્ગલોના ગ્રહણ વિનાના સ્વશરીરાવગાઢ ક્ષેત્રગત પુદ્ગલોના શરીરવાળો છે, એવો વિકલ્પ; ૬. 'जीवो रूपी'-

વૈક્રિય શરીરધારી દેવોના રૂપને જોઈને શરીરને જ જીવ માનવો જેમ કે—'જીવ રૂપી' છે એવો અભિપ્રાય; અને ૭. '**सर्वजीवः**'–વાયુથી ચલાયમાન પુદ્‌ગલોને જોઈને તેમાં પણ જીવની માન્યતા કરવાથી જગતમાં દેખાય છે તે પ્રત્યેક વસ્તુ 'જીવ' છે, એવો અભિપ્રાય. આ સાતે અભિપ્રાયોમાં લોક છ દિશાઓમાં છે છતાં ન્યૂન માનવારૂપે, તથા કર્મોને નહિ માનવારૂપે અને શરીરના ધર્મો દેખીને આત્માને તેવો માનવારૂપે, 'વિ'–વિપરીત, 'ભંગ'–કલ્પના હોવાથી તેને વિ–ભંગ–'વિભંગ'જ્ઞાન કહ્યું છે. આ જ્ઞાન મિથ્યાત્વ મોહનીયના ઉદયપૂર્વકના જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી થાય છે, અથવા મિથ્યાત્વી દેવ–નારકીને ભવપ્રત્યયિક હોય છે, માટે તે અજ્ઞાન છે. (૧૪) તથા—

'**पिण्डैषणाः पानैषणाः**'–સાત પિણ્ડૈષણા અને સાત પાનૈષણાનું વર્ણન ગોચરીના દોષોમાં કહ્યા પ્રમાણે જાણવું. તેને તથા '**अवग्रहाः (सप्त)**'–અહીં સૂચના માત્ર કરી છે, એટલે '**अवग्रह**'–વસતિ (રહેઠાણ–ઉપાશ્રય) ને અંગે સાત પ્રકારની પ્રતિમાઓ (અભિગ્રહો), તે આ પ્રમાણે: ૧. 'આવો –અમુક ઉપાશ્રય મેળવવો પણ બીજો નહિ' એમ અભિગ્રહ કરીને પછી તેવાની જ યાચના કરીને તેવો મેળવવો તે પહેલી પ્રતિમા. ૨. 'હું બીજાઓને માટે ઉપાશ્રય યાચીશ, અથવા બીજાઓએ યાચેલામાં રહીશ' એવો અભિગ્રહ તે બીજી પ્રતિમા. પહેલી પ્રતિમા સર્વસામાન્ય (સર્વ) સાધુઓને ઉદ્દેશીને અને બીજી ગચ્છવાસી સાંભોગિક (એક માંડલીવાળા) કે અસાંભોગિક (ભિન્ન માંડલીવાળા) ઉત્કટ

વિહારી (નિરતિચાર ચારિત્રવાળા) સાધુઓને અંગે છે; એમ એમાં ભિન્નતા સમજવી; કારણ કે, તેઓ એકબીજાને માટે એ રીતે યાચના કરે છે. ૩. 'બીજાને માટે વસતિની યાચના કરીશ; પણ હું બીજાએ યાચેલીમાં રહીશ નહિ' એવો અભિગ્રહ તે ત્રીજી પ્રતિમા; આ 'યથાલંદક' (જિનકલ્પના જેવી કઠોર ક્રિયા કરનાર) સાધુને હોય છે, કારણ કે, તેઓ બાકી રહેલા સૂત્રનું તથા અર્થનું અધ્યયન આચાર્ય દ્વારા કરવાની અભિલાષાવાળા હોવાથી આચાર્યને માટે તેવી યાચના કરે છે. ૪. 'હું બીજાઓને માટે વસતિ યાચીશ નહિ, પણ બીજાએ યાચેલી વસતિમાં રહીશ' એવો અભિગ્રહ તે ચોથી પ્રતિમા; આ ગચ્છમાં રહીને જિનકલ્પનો અભ્યાસ કરનારા સાધુઓને હોય છે. ૫. 'હું મારા માટે વસતિની યાચના કરીશ, બીજાને માટે નહિ' એવો અભિગ્રહ તે પાંચમી પ્રતિમા; આ જિનકલ્પિક સાધુને હોય છે. ૬. 'જેની વસતિ ગ્રહણ કરીશ, તેનું જ સાદડી, ઘાસ વગેરે પણ સંથારા માટે મળશે તો લઈશ, અન્યથા ઉત્કટાસને કે બેઠાં બેઠાં રાત્રી પૂર્ણ કરીશ' એવો અભિગ્રહ તે છઠ્ઠી; આ પણ જિનકલ્પિક વગેરેને જ હોય છે. ૭. સાતમી પણ છઠ્ઠીના જેવી જ સમજવી; માત્ર 'સંથારા માટે શિલા વગેરે જે જેવું પાથરેલું મળશે તે લઈશ, અન્યથા નહિ' એ અભિગ્રહ પણ જિનકલ્પિકાદિને જ હોય છે. એ સાત (અવગ્રહ) પ્રતિમાઓને, તથા '(**सत्तिकया**) **सप्त सप्तै-कका:**'-આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધની બીજી ચૂલિકા-

રૂપે જે સાત અધ્યયનો છે, તેમાં ઉદ્દેશા નહિ હોવાથી તે એકસરા અધ્યયન કહેવાય છે. તેનું એકસરાપણું છે માટે 'એકેક' અને સાતની સંખ્યા છે, માટે દરેકને 'સપ્તૈકક' કહેવાય છે, કારણ કે, શાસ્ત્રોમાં તે અધ્યયનોનું તેવું નામ છે. તે દરેકનાં નામો (પગામસિજ્જાના અર્થમાં) પૂર્વે કહ્યાં છે, તે પ્રમાણે જાણવાં. એ સાત સપ્તકીઆને, તથા '**महाध्ययनानि**' -શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનાં સાત અધ્યયનો, તે પહેલા શ્રુતસ્કંધનાં અધ્યયનોની અપેક્ષાએ મહાન્ (મોટાં) છે, તેથી 'મહાધ્યયનો' કહેવાય છે. તેનાં નામો પણ (પગામસિજ્જાના અર્થમાં) પૂર્વે કહ્યાં તે પ્રમાણે જાણવાં. તે સાત મહાધ્યયનોને 'उप०' પ્રાપ્ત થયેલો વગેરે અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે. (૧૫)

'**अष्टौ मदस्थानानि**'-જાતિમદ વગેરે (પગામસિજ્જા-માં કહ્યાં તે) આઠ મદસ્થાનો (મદ થવાનાં જાતિ વગેરે આઠ નિમિત્તો) તેને, તથા '**अष्टौ कर्माणि**'-જ્ઞાનાવરણી-યાદિ આઠ કર્મોને, અને '**तेषां बन्धं च**'-એ આઠ કર્મોનો નવો બંધ, તે દરેકને, '**परि०**'-ત્યાગ કરતો વગેરે બાકીનો અર્થ ઉપર કહ્યા પ્રમાણે જાણવો. (૧૬)

તથા '**अष्ट च प्रवचनमातरः**'-ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ, એ આઠ પ્રવચન-માતાઓ કે જે, '**अष्टविधनिष्ठितार्थैः दृष्टा**'-આઠ પ્રકારના અર્થો (જ્ઞાનાવરણીયાદિ કર્મો) જેઓને ક્ષય થયા છે એવા શ્રી જિનેશ્વરદેવોને 'દૃષ્ટા' એટલે પ્રાપ્ત થઈ છે.

તે આઠ પ્રવચન-માતાઓને 'उप०' પ્રાપ્ત થયેલો વગેરે અર્થ ઉપર પ્રમાણે. (૧૭)

'**नव पापनिदानानि**'-પાપનાં કારણભૂત નવ (ભોગ વગેરેને મેળવવાની ભાવનારૂપ) નિયાણાં, તે આ પ્રમાણે: "**निव-सिट्ठि-इत्थि-पुरिसे, परपविआरे सपविआरे अ। अप्परयसुर-दरिद्दे, सड्ढे हुज्जा नव निआणे**"-કોઈ સાધુ (તપસ્વી) એમ વિચારે કે, દેવ-દેવલોક તો પ્રગટ છે નહિ, માટે આ પ્રત્યક્ષ દેખાય છે તે ઋદ્ધિમંત રાજાઓ જ દેવો છે, જો મારા તપ-નિયમાદિનું ફળ હોય તો '**ભવિષ્યમાં હું રાજા થાઉં**'-૧. કોઈ એમ વિચારે કે રાજાને તો બહુ ખટપટ અને દુઃખ-ભય હોય છે, માટે '**હું ધનપતિ-શેઠ થાઉં**'-૨. કોઈ એમ વિચારે કે પુરુષને ઘણી પ્રવૃત્તિ, યુદ્ધમાં ઊતરવું, દુષ્કર કાર્યો કરવાં વગેરે દુઃખ હોય છે, માટે મારું તપ-નિયમ વગેરે સફળ હોય તો '**હું ભવિષ્યમાં સ્ત્રી થાઉં**'-૩. કોઈ એમ વિચારે કે સ્ત્રી નિર્બળ, પરાધીન તથા નિન્દાનું પાત્ર ગણાય છે, માટે '**હું અન્ય જન્મમાં પુરુષ થાઉં**'-૪. કોઈ એમ વિચારે કે આ મનુષ્યના ભોગો તો મૂત્ર, પુરિષ, વમન, પિત્ત, શ્લેષ્મ, શુક્ર વગેરે અશુચિથી ભરેલા છે, દેવ-દેવીઓ પોતાનાં વિધ-વિધ વૈક્રિય રૂપો કરીને ભોગ ભોગવે છે, માટે હું બીજાં દેવ-દેવીઓને ભોગવી શકું તેવો '**પરપ્રવિચારી દેવ થાઉં**'-૫. કોઈ વળી એમ વિચારે કે એમાં તો બીજા દેવ-દેવીઓની પરાધીનતા છે, માટે હું મારા પોતાનાં જ

દેવ-દેવીનાં ઉભય રૂપો વિકુર્વીને બન્ને વેદનાં સુખો ભોગવી શકું તેવો '**સ્વપ્રવિચારી દેવ થાઉં**'–૬. કોઈ મનુષ્ય અને દેવોના ભોગોથી વૈરાગી બનેલ સાધુ કે સાધ્વી એમ વિચારે કે આ ધર્મ જો સફળ હોય, તો જ્યાં પ્રવિચારણા નથી તેવો (નવગ્રૈવેયકાદિ) '**અલ્પવેદવાળો દેવ થાઉં**'–૭. કોઈ એમ વિચારે કે દેવ તો અવિરતિ હોય છે, માટે આ ધર્મનું ફળ મળે તો હું અન્ય જન્મમાં શ્રીમંત ઉગ્ર કુળ વગેરે ઉત્તમ કુલમાં '**શ્રાવક થાઉં**'–૮. અને કોઈ એમ વિચારે કે કામભોગો દુઃખદાયી છે, ધન પ્રતિબંધક છે, માટે અન્ય ભવમાં હું '**દરિદ્ર થાઉં**' કે જેથી સુખપૂર્વક ગૃહસ્થભાવને ત્યજી પ્રવ્રજ્યા ગ્રહણ કરી શકું–૯. એમ પોતાના તપ, નિયમ, વ્રત વગેરેની આરાધનાના ફળરૂપે અન્ય ભવમાં તે તે અવસ્થાને પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરવો તે * નવ નિયાણાને, તથા '**संसारस्थाश्च नव-**

* આમાં પહેલા છ નિયાણાવાળાઓ અન્ય ભવે વીતરાગનો માર્ગ સાંભળે તોપણ તેની શ્રદ્ધા ન થાય; સાતમા નિયાણાવાળાને ધર્મમાં શ્રદ્ધા થાય, પણ દેશવિરતિના પરિણામ ન થાય; આઠમા નિયાણાવાળા શ્રાવક થાય, પણ સર્વવિરતિ પ્રાપ્ત ન કરે અને નવમા નિયાણાવાળાને સાધુપણું મળે, પણ મોક્ષપ્રાપ્તિ ન થાય, એમ સમજીને નિયાણાં નહિ કરવાં. કારણ કે નિયાણાં કર્યા વિના જ સાધુ-શ્રાવકધર્મના ફળરૂપે તે તે ફળ મળે જ છે; ઉલટું નિયાણાં કરવાથી ભવિષ્યમાં ધર્મપ્રાપ્તિ થતી નથી. છેલ્લા નિયાણાથી સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ પ્રગટ થવા છતાં જીવનો મોક્ષ અટકે છે; પ્રથમનાં સાત નિયાણા તો નિયમા સંસારવર્ધક જ છે.

**विधा जीवाः**'–પૃથ્વી, અપ, તેજો, વાઉ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ નવ પ્રકારના સંસારવર્તી જીવોને (હિંસાદિ વિરાધનાનો) '**परि०**'–ત્યાગ કરતો વગેરે અર્થ પૂર્વ પ્રમાણે.* (૧૮) તથા '**नवब्रह्मचर्य-गुप्तः**'–બ્રહ્મચર્યની નવ વાડોથી સુરક્ષિત (બ્રહ્મચર્યવાળો), હું '**द्वि नवविधं ब्रह्मचर्यं परिशुद्धं**'–દ્વિ નવવિધ એટલે અઢાર પ્રકારના નિર્દોષ બ્રહ્મચર્યને, '**उप०**'–પ્રાપ્ત થયેલો વગેરે અર્થ પૂર્વ પ્રમાણે. (નવ ગુપ્તિનું વર્ણન આ જ પુસ્તકમાં કહેવાશે. બ્રહ્મચર્યના દૈવી તથા ઔદારિક ભોગો, મન, વચન, કાયાથી, સેવવા નહિ, સેવરાવવા નહિ અને બીજા સેવતા હોય તેને અનુમોદવા નહિ એમ (૨×૩=૬×૩=૧૮) અઢાર ભેદો સમજવા. (૧૯)

'**उपघातं च दशविधम्**'–દશ પ્રકારના ચારિત્રાદિના ઉપઘાતને, તે આ પ્રમાણે: "**उग्गम–उप्पा–एसण–परि-हरण–परिसाडणा य नाणतिगे। संरक्खणाऽचिअत्ते, उवघाया दस इमे हुंति**" ॥ અર્થાત્ આહાર, વસ્ત્ર, પાત્ર, શય્યા વગેરેની પ્રાપ્તિમાં સોળ ઉદ્ગમ દોષો પૈકી કોઈ દોષ લગાડવાથી ચારિત્રનો ઉપઘાત થાય તે ૧. **ઉદ્ગમ-ઉપઘાત.** સોળ ઉત્પાદન-દોષો પૈકી કોઈ દોષ સેવવાથી ૨. **ઉત્પાદન-ઉપઘાત.** દશ એષણા દોષો પૈકી કોઈ દોષ સેવવાથી ૩.

---

* ચૂર્ણિમાં તો '**नवविह दंसणवरणं नव य नियाणाइ नवविहा जीवा**' એવો પાઠ છે, ત્યાં 'ચક્ષુદર્શનાવરણાદિ ચાર અને પાંચ નિદ્રા' મળી નવ ભેદો દર્શનાવરણના જાણવા.

**એષણા-ઉપઘાત.** સંયમમાં અકલ્પ્ય ઉપકરણોનો પરિભોગ કરવાથી ૪. **પરિહરણા-ઉપઘાત.** વસ્ત્રપાત્રાદિનું પરિકર્મ (ધોવાં, રંગવા વગેરે) શોભા કરવાથી. ૫. **પરિશાતના-ઉપઘાત.** પ્રમાદાદિથી 'અકાલે સ્વાધ્યાય' વગેરે શ્રુતજ્ઞાનમાં અતિચાર સેવવાથી ૬. **જ્ઞાન-ઉપઘાત.** જિનવચનમાં શંકાદિ દર્શનાચારમાં અતિચાર સેવવાથી ૭. **દર્શન-ઉપઘાત.** પાંચ સમિતિ આદિ અષ્ટ પ્રવચન-માતાનું યથાર્થ પાલન નહિ કરવાથી ૮. **ચારિત્ર-ઉપઘાત.** શરીરાદિ સંબંધી મૂર્છા–સંરક્ષણ કરવાથી પરિગ્રહવિરમણ-વ્રતને અતિચાર લગાડવાથી ૯. **સંરક્ષણા-ઉપઘાત.** અને ગુર્વાદિ સાધુગણ ઉપર અપ્રીતિ કરીને વિનયનો ઉપઘાત કરવાથી ૧૦. **અચિયત્ત-ઉપઘાત.** એ દશ ઉપઘાતોને તથા '**दशविधं असंवरं तथा च संक्लेशं च**'– દશ પ્રકારના અસંવરને તથા દશ પ્રકારનો સંક્લેશ એટલે અસમાધિને, એ અસંવર અને સંક્લેશ આ પ્રમાણે છે:

"**जोगिंदि–ओवहिसुई, असंवरो दस य संकिलेसो अ।**
**नाणाइजोगउवही–वसहि कसायन्नपाणेहिं ॥**" અર્થાત્ ત્રણ યોગ, પાંચ ઇન્દ્રિયો, ઉપધિ અને સૂચિ (સોય) એ દશનો અસંવર, તથા જ્ઞાનાદિ ત્રણ, યોગ ત્રણ, ઉપધિ, વસતિ, કષાય અને આહાર-પાણી એ દશને અંગે અસમાધિ તે દશ પ્રકારનો સંક્લેશ જાણવો. ૧૦ અસંવર આ પ્રમાણે: મન, વચન અને કાયા એ ત્રણે યોગોની અકુશલ પ્રવૃત્તિને નહિ રોકવી તે ત્રણ યોગનો અસંવર; પાંચ ઇન્દ્રિયોને ઇષ્ટ-અનિષ્ટ

શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષ કરતાં નહિ રોકવી તે પાંચ ઇન્દ્રિયોનો અસંવર; શાસ્ત્રોક્ત સંખ્યા-પ્રમાણથી વિપરીત (અનિયત) કે અકલ્પ વસ્ત્ર-પાત્રાદિ ઉપધિ ગ્રહણ કરવી, અથવા જ્યાં ત્યાં વેરવિખેર પડેલા વસ્ત્ર-પાત્રાદિને યથાસ્થાને નહિ મૂકવાં તે ૯. ઉપધિ અસંયમ. અને સૂચિ (સોય)ના ઉપલક્ષણથી સોય, નખરદની, પિપ્પલક આદિ શરીરને ઉપઘાત કરે તેવી અણી (ધાર)વાળી વસ્તુઓને સુરક્ષિત નહિ રાખવી તે ૧૦. સૂચિ અસંવર જાણવો. દશ પ્રકારનો સંક્લેશ આ પ્રમાણે: ૧. જ્ઞાનનું અવિશુધ્યમાનપણું, તે 'જ્ઞાનસંક્લેશ'. ૨. દર્શનનું અવિશુધ્યમાનપણું તે 'દર્શનસંક્લેશ'. ૩. ચારિત્રનું અવિશુધ્યમાનપણું તે 'ચારિત્રસંક્લેશ'. ૪. મન દ્વારા (મનમાં) સંક્લેશ થાય તે 'મનસંક્લેશ'. ૫. વચન દ્વારા સંક્લેશ થાય તે 'વચનસંક્લેશ'. ૬. કાયાને આશ્રયીને (રાગ-દ્વેષાદિ) થાય તે 'કાયસંક્લેશ'. તથા સંયમને અથવા સંયમના સાધક શરીરને ઉપધાન એટલે આલંબન થાય તે ઉપધિ—સારાં નરસાં વસ્ત્રો વગેરેમાં રાગ-દ્વેષાદિ થાય તે. ૭. 'ઉપધિસંક્લેશ'. સારી-ખરાબ (વસતિ) ઉપાશ્રયને અંગે સંક્લેશ થાય તે ૮. 'વસતિસંક્લેશ'. ક્રોધાદિ કષાયોને વશ થવું તે ૯. 'કષાયસંક્લેશ'. અને ઇષ્ટાનિષ્ટ આહાર-પાણી વગેરેમાં સંક્લેશ થાય તે ૧૦. અન્નપાણ સંક્લેશ. એમ દશ પ્રકારના અસંવરને તથા દશવિધ સંક્લેશને 'परि०' ત્યાગ કરતો વગેરે અર્થ પૂર્વ પ્રમાણે. (૨૦).

'**सत्य-समाधिस्थानानि दश चैव दशाः श्रमणधर्मं च**' દશ પ્રકારનું સત્ય, દશ સમાધિસ્થાનો, દશ દશાઓ અને દશવિધ શ્રમણધર્મ—એ દરેકને '**उप०**' પ્રાપ્ત થયેલો વગેરે. બાકીનો અર્થ પૂર્વ પ્રમાણે. તે દરેકનું વર્ણન નીચે પ્રમાણે છે: દશ પ્રકારનું સત્ય આ પ્રમાણે. કહ્યું છે—"**जणवयसंमयठवणा-नामे रूवे पडुच्च सच्चे य । ववहारभावजोगे, दसमे ओवम्मसच्चे य ॥**" અર્થાત્ ભિન્ન ભિન્ન દેશની તે તે ભાષામાં તે તે વસ્તુનાં ભિન્ન ભિન્ન નામો જેમ કે કોંકણાદિ દેશોમાં પાણીને 'પયઃ, પેય, નીર, ઉદક' વગેરે જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે તે, તે તે દેશની અપેક્ષાએ સત્ય છે, માટે તે ૧. **જનપદ-સત્ય.** 'કુમુદ, કુવલય, કમળ, અરવિન્દ' વગેરે બધાંય કાદવમાં ઉત્પન્ન થનારાં હોવાથી 'પંકજ' છે, છતાં આબાલ-ગોપાલ અરવિન્દને જ પંકજ માને છે, માટે અરવિન્દ એટલે સ્થળવિકાસી કમળને 'પંકજ' કહેવું તે સર્વસંમત હોવાથી ૨. **સંમત-સત્ય** જાણવું. બીજાં ચંદ્રવિકાસી કમળ એટલે કુમુદ, નીલકમળ એટલે કુવલય, સૂર્યવિકાસી કમળ, તેમાં 'પંકજ' શબ્દનો વ્યવહાર અસંમત હોવાથી તેને 'પંકજ' કહેવું તે અસત્ય જાણવું. કોઈ પાષાણાદિની મૂર્તિ બનાવી તેની અમુક દેવાદિ તરીકે સ્થાપના કરવામાં આવે તે ૩. **સ્થાપના-સત્ય;** જેમ કે પ્રભુ મહાવીરની મૂર્તિને 'મહાવીર' કહેવા તે. સત્ય કોઈનું નામ પાડ્યું હોય તેને તેવો કહેવો તે ૪. **નામ-સત્ય;** જેમ કે કોઈ કુલને વધારનાર ન હોવા

છતાં તેનું નામ 'કુલવર્ધન' રાખ્યું હોય તો તે નામથી સત્ય જાણવું. કોઈના બાહ્ય રૂપને અનુસારે તેને તેવો કહેવો. જેમ કોઈ કપટી સાધુને બહારથી સાધુવેશને ધારણ કરેલો હોવાથી સાધુ કહેવો અથવા કોઈ લાંચ-રુશ્વત લેનાર ન્યાયાધીશને ન્યાયાધીશ કહેવો તે ૫. **રૂપ-સત્ય.** બીજી બીજી વસ્તુને આશ્રયીને બોલાય તે ૬. **પ્રતીત્ય-સત્ય;** જેમ કે અનામિકા (પૂજનની આંગળી) ને નાની અને મોટી કહેવી તે પ્રતીત્ય સત્ય, કારણ કે તે કનિષ્ઠાથી મોટી છે અને મધ્યમાથી નાની પણ છે. ૭. **વ્યવહાર-સત્ય** એટલે 'પર્વત બળે છે, ઘડો ઝમે છે', વગેરે બોલવું તે; વસ્તુતઃ પર્વત નહિ પણ ઘાસ વગેરે બળે છે, ઘડો નહિ પણ પાણી ઝમે છે, તોપણ વ્યવહારથી તેવું બોલાય છે, માટે તે સત્ય છે. ૮. **ભાવ-સત્ય**-એટલે પદાર્થમાં જે ધર્મની વિશેષતા હોય તેને અનુસારે બોલવું તે, જેમ કે ભમરામાં પાંચે વર્ણ હોવા છતાં કાળાં વર્ણની વિશેષતા હોવાથી ભમરાને કાળો કહેવો, બગલામાં શુક્લ વર્ણની વિશેષતા હોવાથી તેને શુક્લ કહેવો વગેરે. ૯. **યોગ-સત્ય**-કોઈ પદાર્થના બીજા પદાર્થ સાથેના યોગથી-સંબંધથી તેને તેવો કહેવો તે; જેમ કે દંડના યોગથી સાધુને 'દણ્ડી' કહેવો વગેરે. તથા ૧૦. **ઉપમા-સત્ય**-ઉપમાનો આરોપ કરવો તે; જેમ કે મોટા સરોવરને સમુદ્ર, પુણ્યવાન મનુષ્યને દેવ, કે શૂરવીરને સિંહ કહેવો વગેરે. આ દશ પ્રકારનાં સત્ય જાણવાં.

દશ સમાધિસ્થાનો આ પ્રમાણે કહ્યાં છે—

इत्थिकहाऽऽसणइंदिअ-निरिक्खसंसत्तवसहिवज्जणया ।
अइमायाहारपणीअ-पुव्वरयसरणपरिहारो ॥ १ ॥

न य साए य सिलोगे, मज्जिज्ज न सद्दरूवगंधे य ।
इय दस समाहिठाणा, सपरेसिं समाहिकारणओ ॥२॥

**વ્યાખ્યા**—પુરુષે સ્ત્રીની કે સ્ત્રીએ પુરુષની વિકાર-જનક વાતોનો ત્યાગ કરવો, અથવા પુરુષે એકલી સ્ત્રીની સભામાં કથા નહિ કરવી તે પહેલું સમાધિસ્થાન. એમ પુરુષનું આસન સ્ત્રીએ અને સ્ત્રીનું આસન પુરુષે વર્જવું તે બીજું. સ્ત્રીનાં રાગજનક અંગો-ઇન્દ્રિયો પુરુષે કે પુરુષનાં અંગો આદિ સ્ત્રીએ રાગપૂર્વક નહિ જોવાં તે ત્રીજું. સ્ત્રી, પશુ, નપુંસક આદિથી યુક્ત અથવા ત્રસ આદિ જીવોથી સંસક્ત વસતિ (ઉપાશ્રય)નો સાધુએ આશ્રય નહિ કરવો તે ચોથું. અતિમાત્ર (પ્રમાણાધિક) આહારનો ત્યાગ કરવો તે પાંચમું. સ્નિગ્ધ-માદક આહારનો ત્યાગ કરવો તે છઠ્ઠું. પૂર્વે ગૃહસ્થાશ્રમમાં ભોગવેલા ભોગોનું સ્મરણ નહિ કરવું તે સાતમું. શાતાવેદનીયજન્ય સુખમાં અથવા શાતાને ઉપ-જાવનાર શુભ રસ, સ્પર્શ આદિ વિષયોના સુખમાં રાગમદ નહિ કરવો તે આઠમું. એ પ્રમાણે પોતાની કીર્તિ-પ્રશંસા આદિનો મદ નહિ કરવો તે નવમું. અને શુભ રસ, શબ્દ, રૂપ, ગંધ વગેરે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ નહિ કરવી તે દશમું. એમ દશ પ્રકારે સ્વ-પરને સમાધિ થાય છે, માટે એ દશને સમાધિસ્થાનો કહ્યાં છે. તથા દશ

અધિકારને જણાવનારાં દશ શાસ્ત્રો તે દશ દશાઓ. અહીં દરેકનું નામ સ્ત્રીલિંગે બહુવચનાન્ત છે, તેનું કારણ તે શાસ્ત્રો તેવા નામે આગમમાં જણાવેલાં છે. તે આ પ્રમાણે—

**कम्मविवागाण दसा, उवासगंतगडणुत्तरदसा य ।**
**पण्हावागरणदसा, दसासुअक्खंधदसा य ॥ १ ॥**
**बंधाइ दसा चउरो, सेसा वक्खाणिआ न चुन्नीए ।**
**महव्वयकसायचउजुअ-तवेहिं दसहा समणधम्मो ॥२॥**

**વ્યાખ્યા**—૧. કર્મવિપાકદશા, ૨. ઉપાસકદશા, ૩. અંતકૃતદશા, ૪. અનુત્તરોપપાતિકદશા, ૫. પ્રશ્નવ્યાકરણ-દશા, ૬. દશાશ્રુતસ્કંધદશા, ૭. બંધદશા, ૮. દ્વિગૃદ્ધિ-દશા, ૯. દીર્ઘદશા, ૧૦. સંક્ષેપકદશા-એમ દશ દશા-સૂત્રો જાણવાં. તેમાં છેલ્લી ચાર દશા વર્તમાન કાળે અપ્રસિદ્ધ હોવાથી ચૂર્ણિમાં કહી નથી. તથા પાંચ મહાવ્રતોનું પાલન, ચાર કષાયનો ત્યાગ અને બાર પ્રકારનો તપ એ દશ * પ્રકારે શ્રમણધર્મ સમજવો. 'उप०' વગેરેનો અર્થ પૂર્વ પ્રમાણે. (૨૧)

'**आशातनां च सर्वां**'-સામાન્ય રીતે સર્વ કોઈ આશાતનાઓને, અથવા '**त्रिगुणं एकादशं**'-અગિઆરના

---

* ક્ષમા, મૃદુતા, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય-યતિધર્મના એ પણ દશ પ્રકારો કહ્યા છે. બીજા આચાર્યો ક્ષમા, નિર્લોભતા, માર્દવ, આર્જવ, લાઘવ, તપ, સંયમ, ત્યાગ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય—એમ પણ દશ પ્રકારો કહે છે.

અંકથી ત્રણ ગુણી અર્થાત્ તેત્રીશ આશાતનાઓને (પગામ-સિજ્જામાં કહી છે તેને) '**विवर्जयन्**'–ત્યાગ કરતો, અને તેથી જ "**उपसंपन्नः**'–અર્થાપત્તિએ અનાશાતના-ભાવને પ્રાપ્ત થયેલો, '**युक्तः**'–સાધુતાના ગુણોથી યુક્ત હું પાંચ મહાવ્રતોનું રક્ષણ-પાલન કરું છું વગેરે અર્થ પૂર્વ પ્રમાણે જાણવો. (૨૨)

આ પ્રમાણે એક, બે આદિ શુભ સ્થાનોનો અંગીકાર અને અશુભ સ્થાનોનો ત્યાગ કરવા દ્વારા મહાવ્રતોની (પાલનની) પ્રતિજ્ઞા કરી. હવે નહિ કહેલાં બાકીનાં સ્થાનોનો અતિદેશ (ભલામણ) કરવાપૂર્વક મહાવ્રતોની પ્રતિજ્ઞા કરતાં કહે છે કે—

'**एवं**'–ઉપર 'ત્રણ લેશ્યા વગેરેના ત્યાગપૂર્વક' વગેરે કહ્યું તેમ '**त्रिदण्डविरतः**'–ત્રણ દંડથી વિરામ પામેલો, અર્થાત્ જેમ રાજા દંડ કરીને ધનનું અપહરણ કરે તેમ અશુભ મન, વચન અને કાયા પણ ચારિત્રરૂપી ધનનું અપ-હરણ કરતાં હોવાથી તે ત્રણ દંડો કહેવાય છે, તેનો ત્યાગ કરતો, તથા '**त्रिकरणशुद्धः**'–મન, વચન અને કાયા એ ત્રણ કરણથી શુદ્ધ થયેલો.

(અહીં એમ પ્રશ્ન થાય કે, ત્રિદંડવિરત હોય તે ત્રિકરણ શુદ્ધ પણ ગણાય, તો ફરી કહેવાનું કારણ શું? તેનું સમાધાન એ છે કે 'ત્રિદંડવિરત' એટલે સાવદ્ય યોગોથી નિવૃત્ત અને 'ત્રિકરણશુદ્ધ' એટલે નિરવદ્ય યોગોમાં પ્રવૃત્ત, અથવા તો 'સાવદ્ય પ્રવૃત્તિ કરવાની માત્ર નિવૃત્તિ-એ ત્રિદંડની વિરતિ' અને કરવા, કરાવવા, અનુમોદવારૂપ

ત્રિવિધ નિવૃત્તિ તે 'ત્રિકરણની શુદ્ધિ' એમ ભેદ સમજવો. અથવા ગીતાર્થોએ બીજી રીતે પણ એ ભેદ ઘટાવવો, કારણ કે પૂર્વમહર્ષિઓના શબ્દો અર્થગંભીર હોય છે.)

તથા '**त्रिशल्यनिःशल्यः**'-માયા, નિયાણું અને મિથ્યાત્વ-એ ત્રણ ભાવશલ્યો (આત્માને કષ્ટ આપનારા દુષ્ટ પરિણામો) દૂર ગયાં છે જેનાં એવો શલ્યરહિત અને '**त्रिविधेन प्रतिक्रान्तः**'-ત્રણ પ્રકારે (અતિચારો કરવા નહિ, કરાવવા નહિ અને અનુમોદવા નહિ એમ) સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કર્યું છે જેણે, અર્થાત્ સર્વ અતિચારોથી નિવૃત્ત થયેલો હું '**रक्षामि महाव्रतानि पञ्च**'-પાંચ મહાવ્રતોનું પાલન-રક્ષણ કરું છું. (૨૩)

હવે પાંચ મહાવ્રતોની પ્રતિજ્ઞા કરી તેની સ્તુતિ કરતાં કહે છે કે-'**इत्येतत्**'-એમ આ ઉપર કહ્યું તે '**महाव्रतोच्चारणम्**'-મહાવ્રતોનું ઉચ્ચારણ (પાલન) કેવું છે? અથવા એનાથી શો લાભ થાય છે? તે કહે છે '**स्थिरत्वम्**'-એ જ મહાવ્રતોમાં અથવા ચારિત્રધર્મમાં તે સ્થિરતા કરનારું હોવાથી આત્માને ધર્મમાં નિશ્ચલતા-દૃઢતા કરનારું. '**शल्योद्धरणम्**'-શલ્યોનો નાશ કરવામાં કારણ હોવાથી માયાદિ ત્રણ શલ્યોનો નાશ કરનારું. '**धृतिबलं**'-ધૈર્ય એટલે ચિત્તની સમાધિમાં બળ-આલંબન આપનારું. (કોઈ ઠેકાણે '**धिइबलयं**'-એવો પાઠ છે ત્યાં '**धृतिबलकं**'-પર્યાય કરવો અને તેમાં સ્વાર્થિક '**क**' પ્રત્યય માની અર્થ એ જ પ્રમાણે

કરવો.) 'व्यवसायः'–આત્મામાં દુષ્કર પણ આરાધના (ઉદ્યમ) કરવાનો અધ્યવસાય પ્રગટ કરનારું. 'साधनार्थं'– મોક્ષની સાધના માટે તે 'અર્થ' એટલે પરમ ઉપાય. 'पापनिवारकं'–પાપ–અશુભ કર્મ–નું નિવારણ કરનારું. 'निकाचना'–પોતાને વ્રતોની પ્રાપ્તિમાં અતિ દૃઢ કારણ છે, એથી તે શુભ કર્મોની નિકાચનામાં કારણ હોવાથી તેને જ નિકાચના કહેવાય છે. 'भावविशोधिः'–ભાવ એટલે આત્માના પરિણામોની વિશુદ્ધિ કરનાર હોવાથી 'ભાવવિશોધિ' છે. 'पताकाहरणं'–પતાકા એટલે ચારિત્રની આરાધનારૂપ વિજય-ધ્વજનું હરણ (ગ્રહણ) કરવારૂપ હોવાથી 'પતાકાહરણ' છે. (અર્થાત્ ચારિત્ર દ્વારા કર્મોની સામે આત્માનો વિજય કરાવનાર છે.) 'निर्यूहना'–દૂર હટાવી દેવું, કર્મરૂપી શત્રુઓને આત્મારૂપી નગરમાંથી હંમેશને માટે નિર્વાસ (બહિષ્કાર) કરનાર છે. 'आराधना गुणानाम्'–મુક્તિના સાધક ચારિત્રના વ્યાપારો (ઉદ્યમો) રૂપી ગુણોની 'આરા-ધના' એટલે અક્ષયતા કરનાર છે. (અર્થાત્ મુક્તિપ્રાપક વ્યાપારોમાં અખંડ પ્રવૃત્તિ કરાવનાર છે.) 'संवरयोगः'– નવાં કર્મોને રોકવારૂપ સંવરનો યોગ એટલે વ્યાપાર છે, અથવા સંવરની સાથે આત્માનો યોગ કરાવનારું છે. (આત્મામાં સંવર પ્રગટ કરનારું છે.) 'प्रशस्तध्यानोपयुक्तता' –શ્રેષ્ઠ (ધર્મ અને શુક્લ) ધ્યાનની પ્રાપ્તિ રૂપ છે. 'युक्तता च ज्ञाने'–અહીં સપ્તમીના બદલે ત્રીજી વિભક્તિનો પ્રયોગ સમજવો, એથી જ્ઞાન સાથે તે સંબંધ કરાવનાર છે અર્થાત્

વિશિષ્ટ અવધિ આદિ જ્ઞાનો અને અંતે આત્માનો કેવળજ્ઞાનભાવ પ્રગટ કરે છે. '**परमार्थः**'-આ મહાવ્રતોનું ઉચ્ચારણ એ સત્યપદાર્થ છે, (સત્ય તત્ત્વ) છે. '**उत्तमार्थः**'-મોક્ષરૂપી ફળનું સાધક હોવાથી અતિ શ્રેષ્ઠ પદાર્થ (તત્ત્વ) છે, કારણ કે જગતના સર્વે પદાર્થો કરતાંય મહાવ્રતોની પ્રધાનતા છે.

વળી '**एस**'-(અહીં લિંગભેદ હોવાથી) આ મહાવ્રતોનું ઉચ્ચારણ '**तीर्थंकरैः प्रवचनस्य सारो देशितः**'-શ્રી તીર્થંકરોએ સિદ્ધાન્તનો સાર (આગમનું સર્વસ્વ) છે, એમ દર્શાવેલ છે. કેવા તીર્થંકરોએ? '**रतिरागद्वेषमथनैः**'-મોહનીયકર્મના ઉદયજન્ય તથાવિધ આનંદરૂપ રતિ-ચિત્તનો વિકાર તથા રાગ અને દ્વેષનું મંથન (નાશ) કરનારાઓએ પ્રવચનનો સાર કહેલો છે. વળી એ તીર્થંકર ભગવંતો '**षड्जीवनिकायसंयमम् उपदिश्य त्रैलोक्यसत्कृतं स्थानं अभ्युपगताः**'-છ જીવનિકાયનું સંયમ એટલે અહિંસા અને ઉપલક્ષણથી સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-એ પાંચ મહાવ્રતોનો ઉપદેશ કરીને અને ઉપલક્ષણથી સ્વયં પણ પાલન કરીને ત્રણે લોકમાં સત્કાર પામેલા સિદ્ધિ-ક્ષેત્રરૂપ મોક્ષસ્થાનને પામ્યા છે. આથી પણ મહાવ્રતોનું અત્યંત ઉપાદેયપણું સૂચવ્યું.

હવે મંગલને માટે આસન્ન ઉપકારી ભગવાન મહાવીરની સ્તુતિ કરતાં જણાવે છે કે '**नमोऽस्तु ते**'-હે વર્દ્ધમાનસ્વામિ! તમોને નમસ્કાર થાઓ! કેવા તમે?

'**सिद्धः**'–સમ્પૂર્ણ થયાં છે સર્વ પ્રયોજનો (કાર્યો) જેનાં એવા, '**बुद्धः**'–તત્ત્વના જાણ, '**मुक्तः**'–પૂર્વે બાંધેલા કર્મરૂપ બંધનોથી છૂટા થએલા, '**नीरजः**'–બંધાતાં કર્મોથી રહિત અર્થાત્ વર્તમાનમાં જેઓને કર્મોનો નવો બંધ થતો નથી, '**निःसङ्गः**'–પુત્ર, સ્ત્રી, મિત્ર, ધન, ધાન્ય, સુવર્ણ વગેરે સકળ સંબંધોથી મુક્ત, '**मानमूरणः**'–ગર્વનો ચૂરો કરનારા (ઘાતક), '**गुणरत्नसागरः**'–અનંત ગુણરૂપી રત્નોના સમુદ્ર, '**मनन्तः**'–એમાં '**म**' અલાક્ષણિક (પ્રાકૃત ભાષાની શૈલીથી મૂકવામાં આવ્યો) હોવાથી '**अनन्तः**'–અનન્ત જ્ઞાનસ્વરૂપ હોવાથી ભગવાન પણ અનંત છે, '**अप्रमेयः**'–સામાન્ય જનથી ન ઓળખી શકાય તેવા (સ્વરૂપવાળા), '**महति महावीर वर्द्ध-मान**'–(મહતિ! સંબોધનનું એકવચન છે માટે) મોક્ષ-પ્રાપ્તિ માટે કરી છે મોટી મતિ જેઓએ એવા હે વર્દ્ધ-માન! એમ પ્રસંગાનુરૂપ અર્થ જાણવો, (અર્થાત્ મહા-મતિવાળા) અને મહાવીર! એટલે કર્મોનો નાશ કરવામાં 'મહાન્ વીર' (સમર્થ) એવા હે વર્દ્ધમાન! અથવા બીજી રીતે '**महइ महावीर**' નો રૂઢિવશાત્ 'અતિ મહાન વીર!' એવો અર્થ કરી, વર્દ્ધમાનનું વિશેષણ કરવું અર્થાત્ 'અતિ મહાન્ વીર' એવા હે વર્દ્ધમાન પ્રભુ! '**नमोऽस्तु ते**' તમોને નમસ્કાર થાઓ! કયા હેતુથી નમસ્કાર કરે છે, તે કહે છે, '**सामिस्स**'–અહીં છઠ્ઠી વિભક્તિનો વ્યત્યય કરીને પહેલી વિભક્તિ કરવાથી, આપ મારા સ્વામી પ્રભુ છો, '**त्ति कट्टु**'=(इतिकृत्वा)–એથી કરીને (એ હેતુથી આપને

નમસ્કાર થાઓ) એમ આગળ પણ 'त्ति कट्टु' નો સંબંધ બધે જોડવો. 'नमोऽस्तु ते अर्हन् इतिकृत्वा'–તમે અરિહંત છો એ હેતુથી આપને મારો નમસ્કાર થાઓ! વળી 'नमोऽस्तु ते भगवानितिकृत्वा'–આપ ભગવાન છો એ હેતુથી આપને મારો નમસ્કાર થાઓ! અથવા 'त्ति कट्टु' નો 'त्रिकृत्वस्' પર્યાય કરી તેનો 'ત્રણ વાર' એવો અર્થ કરીને, હે અતિ મહાન્ વીર વર્દ્ધમાન! આપ મારા સ્વામી છો, આપને ત્રણ વાર મારો નમસ્કાર થાઓ! એમ 'અરિહંત' એવા આપને ત્રણ વાર નમસ્કાર થાઓ અને 'ભગવાન્' એવા આપને ત્રણ વાર નમસ્કાર થાઓ એમ અર્થ કરવો. અહીં પ્રભુસ્તુતિનો પ્રસંગ હોવાથી દરેક વાક્યે (ત્રણ વાર) 'नमोऽस्तु ते'–એમ કહ્યું તેમાં પુનરુક્ત દોષ માનવો નહિ.

જેમ મહાવ્રતોની પ્રતિજ્ઞા (સ્તુતિ) કર્મક્ષય કરનારી છે, તેમ શ્રુતનું કીર્તન પણ કર્મક્ષય કરનારું છે, એથી હવે તે કીર્તન માટે કહે છે કે–'एषा खलु महाव्रतोच्चारणा कृता'–નિશ્ચે આ (ઉપર) મહાવ્રતોની ઉચ્ચારણા (પ્રતિજ્ઞા) કરી. હવે 'इच्छामः श्रुतकीर्तनं कर्तुम्'–શ્રુતની સ્તુતિ કરવાનું ઇચ્છીએ છીએ. તે શ્રુત બે પ્રકારે છે: એક અંગપ્રવિષ્ટ અને બીજું અંગબાહ્ય, જેમ કે—

गणहरकयमंगगयं, जं कय थेरेहिं बाहिरं तं तु ।
अंगपविट्ठं निययं, अनिअयसुअं बाहिरं भणिअं ॥१॥

**અર્થાત્**—ગણધરકૃત શ્રુત તે 'અંગપ્રવિષ્ટ' અને

સ્થવિરોએ કરેલું. તે 'અંગબાહ્ય' કહેવાય છે, તથા જે શ્રુત નિયત છે તે 'અંગપ્રવિષ્ટ' અને અનિયત શ્રુતને 'અંગબાહ્ય' કહ્યું છે. અંગબાહ્ય પણ બે પ્રકારનું છે. એક આવશ્યક અને બીજું આવશ્યક સિવાયનું. તેમાં અલ્પ વર્ણન કરવાનું હોવાથી પહેલાં નમસ્કાર કરવાપૂર્વક આવશ્યક સૂત્રની સ્તુતિ કરવા માટે કહે છે—

'**न (ण) मो तेसिं खमासमणाणं०**' ઇત્યાદિ. '**नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यः**'–નમસ્કાર થાઓ તે 'ક્ષમાશ્રમણ' એટલે ગુરુ અથવા તીર્થંકર, ગણધર વગેરે પૂર્વ પુરુષોને, '**यैरिदं**'– જેઓએ આ (કહીએ છીએ તે) શ્રુતને '**वाचितं**' અમોને આપ્યું, અથવા સૂત્ર તથા અર્થરૂપે રચ્યું છે. કયું શ્રુત? '**षड्विधं आवश्यकं**'–અવશ્ય કરણીય એવું છ અધ્યયનરૂપ આવશ્યક, '**भगवन्**'–અતિશયયુક્ત એવા પદાર્થોના વર્ણનરૂપ સમૃદ્ધિ વગેરે ભગ–ગુણોવાળું, (અર્થાત્ ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન–એ છને 'ભગ' કહેવાય છે, તે છ પ્રકારના ભગ (ગુણોથી) યુક્ત માટે 'ભગવત્' એવું શ્રુતનું વિશેષણ સમજવું.) તે છ પ્રકારો આ પ્રમાણે: ૧. '**सामायिकं**'–(સામાયિકસૂત્ર–પાપયોગોની વિરતિ જેમાં મુખ્ય છે તેવું અધ્યયન વિશેષ), ૨. '**चतुर्विंशतिस्तवः**'–(લોગસ્સસૂત્ર–ઋષભાદિ ચોવીશ જિનની નામપૂર્વક જેમાં ગુણસ્તુતિ છે તે અધ્યયન), ૩. '**वन्दनकं**'–(ગુરુવંદનસૂત્ર-ગુણવંતની પ્રતિપત્તિરૂપ વિનય જેમાં છે તેવું અધ્યયન), ૪. '**प्रतिक्रमणं**'–(પગામસિજ્જા વગેરે પ્રતિક્રમણસૂત્રો

થયેલી સ્ખલના (ભૂલો)ની નિંદા વગેરે જણાવનાર અધ્ય-યન વિશેષ), ૫. '**कायोत्सर्गः**'–(ધર્મરૂપ કાયામાં લાગેલા અતિચારોરૂપી ક્ષત (ઘા)ની શુદ્ધિ કરનાર અધ્યયન ('અન્નત્થ' સૂત્ર) અને ૬. '**प्रत्याख्यानं**'–વિરતિ ગુણસાધક (અધ્યયનવિશેષ). '**सर्वस्मिन्नपि एतस्मिन् षड्विधे आवश्यके भगवति**'–આ સઘળાય છ પ્રકારના ભગવત્ એવા આવ-શ્યકમાં, '**ससूत्रे**'–મૂળ સૂત્રરૂપ આવશ્યકમાં, '**सार्थे**'–અર્થ-યુક્ત આવશ્યકમાં "**सग्रन्थे सनिर्युक्तिके ससङ्ग्रहणीके**'–ગ્રંથ સહિત, નિર્યુક્તિ સહિત અને સંગ્રહણી સહિત એવા આવશ્યકમાં. તેમાં માત્ર સૂચન કરવારૂપ બીજસ્વરૂપ જે મૂળ પાઠ તે '**સૂત્ર**' જાણવું. વૃત્તિ તથા ટીકાથી જે વર્ણન કર્યું હોય તે '**અર્થ**' જાણવો. અખંડિત સૂત્ર અને અર્થ બન્ને પ્રકારનો પાઠ તેને '**ગ્રંથ**' કહેવાય. વિવિધ અનુ-ક્રમણિકાદિ વિસ્તારયુક્ત પાઠ હોય તે '**નિર્યુક્તિ**' અને બહુ અર્થનો જેમાં ગાથાબદ્ધ સંગ્રહ કરેલો હોય તે **સંગ્રહણી** કહેવાય. એ દરેકથી યુક્ત એવા સઘળાય આવશ્યકમાં '**ये गुणा वा**'–વિરતિના, જિનેશ્વર વગેરેના ગુણોની કીર્તિ-સ્તુતિ વગેરે જે ગુણો એટલે ધર્મો, ('**वा**'-શબ્દ ઉત્તરપદનું જોડાણ બતાવવા માટે છે) '**भावा वा**'-ક્ષાયોપશમિક, ક્ષાયિક આદિ આત્માના ભાવો; અથવા ભાવો–જીવ, અજીવ આદિ પદાર્થો.' **अर्हद्भिः भगवद्भिः प्रज्ञप्ताः**' –શ્રી અરિહંત ભગવંતોએ સામાન્યરૂપે કહ્યા છે (**वा** શબ્દો દરેક પદમાં સમુચ્ચય (વળી) અર્થમાં સમજવા), '**प्ररूपिता**'

(वा)–વિશેષ રૂપમાં કહ્યા છે. 'तान् भावान्'–તે ભાવોને (અને ઉપલક્ષણથી તે ગુણોને પણ), 'श्रद्दध्महे'–આ એમ જ છે એવી રીતે સામાન્યથી શ્રદ્ધા કરીએ છીએ, 'प्रतिपद्यामहे'–પ્રીતિ કરવા દ્વારા વિશેષતયા અંગીકાર કરીએ છીએ, 'रोचयामः'–તે ભાવોમાં વહાલ એટલે (આચરવાની અભિલાષા) કરીએ છીએ, 'स्पृशामः'–તે તે કહેલી ક્રિયાઓ દ્વારા તે ભાવોને સ્પર્શ કરીએ છીએ, 'पालयामः'–રક્ષણ કરીએ છીએ, 'अनुपालयामः'–વારંવાર તે ભાવોનું રક્ષણ કરીએ છીએ. એ બહુવચનાન્ત પદોથી કર્તારૂપે 'અમે' એ પદની યોજના કરવી, અર્થાત્ તે ગુણો અને ભાવોમાં અમે શ્રદ્ધા, પ્રીતિ, વહાલ, સ્પર્શ, રક્ષણ અને વારંવાર રક્ષણ કરીએ છીએ. એ રીતે તે તે ગુણો અને ભાવોમાં 'श्रद्दधानैः प्रतिपद्यमानैः रोचयद्भिः स्पृशद्भिः पालयद्भिः अनुपालयद्भिः'–ઉપર પ્રમાણે શ્રદ્ધા, પ્રીતિ, વહાલ, સ્પર્શ, રક્ષણ અને વારંવાર રક્ષણ કરતાં અમોએ 'अन्तः पक्षस्य'–આ પક્ષ (પખવાડિયા)માં, 'यद्वाचितं'–જે શ્રુત બીજાઓને આપ્યું. 'पठितं'–જે સ્વયં ભણ્યા. 'परिवर्तितं'–જે મૂળસૂત્રથી ગણ્યું (આવર્તન કર્યું). 'पृष्टं'–પૂર્વે ભણેલા સૂત્ર, અર્થ વગેરેમાં શંકિત રહેલું વગેરે જે પૂછ્યું. 'अनुप्रेक्षितम्'–વિસ્મરણના ભયે અર્થનું ચિંતવન કર્યું. અને 'अनुपालितम्'–ઉપર જણાવ્યા પ્રમાણે (ભણાવવાથી, ભણવાથી, આવર્તન કરવાથી, પૂછવાથી અને અર્થચિંતનથી) નિરતિચાર આરાધ્યું હોય. 'तद्दुःखक्षयाय'–તે અમોને (શારીરિક–માનસિક) અશાતા

વગેરે દુઃખોનું નાશક થશે (એમ દરેક પદોમાં સમજવું). 'कर्मक्षयाय'-જ્ઞાનાવરણ વગેરે કર્મોનું ઘાતક થશે. 'मोक्षाय' -પરમકલ્યાણ (મોક્ષ) કારક થશે. 'बोधिलाभाय'-અન્ય જન્મમાં સદ્ધર્મને પ્રાપ્ત કરાવશે. 'संसारोत्तारणाय'-ભવ-ભ્રમણથી પાર ઉતારશે. (અમોને ઉપર કહ્યા પ્રમાણે લાભ કરશે એમ તાત્પર્ય સમજવું.) 'इति कृत्वा'-એ હેતુથી 'उपसंपद्य णं विहरामि'-તેને અંગીકાર કરીને (અર્થાત્ તે તે રીતે વાચના, પઠન, પૃચ્છા વગેરેથી આરાધ્યું તેની ઘણી અનુમોદના કરતા) અમે (માસકલ્પ વગેરે સાધુના વિહાર-ના નવ કલ્પ પ્રમાણે) વર્તીએ (રહીએ) છીએ. અહીં 'णं' પદ વાક્યની શોભા માટે અને 'विहरामि' જે એકવચનાન્ત છે તેને બહુવચનાન્ત 'विहरामः'-સમજવું. વળી—

'अन्तः पक्षस्य यन्न वाचितं न पठितं न परिवर्तितं न पृष्टं नानुप्रेक्षितम् नानुपालितम्'-આ પખવાડિયામાં જે ભણાવ્યું નહિ, ભણ્યા નહિ, મૂલસૂત્રથી આવર્તન કર્યું નહિ, પૂછ્યું નહિ, અર્થચિંતન કર્યું નહિ, અને એ રીતે યથાર્થ આરાધ્યું નહિ. 'सति बले'-શારીરિક (ઇન્દ્રિયાદિ પ્રાણોનું) બળ હોવા છતાં, 'सति वीर्ये'-આત્મામાં ઉત્સાહજન્ય બળ (વીર્ય) હોવા છતાં, અને 'सति पुरुषकारपराक्रमे'-પુરુષાભિમાનની સફળતારૂપ પરાક્રમ હોવા છતાં (જે વાચનાદિથી આરાધ્યું નહિ). 'तदालोचयामः'-તે અવાચના-દિક પ્રમાદ કર્યો તેને ગુરુ મહારાજની સમક્ષ જણાવીએ છીએ, કબૂલ કરીએ છીએ). 'प्रतिक्रमामः'-મિચ્છા મિ

દુક્કડંરૂપ પ્રતિક્રમણ કરીએ છીએ. 'निन्दामः'–આત્મસાક્ષીએ પશ્ચાત્તાપ કરીએ છીએ. 'गर्हामः'–ગુરુની સમક્ષ નિન્દા કરીએ છીએ. 'व्यतिवर्तयामः'–વિશેષતયા તોડીએ છીએ અર્થાત્ એની પરંપરાનો વિચ્છેદ કરીએ છીએ. 'विशोधयामः'–તે પ્રમાદને દૂર કરી સર્વ રીતે આત્મશુદ્ધિ કરીએ છીએ. અને 'अकरणतयाऽभ्युत्तिष्ठामः'–પુનઃ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ. અને 'यथार्हम्'–અપરાધને અનુસારે યથોચિત 'तपकर्म'–'નિવિ' વગેરે તપને અથવા તપ એ જ પાપકર્મોનો છેદ કરનાર હોવાથી 'प्रायश्चित्त'–પ્રાયશ્ચિત્તને. 'प्रतिपद्यामहे'–અંગીકાર (સ્વીકાર) કરીએ છીએ. 'तस्य मिथ्या मे दुष्कृतम्'–તેનું (અર્થાત્ છતાં બલ, વીર્ય, પરાક્રમે પણ જે વચન, પઠન આદિ ન કર્યું હોય તે અપરાધનું) 'મિચ્છા મિ દુક્કડં' દઈએ છીએ. એ પ્રમાણે આવશ્યક શ્રુતનું કીર્તન કર્યું.

હવે આવશ્યક સિવાયના અંગબાહ્ય શ્રુતનું કીર્તન કરવા માટે કહે છે. તે પણ બે પ્રકારનું છે: એક કાલિક અને બીજું ઉત્કાલિક. તેમાં જે દિવસની અને રાત્રિની પહેલી અને છેલ્લી પોરિસીમાં જ (દિવસના અને રાત્રિના પહેલા તથા છેલ્લા પ્રહારમાં જ)–અસ્વાધ્યાય ન હોય ત્યારે જ–ભણી શકાય, એવું કાળથી બદ્ધ તે કાલિક; અને જે ચાર સંધ્યાઓરૂપ કાળવેળા અને પાંચ પ્રકારના અસ્વાધ્યાય સિવાયના કોઈ પણ સમયે ભણી શકાય તે ઉત્કાલિક. પાંચ પ્રકારનો અસ્વાધ્યાય કહ્યો તેમાં ૧. સંયમ-

ઘાતી, ૨. ઔત્પાતિક ઉલ્કાપાતિક, ૩. ચંદ્ર, સૂર્ય વગેરેનાં ગ્રહણ વગેરે સાદિવ્ય, ૪. વ્યુદ્ગ્રહ (યુદ્ધાદિ) જન્ય અને ૫. શારીરિક મૃતકાદિ અશુચિનિમિત્તક. (એમ આ ગ્રન્થમાં જણાવેલા 'અસ્વાધ્યાય પ્રકરણ'માંથી તેનું વિશેષ સ્વરૂપ જાણી લેવું).

એ બે પ્રકારોમાં પહેલા ઉત્કાલિકના વર્ણન માટે કહે છે :—'**नमो तेसिं**' ઇત્યાદિ '**नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यः यैरिदं वाचितं अङ्गबाह्यमुत्कालिकं भगवत् तद्यथा**'—તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ આ ભગવત્ એવું અંગબાહ્ય ઉત્કાલિક શ્રુત અમોને આપ્યું, અથવા સૂત્રાર્થ ઉભયતયા રચ્યું. તેનાં નામો આ પ્રમાણે છે—૧. '**दशवैकालिकं**' –દશવૈકાલિક (શ્રી શય્યંભવસૂરિજીએ મહાત્મા શ્રી મનકમુનિની આરાધના માટે પૂર્વશ્રુત (પૂર્વો)માંથી ઉદ્ધરેલું છે, તેનાં અધ્યયનો દશ હોવાથી '**दश**' અને મધ્યાહ્ન પછી સૂર્યાસ્ત પહેલાં વિકાળ વેળાએ રચેલું હોવાથી '**वैकालिक**' એવું નામ થયું અને શ્રીસંઘની વિનંતિથી ભાવિ જીવોના ઉપકારાર્થે ઉપસંહાર ન કરતાં વિદ્યમાન રાખ્યું તે.) ૨. '**कल्पाकल्पिकम्**'–(કલ્પ્ય અને અકલ્પ્યનો વિવેક જેમાં બતાવેલો છે તે) કલ્પ્યાકલ્પ્યં. ૩. '**क्षुल्लकल्पश्रुतं**' ૪. '**महाकल्पश्रुतं**'–કલ્પ એટલે સ્થવિરકલ્પ, જિનકલ્પ વગેરે સાધુઓના તે તે આચારોને જણાવનાર જે અલ્પ ગ્રંથ અને અલ્પ અર્થ યુક્ત છે તે 'લઘુકલ્પશ્રુત' અને તેની અપેક્ષાએ વિસ્તૃત ગ્રંથ તથા અર્થ જેમાં વિસ્તૃત છે તે 'બૃહત્કલ્પશ્રુત'

શ્રુત ’ એમ ભેદ સમજવો. ૫. **औपपातिकम्** ’–ઉપપાત અર્થાત્ દેવ-નારકપણે ઉત્પન્ન થવું અને સિદ્ધસ્થાને જવું તે ઉપપાત; તેને ઉદ્દેશીને રચાયેલું હોવાથી ‘ ઔપપાતિક ’ નામવાળું ( જે આચારાંગસૂત્રનું ઉપાંગ છે, અને તેમાં શ્રી આચારાંગના પહેલા ‘ શસ્ત્રપરિજ્ઞા ’ અધ્યયનના પહેલા ઉદ્દેશામાં ‘ **एवमेगेसिं नो नायं भवइ, अत्थि वा मे आया उववाइए** ’ ઇત્યાદિ સૂત્ર છે તેનો વિસ્તાર છે ). ૬. ‘ **राजप्रश्नीयम्** ’– પ્રદેશી રાજાના પ્રશ્નોને અનુલક્ષીને રચાયેલું; આ બીજા ‘ સૂત્રકૃત ’ અંગનું ‘ રાજપ્રશ્નીય ’ નામનું ઉપાંગ છે. ૭. ‘ **जीवाभिगमः** ’–જીવો અને અજીવોનું વર્ણન હોવાથી ‘ જીવાભિગમ ’ નામનું ત્રીજા ‘ સ્થાનાંગ ’ સૂત્રનું આ ઉપાંગ છે. ૮. ‘ **प्रज्ञापना** ’ અને ૯. ‘ **महाप्रज्ञापना** ’–એ બેમાં જીવાદિ પદાર્થોનું પ્રજ્ઞાપન એટલે નિરૂપણ હોવાથી એક ‘ પ્રજ્ઞાપના ’ અને વિસ્તૃત વર્ણન હોવાથી બીજું મહાપ્રજ્ઞાપના, એવા નામવાળાં આ બન્ને ચોથા ‘ સમવાયાંગ ’ સૂત્રનાં ઉપાંગો છે. ૧૦. ‘ **नन्दी** ’–ભવ્ય જીવોને નંદી એટલે આનંદ કરનારું માટે ‘ નંદી ’ નામનું જ્ઞાનના પાંચ પ્રકારનું સ્વરૂપ જણાવનારું અધ્યયનવિશેષ. ૧૧. ‘ **अनुयोगद्वाराणि** ’–અનુયોગ –વ્યાખ્યાનનાં ‘ ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય ’–એ ચાર દ્વારોનું ( મુખોનું ) સ્વરૂપ જણાવનાર હોવાથી અનુયોગદ્વાર નામે અધ્યયનવિશેષ. ૧૨. ‘ **देवेन्द्रस्तवः** ’–દેવોના ઇન્દ્રો ‘ ચમરેન્દ્ર, બલીન્દ્ર ’ વગેરેનું સ્તવન એટલે તેઓનાં

ભવનો, આયુષ્ય, તેઓનું સ્વરૂપ વગેરે વિષયોને જણાવનારું હોવાથી તેનું નામ 'દેવેન્દ્રસ્તવ' છે. ૧૩. '**तन्दुलवैचारिकं**'-સો વર્ષના આયુષ્યવાળા પુરુષના પ્રતિદિન ભોગ્ય તંદુલ (ના દાણા)ની સંખ્યાનો અને ગર્ભસ્થ જીવના આહાર આદિનો જેમાં વિચાર કરેલો છે તે 'તંદુલવૈચારિક' નામે એક ગ્રંથ. ૧૪. '**चन्द्रावेध्यकम्**'-ચંદ્ર એટલે રાધા નામની યાંત્રિક પૂતળીની આંખની કીકી, તેનો મર્યાદાપૂર્વક વેધ તે 'રાધાવેધ', તેની ઉપમા દ્વારા મરણ સમયની આરાધનાને જણાવનાર 'ચંદ્રાવેધ્યક' નામનો એક ગ્રંથ. ૧૫. '**प्रमादाऽप्रमादम्**'-પ્રમાદનું અને અપ્રમાદનું સ્વરૂપ, એનો ભેદ, ફળ અને તેથી સુખ-દુઃખનો અનુભવ વગેરે જણાવનાર 'પ્રમાદાપ્રમાદ' નામનો એક ગ્રંથ. ૧૬. '**पौरुषीमण्डलं**'-પ્રતિદિન 'પૌરુષી' એટલે પુરુષપ્રમાણ સૂર્યની છાયાવાળો સમય, તેનું નિરૂપણ જેમાં છે, તેવો ગ્રંથ. અહીં સર્વ વસ્તુની સ્વ-સ્વપ્રમાણ છાયા થાય ત્યારે પૌરુષી થાય. આવું પ્રમાણ ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં એક એક દિવસ જ હોય, તે પછી ૮/૬૧ આંગળ પ્રતિદિન દક્ષિણાયનમાં વધે અને ઉત્તરાયણમાં ઘટે, એમ સૂર્યના પ્રત્યેક માંડલે પૌરુષીનો જુદો જુદો સમય જણાવનારો ગ્રંથ હોવાથી તેનું નામ 'પૌરુષીમંડલ' છે. ૧૭. '**मण्डलप्रवेशः**'-જેમાં ચંદ્ર અને સૂર્યનો દક્ષિણ અને ઉત્તરનાં માંડલામાં પ્રવેશ વર્ણવેલો છે તે ગ્રંથ પણ 'મંડલપ્રવેશ' નામનો છે. ૧૮. '**गणिविद्या**'-સાધુનો ગણ એટલે સમુદાય અથવા ગુણનો સમુદાય

જેમાં હોય તે ગણી એટલે આચાર્યને ઉપયોગી વિદ્યાઓ જેમાં વર્ણવેલી છે, તે ગ્રંથનું નામ 'ગણિવિદ્યા'; દીક્ષા આપવી વગેરે કાર્યોમાં ઉપયોગી શુભ તિથિ, કરણ, નક્ષત્ર વગેરે જ્યોતિષનું અને લક્ષણાદિ નિમિત્તોનું જ્ઞાન કરાવનાર ગ્રંથ વિશેષ. ૧૯. '**विद्याचरणविनिश्चयः**'–વિદ્યા એટલે સમ્યગ્દર્શન પૂર્વકનું સમ્યગ્જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર, તેનો વિશેષ નિશ્ચય જણાવનાર ગ્રંથનું નામ પણ 'વિદ્યાચરણવિનિશ્ચય'. ૨૦. '**ध्यानविभक्तिः**'–આર્તધ્યાનાદિ ચાર ધ્યાનોનો વિભાગ જેમાં છે, તે ગ્રંથનું નામ પણ 'ધ્યાનવિભક્તિ' છે. ૨૧. '**मरणविभक्ति**'–આવિચિ આદિ ૧૭ પ્રકારનાં મરણોનું જેમાં પ્રતિપાદન (વિભાગ) છે, તે ગ્રંથનું નામ 'મરણવિભક્તિ'. ૨૨. '**आत्मविशुद्धिः**'–જીવને આલોચના, પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્ત કરાવવા દ્વારા કર્મોનો નાશ કરવારૂપ વિશુદ્ધિ કરવાનો જેમાં ઉપાય બતાવેલો છે, તે ગ્રંથનું નામ 'આત્મ-વિશુદ્ધિ'. ૨૩. '**संलेखनाश्रुतं**'–દ્રવ્ય અને ભાવ ઉભય સંલેખનાનું પ્રતિપાદન કરનાર ગ્રંથમું નામ 'સંલેખના-શ્રુત'; તેમાં દ્રવ્યસંલેખના ચાર વર્ષ વિચિત્રતપ, ચાર વર્ષ વિગઈનો ત્યાગ વગેરે બાર વર્ષ પર્યન્ત શરીરને કૃષ બનાવ-વાની (આગળ કહીશું તે) પ્રક્રિયા; અને ભાવસંલેખના એટલે ક્રોધાદિ કષાયને જીતવા માટે ક્ષમાદિનો અભ્યાસ કરવો તે. ૨૪. '**वीतरागश्रुतं**'–સરાગ અવસ્થાના ત્યાગપૂર્વક આત્માના વીતરાગ-સ્વરૂપને જણાવનાર ગ્રંથ, તેનું નામ 'વીતરાગશ્રુત'. ૨૫. '**विहारकल्पः**'–વિહાર એટલે વર્તન,

તેનો કલ્પ એટલે વ્યવસ્થા અર્થાત્ જેમાં સ્થવિરકલ્પ વગેરે સાધુતાના આચારોનું વર્ણન છે, તે ગ્રંથનું નામ 'વિહાર-કલ્પ'. ૨૬. '**चरणविधिः**'-વ્રતો, શ્રમણધર્મ વગેરે (આ ગ્રંથમાં જુદી કહી છે તે ચરણસિત્તરી)ને જણાવનાર ગ્રંથનું નામ 'ચરણવિધિ'. ૨૭. '**आतुरप्रत्याख्यानम्**'-આતુર એટલે ક્રિયામાં અશક્ત બનેલો ગ્લાન, તેનું પચ્ચક્ખાણ જે ગ્રંથમાં છે, તે ગ્રંથનું નામ 'આતુરપચ્ચક્ખાણ'; એમાં એવો વિધિ છે કે ગીતાર્થ ગુરુ ક્રિયામાં ગ્લાન ને અશક્ત બનેલો જાણી, દિન દિન આહારાદિ દ્રવ્યોને ઓછાં ઓછાં કરાવતાં છેલ્લે સર્વ દ્રવ્યો તરફ વૈરાગ્ય પેદા કરાવી, ભોજનની ઇચ્છાથી નિવૃત્ત થયેલા તે મહાત્મા મુનિને, અંતે, ચારે આહારનો ત્યાગ કરાવે વગેરે જણાવનાર ગ્રંથ તે 'આતુરપચ્ચક્ખાણ' સમજવો. ૨૮. '**महाप्रत्याख्यानम्**'-મોટા પ્રત્યાખ્યાનનું વર્ણન જેમાં છે, તે ગ્રન્થ; એમાં સ્થવિરકલ્પ અથવા જિનકલ્પનું પાલન કરીને અંતે સ્થવિર-કલ્પિક સાધુ બાર વર્ષ સંલેખના કરીને અને જિનકલ્પિક સાધુ વિહાર કરવા છતાં યથાયોગ્ય સંલેખના કરીને, છેલ્લે 'ભવચરિમ' નામનું મહાપચ્ચક્ખાણ કરે; આ વગેરે સવિસ્તર વર્ણન જેમાં જણાવેલ છે, તે ગ્રન્થનું નામ 'મહાપચ્ચક્ખાણ' (એમ ઉત્કાલિક શ્રુતનાં ૨૮ નામો કહ્યાં, તે ઉપલક્ષણરૂપ જાણવાં અર્થાત્ એટલાં જ ઉત્કાલિક શ્રુત છે એમ નહિ સમજવું'). '**सर्वस्मिन्नपि एतस्मिन् अङ्गबाह्ये उत्कालिके**'-આ સર્વ પ્રકારના ઉત્કાલિક શ્રુતભગવંતમાં (જે સૂત્ર અર્થ,

ગ્રંથ, નિર્યુક્તિ, સંગ્રહણીથી સહિત છે તેમાં) જે ગુણો અથવા ભાવો શ્રી વીતરાગ ભગવંતોએ સામાન્ય અને વિશેષ રૂપમાં કહ્યા છે, તે ભાવોને અમે શ્રદ્ધાગત કરીએ છીએ; પ્રીતિ, રુચિ, સ્પર્શ, પાલન અને અનુપાલન કરીએ છીએ; તે ભાવોની શ્રદ્ધા, રુચિ, સ્પર્શ, પાલન અને અનુપાલન કરવાપૂર્વક અમે આ પખવાડિયામાં જે બીજાને ભણાવ્યું, સ્વયં ભણ્યા, સૂત્રનું પરાવર્તન કર્યું, શંકિત પૂછયું, અર્થથી ચિંતવ્યું અને એ રીતે આરાધ્યું તે અમારાં દુઃખોનો, કર્મોનો ક્ષય કરશે, મોક્ષ કરશે; અન્ય જન્મમાં સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ કરાવશે અને ભવભ્રમણથી પાર ઉતારશે, એ કારણે તેને અંગીકાર (વારંવાર અનુમોદનાદિ) કરતા અમે વર્તીએ છીએ. આ પખવાડિયામાં જે ન ભણાવ્યું, ન ભણ્યા, સૂત્રનું પરાવર્તન ન કર્યું, પૂછયું નહિ, અર્થ ચિંતવ્યા નહિ, તેમ જ શરીરબળ, ઉત્સાહ અને પરાક્રમ હોવા છતાં સારી રીતે આરાધ્યું નહિ, તે પ્રમાદરૂપ અતિચારની આલોચના, પ્રતિક્રમણ, નિન્દા, ગર્હા, વ્યાવર્તન અને વિશુદ્ધિ કરીએ છીએ; પુનઃ એમ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ અને તે પ્રમાદરૂપ અનારાધનાને ઘટતું તપરૂપ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીને તે પાપનું 'મિથ્યા દુષ્કૃત' કરીએ છીએ—વગેરે બાકીનો અર્થ પહેલાં કહ્યા પ્રમાણે સર્વ સ્વયં સમજી લેવો.

હવે કાલિક શ્રુતનું ઉત્કીર્તન કરવા માટે કહે છે—

**"नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यो यैरिदं वाचितं अङ्गबाह्यं कालिकं**

**भगवत् तद्यथा**'-તે અમારા ગુરુને અથવા શ્રી જિનેશ્વર, ગણધર આદિને નમસ્કાર થાઓ કે જેઓએ આ અંગ-બાહ્ય કાલિક શ્રુત ભગવંત અમોને આપ્યું છે; અથવા જેઓએ સૂત્ર-અર્થ ઉભયતયા રચ્યું છે. તેનાં નામો આ પ્રમાણે—૧. '**उत्तराध्ययनानि**'-ઉત્તર એટલે પ્રધાન, અથવા પહેલા આચારાંગ સૂત્રના ઉત્તર-વધારામાં કહેલાં, 'વિનય અધ્યયન' વગેરે છત્રીશ અધ્યયનોવાળો ગ્રંથ તે 'ઉત્તરાધ્યયનાનિ'. ૨. '**दशाः**'-દશ અધ્યયનાત્મક ગ્રંથ, જેનું પ્રસિદ્ધ નામ 'દશાશ્રુતસ્કંધ' છે. ૩. '**कल्पः**'-સ્થવિરકલ્પ, જિનકલ્પ વગેરે કલ્પ; અથવા કલ્પ એટલે સાધુનો આચાર, તેનો પ્રતિપાદક ગ્રંથ તે 'કલ્પ'. ૪. '**व्यवहार**'-પ્રાયશ્ચિત્ત સંબંધી વ્યવહારને જણાવનાર ગ્રંથ તે 'વ્યવહાર'. ૫. '**ऋषिभाषितानि**'-અહીં ઋષિઓ એટલે 'પ્રત્યેકબુદ્ધ' વગેરે સાધુઓ, તે શ્રી નેમિનાથજીના તીર્થમાં નારદ વગેરે વીશ; શ્રી પાર્શ્વનાથજીના તીર્થમાં પંદર અને શ્રી વર્દ્ધમાન-સ્વામીના તીર્થમાં દશ, એમ પિસ્તાલીશ મુનિવરો લેવા; તેઓનાં કહેલાં 'શ્રવણ' વગેરે તે તે વિષયનાં પિસ્તાલીશ અધ્યયનો, તે 'ઋષિભાષિતાનિ'. ૬. '**निशीथः**'-નિશીથ એટલે મધ્યરાત્રિએ વસ્તુ જેમ ગુપ્ત રહે છે, તેમ ગુપ્ત રાખવા યોગ્ય-રહસ્યભૂત (ગીતાર્થો સિવાય સામાન્ય સાધુને નહિ ભણાવવા યોગ્ય) અધ્યયન તે 'નિશીથ' અર્થાત્ આચારાંગ-સૂત્રની પાંચમી ચૂલિકા. ૭.' **महानिशीथः**'-બૃહદ્ નિશીથ-સૂત્ર'; આ 'નિશીથ' કરતાં મૂળગ્રંથ અને અર્થ જેમાં

મહાન છે તે. ૮. '**जम्बूद्वीपप्रज्ञप्तिः**'–જેમાં જંબૂદ્વીપ વગેરે દ્વીપોનું સ્વરૂપ જણાવેલું છે, તે ગ્રન્થનું નામ 'જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ' છે. ૯. '**चन्द्रप्रज्ञप्तिः**'–ચંદ્રનું પોતાના માંડલામાં પરિભ્રમણ, તેને જણાવનારો ગ્રંથ તે 'ચંદ્રપ્રજ્ઞપ્તિ'. ૧૦. '**सूरप्रज्ञप्तिः**'–સૂર્યનાં માંડલાં અને તેનું પરિભ્રમણ વગેરેને જણાવનારો ગ્રંથ, તે 'સૂર્યપ્રજ્ઞપ્તિ'. ( કોઈ આને ઉત્કાલિક શ્રુતમાં ગણે છે તે પણ યોગ્ય છે, કારણ કે નન્દીસૂત્રમાં તેને ઉત્કાલિકમાં ગણેલું છે.) ૧૧. '**द्वीपसागरप्रज्ञप्तिः**'–અસંખ્યાતા દ્વીપો અને સમુદ્રોનું જેમાં વર્ણન છે, તે ગ્રન્થ 'દ્વીપસાગર-પ્રજ્ઞપ્તિ'. ૧૨. '**क्षुल्लिकाविमानप्रविभक्तिः**'. ૧૩. '**महती विमानप्रविभक्तिः**'–વૈમાનિક દેવોનાં શ્રેણીગત અને પ્રકીર્ણક વિમાનોનો વિભાગ જેમાં વર્ણવ્યો છે, તે એક 'ક્ષુલ્લિકા-વિમાનપ્રવિભક્તિ' અને બીજી વધારે સૂત્રો તથા અર્થવાળી 'મહતી વિમાનપ્રવિભક્તિ.' ૧૪. '**अङ्गचूलिका**'–આચારાંગ વગેરે અંગસૂત્રોની ચૂલિકા (જેમ કે, આચારાંગને અનેક ચૂલિકાઓ છે ), તે 'અંગચૂલિકા'માં કહેલા અને નહિ કહેલા અર્થનો સંગ્રહ જેમાં કરેલો હોય તે 'ચૂલિકા' જાણવી. ૧૫. '**वर्गचूलिका**'–અહીં વર્ગ એટલે અધ્યયનો વગેરેનો સમૂહ જાણવો, જેમ કે અંતગડદશામાં આઠ વર્ગો છે; એવા વર્ગો ઉપરની ચૂલિકા તે 'વર્ગચૂલિકા' જાણવી. ૧૬. '**विवाहचूलिका**'–અહીં 'વિવાહ' શબ્દથી વિવાહ-પ્રજ્ઞપ્તિ અર્થાત્ પાંચમું અંગ ભગવતીસૂત્ર, તેની ચૂલિકાઓ, તે 'વિવાહ( વ્યાખ્યા )ચૂલિકા'. ૧૭. '**अरुणोपपातः**'–અરુણ

નામના દેવના સમયથી (સંકેતથી) રચાયેલો, તેના ઉપપાતના હેતુને જણાવનારો ગ્રંથ તે 'અરુણોપપાત'; જ્યારે સાધુ ઉપયોગપૂર્વક તેનું આવર્તન (પાઠ) કરે, ત્યારે પોતાના સમયથી (સંકેતથી) રચાયેલો હોવાથી આસન ચલાયમાન થતાં અવધિજ્ઞાનથી જાણીને અતિહર્ષિત થયેલો તે દેવ, જ્યાં તે સાધુ હોય ત્યાં આવી ભક્તિથી પુષ્પવૃષ્ટિ કરે છે, ઉપયોગપૂર્વક સંવેગની શુદ્ધિવાળો તે દેવ ગ્રન્થને સાંભળે છે અને સાધુને વરદાન માગવાનું કહે છે; કેવલ મોક્ષાભિલાષી સાધુ નિઃસ્પૃહતા બતાવે છે, ત્યારે અધિક સંવેગવાળો તે દેવ ત્રણ પ્રદક્ષિણા દઈને નમસ્કાર કરીને પાછો જાય છે. એ જ પ્રમાણે. ૧૮. 'वरुणोपतातः, १९. गरुडोपपातः, २०. धरणोपपातः, २१. वेलंधरोपपातः, २२. देवेन्द्रोपपातः'—આ પાંચનું સ્વરૂપ પણ જાણવું; માત્ર તે તે દેવોનાં તે તે નામો અને પાઠ કરવાથી તેઓનું આગમન વગેરે જાણવું. ૨૩. उत्थान-श्रुतम् '-ઉત્થાનશ્રુત નામનું અધ્યયન; જ્યારે સંઘનું કોઈ વિશિષ્ટ કાર્ય આવે ત્યારે, કોઈ કુલ, ગામ, રાજધાની વગેરેને ઉપદ્રવિત કરવા માટે, તેનો સંકલ્પ કરીને આવેશયુક્ત સાધુ અપ્રસન્ન મનથી વિષમ-અશુભ આસને ઉત્થાનશ્રુતનું પરાવર્તન (પાઠ) કરે, ત્યારે એક, બે અથવા ત્રણ વાર પાઠ કરતાં સંકલ્પિત કુળ, ગામ કે રાજધાની વગેરે ભયભીત થઈને વિલાપ કરતા ત્વરાપૂર્વક નાસવા માંડે. આવું પણ કાર્ય, સંઘ વગેરેની રક્ષા માટે, કોઈ તથાવિધ યોગ્ય સાધુ કરે છે; આવા ઉપદ્રવને શાન્ત કરવા માટે જેનું

પરાવર્તન કરાય તે. ૨૪. '**समुत्थानश्रुतम्**'–સમુત્થાનશ્રુત નામનું અધ્યયન જાણવું; એના પરાવર્તનથી પુનઃ સર્વ નિર્ભય, સ્વસ્થ, શાન્ત થાય છે. ૨૫. '**नागपर्यावलिका**'–નાગ એટલે નાગકુમાર દેવો, તેમના સમય (સંકેત)થી રચેલું અધ્યયન વિશેષ, તે 'નાગપર્યાવલિકા'; જ્યારે સાધુ ઉપયોગપૂર્વક તેને ગણે ત્યારે, દેવનો સંકલ્પ ન કરવા છતાં, તે નાગકુમાર દેવો સ્વસ્થાને રહ્યા થકા તેને જાણે, વંદન કરે, નમસ્કાર કરે, બહુમાન કરે અને સંઘ વગેરેના કાર્ય માટે વરદાન આપે. ૨૬. '**निरयावलिका**'–જેમાં શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણક નરકાવાસોનું તથા ત્યાં ઉત્પન્ન થનારા તિર્યંચો, મનુષ્યો વગેરે તે તે નરકાધિકારી જીવો વગેરેનું વર્ણન છે, તે 'નિરયાવલિકાઓ' કહેવાય છે. ૨૭. '**कल्पिकाः**'–સૌધર્મ વગેરે કલ્પોનું (દેવલોકનું) જેમાં વર્ણન છે, તે સૂત્રશ્રેણીને 'કલ્પિકા' કહી છે. ૨૮. '**कल्पावतंसिकाः**'–સૌધર્મ અને ઈશાન દેવલોકમાં કલ્પપ્રધાન જે સ્વ સ્વ કર્તવ્યથી બંધાયેલાં વિમાનો છે, તે 'કલ્પાવતંસક' વિમાનો કહેવાય છે; તેમાં દેવ-દેવીઓ જે વિશિષ્ટ તપથી ઉપજે છે, સવિશેષ ઋદ્ધિને પામે છે, તે વગેરે વર્ણન વિસ્તારથી જેમાં છે, તે ગ્રંથશ્રેણીને 'કલ્પાવતંસિકાઓ' કહેવાય છે. ૨૯. '**पुष्पिकाः**'–ગૃહવાસનાં બંધનોનો ત્યાગ કરીને જીવ સંયમ ભાવથી પુષ્પિત (સુખી) થાય (ખીલે) અને પુનઃ સંયમભાવનાં છોડી દેતાં દુઃખોથી હલકા બને (કરમાય), પુનઃ તેના ત્યાગથી પુષ્પની જેમ ખીલે (આત્મવિકાસ થાય),

એ વિષયનું પ્રતિપાદન કરનારી સૂત્રશ્રેણીને 'પુષ્પિકાઓ' કહેવાય છે. ૩૦. '**पुष्पचूलिका**'-એ પુષ્પિકાઓના વિષયને સવિશેષ રૂપમાં જણાવનારી ચૂલિકાઓને 'પુષ્પચૂલિકાઓ' કહેવાય છે. ૩૧. '**वृष्णिकाः**' અને ૩૨. '**वृष्णिदशाः**'-વૃષ્ણિ -અંધકવૃષ્ણિ રાજા, તેનું વર્ણન જેમાં છે, તે 'વૃષ્ણિકાઓ' અને તે જ દશની સંખ્યાવાળી, તેને 'વૃષ્ણિદશાઓ' કહેવાય છે. ૩૩. '**आशीविषभावनाः**'-આસ્ય (મુખ)માં જેને વિષ હોય તેને આશીવિષ કહેવાય; તે જાતિથી અને કર્મથી એમ બે પ્રકારે છે; તેમાં વીંછી, દેડકા, સર્પ અને મનુષ્યમાં જાતિથી જાણવા; તેઓનું ઝેર અનુક્રમે આ પ્રમાણે છે: વીંછીનું ઉત્કૃષ્ટથી અર્ધા ભરતક્ષેત્ર જેવડા શરીરમાં; દેડકાનું સમ્પૂર્ણ ભરત જેવડા શરીરમાં; સર્પનું જમ્બૂદ્વીપ જેવડા શરીરમાં અને તેવા મનુષ્યનું ઝેર ઉત્કૃષ્ટથી અઢી દ્વીપ જેવડા શરીરમાં વ્યાપક બને છે; અને કર્મથી પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વભવની લબ્ધિવાળા સહસ્રાર સુધીના દેવો જાણવા. તપશ્ચર્યાથી અથવા બીજી શક્તિથી આ આશીવીષ વીંછી, સર્પ વગેરેની જેમ શાપ વગેરેથી બીજાનો નાશ કરી શકે છે, માટે તેવા કર્મથી તેઓ આશી-વિષ કહેવાય છે; એ આશીવિષ સ્વરૂપનો જેમાં વિચાર છે, તે 'આશીવિષભાવનાઓ' જાણવી. ૩૪. '**दृष्टिविषभावनाः**' -જેની દૃષ્ટિમાં ઝેર હોય તે દૃષ્ટિવિષ કહેવાય છે; અને તેઓનો વિચાર જેમાં કરેલો હોય, તે 'દૃષ્ટિવિષભાવનાઓ' કહેવાય છે. ૩૫. '**चारणभावमाः**'-જંઘાચારણ અને વિદ્યાચારણ

બંને પ્રકારના ચારણલબ્ધિવાળા મુનિઓનું વર્ણન જેમાં છે, તે 'ચારણભાવનાઓ' કહેવાય છે. ૩૬. '**महास्वप्नभावनाः**'–ગજ, વૃષભ આદિ મહાસ્વપ્નોનું સ્વરૂપ જેમાં વિસ્તારથી જણાવેલું છે, તે ગ્રન્થશ્રેણીને 'મહાસ્વપ્નભાવનાઓ' કહેવાય છે. ૩૭. '**तैजसाग्निनिसर्गः**'–તેજોલેશ્યા દ્વારા તૈજસ અગ્નિને બહાર ફેંકવો વગેરે વર્ણન જેમાં છે, તે 'તેજસાગ્નિનિસર્ગ' કહેવાય છે. આ આશીવિષભાવના વગેરે પાંચનું વર્ણન તેનાં નામોને અનુસારે કહ્યું છે, એથી વિશેષ વર્ણન શાસ્ત્ર યા પરંપરાથી દેખવા મળતું નથી, એમ વૃત્તિકાર જણાવે છે. '**सर्वस्मिन्नप्येतस्मिन्नङ्गबाह्ये कालिके भगवति०**'–આ ભગવાન્ એવા સર્વ અંગબાહ્ય કાલિક* શ્રુતમાં૦ વગેરે બાકીનો અર્થ પૂર્વે જણાવ્યા પ્રમાણે સમજી લેવો.

અહીં સુધી આવશ્યક અને આવશ્યક સિવાયનું ઉત્કાલિક અને કાલિક, એમ અંગબાહ્ય શ્રુતનું ઉત્કીર્તન કર્યું; હવે અંગપ્રવિષ્ટ શ્રુતનું ઉત્કીર્તન કરે છે.

* અહીં ઉપર જણાવ્યાં તે તે નામો ઉપલક્ષણરૂપ સમજવાં; કારણ કે જે જે તીર્થંકરોને જેટલી શ્રમણસંપદા (શિષ્યો) હોય છે, તેના શાસનમાં તેટલી સંખ્યામાં પ્રકીર્ણક (પયન્ના) સૂત્રો હોય છે, જેમ કે પહેલા તીર્થંકરને ચોરાશી હજાર, મધ્યમના બાવીસ તીર્થંકરોને સર્વ મળી સંખ્યાતા હજારો અને વીર પ્રભુને ચૌદ હજાર સાધુઓ હતા અને તેટલાં પયન્ના સૂત્રો હતાં. અહીં સાડત્રીસ નામો કહ્યાં, તેને બદલે અન્ય ગ્રંથોમાં, સૂર્યપ્રજ્ઞપ્તિને ઉત્કાલિકમાં તથા વૃષ્ણિકા અને વૃષ્ણિદશાને એક ગણી, કાલિક શ્રુતમાં ૩૫ નામો પણ કહેલાં છે.

'**नमस्तेभ्यः क्षमाश्रमणेभ्यो यैरिदं वाचितं द्वादशाङ्गं गणिपिटकं भगवत् तद्यथा**'–તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ, જેઓએ આ ભગવત્ દ્વાદશાંગ ગણિપીટક શ્રુત અમોને આપ્યું છે, અથવા જેઓએ સૂત્રાર્થરૂપે રચ્યું છે, વગેરે અર્થ પૂર્વ જણાવ્યા પ્રમાણે સમજી લેવો. અહીં '**द्वादशाङ्गम्**'–એટલે *બાર અંગોનો સમૂહ તે 'દ્વાદશાંગ' અને તે '**गणिपीटकं**'–ગણી એટલે આચાર્ય, તેઓની પેટી એટલે આગમવચનરૂપ રત્નોનો કરંડીઓ–ખજાનો, માટે 'ગણીપીટક' એમ અર્થ સમજવો. તેનાં નામો આ પ્રમાણે છે—૧. '**आचारः**'–શિષ્ટ પુરુષોએ આચરેલો જ્ઞાનાદિગુણ-સાધક વિધિ (આચાર); તેને જણાવનાર ગ્રંથનું નામ પણ 'આચાર'. ૨. '**सूत्रकृतम्**'–સૂચનમાત્ર કરે તે સૂત્ર; તેવાં સૂત્રોથી ગૂંથેલો જે સ્વ-પરદર્શનનું સ્વરૂપ વગેરે સકળ

---

* શ્રુતરૂપ પુરુષનાં જમણો-ડાબો બે પગ, જમણી-ડાબી બે જંઘાઓ, જમણી-ડાબી બે સાથળો, પીઠ, ઉદર, જમણી-ડાબી બે ભુજાઓ, ગ્રીવા અને મસ્તક–એ બાર અંગોરૂપ અનુક્રમે આચારાંગ આદિ બાર સૂત્રો છે, જેમ કે 'આચારાંગ અને સૂત્રકૃતાંગ' બે પગો, 'ઠાણાંગ અને સમવાયાંગ' બે જંઘાઓ એમ છેલ્લે 'દૃષ્ટિવાદ' મસ્તક સમજવું. એમ દ્વાદશાંગી એટલે બાર અંગરૂપ આગમપુરુષ કહેલો છે. કહ્યું છે કે–**पायदुगं जङ्घोरू गायदुगुद्धं तु दोय बाहू य। गीवा सिरं च पुरिसो, बारस अङ्गो सुयविसिट्ठो॥** બે પગ, બે જંઘા, બે સાથળો, પીઠ અને ઉદર એ બે ઊર્ધ્વ કાયનાં ગાત્રો, બે ભુજાઓ, ગ્રીવા અને શિર—એ બાર અંગવાળો વિશિષ્ટ શ્રુતપુરુષ જાણવો.

પદાર્થને જણાવનારો ગ્રંથ તે 'સૂત્રકૃત'. ૩. '**स्थानं**'–જેમાં એક, બે વગેરે સંખ્યાની વિવક્ષાપૂર્વક 'આત્મા' વગેરે પદાર્થોને સ્થાપન કરેલા (વર્ણવેલા) છે, તે 'સ્થાન'; અથવા એકથી દશ પર્યન્તના આત્મા વગેરે પદાર્થોનાં સ્થાનોને (સ્વરૂપને) જણાવનાર ગ્રંથ તે 'સ્થાન'. ૪. '**समवाय**'=**सम** (સમ્યક્તયા) **अव** (અધિક રૂપમાં), **अय** જીવાજીવાદિ પદાર્થોનું વર્ણન જેમાં છે, તે ગ્રન્થ 'સમવાય'. ૫. '**विवाह-प्रज्ञप्तिः**'–જેમાં ભગવાન મહાવીરદેવને શ્રી ગૌતમ ગણધરે પૂછેલા પ્રશ્નો અને ઉત્તરોરૂપે અનેકવિધ વિષયોનું ગંભીર વર્ણન કરેલું છે, તે 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' ગ્રંથ; અતીવ પૂજ્ય હોવાથી એ 'ભગવતી' નામથી પણ ઓળખાય છે. ૬. '**ज्ञाताधर्मकथा**'–'જ્ઞાત'–ઉદાહરણપૂર્વક ધર્મકથાઓને જણાવનાર ગ્રંથ તે 'જ્ઞાતાધર્મકથા'. ૭. '**उपासकदशा**'–ઉપાસક એટલે શ્રમણોપાસક (શ્રાવક), તેની ક્રિયા વગેરેનું વર્ણન છે જેમાં, તે ગ્રંથ 'ઉપાસકદશા.' ૮. '**अन्तकृद्दशा**'–કર્મોનો અથવા કર્મના ફળરૂપ સંસારનો અંત જેઓએ કર્યો છે, તે તીર્થંકરો વગેરે અંતકૃતોનું, પહેલા વર્ગમાં, દશ અધ્યયનોથી વર્ણન હોવાથી તે ગ્રંથનું નામ 'અંતકૃદ્દશા'. ૯. '**अनुत्तरोपपातिकदशाः**'–અનુત્તર એટલે ઉપરનાં છેલ્લાં પાંચ વિમાનો; ત્યાં ઉત્પન્ન થનારા, અથવા અનુત્તર એટલે શ્રેષ્ઠ દેવમાં જન્મ લેનારા અર્થાત્ 'સર્વાર્થસિદ્ધ' વગેરે પાંચ વિમાનોમાં ઉત્પન્ન થનારા આત્માઓનાં વર્ણનવાળો, દશ અધ્યયનથી ગૂંથેલો ગ્રંથ તે 'અનુત્તરોપપાતિકદશા'. ૧૦.

'**प्रश्नव्याकरणं**'-પ્રશ્નો અને વ્યાકરણ એટલે ઉત્તરો (સમાધાન-વચનો) રૂપે ગૂંથેલો ગ્રંથ તે 'પ્રશ્નવ્યાકરણ'. ૧૧. '**विपाकश्रुतं**'-શુભાશુભ કર્મના વિપાકો (ફળો)ને જણાવનારો ગ્રંથ તે 'વિપાકશ્રુત'. અને ૧૨. '**दृष्टिवादः**'-દૃષ્ટિ એટલે દર્શન અર્થાત્ સર્વ દર્શનોનો વાદ, અથવા સર્વ નયોરૂપી ભિન્ન ભિન્ન દૃષ્ટિઓ (અપેક્ષાઓ) જેમાં કહેલી છે, તે ગ્રંથ 'દૃષ્ટિવાદ'. આ બાર અંગોનાં નામો જાણવાં. '**सर्वस्मिन्नप्येतस्मिन् द्वादशाङ्गे गणिपीटके भगवति०**'-આ ભગવત્ એવાં ગણિપીટકરૂપ બાર અંગોરૂપ સર્વ-દ્વાદશાંગીમાં૦ વગેરે બાકીનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે.

એ પ્રમાણે સામાન્યથી અંગપ્રવિષ્ટ શ્રુતનું વર્ણન કર્યું. અહીં સર્વ સિદ્ધાન્તોનાં માત્ર નામો જ કહ્યાં છે, તેનાં ભેદો, શાસ્ત્ર (વિષય), અધ્યયનો તથા ઉદ્દેશા વગેરેની સંખ્યાનું પ્રમાણ વગેરે ગ્રંથવિસ્તારના ભયથી કહ્યું નથી, તે અન્ય ગ્રંથોમાંથી જાણી લેવાં.

હવે આ શ્રુતને આપનારા તથા પાલન કરનારાઓને નમસ્કાર કરવા માટે તથા પોતાના પ્રમાદનો 'મિચ્છા મિ દુક્કડં' દેવા માટે કહે છે—

'**नमस्तेभ्य क्षमाश्रमणेभ्यो यैरिदं द्वादशाङ्गं गणिपीटकं भगवत्**'-તે ક્ષમાશ્રમણ (મારા ગુરુ અથવા જિનેશ્વરો, ગણધરો વગેરે)ને નમસ્કાર થાઓ, જેઓએ આ ભગવત્ એવું આચાર્યના રત્નના ખજાના સરખું બાર અંગરૂપ શ્રુત

અમોને આપ્યું અથવા જેઓએ સૂત્ર-અર્થરૂપે રચ્યું છે. તથા '**सम्यक् कायेन स्पृशन्ति पालयन्ति पूरयन्ति तीरयन्ति कीर्त्तयन्ति सम्यगाज्ञया आराधयन्ति**'–જેઓ સારી રીતે કાયાથી તેને સ્પર્શ કરે છે, પૂર્ણ કરે છે, તરે છે, કીર્તન કરે છે અને યથાર્થ આજ્ઞા દ્વારા આરાધે છે, 'તેઓને પણ નમસ્કાર થાઓ', એ અર્થ અહીં પણ જોડવો. તેમાં કાયાથી સ્પર્શ કરે છે, એટલે માત્ર મનથી જ નહિ પણ કાયાથી અવિપરીતપણે ભણવાના સમયે ભણે (ગ્રહણ) કરે છે, પાલન કરે છે, એટલે પુનઃ પુનઃ અભ્યાસ કરીને રક્ષણ કરે છે, પૂર્ણ કરે છે, એટલે માત્રા, બિન્દુ, અક્ષરો વગેરેને ભણનાર ભૂલે તો તેને સુધારે છે–પૂરે છે. તરે છે એટલે જીવે ત્યાં સુધી, વિસ્મરણ નહિ થવા દેતાં, જીવનના છેડા સુધી પહોંચાડે છે–યાદ રાખે છે. કીર્તન કરે છે એટલે પોતાના નામની માફક સ્વાધ્યાય કરવા દ્વારા સ્તુતિ કરે છે અથવા સમ્યક્ શબ્દોચ્ચારણ કરે છે અને યથાર્થ આજ્ઞાનુસાર આરાધે છે એટલે યથાર્થ તેમાં કહેલી આજ્ઞા અથવા સ્વગુરુની આજ્ઞાના પાલનપૂર્વક તેમાં કહેલી ક્રિયા–અનુષ્ઠાનો કરીને સફળ કરે છે–એમ અર્થ સમજવો. '**अहं च नाराधयामि तस्य मिथ्या मे दुष्कृतम्**'–હું પ્રમાદાદિને વશ થઈ જે જે આરાધના નથી કરતો, તે દોષનું હું 'મિથ્યા દુષ્કૃત' દઉં છું અર્થાત્ મારું તે પાપ મિથ્યા થાઓ. હવે મંગળ માટે શ્રુતદેવીની સ્તુતિ કહે છે—

"सुअ(य)देवया भगवई, नाणावरणीयकम्मसंघायं ।
तेसिं खवेउ सययं, जेसिं सुयसायरे भत्ती ॥ १ ॥"

વ્યાખ્યા—ભગવતી શ્રુતદેવતા તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને (હંમેશાં) ક્ષય કરો, કે જેઓને શ્રુતજ્ઞાન-રૂપ સમુદ્રમાં વિનય-બહુમાનરૂપ ભક્તિ છે.

એમ પાક્ષિકસૂત્રનો લેશમાત્ર અર્થ કહ્યો.

# ॥ श्री पाक्षिक खामणां ॥

इच्छामि खमासमणो ! पिअं च मे जं भे, हट्ठाणं तुट्ठाणं, अप्पायंकाणं, अभग्गजोगाणं, सुसीलाणं, सुव्वयाणं, सायरिय-उवज्झायाणं, नाणेणं, दंसणेणं, चरित्तेणं, तवसा अप्पाणं भावेमाणाणं, बहुसुभेण भे दिवसो पोसहो पक्खो वइक्कंतो, अन्नो य भे कल्लाणेणं पज्जुवट्ठिओ सिरसा मणसा मत्थएण वंदामि ॥ (गुरुवाक्यम्) तुब्भेहिं समं ॥

इच्छामि खमासमणो ! पुव्विं चेइआइं वंदित्ता, नमंसित्ता, तुब्भण्हं पायमूले विहरमाणेणं, जे केइ बहुदेवसिया साहुणो दिट्ठा समाणा वा वसमाणा वा गामाणुगामं दूइज्जमाणा वा, राइणिया संपुच्छंति, ओमराइणिया वंदंति, अज्जया वंदंति, अज्जियाओ वंदंति, सावया वंदंति, साविया ओ वंदंति, अहंपि निस्सल्लो निक्कसाओ त्ति कट्टु, सिरसा मणसा मत्थएण वंदामि ॥ (गुरुवाक्यम्) अहमवि वंदावेमि चेइआइं ॥

इच्छामि खमासमणो ! उवट्ठिओहं (अब्भुट्ठिओहं) तुब्भण्हं संतिअं, अहाकप्पं वा, वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुच्छणं वा, (रयहरणं वा) अक्खरं वा, पयं वा, गाहं वा, सिलोगं वा, सिलोगद्धं वा, अट्ठं वा, हेउं वा, पसिणं वा,

वागरणं वा, तुब्भेहिं चिअत्तेणं दिन्नं, मए अविणएण पडिच्छिअं, तस्स मिच्छामि दुक्कडं ॥ ( गुरुवाक्यम् ) आयरियसंतिअं ॥

इच्छामि खमासमणो ! अहमपुव्वाइं, कयाइं च मे, किइ-कम्माइं, आयारमंतरे, विणयमंतरे, सेहिओ, सेहाविओ, संग-हिओ, उवग्गहिओ, सारिओ, वारिओ, चोइओ, पडिचोइओ, चिअत्ता मे पडिचोयणा ( अब्भुट्ठिओहं ) उवट्ठिओहं, तुब्भण्हं तवतेयसिरीए, इमाओ चाउरंतसंसारकंताराओ, साहट्टु नित्थ-रिस्सामि त्ति कट्टु सिरसा मणसा मत्थएण वंदामि। ( गुरु-वाक्यम् ) नित्थारपारगा होह ॥

**અવતરણ**—ક્ષમાપના એક પરમ ઔષધ છે. વિનય-મૂલક ધર્મનું નિરૂપણ કરનારા વીતરાગ શાસનમાં એ કારણે વારંવાર ક્ષમાપના કરવાનું વિધાન છે. છદ્મસ્થ સુલભ અપરાધી જીવનમાં આ ક્ષમાપના આત્માની શુદ્ધિ કરે છે અને અપરાધ ન થયો હોય તોપણ તૃતીય ઔષધની જેમ આત્માની નિર્મળતા વધારી ઉપરના ગુણ-સ્થાનકની પ્રાપ્તિ કરાવે છે. માટે ઔષધમાં જેમ પુનરુક્તિ દોષ નથી તેમ ક્ષમાપના પણ વારંવાર કરવામાં પુનરુક્તિ દોષ નથી, ઊલટું આત્માની વિશેષ શુદ્ધિ થાય છે, માટે જેમ મંગળપાઠકો (માંગલિક સ્તોત્રાદિ સંભળાવનારા) કોઈ શ્રેષ્ઠ કાર્ય પૂર્ણ થતાં પોતાના માલિકને 'હે અખંડ-બલી રાજન્! આપનો ભૂતકાળ સુંદર ગયો (સફળ થયો અને બીજો પણ એ રીતે સુંદર પ્રાપ્ત થયો (અર્થાત્

સફળ થાઓ )' વગેરે કહીને બહુમાન કરે છે, તેમ સાધુ-ઓ પણ પોતાના ઉપકારી ગુરુનો (અબ્ભુટ્ઠિઓ સૂત્રથી વારંવાર વિનય-ક્ષમાપના કરવા છતાં) પુનઃ ખામણાંસૂત્રથી વિનયોપચારપૂર્વક પાક્ષિકાદિ ક્ષમાપના કરે છે, તે આ પ્રમાણે—

## પાક્ષિક ખામણાંનો અર્થ

'**इच्छामि खमासमणो! पिअं च मे०**' ઇત્યાદિ **इच्छामि**-હું ખમાવવાની (આગળ કહું છું તેવી) 'અભિ-લાષા' કરું છું, અથવા ઇચ્છું છું. શું ઇચ્છું છું? આગળ જણાવું છું તે. તે જ જણાવે છે કે '**क्षमाश्रमणाः**'-હે પૂજ્ય! '**प्रियं च मम**'-કોઈ કારણે કોઈને કાંઈક 'અપ્રિયની પણ ઇચ્છા' થાય માટે અહીં કહે છે કે (હું ઇચ્છું છું) અને મને પ્રિય-માન્ય પણ છે કે-'**ज मे! (यद्भवतां)**'-જે આપનો (જ્ઞાનાદિની આરાધનાપૂર્વક પર્વ દિવસ અને પક્ષ પૂર્ણ થયો અને બીજો પણ શરૂ થયો, તે મને પ્રિય છે એમ વાક્યસંબંધ જોડવો.) કેવા આપનો? તે વિશેષણો કહે છે કે, '**हृष्टानाम्**'-નીરોગી એવા આપનો. '**तुष्टानाम्**'-ચિત્તની પ્રસન્નતાવાળા આપનો. '**अल्पातङ्कानां**'-અલ્પ શબ્દ અભાવ-વાચક હોવાથી (તત્કાળ ઘાતક રોગરૂપ) આતંકથી સર્વથા રહિત એવા આપનો (અથવા સર્વથા નીરોગીપણાનો અસંભવ હોવાથી અલ્પરોગવાળા, અર્થાપત્તિએ સામાન્ય-તયા નીરોગી એવા આપનો). '**अभग्नयोगानाम्**'-અખંડ સંયમ વ્યાપારવાળા (સંયમની કરણીમાં વ્યાઘાત વિનાના)

આપનો. 'सुशीलानां'-અઢાર હજાર શીલાંગ (આચાર) સહિત આપનો. 'सुव्रतानाम्'-સુંદર પંચમહાવ્રતના ધારક આપનો. 'साचार्योपाध्यानाम्'-બીજા પણ અનુયોગાદિ આચાર્ય, ઉપાધ્યાયો સહિત આપનો, અર્થાત્ આપનો અને અન્ય પણ અનુયોગ-આચાર્યાદિક સર્વેનો. 'ज्ञानेन दर्शनेन चारित्रेण तपसा आत्मानं भावयताम्'-જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ દ્વારા આત્માને વિશુદ્ધ કરતા એવા આપ સર્વેનો. 'भो!'-હે ભગવંત! 'दिवसः पौषधः पक्षः बहुशुभेन व्यतिक्रान्तः'-પૌષધદિવસ અર્થાત્ આજનો પર્વ દિવસ અને પક્ષ (પખવાડિયું) અત્યંત (શુભ કાર્ય કરવા) રૂપે પૂર્ણ થયો. 'अन्यश्च भवतां कल्याणेन पर्युपस्थितः'-અને બીજો પક્ષ-અર્ધમાસ આપને કલ્યાણકારી શરૂ થયો. (હે ક્ષમા-શ્રમણ પૂજ્ય!) હું તે ઇચ્છું છું, મને પ્રિય છે, માન્ય છે, એમ ગુરુની ભૂત-ભાવિ આરાધનામાં શિષ્ય પોતાની પ્રસન્નતા બતાવીને પ્રણામ કરે છે કે-'शिरसा मनसा'-શિર વડે, મન વડે અને ઉપલક્ષણથી ('वाचा') વચન વડે, 'मत्थएण वंदामि'-હું મસ્તક વડે વાંદું છું, પ્રણામ કરું છું. 'शिरसा' કહેવા છતાં અહીં 'मत्थएण वंदामि' કહ્યું તે પદ શ્રી જૈનશાસ્ત્રે પ્રસિદ્ધ વ્યુત્પત્તિ વિનાનું સમગ્ર પારિભાષિક નમસ્કાર વચન હોવાથી પુનરુક્તિ દોષ નથી. એ પ્રસંગે આચાર્ય પણ કહે કે-(तुब्भेहिं-समं), 'युष्माभिः सार्द्धं'-તમારા સર્વની સાથે (અર્થાત્ તમારે અમારે સર્વને સ્વ-પ[illegible]સહકારથી) એ પ્રાપ્ત થયો, અર્થાત્ આરાધના થઈ અને પુનઃ આરાધનાનો પ્રારંભ થયો.

હવે બીજા ખામણામાં ગુરુને ચૈત્યો તથા સાધુઓને વંદન કરાવવા માટે તેઓએ કરેલી વંદનાનું નિવેદન કરે છે :—

'**इच्छामि खमासमणो! पुव्विं चेइआइं वंदित्ता०**' ઇત્યાદિ, તેમાં '**इच्छामि क्षमाश्रमणाः!**'–હે પૂજ્ય! હું ઇચ્છું છું. શું ઇચ્છું છું? 'આપને ચૈત્યવંદના તથા સાધુવંદના કરાવવા માટે નિવેદન કરવાને', એટલો અધૂરો વાકયાર્થ સ્વયં સમજી લેવો. '**पूर्वकाले**'–વિહાર કર્યા પહેલાં આપની સાથે હતો ત્યારે 'હું આ ચૈત્યવંદના શ્રીસંઘની વતી કરું છું,' એમ અધ્યવસાય કરીને. '**चैत्यानि**'–શ્રી જિનપ્રતિમાઓને સ્તુતિઓ રૂપે. '**वन्दित्वा**'–વંદન કરીને, અને પ્રણામરૂપે '**नमस्कृत्य**'–નમસ્કાર કરીને. કયાં અને કયારે વંદન–નમસ્કાર કરીને? તે કહે છે કે–'**युष्माकं पादमूले**'–આપની સાથે હતો ત્યારે અહીં અને તે પછી, '**विहरता मया**'–અન્યત્ર વિચરતાં બીજાં ક્ષેત્રોમાં. '**ये केचन बहुदैवसिकाः**'–જે કોઈ ઘણા દિવસના (વર્ષોના) પર્યાયવાળા. '**साधवः दृष्टाः**'–સાધુઓને જોયા (હું મળ્યો). તે કેવા સાધુઓ? '**समाणा वा**'–વૃદ્ધત્વાદિના કારણે જંઘાબળ ક્ષીણ થવાથી એક સ્થાને (સ્થિરવાસ) રહેલા. '**वसमाणा वा**'–અથવા નવ કલ્પ વિહારવાળા (ગામમાં એક રાત્રિ, નગરમાં પંચ-રાત્રિ વગેરે ક્રમથી વિચરતા). અને તેથી જ '**ग्रामानुग्रामं द्रवन्तो वा**'–ગામોગામ ફરતા, (**वा** શબ્દો બધે સમુચ્ચય (અને) અર્થમાં સમજવા). અર્થાત્ વિહારમાં જે કોઈ બહુ

પર્યાયવાળા સ્થિરવાસ રહેલા કે ગામોગામ વિચરતા સાધુઓ મને મળ્યા, તેમાં '**रात्निकाः संप्रश्नयन्ति**'-જે દીર્ઘ ચારિત્ર પર્યાયવાળા (આચાર્યો) મળ્યા, તેમને મેં વાંદ્યા અને આપની વતી પણ વંદના કરી, ત્યારે તેઓએ આપના કુશળ સમાચાર આદિ પૂછ્યા (અનુવન્દના કહી) વગેરે. અને '**अवमरात्निकाः वन्दन्ते**'-જેઓ આપનાથી લઘુપર્યાયવાળા આચાર્યો મળ્યા, તેઓએ આપને વંદના કરી (અમારા દ્વારા વંદના જણાવરાવી) અને કુશળ સમાચાર વગેરે પૂછ્યું હતું. વળી '**आर्यकाः वन्दन्ते**'-નાના (સામાન્ય) સાધુઓએ પણ આપને વંદન કર્યું (અમારા દ્વારા જણાવરાવ્યું છે). તથા '**आर्यिकाः वन्दन्ते**'-એ પ્રમાણે જે આર્યાઓ (સાધ્વીઓ) મળ્યાં તેઓએ પણ વન્દન કહ્યું. '**श्रावकाः वन्दन्ते**'-જે જે શ્રાવકો ગામોગામમાં મળ્યા, તેઓએ પણ વંદન કર્યું. અને '**श्राविकाः वन्दन्ते**'-જે જે શ્રાવિકાઓ મળી તેઓએ પણ વંદન કર્યું હતું અર્થાત્ ચતુર્વિંધ સંઘ પૈકી જે જે મળ્યા તે સહુએ આપને યથાયોગ્ય અનુવંદના, વંદના કરવાપૂર્વક સુખશાતાદિ કુશળ સમાચાર પૂછ્યા હતા. તથા તે વેળા '**निशल्यः निष्कषायः अहमपि शिरसा मनसा मस्तकेन वन्दामि**'-શલ્ય રહિત, કષાય મુક્ત એવા મેં પણ શિરથી, મનથી અને ઉપલક્ષણથી વચનથી પણ તેઓને વંદન કર્યું. '**इतिकृत्वा**'-તે હેતુથી આપ પૂજ્ય પણ તેઓને વંદન કરો, એમ શિષ્યના કહેવાથી ગુરુ-કહે, '**अहमपि वन्दे चैत्यानि**'-હું પણ તે તે વંદન કરેલાં ચૈત્યોને (અને

ઉપલક્ષણથી તે તે આચાર્યાદિ સંઘને) વંદન કરું છું. અહીં બીજા આચાર્યો કહે છે કે '**अहमवि वन्दावेमि चेइआइं**'–એમ પાઠ છે; તેનો અર્થ એમ કરવો કે શિષ્ય ગુરુને કહે છે કે, હું પણ ચૈત્યવંદના કરાવું છું અર્થાત્ અમુક નગરમાં, ગામમાં તમારી વતી જે જે ચૈત્યોને મેં વંદન–નમસ્કાર કર્યાં, તથા સંઘે પણ આપને જે જે જણાવરાવ્યું, તેઓને આપ પણ વંદન કરો! (સમગ્ર આલાપકનો ભાવ એ છે કે શિષ્ય, ગુરુને ચાલુ પક્ષમાં વિહાર કરતાં, ગામોગામ જે ચૈત્યો તથા અન્ય આચાર્યાદિ શ્રીસંઘને મળ્યો, વંદન–નમસ્કાર કર્યાં, ગુરુની વતી પણ વંદના–નમસ્કારાદિ યથાયોગ્ય જે જે જેની સાથે ઉચિત વ્યવહાર કર્યો હોય, તે ગુરુની સમક્ષ જણાવીને, ગુરુને પણ તે તે ચૈત્યોને તથા શ્રીસંઘને વંદન કરાવવા વિનંતિ કરે છે. તે સાંભળી પ્રસન્ન થએલા ગુરુ પણ તે ચૈત્યોને અહીં રહ્યાં રહ્યાં વંદન–નમસ્કારાદિ કરે છે અને અન્ય આચાર્યો આદિ શ્રીસંઘને પણ વંદના–અનુવંદના કે ધર્મલાભ વગેરે યથાયોગ્ય કરે છે).

હવે ત્રીજા ખામણામાં શિષ્ય પોતાનું નિવેદન કરવા માટે કહે છે—

'**इच्छामि खमासमणो! उवट्ठिओऽहं** (**मि**)॰ ઇત્યાદિ, તેમાં **इच्छामि क्षमाश्रमणाः**'–હે પૂજ્ય ક્ષમાશ્રમણ! હું આગળ [illegible] કહીશ તે [illegible]માણે [illegible]ચ્છું છું. '**उपस्थितोऽहं**'–મારું નિવેદન કરવા હું તૈયાર થયો (આવ્યો) છું. હવે નિવેદન કરે છે

કે-'युष्माकं सत्कं'-આપનું આપેલું આ સઘળું, જે અમારે ઉપયોગી છે, તે કેવું? 'यथाकल्पं'-સ્થવિર કલ્પને ઉચિત-કલ્પ્ય. શું શું આપ્યું તે નામપૂર્વક કહે છે કે 'वस्त्रं, पतत्ग्रहं, कम्बलं, पादप्रोञ्छनं, (रजोहरणं)'-વસ્ત્ર, પાત્ર, કામળ, રજોહરણ (રજોહરણ એવો જુદો પાઠ કોઈમાં દેખાય છે ત્યાં પાદપ્રોંછનનો અર્થ દંડાસણ અને રજોહરણ એટલે ઓઘો એમ જુદો કરવો ઠીક લાગે છે). તથા 'अक्षरं, पदं, गाथा, श्लोकः, (श्लोकार्द्धं)'-સૂત્રનો એક અક્ષર, પદ, ગાથા (આર્યાબદ્ધ પદ્ય), શ્લોક (અનુષ્ટુભ્ પદ્ય); ક્વચિત્ શ્લોકાર્ધ અડધો શ્લોક એવો પણ પાઠ છે. વળી 'अर्थः, हेतुः, प्रश्नः, व्याकरणं'-સૂત્રનું અભિધેય (વાચ્ય) તે અર્થ, (અહીં) નપુંસક લિંગનો પ્રયોગ છે, તે પ્રાકૃત શૈલીને યોગે સમજવો). હેતુ એટલે કારણ; બીજો માન ઉતારવા માટે પૂછે તે પ્રશ્ન, તેનો ઉત્તર આપવામાં આવે તે વ્યાકરણ; અહીં દરેક પદોની સાથે 'वा' પદ છે તે સમુચ્ચય (વળી) અર્થમાં જાણવો. એ પ્રમાણે વસ્ત્રાદિ, અક્ષરાદિ અને અર્થ વગેરે જે જે 'युष्माभिः प्रीत्या दत्तं'-વિના માગે આપે મને પ્રીતિપૂર્વક આપ્યું. છતાં, 'मयाऽविनयेन प्रतीप्सितं'-મેં તે અવિનયથી ગ્રહણ કર્યું. 'तस्य मिथ्या मे दुष्कृतम्'-તે મારું પાપ મિથ્યા થાઓ! એમ શિષ્ય પોતાના અવિનયાદિ અપરાધની ક્ષમા માગે ત્યારે ગુરુ પણ 'आचार्यसत्कं'-એ બધું પૂર્વાચાર્યોનું તમને આપ્યું છે, એમાં મારું શું છે? એમ કહી પોતાના ગર્વનો ત્યાગ અને સ્વગુરુ પ્રત્યે ભક્તિ દર્શાવે (૩).

હવે ચોથા ખામણામાં ગુરુએ જે શિક્ષા (જ્ઞાન-ક્રિયારૂપ) આપી તે ગુરુના અનુગ્રહનું બહુમાન કરતાં શિષ્યો કહે કે:—

'**इच्छामि खमासमणो अहम [वि] पुव्वाइं०** ઇત્યાદિ, તેમાં '**इच्छामि क्षमाश्रमणाः! अहमपूर्वानि (कृतिकर्माणि कर्तुं)**'–હે પૂજ્ય, ક્ષમાશ્રમણ! હું અપૂર્વ–ભવિષ્યકાળે (પણ) કૃતિકર્મો (વન્દન) કરવાને ઇચ્છું છું, એમ વાક્યસંબંધ જોડવો. '**कृतानि च मया कृतिकर्माणि**'–તથા મેં જે ભૂત-કાળે કૃતિકર્મો (વંદનો) કર્યાં, તે વંદનોમાં '**आचारान्तरे**'–કોઈ જ્ઞાનાદિ આચારો વિના અર્થાત્ કોઈ જ્ઞાનાચારાદિ આચારોનું પાલન નહિ કરતાં, તથા '**विनयान्तरे**'–વિનય નહિ કરતાં અર્થાત્ તે જ્ઞાનાદિ ક્રિયામાં વિનયનો ભંગ કરતાં. '**शिक्षितः**'–આપે સ્વયં મને તે આચાર વિનયાદિ શિખ-ડાવ્યો; અથવા બીજો પર્યાય '**सेधितः**'–આચારોમાં અને વિનયમાં મને કુશલ બનાવ્યો. '**शिक्षापितः**'–અથવા '**सेधापितः**'–ઉપાધ્યાયજી આદિ અન્ય સાધુઓ દ્વારા મને શિખ-ડાવરાવ્યો અથવા કુશળ બનાવરાવ્યો. તથા '**संगृहीतः**'–આપે મને શિષ્ય તરીકે આશ્રય આપ્યો (સ્વીકાર્યો). '**उपगृहीतः**'–જ્ઞાન વગેરે આપીને તથા વસ્ત્રાદિ આપીને સંયમ માટે આધાર (આશ્રય) આપ્યો. '**सारितः**'–મારા હિત-માર્ગે મને દોર્યો. '**वारितः**'–અહિત પ્રવૃત્તિ કરતાં અટકાવ્યો, '**चोदितः**'–સંયમ આરાધનામાં સ્ખલનાદિ કરતાં 'તમારા જેવાને આમ કરવું યોગ્ય નથી' એમ મધુર શબ્દોથી મને

ભૂલ વગેરે કરતાં અટકાવ્યો (બચાવ્યો). '**प्रतिचोदितः**'–એ રીતે વારંવાર બચાવ્યો-પ્રેરણા આપી. '**चियत्ता मम प्रतिचोदना**'–આપે એ વારંવાર પ્રેરણા કરી તે મને પ્રીતિકર બની છે, અહંકારાદિથી અપ્રીતિકર નથી લાગી, ઉપલક્ષણથી શિક્ષા, સેધના, સારણા, વારણા, પ્રેરણા—એ બધું મને પ્રીતિકર બન્યું છે, એમ સ્વયં સમજી લેવું. એથી જ '**उपस्थितोऽहम्**' (**अभ्युत्थितोऽहम्**)'–એ આપે પ્રેરણા-પ્રતિપ્રેરણા કરી તે તે વિષયમાં હું ભૂલ સુધારવા તૈયાર-ઉદ્યમી થયો છું. (મને પૂર્ણ શ્રદ્ધા છે કે) '**युष्माकं तपतेजःश्रिया**'–આપના તપના તેજરૂપી લક્ષ્મીથી અર્થાત્ આપના તપ-તેજના મહિમાથી. '**इतः चातुरन्तात् संसारकान्तारात् संहृत्य निस्तरिष्यामि**'–આ ચારગતિરૂપ ચાર છેડાવાળી સંસારરૂપી અટવીમાં કષાયો, ઇન્દ્રિયો અને યોગો વગેરેથી ફેલાયેલા (ફસાયેલા-ભમતા) મારા આત્માનું સંહરણ કરીને અર્થાત્ એ અટવીમાંથી ખેંચી લઈને, તેને હું ઉલ્લંઘી જઈશ અર્થાત્ સંસારરૂપી અટવીનો પાર પામીશ. '**इतिकृत्वा**' –એ હેતુથી. '**शिरसा मनसा मस्तकेन वन्दामि**'–પૂર્વે અર્થ કર્યો છે તેમ શિર દ્વારા, મન દ્વારા અને ઉપલક્ષણથી વચન દ્વારા આપને હું વંદન કરું છું, એમ શિષ્ય ગુરુનો મહાઉપકાર માનતો કૃતજ્ઞતા દાખવે, ત્યારે ગુરુ કહે, '**निस्तारकाः**'–તમે સંસારસમુદ્રથી અન્ય જીવોનો અથવા તમે કરેલી તમારી પ્રતિજ્ઞાઓનો (વ્રતાદિ નિયમોનો) નિસ્તાર (નિર્વાહ) કરનારા અને '**पारगाः**'–સંસારસમુદ્રથી

પાર પામનારા 'भवत'-થાઓ અર્થાત્ તે જીવોનું અને તમારું કલ્યાણ કરો—એમ ગુરુ આશીર્વાદ આપે. એ પ્રમાણે પાક્ષિક ખામણાનો અર્થ કહ્યો. (૪).

**ઇતિ પાક્ષિક ખામણા સૂત્ર અર્થ સમાપ્ત**

---

## પ્રતિક્રમણમાં અતિચારોને ચિંતવવાની ગાથા

**सयणासणन्नपाणे, चेइअ जइ सिज्ज काय उच्चारे ।**
**समिई भावण गुत्ती, वितहायरणंमि अइआरो ॥१॥**

**ભાવાર્થ—શયન** એટલે સંથારો, ઉત્તરપટ્ટો વગેરે. **આસન**-પાટ, પાટિયું, આસન વગેરે. એને વિતથાચરણમાં એટલે અવિધિએ લેવાં, મૂકવાં, પાથરવાં અને વાપરવાં વગેરેથી અતિચાર લાગ્યો હોય તે વિચારવો. **અન્નપાન**-અવિધિથી આહાર-પાણી લેવામાં, આલોચવામાં, વાપરવા વગેરે-માં લાગેલો અતિચાર. **ચૈત્ય**-જિનમૂર્તિ મંદિર, ત્યાં આશાતના કે અવિધિએ દેવવન્દનાદિ કરવાથી લાગેલો અતિચાર. **યતિ** સાધુ (સાધ્વી), તેઓનો યથાયોગ્ય વિનય, વૈયાવચ્ચ, વન્દનાદિ નહિ કરવાથી કે અવિધિએ કરવાથી લાગેલો અતિચાર. **શય્યા**-વસતિ, ઉપાશ્રયાદિ, તેને યથાયોગ્ય પ્રમાર્જનાદિ નહિ કરવાથી, અવિધિએ કરવાથી કે સ્ત્રી, પશુ, પંડકાદિથી યુક્ત સ્થાનનો ઉપયોગ કરવાથી અતિચાર. **કાય અને ઉચ્ચાર**-માત્રુ અને સ્થંડિલ (ઝાડો અને પેશાબ), એ બેને અસ્થંડિલે

( અયોગ્ય-જીવસંસક્ત સ્થાને ) પરઠવવાથી કે સ્થંડિલે ( યોગ્ય ભૂમિમાં ) પણ ચક્ષુથી જોયા-પ્રમાર્જ્યા વિના પરઠવવાથી અતિચાર. **સમિતિ**-પાંચ સમિતિઓનું પાલન નહિ કરવાથી કે અવિધિ કરવાથી અતિચાર. એ પ્રમાણે **ભાવના અને ગુપ્તિ** બાર કે ચાર ભાવનાઓનું અને ત્રણ ગુપ્તિઓનું પણ પાલન નહિ કરવાથી અથવા અવિધિ કરવાથી. એમ તે તે વિષયમાં અનુચિત વર્તન કરવાથી કે યથાયોગ્ય નહિ કરવાથી લાગેલા અતિચારોનું ચિંતન કરી યાદ રાખી આલોચના કરવી. ( એમાં જે સાધુ-સાધ્વીને આહારાદિ માટે બહાર ભ્રમણ કરવાનું હોય, તેણે એક વાર અને આચાર્યે બે વાર આ ચિંતન કરવું, કારણ કે આચાર્યને અલ્પ પ્રવૃત્તિ હોવાથી ચિંતવવાનું થોડું હોય, માટે બન્ને સરખો ટાઈમ કાયોત્સર્ગમાં રહી શકે એટલો વિશેષ સમજવો ).

## પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં છીંકનો કાયોત્સર્ગ-વિધિ

પાક્ષિકાદિ ત્રણ પ્રતિક્રમણોમાં અતિચાર અગાઉ છીંક*

---

* છીંક વાયુના વિકારથી થતો શબ્દ છે, તોપણ તેનું ઉત્થાન એવા સ્થાનેથી છે કે તે અમંગળમાં નિમિત્ત ( સૂચક ) બને છે. જોકે શારીરિક શબ્દ માત્ર વાયુના ભિન્ન ભિન્ન આંદોલનરૂપ છે, તોપણ તેનું શુભાશુભપણું છે જ અને તેથી સાંભળનારને તે શુભાશુભ ફળ પણ આપે છે. જગતમાં આ તત્ત્વ અનુભવસિદ્ધ છે. માટે તેના પરિણામરૂપ અમંગળને ટાળવા આ કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગ તપ અને પ્રાયશ્ચિત્તરૂપે મંગળ છે. તેમાં થતું શ્રી જિનેશ્વરાદિનું ધ્યાન આત્માનાં અભ્યંતર અશુભ નિમિત્તોને ટાળે છે અને સ્મરણ કરાયેલા શાસન-

આવે તો પ્રારંભના ઇરિયાવહીથી પ્રતિક્રમણ ફરીને કરવું. પણ જો તે પછી મોટી શાન્તિ સુધીમાં છીંક આવે તો દુક્ખક્ખય કમ્મક્ખયના કાઉસ્સગ્ગ પહેલાં ઇરિ૦ પ્રતિક્રમીને ખમા૦ દઈ 'ઇચ્છા૦ સંદિ૦ ભ૦ ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણાર્થં કાઉસ્સગ્ગ કરું? ઇચ્છં, ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણાર્થં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦ વગેરે કહી કાયોત્સર્ગ કરવો. તેમાં ચાર લોગસ્સ સાગરવરગંભીરા સુધી (૧૦૮ શ્વાસો૦) ચિંતવવા. પારીને વડીલે નીચેની સ્તુતિ કહેવી.

**सर्वे यक्षाम्बिकाद्या ये, वैयावृत्तकरा जिने (सुराः) ।**
**क्षुद्रोपद्रवसंघातं, ते द्रुतं द्रावयन्तु नः ॥ १ ॥**

પછી સર્વેએ કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહેવો.

---

દેવો બાહ્ય અશુભ નિમિત્તોને ટાળવા સમર્થ છે. એમ આ કાયોત્સર્ગથી અભ્યંતર અશુભ કર્મોરૂપ અને બાહ્ય ઉપદ્રવોરૂપ બન્ને અમંગળને ટાળી શકાય છે. આ સ્તુતિમાં શ્રી જિનેશ્વરની (શાસનની) વૈયાવચ્ચ કરનારા સર્વ યક્ષો અને અમ્બિકાદિ યક્ષિણીઓને સર્વ ઉપદ્રવો દૂર કરવા માટે પ્રાર્થના કરવામાં આવે છે. શબ્દનું સામર્થ્ય અચિંત્ય છે. એક શબ્દ પ્રીતિનું અને બીજો વૈરનું કારણ બને છે, ઇત્યાદિ તેની વિશિષ્ટતા શાસ્ત્રોથી અને આજના વિજ્ઞાનથી પણ સિદ્ધ થઈ છે. શબ્દમાં બાહ્ય-અભ્યંતર સર્વે રોગોને (દુઃખોને) નાશ કરવાની અને ઉત્પન્ન કરવાની પણ શક્તિ છે, માટે શબ્દના શુભાશુભ ભેદો છે અને તેની લાભ-હાનિને અંગે ઉપાયો પણ છે.

# માંડલાંનો વિધિ

**बारस बारस तिन्नि अ, काइअउच्चारकालभूमिओ ।**
**अंतो बाहिं अहिआसे, अणहिआसे पडिलेहा ॥उ०माला ३७८॥**

**અર્થ**—બાર, બાર અને ત્રણ, અનુક્રમે લઘુનીતિ, વડીનીતિ અને કાલગ્રહણ માટે કુલ ૨૭ સ્થળોનું પડિલેહણ (પ્રમાર્જન) કરે. તેમાં હાજત સહન થાય તો વસતિની બહારની અને સહન ન થાય ત્યારે અંદરની ભૂમિઓનો ઉપયોગ કરે.

તેમાં લઘુનીતિ, વડીનીતિ પડિલેહતાં (માંડલાં કરતાં) નીચે પ્રમાણે તે તે સ્થાને પાઠ બોલવાનો વિધિ છે—

## ૬ સંથારા પાસે

વડીનીતિ-૧. આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

લઘુનીતિ-૨. આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.

વડીનીતિ-૩. આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

લઘુનીતિ-૪. આઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.

વડીનીતિ-૫. આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

લઘુનીતિ-૬. આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

## ૬ દ્વાર પાસે ઉપાશ્રયની અંદરના ભાગે

વડીનીતિ-૧. આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.

લઘુનીતિ–૨. આઘાડે આસન્ને પાસવણે અહિયાસે.

વડીનીતિ–૩. આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

લઘુનીતિ–૪. આઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.

વડીનીતિ–૫. આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

લઘુનીતિ–૬. આઘાડે દૂરે પાસવણે અહિયાસે.

## ૬ દ્વાર પાસે બહારના ભાગે

વડીનીતિ–૧. અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

લઘુનીતિ–૨. અણાઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.

વડીનીતિ–૩. અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

લઘુનીતિ–૪. અણાઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.

વડીનીતિ–૫. અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

લઘુનીતિ–૬. અણાઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

## ૬ બહાર સો ડગલાંની અંદર નિર્જીવ ભૂમિમાં

વડીનીતિ–૧. અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.

લઘુનીતિ–૨. અણાઘાડે આસન્ને પાસવણે અહિયાસે.

વડીનીતિ–૩. અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

લઘુનીતિ-૪. અણાઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.

વડીનીતિ-૫. અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

લઘુનીતિ-૬. અણાઘાડે દૂરે પાસવણે અહિયાસે.

કાળગ્રહણની ત્રણ ભૂમિઓ કાલગ્રહણ માટે યોગવાહી સાધુને પડિલેહવાની હોય છે, તેને નોતરાં દેવાનો વિધિ કહેવાય છે.

એમાં '**આઘાડે**'—ખાસ વિશિષ્ટ કારણે એટલે મકાનની બહાર જવાય તેમ ન હોય ત્યારે વડીનીતિ લઘુનીતિ માટે બે ભૂમિઓ મકાનમાં સંથારાની પાસે અને બીજી બારણા પાસે અંદર રખાય છે. તેમાં '**અણહિસાયે**'-વધુ પડતી હાજતને કારણે વિલંબ કરી શકાય નહિ, ત્યારે સંથારા પાસેની અને '**અહિયાસે**' સહન થઈ શકે તેવી હાજતમાં બારણા પાસેની ભૂમિનો ઉપયોગ કરવા માટે તે વિધિ છે. **અણાઘાડે**-આગાઢ કારણના અભાવે અર્થાત્ બહાર નીકળી શકાય તેમ હોય ત્યારે બહારની ભૂમિઓ પૈકી **અણહિયાસે**ના પ્રસંગે બારણાની પાસે બહાર અને **અહિયાસે** એટલે હાજત સહન થાય તેમ હોય ત્યારે સો ડગલાંની અંદરની ચોથી (છેલ્લી) ભૂમિમાં પરઠવવાનું વિધાન કરાય છે. **ઉચ્ચારે પાસવણે** વડીનીતિ લઘુનીતિ બે અને **પાસવણે**-એક જ લઘુનીતિ સમજવાની છે. તથા **આસન્ને**-નજીકમાં **મજ્ઝે**-મધ્યમાં અને **દૂરે**-દૂર, એમ ત્રણ ત્રણ ભૂમિકાઓ સમજવાની છે. તેમાં એ કારણ છે કે રાત્રિએ બહારની જમીનમાં કોઈ બળદ વગેરે પશુ આદિ અને અંદરની ભૂમિઓમાં કીડી, મંકોડી આદિ જીવોનો ઉપદ્રવ થાય તો નજીકની છોડીને મધ્યની અને મધ્યની છોડીને દૂરની ભૂમિનો ઉપયોગ કરી શકાય. **આગાઢ** કારણો એટલે કોઈ રાજા, ચોર, પ્રત્યનીક વગેરેનો ભય હોય કે સંયમનો ઉપઘાત થાય તેવાં વિશેષ કારણો હોય, ત્યારે મકાનની બહાર ન જવું. એ રીતે માંડલાંનો ભાવ અને વિવેક સમજવો.

# સંથારા પોરિસી ભણાવવાનો વિધિ અને સૂત્રપાઠ

સાંજના પ્રતિક્રમણ પછી ગુરુની વિશ્રામણા કે સ્વાધ્યાય ધ્યાન વગેરે કરતાં રાત્રિનો એક પ્રહર પૂર્ણ થાય ત્યારે સાધુએ શયન કરવું, તે પહેલાં નહિ, એવું શાસ્ત્રીય વિધાન છે. શયન અને નિદ્રા સંયમની આરાધનામાં શારીરિક સ્વસ્થતા માટે જરૂરી છે. આરામની અભિલાષા સાવદ્ય છે અને સંયમ માટે સ્વસ્થતાની અભિલાષા નિરવદ્ય છે, માટે એ ઉદ્દેશથી નિદ્રા લેવાનો વિધિ છે. નિદ્રા વખતે ઉપયોગ અવરાઈ જાય છે, તેવા સમયે એકાએક આયુષ્યની સમાપ્તિ થઈ જાય તો જીવને અંતિમ આરાધના અધૂરી રહી જાય, માટે સાગાર અનશનરૂપ સંથારાવિધિ કહેલો છે, તેનો પાઠ નીચે પ્રમાણે છે—

**निसीहि निसीहि, निसीहि, नमो खमासमणाणं गोयमाईणं महामुणीणं** કહીને શ્રી નમસ્કાર મહામંત્રપૂર્વક કરેમિ ભંતે ! સૂત્ર કહેવું. એટલો પાઠ ત્રણ વાર કહીને પછી—

**अणुजाणह जिट्ठज्जा ! अणुजाणह परमगुरू गुरूगुणरयणेहिं मंडियसरीरा। बहुपडिपुन्ना पोरिसी, राइयसंथारए ठामि ?**

**अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ।**
**कुक्कुडि( हु )पायपसारण, अतरंत पमज्जए भुमिं ॥१॥**

**संकोइअ संडासा, उव्वट्टंते अ कायपडिलेहा ।**
**दव्वाइ उवओगं, ऊसासनिरुंभणालोए ॥२॥**

जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ।
आहारमुवहिं देहं, सव्वं तिविहेण वोसिरिअं ॥३॥

चत्तारि मंगलं—अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केवलिपन्नत्तो धम्मो मंगलं । चत्तारि लोगुत्तमा-अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो । चत्तारि सरणं पवज्जामि—अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥

पाणाइवायमलिअं, चोरिक्कं मेहुणं दविणमुच्छं ।
कोहं माणं मायं, लोहं पिज्जं तहा दोसं ॥ १ ॥

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइअरइसमाउत्तं ।
परपरिवायं माया-मोसं मिच्छत्तसल्लं च ॥ २ ॥

वोसिरिसु इमाइं, मुक्खमग्गसंसग्गविग्घभूयाइं ।
दुग्गइनिबंधणाइं, अट्ठारस पावठ्ठाणाइं ॥ ३ ॥

एगोऽहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सइ ।
एवं अदीणमणसा (सो), अप्पाणमणुसासइ(ए) ॥ ४ ॥

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ ५ ॥

संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरिअं ॥ ६ ॥

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥ १ ॥

આ ગાથા ત્રણ વાર બોલીને પછી—

खमिअ खमाविअ मयि खमह ! सव्वह जीवनिकाय ।
सिद्धह साख आलोयणह, मुज्झह वेर न (न वेर) भावा ॥१॥
सव्वे जीवा कम्मवस, चउदह राज भमंत ।
ते मे सव्वे खमाविआ, मुज्झ वि तेह खमंत ॥ २ ॥
जं जं मणेण बद्धं, जं जं वाएण(याइ) भासियं पावं ।
जं जं काएण कयं, मिच्छा मि दुक्कडं तस्स ॥ ३ ॥

**અર્થ**—**निसीहि०** ઇત્યાદિ–મન, વચન અને કાયાથી સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવા માટે ત્રણ વાર નિસીહિ કહી મંગલરૂપે "ક્ષમાશ્રમણ એવા ગૌતમાદિ મહામુનિઓને નમસ્કાર થાઓ" એમ કહે.

**अणुजाणह०**–હે જ્યેષ્ઠ આર્ય ! મને અનુજ્ઞા આપો, હે મોટાં ગુણરત્નોથી શોભિત શરીરવાળા પરમગુરુ ! મને અનુજ્ઞા આપો, પોરિસી ઘણી પૂર્ણ (સમ્પૂર્ણ) થઈ છે, તો હું રાત્રિ સંબંધી સંથારામાં રહું (શયન કરું) ?

**अणुजाणह संथारं०** ઇત્યાદિ–ડાબા હાથનું ઉપધાન (ઓશીકું) કરીને, ડાબે પડખે, કુક્કડી (ટીંટોડી) ની જેમ પગ ઊંચા (અધ્ધર) રાખીને અને શ્રમ લાગે તો ભૂમિ (સંથારો) પ્રમાર્જીને પગ લાંબા કરીને–એ રીતે સંથારાની (શયનની) અનુજ્ઞા આપો (૧). **संकोइअ संडासा०** ઇત્યાદિ–પડખું બદલતાં સંડાસા (સાથળ વગેરે) પ્રમાર્જીને, પગ ટૂંકા કરીને બદલવાનું પડખું તથા પડખું બદલવાની જગ્યાએ સંથારાને પ્રમાર્જીને બદલવા માટે, રાત્રે લઘુનીતિ વગેરે કારણે ઊઠવું પડે ત્યારે, દ્રવ્યાદિનો ઉપયોગ કરીને

(દ્રવ્યથી હું કોણ છું, ક્ષેત્રથી ક્યાં છું, કાળથી હમણાં કયો સમય છે અને ભાવથી મારું શું કર્તવ્ય (કયી અવસ્થા) છે?)-ઇત્યાદિ વિચારીને અને નિદ્રા ન છૂટે તો ઉચ્છ્વાસ રોકીને સ્વસ્થ થઈ 'લઘુનીતિ આદિ કરવા માટે આજ્ઞા આપો' વગેરે અર્થનો પૂર્વની ગાથા સાથે સંબંધ સમજવો (૨). એમ શયન માટે આજ્ઞા માગીને સાગાર અનશન માટે કહે છે કે-

**जइ मे०**-જો નિદ્રામાં મરણ થાય તો ચતુર્વિધ આહારને, વસ્ત્રપાત્રાદિ સર્વ પ્રકારનાં ઉપકરણોરૂપ ઉપધિને અને આ મારા શરીરને પણ મન, વચન અને કાયાથી વોસિરાવું છું અર્થાત્ મરણ પછી તેનો સંબંધ તજું છું (૩).

પછી મંગલ વગેરેનો સ્વીકાર કરવા માટે કહે કે-

**चत्तारि मंगल०**-આ જગતમાં સર્વ વિઘ્નોનો વિઘાત કરનારાં ચાર મંગલ છે: ૧. અરિહંતો મંગલ છે, ૨. સિદ્ધો મંગલ છે, ૩. સાધુઓ મંગલ છે, અને ૪. કેવલિકથિત ધર્મ મંગલ છે. એ ચાર (મંગલ છે માટે) લોકમાં ઉત્તમ પણ છે: ૧. અરિહંતો લોકોત્તમ છે, ૨. સિદ્ધો લોકોત્તમ છે, ૩. સાધુઓ લોકોત્તમ છે, અને ૪. કેવલિકથિત ધર્મ લોકોત્તમ છે. એ ચારનું (લોકોત્તમ છે માટે) શરણ સ્વીકારું છું: ૧. અરિહંતોનું શરણ સ્વીકારું છું, ૨. સિદ્ધોનું શરણ સ્વીકારું છું, ૩. સાધુઓનું શરણ સ્વીકારું છું, અને ૪. શ્રી કેવલિભાષિત ધર્મનું શરણ સ્વીકારું છું.

એમ ચારને મંગલ, લોકોત્તમ તરીકે માની તે ચારનું શરણ કરે. પછી અઢાર પાપસ્થાનકોને તજવા માટે–

**पाणाइवाय०** ઇત્યાદિ–૧. પ્રાણાતિપાત–હિંસા, ૨. અલિક–અસત્ય, ૩. ચોરી, ૪. મૈથુન, ૫. દ્રવ્યમૂર્છા–સર્વ દ્રવ્યોનો પરિગ્રહ, ૬. ક્રોધ, ૭. માન, ૮. માયા, ૯. લોભ, ૧૦. પ્રેમ–રાગ, ૧૧. દોષ–દ્વેષ (૧).

**कलहं०** ઇત્યાદિ–૧૨. કલહ, ૧૩. અભ્યાખ્યાન (ખોટું આળ દેવું), ૧૪. પૈશુન્ય–ચાડી, ૧૫. રતિ–અરતિ વડે સમાયુક્ત એટલે બે મળીને એક, ૧૬. પરપરિવાદ–દ્વેષથી બીજાની નિંદા, ૧૭. માયાપૂર્વક મૃષા (અસત્ય) વચન અને ૧૮. મિથ્યાત્વરૂપી આત્મશલ્ય (૨).

**वोसिरसु०** ઇત્યાદિ–આ કહ્યાં, તે અઢારે પાપસ્થાનકો મોક્ષમાર્ગના સંસર્ગમાં (સેવનામાં) વિઘ્નભૂત છે, દુર્ગતિનાં કારણો છે, તે સર્વને હું વોસિરાવું છું (તજું છું) (૩).

તે પછી પોતાનું સ્વરૂપ ભાવતો ભાવના ભાવે કે—

**एगोऽहं०** ઇત્યાદિ–હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ બીજાનો કોઈનો નથી, એમ અદીન મન વડે (મનમાં નિરાધારપણાની દીનતા વિના) આત્માને શિખામણ આપે; અર્થાત્ હે જીવ! આ સંસારના સંબંધો કૃત્રિમ છે, તું નિરાધાર નથી, પણ અરિહંતાદિના શરણે રહેલો છે, માટે નિર્ભય છે એમ સમજાવે (૪).

**एगो मे०** ઇત્યાદિ-મારો આત્મા એકલો છે, શાશ્વતો છે, જ્ઞાન-દર્શન (વગેરે ગુણો)થી સંયુક્ત છે, એ સિવાયના બીજા જે ભાવો મને મળ્યા છે તે (શરીરાદિ) સર્વ સંયોગરૂપ છે (માટે નાશવંત છે) (૫).

**संजोगमूला०** ઇત્યાદિ-જીવે જે દુઃખની પરંપરા ભોગવી છે, તે સર્વ સંયોગના કારણે ભોગવી છે, માટે સંયોગના સર્વ સંબંધને (રાગને) ત્રિવિધે (મન, વચન અને કાયાથી) હું વોસિરાવું છું (૬).

એમ ભવિત થઈને સમ્યક્ત્વનું પચ્ચક્ખાણ કરવા માટે ત્રણ વાર "**અરિહંત મારા દેવ છે, જાવજ્જીવ સુધી સુસાધુઓ મારા ગુરુઓ છે અને શ્રી જિનકથિત ભાવો એ જ તત્ત્વ (સત્ય) છે એમ હું સમ્યક્ત્વને ગ્રહણ કરું છું.**" (૧)-એમ કહે.

તે પછી ક્ષમાપનાદિ કરવા માટે-

**खमिअ०** ઇત્યાદિ-હું બીજા જીવોને ક્ષમા કરું છું અને તેઓની પાસે મારા અપરાધોની ક્ષમા માગું છું. સર્વ (૭) નિકાયવર્તી જીવો મને ક્ષમા કરો. હું સિદ્ધોની સાક્ષીએ આલોચના કરું છું કે મારે કોઈની સાથે વૈરભાવ નથી (૧).

**सव्वेजीवा०** ઇત્યાદિ-સર્વ જીવો કર્મને વશ ચૌદ રાજલોકમાં ભમે છે, તે સર્વને હું ખમાવું છું, મને પણ તે સહુ ક્ષમા કરો (૨).

जं जं० ઇત્યાદિ–મેં જે જે પાપ મનથી બાંધ્યું હોય, વચનથી ભાખ્યું હોય અને કાયાથી કર્યું હોય, તે મારું સર્વ પાપ મિથ્યા થાઓ (૩).

એ પ્રમાણે વિધિ કરી શયન કરવાથી જીવ ઘણાં પાપોથી હલકો થાય છે અને એકાએક મરણ થાય તો-પણ આરાધક બને છે. અનિત્ય, ક્ષણવિનશ્વર જીવનમાં એક ક્ષણ પણ ઉપયોગ વિનાની ન જાય એ માટે નિદ્રા પહેલાં આ વિધિ કેટલો મહત્ત્વનો છે, તે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારતાં તરત જ સમજાય તેવું છે.

★

# પરિશિષ્ટ પહેલું

# પ્રતિલેખના

કરણસિત્તરીમાં પ્રતિલેખનાના ૨૫ પ્રકારો જે કહ્યા છે, તે આ પ્રમાણે—

**मुहपोत्ति चोलपट्टो, कप्पतिगं दो निसिज्ज रयहरणं ।**
**संसारुत्तरपट्टो, दस पेहाऽणुग्गए सूरे ॥ १ ॥**

**उवगरणचउद्दसगं, पडिलेहिज्जइ दिणस्स पहरतिगे ।**
**उग्घाडपोरिसीए उ, पत्तनिज्जोगपडिलेहा ॥ २ ॥**

સાધુને પ્રતિદિન ત્રણ પ્રતિલેખના કરવાનો વિધિ છે; એક પ્રભાતે, બીજી ત્રીજા પ્રહરને અંતે અને ત્રીજી સૂર્યોદયથી પોણા પ્રહરે. તેમાં પ્રભાતે ૧. મુહપત્તિ, ૨. ચોલપટ્ટો (ઉપલક્ષણથી કંદોરો), ૩–૪–૫. ત્રણ (એક કામળી અને બે સૂત્રાઉ) કપડાં, ૬–૭. રજોહરણની (અંદરનું સૂત્રાઉ અને ઉપરનું ઉનનું ઓઘારીઉં એમ) બે નિષદ્યા, ૮. રજોહરણ, ૯, સંથારો અને ૧૦ ઉત્તરપટ્ટો તથા કલ્પચૂર્ણિના અભિપ્રાયે ૧૧. દંડો–એમ અગિયાર વસ્તુની પ્રતિલેખના સૂર્યોદય થતાં પહેલાં કરવી. તેમાં સહુથી પ્રથમ મુખવસ્ત્રિકા, પછી રજોહરણ, અંદરનું નિષદ્યા, બહારનું ઓઘારીયું, ચોલપટ્ટો (કંદોરો આસન), કપડા, ઉત્તરપટ્ટો, સંથારો અને દંડો એમ નિશીથચૂર્ણીમાં ક્રમ કહ્યો છે.

પુરુષની અપેક્ષાએ પ્રથમ આચાર્ય, તપસ્વી, ગ્લાન, સૈક્ષ ઇત્યાદિ ક્રમ સમજવો.

બીજી પ્રતિલેખનામાં દિવસના ત્રીજા પ્રહરને અંતે ચૌદ ઉપકરણોનું પડિલેહણ કરવાનું છે, તેમાં પ્રથમ મુહપત્તી, પછી ચોલપટ્ટો, તે પછી પાત્રાનો ઉપરનો ગુચ્છો, ચરવળી, ઝોળી, પડલા, રજસ્ત્રાણ, નીચેના ગુચ્છો, નાનું પાત્ર, મોટું પાત્ર, તે પછી રજોહરણ અને ત્રણ કપડા એમ ચૌદ સમજવાં. ઉપલક્ષણથી બીજી પણ ઉપધિ પડિલેહવી.

આ અગિયાર અને ચૌદ મળી ૨૫ વસ્તુની પડિલેહણાને ૨૫ પ્રકારે કહેવાય છે. અન્ય મતે મુહપત્તિના પચીસ બોલ બોલવાપૂર્વક મુહપત્તિ વગેરેનું પડિલેહણ થાય છે, તે ૨૫ પ્રકારે આ પ્રમાણે કહ્યા છે—

**दिट्ठिपडिलेह एगा, छ उड्ढपक्खोड तिग तिगंतरिआ।**
**अक्खोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा ॥ ३ ॥**

**અર્થ**—૧ **દૃષ્ટિપડિલેહણા**–પ્રથમ મુહપત્તિને બન્ને પાસાં બદલીને દૃષ્ટિથી જોવી, ૬ **ઊર્ધ્વપ્રસ્ફોટક**–તે પછી મુહપત્તિ બે હાથથી પકડીને પહેલાં ડાબા હાથે અને પછી જમણા હાથે નચાવવારૂપ ત્રણ ત્રણ પક્ખોડા કરવા તે છ ઊર્ધ્વપક્ખોડા. ૯ **અક્ખોડા અને ૯ પ્રમાર્જના**–તે પછી મુહપત્તિનાં ત્રણ વધુટક કરીને (જમણા હાથની આંગળીમાં વહુના ઘુંઘટની માફક ભરાવીને) હાથને સ્પર્શે નહિ તેમ ડાબા હાથની હથેળીથી કોણી સુધી મુહપત્તિને

લઈ જતાં ત્રણ વાર અક્ખોડા કરવા અને તે પછી કોણીથી હથેલી તરફ લઈ જતાં મુહપત્તિ સ્પર્શે તેમ હાથને પ્રમાર્જવો તે ત્રણ પ્રમાર્જના કરવી. એમ ત્રણ અક્ખોડા પછી ત્રણ પ્રમાર્જના, પુનઃ ત્રણ અક્ખોડા અને ત્રણ પ્રમાર્જના અને ત્રીજી વાર ત્રણ અક્ખોડા અને ત્રણ પ્રમાર્જના કરવી તે આંતરે આંતરે નવ અક્ખોડા અને નવ પ્રમાર્જના મળી અઢાર. એમ ૧ દૃષ્ટિપડિલેહણા, ૬ ઊર્ધ્વપ્રસ્ફોટક, ૯ અક્ખોડા અને ૯ પ્રમાર્જના મળી ૨૫ પડિલેહણા સમજવી.

ત્રીજી પડિલેહણા સૂર્યોદય પછી પોણા પ્રહરે પાત્ર અને પડલા, ઝોળી, ગુચ્છ વગેરે પાત્રાનાં ઉપકરણોની કરવાની છે.

આ ત્રણ વખતની પડિલેહણા ઉપરાંત પ્રભાતે પડિલેહણા પછી વસતિની પ્રમાર્જના અને સાંજે ત્રીજા પ્રહરને અંતે વસતિની પ્રમાર્જના કરી ઉપધિની પડિલેહણા કરવાનું પ્રવચનસારોદ્ધાર વગેરેમાં કહેલું છે. વર્ષા કાળમાં વસતિ પ્રમાર્જના ત્રણ વાર, જીવસંસક્ત વસતિ હોય તો અનેક વાર કરવી એમ કહ્યું છે અને એમ છતાં પણ જીવયતના ન પાળી શકાય તેવો જીવોનો ઉપદ્રવ હોય તો વસતિ બદલવાનું વિધાન કરેલું છે.

પડિલેહણાના હેતુઓ જણાવતાં કહ્યું છે કે-

**पडिलेहणाए हेउ, जइवि जीअरक्खणं जिणाणा य ।**
**तहवि इमं मणमक्कडं, निज्जतणत्थं गुरू बिंति ॥ ४ ॥**

**અર્થ**—જોકે પ્રતિલેખનાના સામાન્ય હેતુઓ તો જીવરક્ષા અને જિનાજ્ઞાનું પાલન છે, તોપણ મુખ્યતયા પડિલેહણા આ મનરૂપી માંકડાને વશ કરવા માટે કરવાની છે. એ માટે પડિલેહણ કરતાં જે જે બોલને ચિંતવવાના છે, તે ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ—

૧ સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું.

૪ સમકિત મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું.

૭ કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું.

૧૦ સુદેવ સુગુરુ સુધર્મ આદરું.

૧૩ કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું.

૧૬ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.

૧૯ જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું.

૨૨ મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું.

૨૫ મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.

તમામ વસ્ત્રો, પાત્ર વગેરે આ પચીસ બોલથી પડિલેહવાં. દંડો, દાંડી, દોરો, કંદોરો વગેરે પ્રથમના દશ બોલથી પડિલેહવાં. અને મુહપત્તિ, અંગના ૨૫ બોલ સહિત પચાસ બોલથી પડિલેહવી. તે અંગના બોલ આ પ્રમાણે છે—

૩ હાસ્ય, રતિ, અરતિ પરિહરું.

૬ ભય, શોક, દુર્ગંછા પરિહરું.

૯ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું,

૧૨ રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું.

૧૫ માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.

૧૭ ક્રોધ-માન પરિહરું. ૧૯ માયા-લોભ પરિહરું.

૨૨ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની (જયણા) રક્ષા કરું.

૨૫ વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરું.

## શ્રી સ્થાપનાચાર્યને પડિલેહવાના બોલ—

૧ શુદ્ધ સ્વરૂપના ધારક ગુરુ.

૪ શુદ્ધ જ્ઞાનમય, શુદ્ધ દર્શનમય, શુદ્ધ ચારિત્રમય.

૭ શુદ્ધ શ્રદ્ધામય, શુદ્ધ પ્રરૂપણામય, શુદ્ધ સ્પર્શનામય.

૧૦ પંચાચાર પાળે, પંચાચાર પળાવે, પંચાચાર અનુમોદે.

૧૩ મનગુપ્તિએ, વચનગુપ્તિએ, કાયગુપ્તિએ ગુપ્તા.

એ બોલ કયા કયા અંગે પડિલેહણ કરતાં બોલવા તે અન્ય ગ્રન્થોથી અગર ગુરુગમથી જાણી લેવું. આ વિધિને જણાવતી એક સજ્ઝાય પંડિત શ્રી વીરવિજયજીએ રચેલી છે, તે અહીં આપીએ છીએ—

ઢાળ—સિરિ જમ્બૂરે, વિનયભક્તિ શિર નામીને,
કર જોડી રે, પૂછે શ્રી સોહમસ્વામીને;
ભગવંતા રે, કહો શિવકાન્તા કિમ મલે?
કહે સોહમ રે, મિથ્યા ભ્રમ દૂરે ટળે.

ત્રૂટક—દૂરે ટળે વિષ ગરલ પ્રહા, ઉભય માર્ગ અનુસરી,
એક જ્ઞાન દૂજી કરત કિરિઆ, અભેદારોપણ કરી;
જિમ પંગુદર્શિત ચરણકર્ષિત, અંધ બિહુ નિજપુર ગયા,
તિમ સત્ત્વ સજતા તત્ત્વ ભજતા, ભવિક કેઈ સુખીયા થયા. (૧)

ઢાળ—વૈકલ્ય જ્યું રે, કષ્ટ તે કરવું સોહિલું,
પણ જમ્બૂ રે, જાણપણું જગ દોહિલું;
તેણે જાણી રે, આવશ્યક કિરિઆ કરો,
ઉપગરણે રે, રજોહરણો મુહપત્તિ ધરો.

**ત્રટક**—મુહપત્તિ શ્વેતં માનોપેતં, સોલ નિજ અંગુલ ભરો,
દોય હાથ ઝાલી દગ નિહાલી, દૃષ્ટિ પડિલેહણ કરો;
ત્યાં સૂત્ર અર્થ સુતત્ત્વ કરીને, સદ્દહું એમ ભાવિએ,
નચ્ચા વચ્ચા રૂપ તિગ તિગ, પક્ખોડા ષટ્ લાવિએ. (૨)

**ઢાળ**—સમકિત મોહની રે, મિશ્ર મિથ્યાત્વને પરિહરું,
કામરાગને રે, સ્નેહ–દૃષ્ટિરાગ સંહરું;
એ સાતે રે, બોલ કહ્યા હવે આગલે,
અંગુલી વચ્ચે રે, ત્રણ વધૂટક કરતલે.

**ત્રટક**—કરતલે વામે અંજલિ ધરી, અખોડા નવ કીજીએ,
પ્રમાર્જન નવ તિમ જ કરીએ, તિગ તિગંકર લીજીએ;
સુદેવ સુગુરુ સુધર્મ આદરું, પ્રતિપક્ષી પરિહરું,
વળી જ્ઞાન દર્શન ચરણ આદરું, વિરાધન ત્રિક અપહરું. (૩)

**ઢાળ**—મનોગુપ્તિ રે, વચન-કાયગુપ્તિ ભજું,
મનોદંડ રે, વચન-કાયદંડને તજું;
પચવીશ રે, બોલ એ મુહપત્તિના લહ્યા,
હવે અંગના રે, પરિહરું એમ સઘળા(ળે) કહ્યા.

**ત્રટક**—કહ્યા વધૂટક કરી પરસ્પર, વામ હાથે ત્રિક ધરો,
હાસ્ય રતિ ને અરતિ છંડી, ઈતર કર ત્રિક અનુસરો;
ભય શોક દુગંછા તજીને, પયાહિણે આચરો,
કૃષ્ણ લેશ્યા નીલ કાપોત, લલાટે ત્રિક પરિહરો. (૪)

**ઢાળ**—રસગારવ રે, ઋદ્ધિ-શાતા ગારવા,
મુખ હિયડે રે, ત્રણ ત્રણ એમ ધારવા;
માયાશલ્ય રે, નિયાણ-મિથ્યાત્વ ટાળીયે,
વાઢા ખંધે રે, ક્રોધ માન દોય ગાળીએ.

**ત્રટક**—ગાળીએ માયા-લોભ દક્ષિણ-ખંધ ઊર્ધ્વ-અધો મળી,
ત્રિક વામ પાદે પુઢવી અપ વળી, તેઉની રક્ષા કરી;
જમણે પગે ત્રણ વાઉ વણસ્સઇ, ત્રસકાયની રક્ષા કરું,
પચાશ બોલે પડિલેહણ, કરત જ્ઞાની ભવહરં. (૫)

**ઢાળ**—એહ માંહેથી રે, ચાલીશ બોલ તે નારીને,
શીર્ષ હૃદયના રે, ખંધ બોલ દશ વારીને;
ઈણ વિધિસ્યું રે, પડિલેહણથી શિવ લહ્યો,
અવિધિ કરી રે, છકાય વિરાધક કહ્યો.

**ત્રટક**—કહ્યો કિંચિદાવશ્યકથી, તથા પ્રવચનસારથી,
ભાવના ચેતન પાવના કહી, ગુરુવચન અનુસારથી;
શિવ લહે જમ્બૂ જો રહે શુભ-વીરવિજયની વાણીએ,
મન માંકડું વનવાસ ભમતું, વશ કરી ઘર આણીએ. (૬)

પ્રતિદિન પડિલેહણા કરતાં પ્રતિવસ્ત્ર-પાત્રે ચિંતવવાના ઉપર્યુક્ત બોલ આત્મશુદ્ધિ કરવાપૂર્વક સંયમમાં સ્થિર કરનારા છે. તેના સતત અભ્યાસને પરિણામે વલ્કલચિરી અન્ય ધર્મમાં જન્મ લેવા છતાં, જાતિસ્મરણના બળે, કેવળજ્ઞાન પામીને પરમપદને પ્રાપ્ત કરી ગયા. જિનકથિત અનુષ્ઠાનોનું આદરપૂર્વક આસેવન કરવાથી આત્મામાં તેના અનુબન્ધયુક્ત સંસ્કારો પડે છે અને ઉત્તરોત્તર ક્રિયાનો આદર અને શુદ્ધિ કરતા તે સંસ્કારો છેક મોક્ષ પહોંચતા સુધી સહાય કરે છે. પડિલેહણા અને પ્રમાર્જનામાં સતત ઉપયોગ રાખનાર આત્મા વિશુદ્ધ ચારિત્રને પામી સંસાર-સાગરથી પાર ઊતરે છે, માટે સાધુને તે અતિઉપકારક છે.

મુહપત્તિરૂપ વસ્ત્રના ટુકડાને ખંખેરવા માત્રની આ ક્રિયા નથી, પણ તે તે બોલને બોલવાપૂર્વક તે તે અંગે મુહપત્તિ કે વસ્ત્ર વગેરેનો સ્પર્શ-પ્રમાર્જન વગેરે કરવામાં ગંભીર આશય રહેલો છે. તે

તે દોષોને ‘પરિહરું’ અને તે તે ગુણોને ‘આદરું’ વગેરે બોલવાથી આત્મામાંથી તે તે દોષોનો ત્યાગ અને ગુણોનો આવિર્ભાવ થાય છે, આ હકીકત જૈન-અજૈન લોકવ્યવહારમાં પણ વ્યાપક છે.

હાસ્ય, રતિ, અરતિ વગેરે કર્મપુદ્ગલના ઉદયથી જીવમાં તેવા તેવા હાસ્યાદિ ભાવો જન્મે છે, માટે તેવાં અશુભ પુદ્ગલોને દૂર કરવા કે શુભ પુદ્ગલોને પ્રાપ્ત કરવા મુહપત્તિની સ્પર્શનાપૂર્વક તે તે બોલ બોલવાનું વિધાન હોય એમ સંભવે છે. શરીરના અમુક અમુક અંગોના સ્પર્શથી જેમ કામવાસના જાગે છે, તેમ અમુક અમુક અવયવોના મુહપત્તિના સ્પર્શથી તે તે દુર્ગુણો શાન્ત પણ થાય છે. આ હકીકત વર્તમાનમાં ‘મેસમેરિઝમ’ની ક્રિયાથી સિદ્ધ થઈ છે. ઉપરાંત અનેક રોગોને મટાડવાના આવા ઉપાયો પણ વ્યવહારમાં જોવાય છે. આંખે લાગેલા ઝોકાની લાલાશ, સાપ-વિંછી વગેરેનાં ઝેર, તથા ભૂત-પ્રેતાદિનો વળગાડ દૂર કરવા આવા ઉપાયો કરાય છે અને તેથી લાભ પણ થાય છે. માતા પુત્રના શરીર ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવે છે કે માલિક પોતાનાં ઘોડા, બળદ, ગાય, ભેંસ વગેરે જાનવરો ઉપર પ્રસન્નતાથી હાથ ફેરવે છે, તો શોક અને થાક ઊતરી જવા સાથે પ્રસન્નતા અને આરામ વધે છે. ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ બ્રાહ્મણો ગાયત્રી બોલતાં અંગોનો હાથથી સ્પર્શ કરે છે; કોઈ ડાભના ઘાસથી તો કોઈ શ્રુતિથી અંગને સ્પર્શે છે; મુસલમાનો નિમાજ વખતે જુદાં જુદાં અમુક અંગોનો સ્પર્શ કરે છે; જૈનોમાં પણ ભિન્ન ભિન્ન મુદ્રાઓ વખતે તથા આત્મરક્ષા માટે જિનપંજર સ્તોત્ર બોલતાં પણ તે તે રીતે અંગસ્પર્શ કરાય છે—વગેરે આબાલગોપાલ પ્રસિદ્ધ છે, તેમ પડિલેહણ કરનાર તે તે બોલ બોલવાપૂર્વક તે તે અંગે મુહપત્તિનો સ્પર્શ કરે તેથી તે તે ગુણો પ્રગટે અને દોષો ટળે એ પણ સત્ય જ છે; માત્ર તેવું પ્રણિધાન અને પ્રયત્ન જોઈએ. શ્રી જિનેશ્વરોએ કહેલા ભાવો કદી પણ અસત્ય ઠરતા નથી. જો તેઓએ પડિલેહણા કરવાથી

આઠેય કર્મોની નિર્જરા અને મોક્ષ થાય એમ જણાવ્યું છે, તો તે સત્ય જ છે, માત્ર તેવો વિશ્વાસ પ્રગટ કરી, તેવા પ્રણિધાનપૂર્વક એ ક્રિયા કરવી જોઈએ. એમ પ્રતિલેખના એક આત્મશુદ્ધિનું (મોક્ષનું) પ્રધાન અંગ છે એ સિદ્ધ થાય છે.

પ્રતિલેખનામાં આરભટા, સંમર્દા, મુશલી, (અસ્થાન સ્થાપના), પ્રસ્ફોટના, વિક્ષિપ્તા અને વેદિકાબદ્ધા વગેરે દોષો કહ્યા છે, તે ઓઘનિર્યુક્તિ, પંચવસ્તુક વગેરે ગ્રન્થોથી જાણી લેવા. વર્તમાનમાં પ્રતિલેખનાના વિધિનો ક્રમ આ પ્રમાણે છે—

**સવારની પ્રતિલેખના**—રાઈપ્રતિક્રમણ કર્યા પછી સૂર્યોદય પહેલાં દશ પડિલેહણા થાય તે (સ્પષ્ટ અરુણોદયનો પ્રકાશ થાય તે) વેળા પ્રથમ ઇરિ૦ પ્રતિક્રમી, ખમા૦ દઈ, 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પડિલેહણ કરું?' કહી, પ્રથમ મુહપત્તિ પછી ઓઘો, આસન, કંદોરો અને ચોલપટ્ટો એ પાંચ* વસ્તુ પડિલેહવી) પછી ઇરિ૦ પડિ૦ 'ઇચ્છકારી ભગ૦ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી' કહી આચાર્ય, સ્થાપનાજી, ગ્લાન, નવદીક્ષિત વગેરેની ઉપધિ પડિલેહી ખમા૦ દઈ 'ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં' કહી મુહપત્તિ પડિલેહી ખમા૦ દઈ ઇચ્છા૦ 'ઉપધિ સંદિસાહું? ઇચ્છં'

* સાધુને ચોલપટ્ટો-કંદોરો શરીર સાથે સંબંધ રાખે છે, માટે પાંચમાં તેની ગણતરી છે, અર્થાત્ શરીર ઉપર અવશ્ય રાખવાનાં વસ્ત્રોનું પ્રથમ પડિલેહણ કરવાનું સૂચન છે; તેના ઉપલક્ષણથી સાધ્વીને અવશ્ય પહેરવાનો કંચુકો વગેરે પણ સમજી લેવાં. કારણ કે સાડો પડિલેહેલો અને કંચુક પડિલેહણ વિનાનો પહેરી રાખવાથી પડિલેહેલા સાડાનું પડિલેહણ નિષ્ફળ થાય વગેરે સમજવા યોગ્ય છે.

કહી ખમા૦ 'ઇચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં' કહી બાકીનાં સર્વ વસ્ત્રો પડિલેહવાં. છેલ્લો ડાંડો પડિલેહી ડંડાસણ લઈ પડિલેહીને ઈરિ૦ પડિક્કમી કાજો લેવો. પુનઃ ઈરિ૦ પડિક્કમી કાજો શોધીને શુદ્ધ ભૂમિમાં પરઠવવો. પછી ઈરિ૦ પડિક્કમી ખમા૦ દઈ 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સજ્ઝાય કરું ? ઇચ્છં' કહી 'ધમ્મો મંગલ' વગેરે પાંચ ગાથાની સજ્ઝાય સાધુએ બેઠાં (અને સાધ્વીએ ઊભાં રહી) કહેવી. પછી ઊભા થઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપયોગ કરું ? ઇચ્છં' કહી 'ઇચ્છા૦ ઉપયોગ કરાવણી કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં' ઉપયોગ કરાવણી કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ વગેરે કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી ઉપર પ્રગટ નવકાર કહી શિષ્ય પૂછે, 'ઇચ્છા૦ સંદિ૦ ભગવન્ ?' ગુરુ કહે 'લાભ', શિષ્ય કહે 'કહં લેશું ? ગુરુ' 'જહગહિઅં પુવ્વ સૂરિહિં (સાહૂહિં)' કહે. પછી શિષ્ય 'આવસ્સિયાએ જસ્સ જોગો' કહી શય્યાતર ગૃહસ્થનું ઘર (નામ) પૂછે. પછી સ્વાધ્યાય શરૂ કરે.

**સાંજની પ્રતિલેખનાનો વિધિ**–ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ બહુ-પડિપુન્ના પોરિસિ ! કહી ખમા૦ દઈ ઇરિ૦ પડિક્કમીને ખમા૦ દઈ ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરું ? ઇચ્છં, ખમા૦ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ વસતિ પ્રમાર્જું ? ઇચ્છં કહી ઉપવાસ કર્યો હોય તો મુખવસ્ત્રિકા વગેરે ત્રણ અને ભોજન કર્યું હોય તો પાંચ વાનાં પડિલેહવાં. પછી પાંચ વાનાં પડિલેહનારે

ઇરિ૦ પડિક્કમી ખમા૦ ઇચ્છાકારી ભગ૦ પસાય કરી પડિલેહણાં પડિલેહાવોજી કહી આચાર્ય, સ્થાપનાચાર્ય વગેરે વડીલોની અને ગ્લાન, વૃદ્ધ, બાળ, શૈક્ષ વગેરેની ઉપધિ પડિલેહવી. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. ખમા૦ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સજ્ઝાય કરું ? ઇચ્છં કહી નવકાર ગણી 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં' વગેરે પાંચ ગાથા કહી બે વાંદણાં દેવાં. પછી ઊભા ઊભા ઇચ્છકારી ભગ૦ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી કહી, ચારે આહારના ત્યાગનું (મુટ્ઠસહી આદિ) પચ્ચક્ખાણ કરવું. ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં, ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં કહી બાકીનાં વસ્ત્રો પડિલેહવાં. ઉપવાસી ચોલપટ્ટો છેલ્લો પડિલેહે. ઇત્યાદિ પરંપરાગત વિધિ ગુરુગમથી સમજવો. પડિલેહણ પછી ઇરિ૦ પડિક્કમી કાજો ઉદ્ધરી પુનઃ ઇરિ૦ પડિક્કમી કાજો શુદ્ધ ભૂમિમાં પરઠવવો.

## સવારે પાદોનપોરિસિનો વિધિ

સૂર્યોદય પછી પોણો પ્રહર પૂર્ણ થતાં સૂત્ર પોરિસિ પૂર્ણ થાય છે. તે વખતે ખમા૦ દઈ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ બહુપડિપુન્ના પોરિસિ ? કહી, ખમા૦ દઈ ઇરિ૦ પ્રતિક્રમણ કરી, ખમા૦ દઈ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પડિલેહણ કરું ? ઇચ્છં, કહી મુખવસ્ત્રિકા પડિલેહવી. આને કોઈ 'છ ઘડીની પોરિસિ' પણ કહે છે, કિન્તુ શાસ્ત્રીય વિધાન

પોણા પ્રહરનું છે, તેથી દરરોજ દિનમાનનો ચોથો ભાગ કરી તેથી પોણા ભાગ જેટલો સમય સૂર્યોદય પછી જાય ત્યારે ભણાવવી જોઈએ.

પહેલા પ્રહરમાં લાવેલાં આહાર-પ્રાણી ત્રીજા પ્રહર સુધી જ ખપી શકે છે; માટે બીજી પોરિસિનાં આહાર-પ્રાણી એક પ્રહર દિવસ ગયા પછી લાવવાં જોઈએ; તે પહેલાં લાવેલાં ચોથા પ્રહરમાં વપરાય નહિ.

## પચ્ચક્ખાણ પારવાનો વિધિ

પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થયા પછી ખમા૦ દઈ, ઇરિ૦ પડિક્કમી, ખમા૦ દઈ આદેશ માગી જગચિંતામણિનું ચૈત્યવન્દન જય વીયરાય સુધી કરવું. પછી ખમા૦ દઈ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સજ્ઝાય કરું ? ઇચ્છં, કહી 'ધમ્મો-મંગલમુક્કિટ્ઠં' વગેરે પાંચ ગાથા કહેવી. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, કહી મુખવસ્રિકા પડિલેહવી. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પચ્ચક્ખાણ પારું ? 'યથા શક્તિ' કહી પુનઃ ખમા૦ દઇ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પચ્ચક્ખાણ પાર્યું, 'તહત્તિ' કહી જમણા હાથનો અંગૂઠો મૂઠીની અંદર વાળી, હાથ ઓઘા ઉપર સ્થાપી, એક નવકાર પ્રગટ કહી આયંબિલ પર્યંતનાં પચ્ચક્ખાણ પારવા માટે આ પ્રમાણે કહેવું—

"ઉગ્ગએ સૂરે નમુક્કારસહિ, પોરિસિ, સાઢપોરિસિ, સૂરેઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ

કર્યું ચઉવિહાર, આયંબિલ, નીવિ, એકાસણું, બેઆસણું પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં" એમ કહેવું.

તિવિહાર ઉપવાસ હોય તો "સૂરે ઉગ્ગએ (ઉપવાસ) પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પોરિસિ, સાઢપોરિસિ, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું પાણહાર પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં વગેરે ઉપર પ્રમાણે કહેવું.

એમાં નમુક્કાર સહિયં વગેરે જે કાળ-પચ્ચક્ખાણ તથા આંબિલ, નીવિ વગેરે જે જે પચ્ચક્ખાણ કર્યું હોય, તે તે શબ્દો બોલવા.

એમ પચ્ચક્ખાણ પાર્યા પછી ઉપર 'ધમ્મો મંગલ-મુક્કિટ્ઠં' વગેરે સત્તર ગાથાઓ ગણવી અને ભોજન કર્યા પછી કાજો વોસિરાવીને જગચિંતામણિનું ચૈત્યવન્દન જય વીયરાય સુધી કરવું.

# દશવૈકાલિકસૂત્રની સત્તર ગાથાઓ

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥

जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
ण य पुप्फं किलामेइ, सो अ पीणइ अप्पयं ॥२॥

एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो ।
विहंगमाव पुप्फेसु, दाणभत्तेसणे रया ॥३॥

वयं च वित्तिं लब्भामो, न य कोइ उवहम्मई ।
अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥४॥

महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिआ ।
नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो 'त्ति बेमि' ॥५॥

कहं नु कुज्जा सामण्णं, जो कामे न निवारए ।
पए पए विसीअंतो, संकप्पस्स वसं गओ ॥६॥

वत्थ-गंधमलंकारं, इत्थीओ सयणाणि अ (य) ।
अच्छंदा जे न भुंजंति, न से चाइत्ति वुच्चइ ॥७॥

जे अ कंते पिए भोए, लद्धे विपिट्ठि कुव्वई ।
साहीणे चयई भोए, से हु चाइ त्ति वुच्चई ॥८॥

समाइ पेहाइ परिव्वयंतो, सिआ मणो निस्सरई बहिद्धा ।
न सा महं नोवि अहंपि तीसे, इच्चेव ताओ विणइज्ज रागं ॥९॥

आयावयाही चय सोगमल्लं, कामे कमाही कमिअं खु दुक्खं ।
छिंदाहि दोसं विणइज्ज रागं, एवं सुही होहिसि संपराए ॥१०॥

पक्खंदे जलिअं जोइं, धूमकेउं दुरासयं ।
नेच्छंति वंतयं भोत्तं, कुले जाया अगंधणे ॥११॥

धिरत्थु तेऽजसो कामी, जो तं जीवियकारणा ।
वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥१२॥

अहं च भोगरायस्स, तं च सि अंधगवण्हिणो ।
मा कूले गंधणा होमो, संजमं निहुओ चर ॥१३॥

जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारीओ ।
वायाविद्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥१४॥

तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासिअं ।
अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥१५॥

एवं करंति संबुद्धा, पंडिआ पविअक्खणा ।
विणिअट्टंति भोएसु, जहा से पुरिसुत्तमो-' त्तिबेमि'॥१६॥

संजमे सुट्ठिअप्पाणं, विप्पमुक्काण ताइणं ।
तेसिमेअमणाइन्नं, निग्गंथाणं महेसिणं ॥१७॥

**ભાવાર્થ**—ધમ્મો૦-અહિંસા, સંયમ અને તપ ત્રણેના યોગે થતો ધર્મ ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. જેના મનમાં આ ધર્મ સદા વર્તે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. (૧)

(વસ્તુતઃ અહિંસા એ જ પરમ ધર્મ છે. તેની સિદ્ધિ આ ગ્રન્થમાં બતાવેલા સંયમથી થાય છે. અને એ સંયમની સિદ્ધિ બાર પ્રકારના તપથી થાય છે. એમ તપથી સંયમ અને સંયમથી અહિંસાની સિદ્ધિ થાય છે. અર્થાત્ ત્રણેનો પરસ્પર સાધ્ય-સાધન-સંબંધ છે; છતાં ઉપચારથી સાધનને પણ અહીં ધર્મ કહ્યો છે: એ ધર્મ મહા-મંગળરૂપ (સર્વ વિઘ્નોનો નાશ કરનાર) છે. આ ધર્મને સાચા રૂપમાં મનુષ્યોમાં પણ સાધુઓ જ આરાધી શકે છે; દેવો અચિંત્ય શક્તિવાળા છતાં આવા ધર્મનું પાલન કરવા અસમર્થ છે; માટે એવા ધર્મીને દેવો પણ નમે છે. એ અહિંસાદિરૂપ ધર્મની સાધના માટે

આહારાદિ પિંડ શુદ્ધ જોઈએ, માટે તે કેવી રીતે લેવો તે જણાવવા માટે કહે છે કે— )

**जहा०**–જેમ વૃક્ષોનાં પુષ્પોમાંથી ભમરો અલ્પ અલ્પ રસ (મકરંદ) ચૂસે છે, છતાં પુષ્પને પીડા કરતો નથી અને પોતાને તૃપ્ત કરે છે. (૨)

**एमेए०**–એ રીતે આ લોકમાં જે સાધુઓ તપસ્વી અને સંતોષી છે, બાહ્ય–અભ્યંતર પરિગ્રહથી મુક્ત છે, તેઓ 'પુષ્પોમાંથી ભમરાઓ રસ લે છે તેમ' ગૃહસ્થે આપેલા પ્રાસુક આહાર વગેરેમાં એષણા (શુદ્ધિ)ની રક્ષા માટે રક્ત હોય છે અર્થાત્ દાતારને પીડા ન થાય તેમ ઘણાં ઘરોમાંથી અલ્પ અલ્પ પ્રાસુક આહાર ગ્રહણ કરવાની વૃત્તિવાળા હોય છે. (૩)

**वयं च०**–(તેઓ સદૈવ એવું ધ્યાન કરે છે કે—) જેમ ભમરાઓ પોતાને માટે નહિ ઊગેલાં પુષ્પોમાંથી રસ લે છે, તેમ અમે પણ 'યથાકૃત' એટલે અમારે માટે કૃત નહિ, કારિત નહિ કે અનુમત નહિ એવા એટલે ગૃહસ્થે પોતાને માટે તૈયાર કરેલા પદાર્થો (અશનાદિ) રૂપ વૃત્તિ (આજીવિકા) મેળવીશું. તે પણ ભમરાઓ જેમ પુષ્પોને પીડા ઉપજાવ્યા વિના અલ્પ અલ્પ રસ ચૂસે છે, તેમ અમે પણ, કોઈ ગૃહસ્થની આજીવિકાને અને તેના મનને (ભાવને) કિલામણા ન થાય (ધક્કો ન પહોંચે) તેમ, ગ્રહણ કરીશું. (૪).

(કોઈને અપ્રીતિ કે અસદ્ભાવ પેદા કરવો તે પણ (ભાવથી) હિંસા કહી છે, માટે અહિંસકવૃત્તિવાળા સાધુને કોઈ કારણે બીજાને માનસિક દુઃખ પણ ન થાય તેમ જીવવાનું હોય છે. સાધુ પ્રત્યે

અપ્રીતિ થતાં જીવને મિથ્યાત્વમોહનીયાદિ કર્મોનો બંધ થાય છે. તેનાથી એનાં જન્મ-મરણો થાય છે અને ઉપાય હોવા છતાં એમાં નિમિત્ત બનવાથી સાધુને પણ કર્મબંધ કહ્યો છે. વિના કારણે કોઈને પણ કર્મબંધમાં નિમિત્તભૂત નહિ બનવાની શાસ્ત્રાજ્ઞા છે.)

**महुगार०**–ભમરાની જેમ આજીવિકા મેળવનારા, છતાં ભમરાના જેવા અજ્ઞાન નહિ, કિન્તુ તત્ત્વાતત્ત્વને જાણનારા –વિવેકી, ઉપરાંત ભમરાની જેમ રસમાં લુબ્ધ નહિ, પણ અમુક ઘરની કે ઘરોની નિશ્રા વિનાના અર્થાત્ આશાના દાસ–દીન નહિ, કિન્તુ આહારાદિ મળે કે ન મળે તો-પણ સમભાવમાં રહેનારા અને એક જ સ્થળના કે એક જ જાતના પિંડમાં રક્ત નહિ, કિન્તુ ઘર ઘરથી અલ્પ અલ્પ જે કંઈ નિર્દોષ મળે તેવું લેવાની વૃત્તિવાળા અને એવું ભોગવવા છતાં મન અને ઇન્દ્રિઓનો વિજય કરનારા, અથવા ઈર્યાસમિતિ આદિમાં ઉપયોગવાળા, ઇત્યાદિ ભમરા કરતાં અનેકવિધ વિશિષ્ટતાવાળા સાધુ હોય તેઓ સાધુ કહેવાય છે, એમ હે આર્ય જમ્બૂ! પ્રભુ શ્રીમહાવીરે કહેલું હું તને કહું છું. (૫)

**હવે સંયમી આત્માનું ચિત્ત સંયમથી ચલાયમાન થાય તો તેને બ્રહ્મચર્ય પાલનના અતિદેશથી ઉપદેશ આપે છે કે—**

**'कहं नु०'** ઇત્યાદિ–જે 'કામને' એટલે અપ્રશસ્ત ઇચ્છાઓને, અથવા તેના વિષયભૂત શબ્દાદિ વિષયોને અને તેના કારણભૂત વેદના ઉદયને રોકશે નહિ, તે સ્થાને સ્થાને વિષાદ (ચિંતા) કરતો સંકલ્પને વશ થયેલો ચારિત્ર-ધર્મને કેવી રીતે પાળશે? (૬)

**वत्थगंध०** ઇત્યાદિ–જેઓ પોતાને પ્રાપ્ત નહિ થયેલાં એવાં વસ્ત્રો, ગંધ-દ્રવ્યો, અલંકારો (આભરણો), સ્ત્રીઓ (ના ભોગો), પલંગ, પથારી વગેરે શયનો અને ઉપલક્ષણથી આસનો વગેરેને ભોગવતા નથી, તેઓ (સુબન્ધુની જેમ) 'ત્યાગી' કહી શકાતા નથી. (૭)

**जे अ कंते०** ઇત્યાદિ-કિન્તુ જેને સુંદર અને પ્રિય (ઇષ્ટ) એવા શબ્દાદિ ભોગો મલ્યા છે, છતાં અનેક શુભ ભાવનાઓના બળે તેને તજે છે (ભોગવતા નથી), તે જ (ભરત ચક્રવર્તી વગેરેની જેમ) ત્યાગી કહેવાય છે. (૮)

(અહીં એ શંકા થાય કે મળેલા ભોગો તજે તે જ ત્યાગી કહેવાય, તો જે ધન વગરના દ્રમક વગેરે દીક્ષિત થયા તે ત્યાગી નહિ કહેવાય, તેનું શું ? ત્યાં સમજવું કે, દરિદ્રમાં દરિદ્ર પણ દીક્ષા લેનારો ક્રોડ ક્રોડ રત્નોની કિંમતનાં અગ્નિ, સચિત્ત જળ અને સ્ત્રીનો સ્પર્શ એ ત્રણે રત્નો તો છોડે જ છે, માટે તે ત્યાગી છે. એ ત્રણેની ક્રોડ ક્રોડ રત્ન જેટલી કિંમત છે એમ મંત્રીશ્વર અભયકુમારે રાજગૃહીની પ્રજામાં પુરવાર કરી આપ્યું હતું તે પ્રસિદ્ધ છે. લોકોને ત્રણ ક્રોડ રત્નોના ત્રણ ઢગલા આપવાનું કહેવા છતાં કોઈ પણ અગ્નિનો, સચિત્ત જળનો અને સ્ત્રીનો ત્યાગ કરવા તૈયાર થયું નહિ, એથી સિદ્ધ થયું કે ત્રણ ક્રોડ રત્નો કરતાં પણ અગ્નિ આદિની કિંમત ગૃહસ્થને વધારે છે, એવી જીવનમાં જરૂરી વસ્તુઓનો ત્યાગ કરનાર દીક્ષિત મહા-ત્યાગી છે જ, અને તેથી તેને ત્યાગી કહેવો એ જરાય અસંગત નથી.)

**'समाइ पेहाइ०'** ઇત્યાદિ–**'समापेहा'** એટલે સ્વ-પરમાં સમાન દૃષ્ટિથી જોતો અર્થાત્ ગુરુના ઉપદેશથી સંયમયોગમાં વર્તવા છતાં પણ સાધુને કોઈ તથાવિધ કર્મોદય (વેદોદય)–

ને વશ મન સંયમથી બહાર નીકળે, અસંયમના વિચાર-વાળો બને, તો એમ ચિંતન કરે કે 'તે સ્ત્રી મારી નથી અને હું તેનો નથી'-એ પ્રમાણે તેના પ્રત્યે થયેલા રાગને દૂર કરે. (૯)

(અહીં એમ સમજવું કે, એક રાજપુત્રે માર્ગમાં ક્રીડા કરતાં કુતૂહળથી પોતાની દાસીને મસ્તકે રહેલા જળપાત્ર પર કાંકરો ફેંકી તેને કાણું કર્યું. દાસીએ વિચાર્યું કે જ્યાં રક્ષક ભક્ષક બને ત્યાં ન્યાય ક્યાંથી મેળવવો ? પાણીમાં અગ્નિ ઊઠે ત્યારે તેને બૂઝવવા પાણી ક્યાંથી લાવવું ? ઇત્યાદિ વિચાર કરી તરત જ ભીની માટી વડે જળપાત્રનું છિદ્ર પૂરી દઈ પાણીને બચાવી લીધું. તેમ જે મનને સંયમ દ્વારા વશ કરવાનું છે, તે કરવા છતાં મન સ્થિર ન થાય ત્યાં બીજો કોણ સહાય કરે ? માટે સ્વયં શુદ્ધ ભાવનાના બળે સંયમથી બહાર નીકળતા મનને વશ કરી સંયમમાં સ્થિર કરવું જોઈએ.)

એમ અભ્યન્તર મનોનિગ્રહ કરવાનું જણાવ્યું, કિન્તુ તે બાહ્ય ઉપાયો વિના શક્ય નથી, માટે તેનો વિધિ જણાવે છે કે—

'आयावयाहि॰ ઇત્યાદિ-મનને સંયમમાં સ્થિર કરવા આતાપના કર ! (ઉપલક્ષણથી ઉનોદારિકા વગેરે તપ કર-વાનું સમજવું). સુકુમારતાનો ત્યાગ કર ! (કારણ કે સુકુમા-રતાના સેવનથી કામની ઇચ્છા જાગે છે.) એ રીતે કામોને (ભોગોની ઇચ્છાઓને) 'કામ ય'-એટલે ઉલ્લંઘી જા (નાશ કર), કારણ કે તેનું 'કમિઅ' એટલે આત્મા ઉપર આક્ર-મણ એ જ દુઃખ છે. એ રીતે આંતર કામવાસનાના નાશ માટે પણ તેના વિષમ વિપાકોને જ્ઞાન બળે વિચારીને 'દ્વેષનો છેદ કર, રાગને દૂર કર' એમ કરવાથી તું સંસાર-

માં (અથવા પરીષહ અને ઉપસર્ગોની સામે યુદ્ધ કરવામાં) સુખી થઈશ. (૧૦)

**હવે સંયમરૂપી ઘરમાંથી મનને નહિ નીકળવા દેવાનો વિધિ કહે છે કે—**

**'पक्खंदे०'** ઇત્યાદિ-તિર્યંચ છતાં જો અગંધન કુળમાં જન્મેલા નાગ વમેલું વિષ પુનઃ ચૂસવાને ઇચ્છતા નથી, કિન્તુ તેવા પ્રસંગે દુઃખે જેનો સ્પર્શ કરી શકાય તેવા ધગધગતા અગ્નિમાં પડે છે, તો મનુષ્ય છતાં મેં જે ભોગો-રૂપી ઝેરનું વમન કર્યું, તેની પુનઃ ઇચ્છા હું કેમ કરું ? (૧૧)

(એ જ અર્થમાં બીજું ઉદાહરણ કહે છે કે—જ્યારે રાજીમતી ઉપર રહનેમીને રાગ થયો, ત્યારે તેને સમજાવવા એકદા રાજીમતીએ ખીરનું ભોજન કરી, મીંઢળના પ્રયોગથી વમન કરી, રહનેમીને કહ્યું: "આ ક્ષીર છે, તેનું પાન કરો!" રહનેમી બોલ્યા, "વમેલું કેમ પિવાય?" રાજીમતી બોલ્યાં, "તો શ્રી નેમનાથજીએ વમેલી રાજીમતીને પણ કેમ ભોગવાય?" એ પ્રસંગને જણાવે છે કે—)

**धिरत्थु०** ઇત્યાદિ-રાજીમતીએ રહનેમિને કહ્યું, "હે યશના અર્થી ક્ષત્રિય! અથવા હે અપયશના અર્થી મૂર્ખ! તમને ધિક્કાર થાઓ, કે તમે (અસંયમરૂપ) જીવનને માટે વમેલું પીવાને ઇચ્છો છો! એમ કરવા કરતાં તો તમારે મરવું તે સારું છે." (૧૨)

(એ રીતે રહનેમિને બોધ પમાડીને રાજીમતીએ દીક્ષા લીધી, રહનેમિ પણ દીક્ષિત થયા. પુનઃ એકદા વર્ષાના કારણે ગુફામાં ભીંજા-યેલાં વસ્ત્રોની જયણા માટે વિવસ્ત્રા બનેલી રાજીમતીને જોઈ, જ્યારે

રહનેમિને રાજીમતી ઉપર રાગ થયો, ત્યારે તેમને સમજાવતાં રાજીમતીએ કહ્યું કે—)

'अहं च०' ઇત્યાદિ–હું ભોગરાજ (ઉગ્રસેન રાજા)ની પુત્રી છું અને તમે અંધકવૃષ્ણિ (સમુદ્રવિજય રાજા)ના પુત્ર છો, માટે આવા ઉત્તમ કુળમાં જન્મેલા આપણે (ગંધન જાતિના નાગ જેવા) થવું ન જોઈએ. માટે નિભૃત થઈને (ઇન્દ્રિયોને કાચબાની જેમ ગોપવીને) સંયમનું પાલન કરો ! (૧૩) વળી—

'जई तं०' ઇત્યાદિ–જો તમે જે જે સ્ત્રીઓને દેખશો તેના પ્રત્યે 'આ સ્ત્રી સુંદર છે માટે હું તેને ભોગવું' એવો ભાવ કરશો તો, પવનથી હચમચી ગયેલા મૂળ વગરના વૃક્ષની (વેલાની) જેમ, અસ્થિરાત્મા (સંયમમાં અસ્થિર) બની જશો. જેમ પવનની આંધીથી મૂળ રહિત વૃક્ષ અસ્થિર બને, તેમ ભોગની ઇચ્છારૂપ પવનના ઝપાટે ચઢેલો સંયમ અસ્થિર બની જશે અર્થાત્ પ્રમાદરૂપી પવનના ઝકોરે ચઢેલા તમે સંસાર-સમુદ્રમાં ભમશો. (૧૪)

'तीसे०' ઇત્યાદિ–તે સાધ્વી શ્રીમતી રાજીમતીનું સંવેગજનક તેવું વચન સાંભળીને અર્થાત્ રાજીમતીએ અંકુશથી જેમ હાથીને વશ કરે (માર્ગે લાવે) તેમ, તે પુરુષોત્તમ રથનેમિને એ વચન દ્વારા ધર્મમાં (સંયમમાં) સ્થાપ્યા (સ્થિર કર્યા). (૧૫) તે પ્રમાણે—

'एवं०' ઇત્યાદિ–સંબુદ્ધા એટલે બુદ્ધિમાન (સમકિતી), એવા પંડિત (સમ્યગ્જ્ઞાની) અને વિચક્ષણ (ચારિત્રના પરિ-

ણામવાળા) પુરુષો ભોગથી વિરામ પામે છે અર્થાત્ જેમ તે પુરુષોત્તમ રથનેમિ ભોગથી અટક્યા તેમ ભોગની (વિષયોની) લાલસાથી અટકે છે. (૧૬)

**એ પ્રમાણે સંયમમાં સ્થિર થવાનો ઉપદેશ આપીને હવે સંયમમાં વર્તતા આત્માએ નહિ સેવવા યોગ્ય (અનાચીર્ણ)ને સેવવાનો નિષેધ કરવા કહે છે કે—**

'**संजमे सुट्ठिअप्पाणं०**' ઇત્યાદિ–જેનું સ્વરૂપ પૂર્વે કહ્યું તે સંયમમાં શાસ્ત્રાજ્ઞાનુસાર સ્થિર રહેલા, 'વિપ્રમુક્તા' બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી ભાવપૂર્વક મુક્ત થયેલા, તેથી જ 'ત્રાતા' એટલે સ્વ-પરના રક્ષક, 'મહર્ષિઓ' એટલે મહાયતનાવાળા એવા તે નિર્ગ્રંથોને એટલે સાધુઓને આ (તે પછીની ગાથામાં જણાવેલા ભાવો) અનાચરિત એટલે નહિ આચરવા યોગ્ય (અકરણીય) છે. (૧૭)

(આ સત્તર ગાથાઓને સજ્ઝાય (સ્વાધ્યાય) માનવામાં આવે છે. સાધુ-સાધ્વીઓને સજ્ઝાયને સ્થાને એમાંની પહેલી પાંચ ગાથાઓનો ઉપયોગ કરવાનો હોય છે અને પચ્ચક્ખાણ પાર્યા પછી પૂર્વકાળે દશવૈકાલિકના પાંચમા અધ્યયન સુધી સ્વાધ્યાય કરી આહાર વાપરવાનો વિધિ હતો, તેને બદલે વર્તમાનમાં આ સત્તર ગાથારૂપ સ્વાધ્યાય કરીને આહાર વાપરવાનો વિધિ ચાલુ છે.)

★

# ગોચરીના દોષો (એષણા)

**એષણા** એટલે અન્વેષણ. દોષોની શોધ કરવી અથવા નિર્દોષ પિંડની શોધ કરવી, તેને એષણા કહેવાય છે. તેના ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણા એમ ત્રણ પ્રકારો છે. ગવેષણાના ઉદ્ગમ અને ઉત્પાદન એમ બે પ્રકારો છે. પિંડ તૈયાર કરવામાં ગૃહસ્થથી લાગેલા દોષોને **ઉદ્ગમદોષો** અને પિંડ લેવા માટે સાધુથી લાગતા દોષોને **ઉત્પાદન-દોષો** કહેવાય છે. એ બન્નેની શુદ્ધિ સાચવવી તેને ગવેષણા કહી છે. અને પિંડ લેતી વેળા પ્રાયઃ ગૃહસ્થ-સાધુ ઉભયથી દોષો લાગે તેને ગ્રહણૈષણાના દોષો કહેલા છે. સોળ ઉદ્ગમ-દોષો, સોળ ઉત્પાદન--દોષો અને દશ ગ્રહણૈષણાના દોષો એમ ૪૨ દોષો પિંડ લેવાના સંબંધમાં કહ્યા છે. તે દોષોને ટાળી નિર્દોષ પિંડ (આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિ) લેવાય તેને જ એષણાસમિતિ કહેલી છે.

એ ઉપરાંત ભોજન કરતાં લાગતા ગ્રાસૈષણાના પાંચ દોષો કહ્યા છે. નિર્દોષ છતાં પણ નિત્યપિણ્ડ, ભક્તનો પિણ્ડ વગેરે પણ ત્યાજ્ય કહ્યો છે. એ સર્વનું વિવેચન કરતાં એક સ્વતંત્ર ગ્રન્થ થાય તેમ છે, એથી અહીં સંક્ષેપમાં આ ૪૭ દોષોનું જ વર્ણન કરીશું—

## ૧. સોળ ઉદ્ગમદોષો—

**आहाकम्मुद्देसिय, पूइकम्मे अ मीसजाए अ ।**
**ठवणा पाहुडियाए, पाओअर कीय पामिच्चे ॥१॥**

**परिअट्टिए अभिहडु–ब्भिन्ने मालोहडे अ अच्छिज्जे ।**
**अणिसिट्ठे अज्झोअर, सोलस पिंडुग्गमे दोसा ॥२॥**

'આધાકર્મ' વગેરે નીચે ક્રમશઃ કહીશું તે સોળ પિંડના ઉદ્ગમદોષો છે—

૧. **આધાકર્મ**-સાધુનું નિમિત્ત ચિત્તમાં ધારીને કર્મ એટલે સચિત્તને અચિત્ત કરવું અથવા અચિત્તને પકાવવું તેને 'આધાકર્મ' કહેલું છે અર્થાત્ સાધુને નિમિત્તે અગ્નિ આદિથી પકાવવું કે સચિત્તને અચિત્ત કરવું તે.

૨. **ઔદ્દેશિક**-કોઈ પણ યાચક વગેરેને ઉદ્દેશીને તૈયાર કરેલું. તેના ૧. **ઓઘૌદ્દેશિક** અને ૨. **વિભાગૌદ્દેશિક** એમ બે ભેદો છે. તેમાં સ્વ-પરનો વિભાગ કલ્પ્યા વિના પોતાને માટે તૈયાર કરાતા આહારાદિમાં ભિક્ષા આપવાની બુદ્ધિએ કંઈક ભાગ વધારે નાખીને તૈયાર કરેલું તે 'ઓઘૌદ્દેશિક' કહ્યું છે. આવું પ્રાયઃ દુષ્કાળાદિમાંથી પસાર થયેલા કોઈ ધનવાનને એમ કલ્પના થાય કે, 'મુશ્કેલીએ જીવ્યા છીએ તો કંઈક પુણ્યદાન કરીએ' ત્યારે સ્વ-પરનો વિભાગ કર્યા વિના, દાનની બુદ્ધિપૂર્વક,આહારાદિ તૈયાર કરવાથી થાય. આ રીતે તૈયાર થયેલામાંથી, પોતાની કલ્પના પ્રમાણે, દાનમાં અપાઈ જાય, તે પછી જે વધે તે શુદ્ધ સમજવું. વિભાગૌદ્દેશિક તેને કહેવાય છે કે વિવાહાદિ પ્રસંગે વધી પડેલા આહારાદિમાંથી માલિક અમુક હિસ્સો દાન દેવા માટે જુદો કરે, એને દોષિત એ કારણે કહ્યું છે કે, પોતાની સત્તામાંથી દાન દેવા માટે તે જુદું કાઢેલું હોય છે. તેના ત્રણ ભેદો છે: ૧. **ઉદ્દિષ્ટ**, ૨. **કૃત** અને ૩. **કર્મ**. તેમાં પોતાને ઉદ્દેશીને જમણવાર વગેરે પ્રસંગે કરેલામાંથી વધેલા આહારમાંથી અમુક ભાગ ભિક્ષુકોને આપવા માટે જુદો કાઢવો તે ઉદ્દિષ્ટૌદ્દેશિક-૧. એ રીતે વધેલા ભાત વગેરેને ભિક્ષા તરીકે

આપવા માટે દહીં વગેરેથી મિશ્ર કરવો તે કૃતૌદ્દેશિક-૨. અને વિવાહ વગેરેમાં વધેલા લાડુઓના ભૂકા વગેરેને ચાસણી વગેરેથી સંસ્કાર કરીને પુનઃ લાડુઓ બનાવવા તે કર્મૌદ્દેશિક-૩. ઉદ્દિષ્ટમાં માત્ર વિભાગ કરવાનું, કૃતમાં સચિત્ત આરંભ વિના સંસ્કારવાનું અને કર્મમાં અગ્નિ આદિનો ઉપયોગ કરવાપૂર્વક આરંભથી સંસ્કારવાનું હોવાથી ઉત્તરોત્તર તે ત્રણે વધારે દોષવાળા જાણવા. તે દરેકના પણ ઉદ્દેશ, સમુદ્દેશ, આદેશ અને સમાદેશ એમ ચાર ચાર ભેદો પડે છે. જે સમસ્ત યાચકોને આપવાની કલ્પનાવાળું તેઉદ્દેશ; ચરક, પાખંડીઓને આપવાની કલ્પનાવાળું તે સમુદ્દેશ; નિર્ગ્રન્થ (જૈન), શાક્ય, તાપસ, ગૈરિક, બૌદ્ધ મતાવલંબી સાધુઓને આપવામી કલ્પનાવાળું તે આદેશ અને નિર્ગ્રન્થ સાધુઓને આપવાની કલ્પનાવાળું તે સમાદેશ -એમ ઉદ્દિષ્ટ, કૃત અને કર્મના ચાર ચાર ભેદો જાણવા.

આધાકર્મ એટલે પ્રથમથી જ સાધુઓ માટે તૈયાર કરેલું અને ઔદ્દેશિક એટલે પહેલાં પોતાને માટે તૈયાર કરેલું હોય, તેમાં જ પુનઃ સાધુ માટે સંસ્કાર કરેલું, એમ બેમાં ભિન્નતા સમજવી.

૩. **પૂતિકર્મ**-આધાકર્મનો લેશ માત્ર પણ જેમાં લાગ્યો હોય તે શુદ્ધ છતાં પૂતિકર્મ જાણવું. તેથી વહોરતાં આધાકર્મથી ખરડાયેલાં કડછી, ચમચો કે ભાજન વગેરેનો ઉપયોગ ન કરવો.

૪. **મિશ્રજાત**-પ્રથમથી જ પોતાના અને સાધુના

ઉદ્દેશથી ભેગું તૈયાર કરેલું. તેના યાવદર્થિકમિશ્ર, પાખંડીમિશ્ર અને (જૈન) સાધુમિશ્ર એમ ત્રણ ભેદો કહ્યા છે. શ્રમણોને પાખંડીઓની ભેગા ગણવાથી 'શ્રમણમિશ્ર' ભેદ જુદો નથી કહ્યો.

**૫. સ્થાપના**–સાધુને નિમિત્તે કેટલોક વખત મૂકી રાખવું તે, અથવા 'સાધુઓને આપવાનું છે' એવી બુદ્ધિથી આપવાની વસ્તુ કેટલોક (અમુક) કાળ વ્યવસ્થિત રાખવી તે સ્થાપના. આ સ્થાપનાના સ્વસ્થાન અને પરસ્થાન એમ બે ભેદો છે, જેમ કે ભોજનનું સ્વસ્થાન ચૂલો, રસોડું વગેરે અને પરસ્થાન શીકું, કબાટ, કોઠલો, હાટિયું વગેરે. એ બેના પણ અનન્તર અને પરંપર એમ બે બે ભેદો છે. તેમાં જે વસ્તુ (ઘી, ગોળ વગેરે) લાંબો કાળ તેવી અવસ્થામાં જ રહી શકે, તેવી વસ્તુની સ્થાપના અનન્તર કહેવાય અને દૂધ વગેરે જેનું સ્વરૂપ–પર્યાય બદલાઈ જાય તેની સ્થાપના પરમ્પર કહેવાય. દૂધની પણ તે જ દિવસે પૂરતી અનન્તર અને તે પછી પરંપર જાણવી. સાધુ વહોરતા હોય તે પછીનાં પંક્તિ રહિત ત્રણ ઘર પછીનાં ઘરોમાં વહોરાવવા માટે કોઈ પહેલાંથી વસ્તુ હાથમાં લે કે ભાજનમાં કાઢી રાખે તોપણ સ્થાપના જાણવી.

**૬. પ્રાભૃતિકા**–વર્તમાનમાં સાધુ નજીક હોવાથી સાધુને દાન દેવાનો લાભ મળશે એમ સમજી લગ્નાદિ પ્રસંગ, વિલંબે આવવાનો હોય તોપણ, વહેલો રાખવો, અને વહેલો હોય તેને, ભવિષ્યમાં સાધુ આવનાર છે એમ સમજી તેઓને દાન દેવાના ઉદ્દેશથી, વિલંબે રાખવો, તેને

શાસ્ત્ર-પરિભાષાથી, પ્રાભૃતિકા કહી છે. તે પણ લગ્નાદિ મોટા પ્રસંગને વહેલો-મોડો કરવાથી બાદર પ્રાભૃતિકા અને સામાન્ય પ્રસંગને સાધુને દાન દેવાની બુદ્ધિએ મોડો-વહેલો કરવો તે સૂક્ષ્મ પ્રાભૃતિકા સમજવી.

૭. **પ્રાદુષ્કરણ**-સાધુને જે વસ્તુ પ્રત્યક્ષ જોવાય તેવા સ્થાને પડી હોય તે લેવાનો ધર્મ છે. એટલે મારી વસ્તુ અંધારામાં છે માટે વહોરશે નહિ એમ સમજી દીવા વગેરેનો પ્રકાશ કરવો, ભીંતમાં જાળી, બારી વગેરેને મૂકીને કે ઉઘાડીને પ્રકાશ કરવો, અથવા બહાર પ્રકાશમાં વસ્તુ લાવવી તે પ્રાદુષ્કરણ; તે બે પ્રકારે થાય: એક વસ્તુ ઉપર પ્રકાશ કરવાથી અને બીજું વસ્તુને પ્રકાશમાં લાવવાથી.

૮. **ક્રીત**-જે વસ્તુ સાધુને માટે મૂલ્યથી ખરીદવી તે ક્રીત કહેવાય. તેના સ્વ, પર અને દ્રવ્ય, ભાવ ભેદે ચાર પ્રકારો છે. જે સાધુ ગૃહસ્થને ચૂર્ણની ગુટિકા કે બીજી કોઈ પોતાની વસ્તુ આપીને તેના બદલે આહારાદિ મેળવે તે સ્વદ્રવ્યક્રીત અને ગૃહસ્થ પોતાના ધન વગેરેથી ખરીદી સાધુને આપે તે પરદ્રવ્યક્રીત. તથા સાધુ ભોજન મેળવવાની આશાએ ધર્મકથા કરે અને તેના બદલે ગૃહસ્થ તેને તે આપે તે સ્વભાવક્રીત અને સાધુનો ભક્ત કોઈ ગવૈયો વગેરે સાધુને દાન દેવા પોતાની કળાથી બીજાને રંજિત કરી તેની પાસેથી વસ્તુ મેળવી સાધુને આપે તે પરભાવક્રીત.

૯. **પ્રામિત્યક**-દાન દેવા માટે વસ્તુ ઉછીની (ઉધાર) લાવી આપવી તે પ્રામિત્યક. તેના લૌકિક અને લોકોત્તર એમ

બે ભેદો છે. ગૃહસ્થ ઉધાર-ઉછીનું લાવી સાધુને આપે તે લૌકિક. અને એક-બીજા સાધુ પરસ્પર કોઈ વસ્તુ, તેવી બીજી વસ્તુ પાછી આપવાની શરતે, લે-આપે તે લોકોત્તર.

૧૦ **પરાવર્તિત**–પોતાનું બગડી ગયેલું ઘી વગેરે આપીને તેના બદલે સારું ઘી વગેરે લઈને આપવું તે પરાવર્તિત. એના પણ પ્રામિત્યકની પેઠે લૌકિક અને લોકોત્તર એમ બે ભેદો જાણવા.

૧૧. **અભ્યાહૃત**–પોતાના ઘેરથી ઉપાશ્રયે કે પોતાના ગામથી અન્ય ગામમાં, જ્યાં સાધુ હોય ત્યાં, વહોરાવવા સામે લઈ જવું તે અભ્યાહૃત. તેના બીજાઓ જાણે તેમ પ્રગટ અને ગુપ્ત એમ બે પ્રકારો છે. તેમાં પણ 'આચીર્ણ, અનાચીર્ણ વગેરે બહુ ભેદો છે. આચીર્ણ તેને કહ્યું છે કે જે ક્ષેત્રથી સો ડગલાં અંદરથી અથવા ઉપાશ્રયથી કે સાધુ વહોરતા હોય તે ગણતાં ત્રણ ઘરોમાંથી લાવેલું હોય. ઇત્વરિક સ્થાપનામાં કાળની અને અભ્યાહૃતમાં ક્ષેત્રની વિવક્ષા છે માટે બન્નેમાં ભેદ છે.

૧૨. **ઉદ્ભિન્ન**–ઉઘાડીને અથવા ઉખેડીને આપવું તે; જેમ કે આપવાની ઘી-ગોળ વગેરે વસ્તુ કૂડલા કે માટલા વગેરેમાં ભરી ઉપર માટી વગેરેનું સીલ કર્યું હોય, તે ઉખેડીને અથવા કબાટ વગેરેમાંથી તાળું ઉઘાડીને કે પોટલી વગેરેની ગાંઠ વગેરે છોડીને આપવું તે.

૧૩. **માલાપહૃત**–માળ એટલે શીકા વગેરેમાં ઊંચે મૂકેલું સાધુ માટે લાવે તે માલાપહૃત. તેના ઊર્ધ્વ, અધો,

ઉભય અને તિર્યક્, એમ ચાર ભેદો થાય છે. ઊંચે અગાશી, છાજલી, શીકા વગેરેમાં રહેલું તે ૧. ઊર્ધ્વસ્થિત; નીચે ભોંયરા વગેરેમાં મૂકેલું તે ૨. અધઃસ્થિત; કોઠી-કોઠાર વગેરેમાં મૂકેલું, જેને લેવામાં પગની પાનીઓ વગેરે ઉપાડવું પડે અને અંદર મસ્તક વગેરેને નમાવવું પડે, એમ અદ્ધર થવાની અને 'નમવાની બે ક્રિયાઓથી લઈ શકાય તેમ મૂકેલું તે ૩. ઉભયસ્થિત; અને જમીન વગેરે ઉપર મૂકેલું છતાં જેને લેતાં લાંબું થવું પડે ઇત્યાદિ કષ્ટથી લઈ શકાય તેમ મૂકેલું તે ૪. તિર્યક્સ્થિત.

૧૪. **આચ્છેદ્ય**-જે પારકું બલાત્કારે લઈને આપે તે આચ્છેદ્ય. તેમાં સ્વામી (રાજા) પ્રજા પાસેથી બલાત્કારે લે તે સ્વામીઆચ્છેદ્ય; ઘરનો માલિક, સ્ત્રી કે બાળક યા નોકર વગેરેનું બલાત્કારે લઈ આપે તે પ્રભુ-આચ્છેદ્ય; અને ચોર કોઈનું ચોરીને આપે તે ચોર-આચ્છેદ્ય જાણવું.

૧૫. **અનિસૃષ્ટ**-કોઈ ગોઠિયાનું ભોજન, સર્વની અનુમતિ વિના, તેમાંના થોડા અથવા તેમાંનો કોઈ એક જ માણસ સાધુને આપે તે અનિસૃષ્ટ. તેના સાધારણ, ચોલ્લક અને જડ્ડ એમ ત્રણ ભેદો છે. જે ઘણા માલિકોનું હોય તે ૧. સાધારણ; કોઈ સ્વામી વગેરેએ સેવકો વગેરેને ભેગું આપ્યું હોય તેવું ભોજન વગેરે તે ૨. ચોલ્લક; અને જડ્ડ એટલે હાથી, તેને તેના માલિકે ખાવા માટે માવત વગેરેને સોંપેલું; એમાંનું કોઈ વિના હક્કે સાધુને આપે તો તે ૩. જડ્ડ પ્રકારનું અનિસૃષ્ટ કહેવાય.

૧૬. **અધ્યવપૂરક**-પોતાને માટે પકાવવા આપ્યા પછી સાધુ વગેરે આવ્યા છે એમ જાણી તેમને દાન દેવાની બુદ્ધિએ તેમાં વધારો કરવો તે અધ્યવપૂરક. તેના પણ મિશ્ર-જાતની જેમ ૧. યાવદર્થિક, ૨. પાખંડી અને ૩. સાધુ -એમ ત્રણના નિમિત્તે તે તે નામે ત્રણ ભેદો કહ્યા છે.

## અવિશોધિકોટિ

એ સોળ દોષો પૈકીના ૧. આધાકર્મ, ૪. ઔદ્દેશિકના ૧૩ ભેદો પૈકી કર્મૌદ્દેશિકના છેલ્લા સમુદ્દેશ, આદેશ અને સમાદેશ એ ત્રણ ભેદો; ૮. મિશ્રજાત અને અધ્યવપૂરકના અંતિમ બે બે-પાખંડી અને સાધુવિષયક-ભેદો, ૯. આહાર-પૂતિકર્મ, ૧૦. બાદર પ્રાભૃતિકા-એ દશ ભેદો અવિશોધિકોટિ કહેવાય છે; અર્થાત્ એ દોષોથી દૂષિત અન્નાદિ બીજા શુદ્ધ આહારાદિમાંથી કાઢી લેવા છતાં શેષ શુદ્ધ આહારાદિ શુદ્ધ થાય નહિ. આ દસ દોષોવાળો સૂકો દાણો કે છાશ વગેરે લેપકૃતનો કે વાલ વગેરે અલેપકૃતનો અંશ પણ ભળ્યો હોય તોપણ તે કાઢી નાખીને પાત્રને ત્રણ વાર ધોયા વિના તેમાં શુદ્ધ આહાર લેવામાં આવે તો તે શુદ્ધ ગણાતો નથી. એ સિવાયના બાકીના દોષોથી દૂષિત આહાર કાઢી નાખ્યા પછી શુદ્ધ આહાર શુદ્ધ ગણાય છે, માટે તે વિશોધિકોટિ કહેવાય છે. છતાં વિશોધિકોટીનો અંશ ત્યજીને બાકીનો આહાર ત્યારે વપરાય કે જો નિર્વાહ થાય તેમ ન હોય. ઘી વગેરે દુર્લભ દ્રવ્યો તો અશુદ્ધ હોય તેટલાં જ તજવાં, સર્વ નહિ-ઇત્યાદિ વિવેક સમજવો.

૨. સોળ ઉત્પાદન-દોષો

धाई दूई निमित्ते, आजीव वणीमगे तिगिच्छा य ।
कोहे माणे माया, लोहे अ हवंति दस ए ए ॥ १ ॥

पुव्विपच्छा[व] संथव, विज्जा मंते अ चुन्न जोगे अ ।
उप्पायणाइ दोसा, सोलसमे मूलकम्मे अ ॥ २ ॥

ધાત્રીપિંડ, દૂતિપિંડ વગેરે નીચે પ્રમાણે સોળ દોષો ઉત્પાદનના જાણવા—

૧. **ધાત્રીપિંડ**-બાલકને દૂધ પાવું, સ્નાન કરાવવું, વસ્ત્રાભરણ પહેરાવવાં, રમાડવો અને ખોળે રાખવો (તેડીને ફરવું), એ પાંચ પ્રકારે પાલન કરનારી પાંચ ધાવમાતાઓ કહેવાય છે. જે સાધુ આહારાદિ મેળવવાની બુદ્ધિએ ગૃહસ્થનાં બાળકોનું એ ધાત્રીકર્મ કરી આહારાદિ મેળવે તે ધાત્રીપિંડ જાણવો.

૨. **દૂતીપિંડ**-પરસ્પર સંદેશો કહેવો તે દૂતીકર્મ; ભિક્ષા માટે એવું ગૃહસ્થોનું દૂતીપણું કરી આહારાદિને મેળવવો તે દૂતીપિંડ જાણવો.

૩. **નિમિત્તપિંડ**-લક્ષણ-જ્યોતિષાદિ શાસ્ત્રોના બળે ગૃહસ્થને ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં થયેલી, થનારી કે થતી લાભ-હાનિ જણાવી તેના બદલે આહારાદિ મેળવવાં તે નિમિત્તપિંડ કહ્યો છે.

૪. **આજીવપિંડ**-તે તે જાતિ, કુળ, ગણ, કર્મ, શિલ્પ

વગેરે આજીવિકાનાં સાધનો જેઓનાં પ્રધાન (વિશિષ્ટ) હોય, તેઓની આગળ, ભિક્ષા મેળવવાના ધ્યેયથી, પોતાની પણ તે તે જાતિ, કુળ, ગણ, કર્મ કે શિલ્પ વગેરે છે એમ જણાવી આહારાદિ લેવાં તે આજીવપિંડ જાણવો.

૫. **વનીપકપિંડ**–શ્રમણ, બ્રાહ્મણ, તાપસ, અતિથિ કે કૂતરાઓના ભક્તોની સામે આહારાદિ માટે સાધુ પણ પોતાને 'તેનો તેનો હું પણ ભક્ત હતો,' એમ જણાવી આહારાદિ મેળવે તે વનીપકપિંડ જાણવો.

૬. **ચિકિત્સાપિંડ**–આહારાદિ મેળવવા માટે સાધુ ગૃહસ્થને વમન, વિરેચન કે બસ્તિકર્મ વગેરે પ્રયોગ કરાવે અથવા કોઈ અમુક વૈદ્ય, ડોકટર કે ઔષધાદિની ભલામણ કરી આહારાદિ મેળવે તે ચિકિત્સાપિંડ જાણવો.

૭. **ક્રોધપિંડ**–સાધુ ભિક્ષાને માટે ગૃહસ્થની આગળ પોતાની વિદ્યા કે તપનો પ્રભાવ કહીને અથવા અમુક રાજા વગેરે મારા ભક્ત છે એમ કહીને, કે સાધુનો ક્રોધ નિષ્ફળ જતો નથી ઇત્યાદિ કહીને 'આને આહારાદિ નહિ આપું તો મને આપત્તિમાં નાખશે' એવો ભય પેદા કરી આહારાદિ મેળવે તે ક્રોધપિંડ જાણવો.

૮. **માનપિંડ**–પોતાની લબ્ધિની પ્રશંસા સાંભળીને ગર્વિષ્ઠ બનેલો કોઈ સાધુ, બીજા સાધુએ માને ચઢાવવાથી, આહારાદિ લાવે અથવા કોઈ સાધુ કોઈ ગૃહસ્થને અભિમાને ચઢાવીને તેણે અભિમાનથી આપેલો આહારાદિ પિંડ લાવે વગેરે માનપિંડ જાણવો.

૯. **માયાપિંડ**-વારંવાર પિંડ મેળવવા માટે જુદા જુદા વેષ બદલીને કે જુદી જુદી ભાષા (સ્વર) બોલીને, આષાઢાભૂતિની જેમ, માયા કરી લાવે તે માયાપિંડ જાણવો.

૧૦. **લોભપિંડ**-ઘણાં અથવા મનોભિષ્ટ આહારાદિને મેળવવાના લોભે ઘણાં ઘરોમાં ફરનારનો લાવેલો પિંડ તે લોભપિંડ જાણવો.

૧૧. **પૂર્વપશ્ચાત્-સંસ્તવ પિંડ**-અહીં પૂર્વ શબ્દથી પૂર્વનાં સંબંધી માતા, પિતા, કાકા વગેરે પિતૃપક્ષ અને પશ્ચાત્ શબ્દથી પછી સંબંધમાં આવેલાં સાસુ, સસરો, સાળા વગેરે શ્વશૂરપક્ષ જાણવો. જે સાધુ ભિક્ષાને માટે દાન દેનારને પોતાનાં માતા-પિતાદિનાં જેવાં અથવા સાસુ-સસરાદિનાં જેવાં જણાવીને, એ રીતે સંબંધની ઘટના ઘટાવવારૂપ પ્રશંસા કરીને, આહારાદિ લાવે તે યથાક્રમ પૂર્વ-સંસ્તવ અથવા પશ્ચાત્સંસ્તવ પિંડ જાણવો.

**૧૨થી ૧૫-વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગપિંડ**-ભિક્ષા મેળવવા માટે પોતાને સિદ્ધ થયેલી વિદ્યા વગેરેનો ઉપયોગ (પ્રયોગ) કરવો તે વિદ્યાપિંડ વગેરે જાણવો. તેમાં જે મંત્રનો જાપ, હોમ વગેરે કરવાથી સિદ્ધ થાય અથવા જેની અધિષ્ઠાયિકા દેવી (સ્ત્રી) હોય, તે વિદ્યાના પ્રયોગથી મેળવેલો ૧૨. **વિદ્યાપિંડ.** માત્ર ઉચ્ચારથી સિદ્ધ થાય અથવા જેનો અધિષ્ઠાયક દેવ (પુરુષ) હોય, તે મંત્રના પ્રયોગથી મેળવેલો ૧૩. **મંત્રપિંડ.** જેને નેત્રાદિમાં આંજવા વગેરેથી અદૃશ્ય થઈ શકાય, રૂપ બદલી શકાય, વગેરે શક્તિવાળાં

ચૂર્ણો કહેવાય, તેના પ્રયોગથી મેળવેલો ૧૪. **ચૂર્ણપિંડ.** અને પગે લેપ કરવા વગેરેથી સૌભાગ્ય, દૌર્ભાગ્ય વગેરે થાય તે (ઘણા પદાર્થોની મેળવણીથી કરેલા) યોગો કહેવાય, તેના પ્રયોગથી મેળવેલાં આહારાદિ ૧૫. **યોગપિંડ** જાણવો.

૧૬. **મૂળકર્મપિંડ**-ભિક્ષા માટે ગર્ભ થંભાવવો, ધારણ કરાવવો, ગળાવવો કે તે માટે મંત્રસ્નાન કરાવવું, મૂળિયાં બાંધવાં, રાખડી બાંધવી વગેરે ચારિત્રનો મૂળમાંથી નાશ કરનાર કર્મ કરીને આહારાદિ મેળવવાં તે મૂળકર્મપિંડ કહ્યો છે.

આ ઉદ્‌ગમ અને ઉત્પાદનાના દોષોથી રહિત પિંડની ગવેષણા (શોધ) કરવી તેને ગવેષણૈષણા કહેલી છે.

### ૩. ગ્રહણૈષણાના દશ દોષો

**संकिअ मक्खिअ निक्खित्त, पिहिअ साहरिअ दायगुम्मिस्से ।**
**अपरिणय लित्त छड्डिअ, एसणदोसा दस हवंति ॥ १ ॥**

શંકિત, મ્રક્ષિત વગેરે ગ્રહણૈષણાના દશ દોષો નીચે પ્રમાણે છે—

૧. **શંકિત**-આધાકર્મ વગેરે દોષથી હૃદય શંકિત હોવા છતાં, સાધુ આહારાદિ જે જે પિંડ ગ્રહણ કરે, તે શંકિત જાણવો. તેમાં ગ્રહણે, ભોજને શંકિત, અશંકિત વગેરે ચાર ભાંગા આ પ્રમાણે છે: ૧. ગ્રહણ કરતાં અને ભોજન કરતાં પણ શંકિત-ગ્રહણ કરતાં લજ્જાદિ કારણે

નહિ પૂછવાથી શંકાપૂર્વક ગ્રહણ કરે અને ભોજન કરતાં સુધી પણ શંકા ન ટળે છતાં વાપરે તે. ૨. ગ્રહણે શંકિત, ભોજને અશંકિત-ગ્રહણ કરતાં શંકા હોય છતાં ગ્રહણ કર્યા પછી, કોઈના કહેવાથી કે અન્ય કારણથી, શંકા ટળી જાય, નિર્દોષ છે એમ સમજાય તે. ૩. ગ્રહણે અશંકિત, ભોજને શંકિત-નિર્દોષ સમજીને લીધા પછી પણ કોઈ હેતુથી દોષિત છે એવી શંકા ઊપજવા છતાં વાપરે તે. ૪. ગ્રહણે-ભોજને અશંકિત-ગ્રહણ કરતાં અને ભોજન કરતાં સુધી પણ નિર્દોષ છે એમ નિશ્ચયપૂર્વક લેવો-વાપરવો તે. આ ચારમાં ભોજન વખતે શંકા વિનાનો બીજો અને ચોથો ભાંગો શુદ્ધ જાણવો; બીજા બેમાં જે જે 'આધાકર્મ' આદિ દોષની શંકા હોય, તે તે દોષથી તે પિંડ દૂષિત સમજવો અર્થાત્ તે તે દોષનું પ્રાયશ્ચિત્ત લાગે.

૨. **મ્રક્ષિત**-સચિત્ત પૃથ્વી, પાણી વગેરે પાંચ સ્થાવરોથી અથવા અચિત્ત પણ દારૂ વગેરે નિંદ્ય વસ્તુથી ખરડાયેલા અન્નાદિને મ્રક્ષિત જાણવું. તેમાં સચિત્ત કે અચિત્ત પણ નિંદ્ય દ્રવ્યોથી મ્રક્ષિત વસ્તુ સર્વથા અકલ્પ્ય સમજવી. ઘી વગેરેથી ખરડાયેલ વસ્તુ તો, તેને લાગેલા કીડી વગેરે જીવોને જયણાપૂર્વક ઉતાર્યા પછી, કલ્પ્ય સમજવી. એમાં પણ ૧. શુદ્ધ હાથ, શુદ્ધ પાત્ર; ૨. શુદ્ધ હાથ, ખરડેલું પાત્ર; ૩. ખરડેલો હાથ, શુદ્ધ પાત્ર અને ૪. ખરડાયેલા હાથ અને ખરડાયેલ પાત્ર-એમ ચાર ભાંગામાં છેલ્લો ભાંગો શુદ્ધ જાણવો અર્થાત્ વહોરાવનારનો

હાથ અને વહોરાવવાનું કડછી, ચમચો, વાટકી વગેરે પાત્ર પહેલાં ગૃહસ્થે સ્વપ્રયોજને ખરડયાં હોય, તેનાથી વહોરી શકાય. એમ ન કરવાથી પુરઃકર્મ કે પશ્ચાત્કર્મ દોષ લાગે. વહોરાવતાં પહેલાં સાધુને નિમિત્તે હાથ વગેરે ધોવા તે પુરઃકર્મ અને પાછળથી ધોવા તે પશ્ચાત્કર્મ. એ રીતે સાધુને નિમિત્તે તેને વહોરાવતાં પહેલાં કે પછી ગૃહસ્થને હાથ, પાત્ર વગેરે ધોવું ન પડે તે રીતે વહોરવું. માટે જે પાત્રમાં આહારાદિ હોય તે સમ્પૂર્ણ નહિ લેતાં સાવશેષ લેવું; જો સમ્પૂર્ણ લે તો તે ખાલી થયેલું પાત્ર ગૃહસ્થ ધોવે. તેમાં સાધુ નિમિત્ત બનવાથી તેનો આરંભ સાધુને લાગે વગેરે ગીતાર્થ ગુરુ દ્વારા વિશેષ આમ્નાય સમજવો.

૩. **નિક્ષિપ્ત**–અચિત્ત પણ આહારાદિ જો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ કે ત્રસ જીવો ઉપર મૂકેલું હોય, તો તે નિક્ષિપ્ત સમજવું. આમાં પણ અનન્તર (આંતરા વિના) અને પરંપર (આંતરે) મૂકેલું એવા ભેદ સંભવે છે, તે છ કાયને અંગે સ્વયં વિચારવા. તેમાં આંતરે મૂકેલું હોય તે સચિત્તનો સંઘટ્ટ ન થાય તેમ જયણાથી લઈ શકાય તેમ હોય તો અપવાદે કલ્પે. અગ્નિકાય ઉપર આંતરે મૂકેલું હોય તો, આ રીતે જયણા સાચવવી: જેમ કે કોઈએ શેરડીનો રસ ઉકાળવા મૂકયો હોય, અતિ ઉષ્ણ ન હોય, તેની નીચે અગ્નિ ભાજનને સ્પર્શ કરતો ન હોય, ભાજન ઉપરથી પહોળા મુખવાળું (કડાઈ જેવું) હોય, તેને ચૂલા ઉપર, કંદોઈની ચૂલીની પેઠે, ચારે બાજુ માટીથી છાંદીને

સ્થિર કરેલું હોય અને વહોરાવનાર ચતુર હોય; તે જો એમાં રહેલા રસને વાડકી વગેરેથી અધ્ધરથી લઈને આપે, વાસણના કાંઠે કે બુધે સ્પર્શ ન થવા દે, તો તેવું વહોરવું, કારણે, કલ્પે. જો વાસણને સંઘર્ષ થાય તો સૂક્ષ્મ પણ ચલન થવાથી તેની નીચે લાગેલું કાજળ નીચે અગ્નિમાં પડતાં અગ્નિકાયની વિરાધના થાય. વહોરાવતાં બિંદુ માત્ર પણ અગ્નિમાં પડે તોપણ અગ્નિકાયની વિરાધના થાય, ઇત્યાદિ બુદ્ધિથી વિચારી, વિરાધના ન થાય તે રીતે વહોરાવનાર હોય તોપણ અનિવાર્ય કારણે વહોરવું કલ્પે. એ ઉપ-લક્ષણથી બીજા પ્રસંગોને પણ સ્વયં સદોષ-નિર્દોષપણાનો ખ્યાલ કરવો. શ્રી જિનેશ્વરોની આજ્ઞા છે કે સર્વત્ર નિષ્ક-પટભાવે વ્યવહાર કરવો. બાહ્ય શુદ્ધિને જણાવવા કપટ કરનાર આત્મા પોતે ઠગાય છે, મહાવિરાધક બને છે.

૪. **પિહિતં**-દેવાની વસ્તુ અન્નાદિ સચિત્ત ફળ વગેરેથી ઢાંકેલી હોય અર્થાત્ ઉપર પૃથ્વીકાયાદિ સચિત્ત મૂકેલું હોય, તે પિહિત કહેવાય. તેના પણ અનંતરપિહિત અને પરંપરપિહિત એમ બે ભેદો છે, તેમાં પરંપર-પિહિત હોય તે, કારણે, જયણાપૂર્વક લેવું કલ્પે.

૫. **સંહૃતં**-દાનમાં નહિ દેવા યોગ્ય વસ્તુ પૃથ્વી-કાયાદિ સચિત્ત ઉપર નાખીને કે કોઈ અચિત્ત ભાજન વગેરેમાં નાખીને તે ખાલી થયેલા ભાજનથી, કલ્પ્ય-નિર્દોષ આહારાદિ વહોરાવે તો સંહૃતદોષ જાણવો. એમાં પણ ૧. સચિત્ત સચિત્તમાં, ૨. સચિત્ત અચિત્તમાં ૩. અચિત્ત

સચિત્તમાં અને ૪. અચિત્ત અચિત્તમાં ખાલી કરે, એ ચાર ભાંગામાં છેલ્લો ભાંગો શુદ્ધ જાણવો.

૬. **દાયક**–અયોગ્ય દાતારના હાથે વહોરવાથી દાયક-દોષ લાગે. તે દાતારોનું સ્વરૂપ નીચે પ્રમાણે જાણવું—

**अवत्त अपहु थेरे, पंडे मत्ते अ खित्तचित्ते अ ।**
**दित्ते जक्खाइट्ठे, करचरणछिन्नंध णिअले अ ॥ १ ॥**
**तद्दोस गुव्विणी बालवच्छ कंडंतीपिस–भज्जंती ।**
**कंतंती पिंजंती, भइआ दगमाइणो दोसा ॥ २ ॥**

**અર્થ**—અવ્યક્ત એટલે બાળ વગેરે અયોગ દાતારને હાથે દાન લેવામાં નીચે પ્રમાણે ઉત્સર્ગ-અપવાદ સમજવો—

૧. **અવ્યક્ત**–આઠ વર્ષથી ન્યૂન ઉમ્મરવાળો બાળ જાણવો. માતા-પિતાદિની સંમતિ વિના તેના હાથે દાન લેવાથી સાધુની ઉપર ઘણું લઈ જવા વગેરેનો આરોપ આવે અને તેના વાલીઓને દ્વેષ થાય, માટે તેના હાથે નહિ લેવું, કિન્તુ તેનાં માતા-પિતાદિની સંમતિથી તે વહોરાવે તો લેવું, એમ સર્વત્ર ગુણ-દોષ સ્વયં વિચારવા.

૨. **અપ્રભુ**–નોકર, ચાકર, રસોઇયો વગેરે સત્તા વિનાનો દાતાર વહોરાવે તોપણ ન લેવું, કિન્તુ તેના માલિકની સંમતિથી તે વહોરાવતો હોય તો લેવું કલ્પે.

૩. **સ્થવિર**–સિત્તેર અથવા મતાન્તરે સાઠ વર્ષથી વધારે ઉમ્મરવાળો વૃદ્ધ; તેના હાથે વહોરતાં શરીર કંપવા

વગેરેથી વિરાધના થાય, માટે બીજાની સહાયથી આપે કે સ્વયં સશક્ત અને સત્તાધીશ હોય તો લેવું કલ્પે.

૪. **પંડક**–નપુંસક; તે અતિકામવિકારવાળો હોવાથી વહોરાવતાં સ્વ-પર ક્ષોભનો સંભવ રહે, માટે નિષિદ્ધ જાણવો. છતાં જે તેવા પ્રકારનો ન હોય તેવા નપુંસકના હાથે લેવું કલ્પે.

૫. **મત્ત**–દારૂ વગેરે કેફી પીણાં પીવાથી ઉન્મત્ત થયેલો; તેના હાથે ઉત્સર્ગ માર્ગે લેવું ન કલ્પે, પણ જો તે શ્રદ્ધાળુ હોય અને ઘણા લોકોની હાજરી ન હોય તો લેવું કલ્પે. એ સિવાય તે ઉપદ્રવ કરે કે પાત્ર વગેરે ભાગી નાખે ઇત્યાદિ દોષ લાગે એમ જણાય તો ન લેવું; તેવા પ્રકારના લોકાપવાદથી શાસનની અપભ્રાજના પણ થાય.

૬. **ક્ષિપ્તચિત્ત**–ચિત્તવિભ્રમવાળો; ૭. **દીપ્ત**–કોઈ મહાલાભ વગેરે થવાથી કે મહાન્ કાર્ય કરવાથી ઉત્કર્ષ-વાન બનેલો, દીપી ગયેલો અને ૮. **યક્ષાવિષ્ટ**–ભૂત-પ્રેતા-દિના આવેશ (પ્રવેશ)વાળો-એ ત્રણના હાથે વહોરતાં તે ભેટી પડે, માર મારે ઇત્યાદિ ઉપદ્રવનો સંભવ રહે, માટે તેઓના હાથે લેવું ન કલ્પે; છતાં જો તેઓ સાધુઓના રાગી અને દાનરુચિવાળા હોય અને ઉપદ્રવોનો ભય ન હોય તો લેવું કલ્પે.

૯. **છિન્નકર**–હાથ કપાયેલો, ઠૂંઠો કે હાથથી વસ્તુ પકડવાની યોગ્યતા વિનાનો ૧૦. **છિન્નચરણ**–પગ કપાયેલો,

લંગડો, ઊઠવા-બેસવામાં અયોગ્ય બનેલો, એવા માણસના હાથે લેવાથી આહારાદિ પડી જાય, પાત્ર ફૂટી જાય કે તે નીચે પડી જાય વગેરે દોષો સંભવિત છે, માટે કપાયેલા હાથવાળો બીજાની સહાયથી અને પગ છેદાયેલો બેઠાં બેઠાં આપે તો, અલ્પ ગૃહસ્થોની હાજરીમાં, લેવું કલ્પે.

૧૧. **અંધ**–નહિ દેખવાથી વહોરાવતાં છ કાયની વિરાધના થાય, માટે બીજાની સહાયથી આપે તો લેવું કલ્પે.

૧૨. **નિગડિત**–હાથે બેડી (બંધન)માં પડેલો, કે પગથી હેડમાં પુરાયેલો; તે વહોરાવતાં ઢાળે કે પડી જાય વગેરે કારણે લેવું ન કલ્પે; જો તે ઢીલા બંધનવાળો હોય અને હાથ લાંબા-પહોળા કરી શક્તો હોય કે સ્વયં ખસી શકતો હોય તો, તેની શ્રદ્ધાને અખંડ રાખવા માટે, લેવું કલ્પે.

૧૩. **ત્વગ્દોષી**–ચામડીના રોગવાળો, કોઢવાળો, રગતપિત્તિઓ, ખસવાળો ઇત્યાદિ; તેના હાથે લેતાં ચેપી રોગનો ભય રહે અને લોકમાં દુર્ગંછાદિ થવાથી શાસનની મલિનતા થાય, માટે ન કલ્પે; પણ જેનો કોઢ વગેરે રોગ સૂકો હોય, અશુદ્ધિ કે ચેપકારક ન હોય, તો લેવું કલ્પે.

૧૪. **ગર્ભિણી**–તેના ઊઠવા-બેસવાથી ગર્ભને બાધા થાય, માટે નવમા માસે તેના હાથે સ્થવિરકલ્પી સાધુએ ન વહોરવું. જિનકલ્પીને તો તેમનો કલ્પ નિરપવાદ હોય છે અને ગર્ભનું જ્ઞાન હોય છે, માટે ગર્ભ રહે તે દિવસથી તેઓ ગર્ભિણીના હાથે ન વહોરે. (સ્થવિરકલ્પી, ઊઠયા-બેઠાં વિના જ, મૂળ હાલતમાં વહોરાવી શકે તેમ હોય

તો, તેની દાનરુચિના રક્ષણ માટે, તેના હાથે નવમા મહિને પણ લેવું કલ્પે.)

૧૫. **બાલવત્સા**–સ્થવિરકલ્પી સાધુને, જે સ્ત્રીને બાળક સ્તનપાન કરતું નાનું હોય, તેના હાથે વહોરવું ન કલ્પે, કારણ કે વહોરાવવા બાળકને છૂટું મૂકે તો બિલાડાં, કૂતરાં આદિનો ઉપદ્રવ બાળકને થાય, અથવા બાળક રડે વગેરે દોષો લાગે. જિનકલ્પિક સાધુ તો બાલક જ્યાં સુધી બાળક મનાય ત્યાં સુધી તેની માતાના હાથે ન વહોરે, કારણ કે તેઓ ઉત્સર્ગ માર્ગે વર્તનારા હોય છે.

૧૬. **ખાંડનારી**–સચિત્ત અનાજ વગેરે ખાંડનારી ખાંડતાં ખાંડતાં વહોરાવવા ઊઠે તો સચિત્ત દાણા વગેરેનો સંઘટ્ટ થાય, માટે તેના હાથે લેવું ન કલ્પે; કિન્તુ તેણે મૂશળ ઊંચે ઉપાડ્યું હોય તે અવસરે સાધુ આવી જાય, અને જયણાપૂર્વક મૂશળને નિરવદ્ય સ્થાને મૂકી વહોરાવે તો કલ્પે.

૧૭. **દળનારી**–અચિત્ત વસ્તુ દળનારીના હાથે લેવું કલ્પે; સચિત્ત વસ્તુ દળનારીએ ઘંટીમાં નાખેલું સચિત્ત દળી નાખ્યું હોય અને બીજું નાખ્યું ન હોય, તેવા અવસરે સાધુ આવે તો તે, જયણાથી ઊઠીને, વહોરાવે તો કલ્પે. વાટનારી માટે પણ દળનારીની જેમ કલ્પ્ય-અકલ્પ્યનો વિવેક સમજવો.

૧૮. **ભૂંજનારી**–અનાજ વગેરે શેકનારીના હાથે લેવું ન કલ્પે, છતાં, દળનારીની જેમ, જયણાથી લઈ શકાય

તેમ હોય તો લેવું કલ્પે. અથવા 'ખાનારી' એવો અર્થ કરતાં જો તેણે એઠું ન કર્યું હોય અને શુદ્ધ હાથથી શુદ્ધ આહારાદિ વહોરાવી શકે તેમ હોય તો લેવું કલ્પે, અન્યથા ન કલ્પે.

૧૯. **કાંતતી**–રૂ કાંતનારી જો જાડું કાંતતી હોય તો તેના હાથે લેવું કલ્પે, કિન્તુ સૂક્ષ્મ તાર કાંતતી હોય તો, આંગળીએ થૂંક લગાડેલું હોય ઇત્યાદિ દોષોના કારણે, લેવું ન કલ્પે.

૨૦. **પીંજતી**–રૂ પીંજનારી પણ હાથ વગેરે ધોયા વિના આપે તો લેવું કલ્પે, પણ શૌચવાદિની હોય અને હાથ વગેરે ધોઈને આપે તો ન કલ્પે.

એ પ્રમાણે દાયકને અંગે ઉત્સર્ગ-અપવાદ સામાન્યથી જાણવો; વિશેષ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને ગીતાર્થ જેમ સ્વ-પરને લાભ થાય તેમ વર્તે; એમ સર્વ વિષયમાં સમજવું.

૭. **ઉન્મિશ્ર**–દાનમાં આપવાની અચિત્ત વસ્તુ પણ સચિત્ત ધાન્યના કણિયા વગેરેથી મિશ્રિત હોય તે ઉન્મિશ્ર કહેવાય, તે લેવું ન કલ્પે.

૮. **અપરિણત**–પૂર્ણ અચિત્ત થયા વિનાનું એટલે કંઈક અચિત્ત, કંઈક સચિત્ત હોય, તે અપરિણત જાણવું. તેના દ્રવ્યથી અને ભાવથી એમ બે ભેદો છે. તેના દરેકના પણ

દેનાર તથા લેનારની અપેક્ષાએ બે બે ભેદો છે. તેમાં દ્રવ્ય-અપરિણત એટલે પૂર્ણ અચિત્ત નહિ થયેલું; તે દેનારે આપ્યું ન હોય ત્યાં સુધી દાતૃદ્રવ્ય-અપરિણત અને સાધુએ લીધા પછી ગૃહિતૃદ્રવ્ય-અપરિણત સમજવું. ભાવ-અપરિણત એટલે દેવાની વસ્તુના માલિક બે હોય તેમાં એકને દેવાનો ભાવ ન હોય તો દાતૃભાવ-અપરિણત અને લેનાર સાધુના સંઘાટક પૈકી એકને શુદ્ધ અને બીજાને અશુદ્ધ સમજાતું હોય તે ગ્રહિતૃભાવ-અપરિણત સમજવું. એવું શંકાવાળું હોવાથી સાધુને લેવું ન કલ્પે, કારણ કે તે લેવાથી ગૃહસ્થ-ને કલહાદિ થાય અને સાધુને શંકિતાદિ દોષ લાગે. અહીં કહ્યો તે 'દાતૃભાવ-અપરિણત' અને પૂર્વે જણાવ્યો તે 'સાધારણ-અનિસૃષ્ટ' આ બે દોષમાં દેવાના પરિણામ ન હોય તે ગૃહસ્થની હાજરીમાં બીજો આપે તે દાતૃભાવ--અપરિણત અને પરોક્ષમાં આપે તે સાધારણ-અનિસૃષ્ટ એમ ભેદ સમજવો; અન્યથા બેમાં સમાનતા આવી જાય.

૯. **લિપ્ત**–જે વસ્તુથી ચીકાશ વગેરે લેપ લાગે, તે લિપ્ત કહેવાય. ઉત્સર્ગથી સાધુએ તેવાં દહીં, દૂધ, છાશ, ઘી વગેરે લેવાં નહિ, કિન્તુ લેપ ન લાગે તેવાં વાલ, ચણા વગેરે લેવાં જોઈએ. છતાં વિશેષ કારણે લેપ લાગે તેવી વસ્તુ પણ લઈ શકાય; ત્યારે સંસૃષ્ટ-અસંસૃષ્ટ હાથ, પાત્ર અને સાવશેષ-નિરવશેષ દ્રવ્ય એ ત્રણ પદના આઠ ભાંગા થાય છે. તેમાં સાવશેષ દ્રવ્યવાળા ચાર ભાંગાથી વહોરવું કલ્પે; એમાં એમ સમજવાનું છે કે હાથ અને પાત્ર ખર-

ડેલાં કે અખરડેલાં હોય તોપણ પશ્ચાત્‌કર્મનો સંભવ નથી, પણ દ્રવ્ય સમ્પૂર્ણ વહોરવામાં આવે તો ખાલી થયેલા ભાજનને સાફ કરવાથી પશ્ચાત્‌કર્મનો સંભવ છે, માટે પાત્ર સંપૂર્ણ ખાલી થાય તેમ નહિ વહોરવું.

૧. સં૦ હ૦, સં૦ પાત્ર, સાવ૦ દ્રવ્ય.
૨. સં૦ હ૦, ,, નિર૦ દ્રવ્ય.
૩. ,, અસં૦ પાત્ર, સાવ૦ દ્રવ્ય.
૪. ,, ,, નિર૦ દ્રવ્ય.
૫. અસં૦ હસ્ત, સં૦ પાત્ર, સાવ૦ દ્રવ્ય.
૬. ,, ,, નિર૦ દ્રવ્ય.
૭. ,, અસં૦ પાત્ર; સાવ૦ દ્રવ્ય.
૮. ,, ,, નિર૦ દ્રવ્ય.

૧૦. **છર્દિત**–ઘી, દૂધ, દાળ વગેરેને ઢોળતાં વહોરાવે તો તેથી કીડી, માખી આદિ જીવો મરી જાય, પરિણામે મધના ટીપાંના ઉદાહરણથી મોટી હિંસા થાય, માટે તેવું નહિ વહોરવું.

એ પ્રમાણે સોળ ઉદ્‌ગમ, સોળ, ઉત્પાદન અને દશ ગ્રહણૈષણાના મળી ૪૨ દોષો ટાળીને શુદ્ધ આહાર લેવો તેને એષણાસમિતિ કહેલી છે.

આ બધા દોષોનો શાસ્ત્રમાં સંક્ષેપથી નવ કોટીમાં અંતર્ભાવ કરેલો છે: ૧. સ્વયં હિંસાથી (અચિત્ત) કરવું

નહિ, ૨. સ્વયં ખરીદવું નહિ અને ૩. સ્વયં પકાવવું નહિ. એ ત્રણ નહિ કરાવવાના અને ત્રણ નહિ અનુમોદવાના મળી નવ ભાંગે શુદ્ધ આહાર સાધુને લેવો કલ્પે.

એને લેવામાં સ્થાન, દાયક, ગમન, ગ્રહણ, આગમન, પાત્ર, પરાવર્તિત, પતિત, ગુરુક, ત્રિધા અને ભાવ-એ અગિયાર દ્વારોથી વિવેક બતાવ્યો છે, તે ઓઘનિર્યુક્તિ આદિમાંથી જાણવો. અહીં વિસ્તાર થઈ જવાના ભયે તેનું વર્ણન જણાવ્યું નથી.

વળી ગ્રહણૈષણામાં આહાર અને પાણી બન્નેના પ્રત્યેક જુદા જુદા " અસંસૃષ્ટ, સંસૃષ્ટ, ઉદ્ધૃત, અલ્પલેપા, અવગૃહીતા, પ્રગૃહીતા અને ઉજ્ઝિતધર્મા-એમ સાત સાત ભેદો પણ અન્ય ગ્રંથોથી જાણી લેવા.

## શય્યાતરપિંડનો નિષેધ

ઉપર્યુક્ત શુદ્ધ પિંડ પણ શય્યાતરનો ન લેવો, કારણ કે જેના મકાનમાં રહે ત્યાંથી આહારાદિ પણ લે તો દાતાને અસદ્ભાવ થવાથી ઊતરવાનું મકાન પણ ન આપે. અને જો શય્યાતર ભક્ત શ્રદ્ધાળુ હોય તો એક જ મકાનમાં નજીક રહેવાથી સાધુની જરૂરિયાતોને જાણી જતાં, દોષિત બનાવીને કે લાવીને પણ આપે, એમ અનેક દોષોનો સંભવ રહે.

શય્યા એટલે વસતિ-ઉપાશ્રય, તેનો માલિક કે માલિકે મકાન જેને ભળાવ્યું હોય તે શય્યાતર કહેવાય. (જેની અનુમતિથી મકાનમાં રહી શકાય તે વસ્તુતઃ શય્યાતર ગણવો

ઉચિત છે; અન્યથા શય્યાતરપિંડ તજવાનો શાસ્ત્રોક્ત હેતુ સફળ થાય નહિ.) તેમાં પણ ઉત્સર્ગથી તો મકાનના જેટલા માલિક હોય તે બધાનો પિંડ તજવો; એમ કરતાં નિર્વાહ ન થાય તો તે પૈકી કોઈ એકનો તો પિંડ અવશ્ય તજવો. શય્યાતરનો આ બાર પ્રકારનો પિંડ વર્જ્ય કહ્યો છે: ૧. અશન, ૨. પાન, ૩. ખાદિમ, ૪. સ્વાદિમ, ૫. પાદપ્રોઞ્છન, ૬. વસ્ત્ર, ૭. પાત્ર, ૮. કામળ, ૯. શુચિ (સોય), ૧૦. છરી (અસ્રો), ૧૧. કાનની સળી અને ૧૨. નખરદની (નરણી). એ સિવાયનાં ૧. સંથારા માટે ઘાસ, ૨. શુચીકરણ માટેનાં ડગલ, ૩. ભસ્મ, ૪. કૂંડી, ૫. શય્યા, ૬. સંથારો, ૭. પાટ-પાટલા, ૮. લેપાદિ ઔષધ અને ૯. તેના ઘરનો કોઈ મનુષ્ય દીક્ષા લેવા તૈયાર થાય તો તે ઉપધિ સહિત પણ લેવો કલ્પે.

અહીં એ વિશેષ છે કે, એક મકાનમાં સૂતા હોય અને, કોઈ કારણે, સવારે પ્રતિક્રમણ બીજા મકાનમાં કરવું પડે તો બન્ને મકાનના માલિકો શય્યાતર ગણવા, પણ એક મકાનમાં સમગ્ર રાત્રિ રહેવા છતાં ઊંઘે નહિ, જાગે અને સવારે પ્રતિક્રમણ કારણવશાત્ બીજાના મકાનમાં કરે, તો જ્યાં પ્રતિક્રમણ કરે તેનો માલિક શય્યાતર ગણાય, રાત્રે જાગ્યા તે મકાનનો માલિક નહિ. કદાચ મકાન સોંપીને તેનો માલિક દેશાન્તર જાય તોપણ શય્યાતર તો તે જ ગણાય, બીજો નહિ.

વળી કોઈ માત્ર વેશધારી સાધુ શય્યાતરનો પિંડ

તજે કે ન પણ તજે તોપણ ઉત્તમ સાધુ, તેને પણ ચારિત્ર-વંત માનીને તેનો જે શય્યાતર હોય તેનો પિંડ પણ અવશ્ય તજે.

કોઈ ગાઢ બિમારીના કારણે બિમારને માટે શય્યાતરનો પિંડ પણ કલ્પે; અને બિમારી ગાઢ ન હોય તો બિમારને યોગ્ય વસ્તુ ગામમાં ત્રણ વાર ગોચરી ફરવા છતાં ન મળે તો તેવી વસ્તુ શય્યાતરની પણ લેવી કલ્પે; અને આગાઢ કારણે તો તરત જ પણ લેવી કલ્પે-એમ પ્રવચનસારોદ્ધાર ગા૦ ૮૫૧ ની ટીકામાં લખ્યું છે.

કોઈ અતિ શ્રદ્ધાળુ શય્યાતર ખૂબ આગ્રહથી વહોરવાની વિનંતિ કરે તો, તેની શ્રદ્ધાને અખંડ રાખવા, એક વખત વહોરી શકાય. બીજી વાર આગ્રહ કરે તો અવશ્ય નિષેધ કરવો જોઈએ.

તથા મારી-મરકી જેવા ઉપદ્રવ પ્રસંગે, રાજભય, ચોરભય, કે દુષ્કાળ વગેરેના કારણે પણ, શય્યાતર પિંડ લઈ શકાય.

## રાજપિંડનો નિષેધ

રાજાનો પિંડ લેવાનો પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં નિષેધ છે, કારણ કે ત્યાં પિંડ લેવા જતાં-આવતાં અપશુકન માની અધિકારી અજૈનો સાધુઓને ઉપદ્રવ કરે અથવા 'આ તો રાજાને ત્યાંથી ઇચ્છિત અને સ્વાદિષ્ટ ભોજનને લેનારા સુખશીલિયા છે' એમ લોકમાં અપવાદ થાય,

માટે નીચે પ્રમાણે આઠ પ્રકારનો રાજપિંડ સાધુએ લેવો નહિ: ૧. અશન, ૨. સ્થાન, ૩. ખાદિમ, ૪. સ્વાદિમ, ૫. પાદપ્રોઞ્છન ૬. વસ્ત્રો, ૭. પાત્રાં અને ૮. કામળ.

ગૃહસ્થધર્મમાં વ્યાપારશુદ્ધિ–ન્યાયોપાર્જિત ધન દુર્લભ છે, તેમ સાધુધર્મમાં શુદ્ધ આહાર મેળવવો દુર્લભ છે, માટે આત્માર્થીએ તે માટે સવિશેષ ઉદ્યમ કરવો.

આવો શુદ્ધ આહાર પણ બે કોશ ઉપરાંત દૂરથી લાવેલો હોય તે ક્ષેત્રાતીત કહ્યો છે અને પહેલા પ્રહરનો વહોરેલો ત્રીજા પ્રહરની સમાપ્તિ થતાં કાલાતીત કહ્યો છે, માટે બે કોશ ઉપરાંતનો અને ત્રીજા પ્રહર પછીનો આહાર વાપરવો ન કલ્પે.

એ પ્રમાણે શુદ્ધ આહાર લાવીને ગુરુ સમક્ષ આલોચનાદિ કર્યા પછી માંડલી સાથે વિધિપૂર્વક વાપરે. તેમાં નીચેના પાંચ દોષને ટાળે :

### ગ્રાસૈષણાના પાંચ દોષો

**संओजणा पमाणे, इंगाले धूम कारणे चेव ।**
**वसहिबहिंरतरे वा रसहेऊ दव्वसंभेगा ॥**

૧. **સંયોજના**–રસના લોભથી રોટલી વગેરે દ્રવ્યોને ખાંડ, ઘી વગેરે અન્ય દ્રવ્યોથી મિશ્રિત (સંયોજિત) કરવાં તે. આવી સંયોજના સાધુએ નહિ કરવી.

૨. **પ્રમાણ**–જેટલા આહારથી શરીરબળ, ધીરજ અને સંયમનાં કાર્યો સીદાય નહિ, તેટલો આહાર પ્રમાણો-

પેત કહેવાય, તેથી અધિક લેવાથી વમન વગેરે વિક્રિયા થાય, વ્યાધિ થાય અને છેલ્લે મરણ પણ થાય, માટે પ્રમાણાતિરિક્ત આહાર ન લેવો.

૩. **અંગાર**-સ્વાદિષ્ટ આહારાદિની કે તેના દાતારની પ્રશંસા કરતો ભોજન કરે તે રાગરૂપ અગ્નિથી ચારિત્રને અંગારા (કોલસા) તુલ્ય બનાવે છે, માટે સરાગપણે એવી પ્રશંસા નહિ કરવી.

૪. **ધૂમ્ર**-બેસ્વાદ કે અનિષ્ટ અન્નાદિની કે તેના દેનારની નિંદા કરતો ભોજન કરે તે ચારિત્રને નિન્દારૂપ ધુમાડાથી કાળું બનાવે છે, માટે તેવી નિન્દા નહિ કરવી.

૫. **કારણાભાવ**-નીચે જણાવેલાં કારણો વિના ભોજન કરવાથી સાધુને કારણાભાવ નામનો દોષ લાગે છે. તે છ કારણો આ પ્રમાણે કહ્યાં છે—

**वेअणवेयावच्चे, इरिअट्ठाए अ संजमट्ठाए ।**
**तह पाणवत्तिआए, छट्ठं पुण धम्मचिंताए ॥ १ ॥**

૧. વેદના-ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી ક્ષુધા સહન ન થવાથી, ૨. શરીરમાં અશક્તિના કારણે વૈયાવચ્ચ ન થવાથી, ૩. નેત્રનું તેજ વગેરે મંદ પડતાં ઈર્યાસમિતિનું પાલન ન થવાથી, ૪. શરીરસામર્થ્યના અભાવે સત્તર અથવા સિત્તેર પ્રકારે સંયમની રક્ષા નહિ થવાથી, ૫. આહાર વિના પ્રાણ જવાનો સંશય થવાથી અર્થાત્ મરવાનો ભય ઊભો થવાથી અને ૬. આર્ત્તધ્યાન થતાં ધર્મધ્યાનનો નાશ

(અસમાધિ) થવાથી-એમ છ કારણોએ સાધુને આહાર લેવાનું કહ્યું છે. એ કારણો વિના આહાર લેવાથી કારણાભાવ નામનો દોષ લાગે છે.

ઉપર કહેલા ૪૨ દોષથી વિશુદ્ધ આહાર પણ વાપરતાં ગ્રાસૈષણાના આ પાંચ દોષો અવશ્ય ટાળવા, નહિ તો નિર્દોષ આહાર પણ વાપરવા છતાં ચારિત્ર મલિન થાય છે, ઇત્યાદિ આહારના વિષયમાં અનેક સૂક્ષ્મ વિચારણા કરવી.

## ગોચરી આલોચવાનો વિધિ

શાસ્ત્રદર્શિત વિધિપૂર્વક આહાર, પાણી આદિ સંયમોપકારક વસ્તુ લઈને ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં '**નિસીહિ નિસીહિ નિસીહિ નમો ખમાસમણાણં**' બોલવું. ગુરુ પાસે આવી 'મત્થએણ વંદામિ' કહી પગ ભૂમિને પ્રમાર્જીને, ગુરુ સન્મુખ ઊભા રહી, ડાબા પગના અંગૂઠા ઉપર દાંડો રાખી, જમણા હાથમાં મુખવસ્ત્રિકા પકડી ઊભા ઊભા ખમા૦ દઈ ઇરિયાવહિ પડિક્કમવા. કાઉસ્સગ્ગમાં લોગસ્સ ઉપરાંત જે ક્રમથી આહારાદિ લીધું હોય તે ક્રમપૂર્વક લેતાં જે દોષ વગેરે લાગ્યા હોય તે વિચારીને યાદ કરવા. પછી કાર્યોત્સર્ગ પારીને લોગસ્સ કહી, યાદ રાખેલા અતિચારો વગેરે ક્રમશઃ ગુરુને જણાવવા પછી 'પડિક્કમામિ ગોઅરચરિઆએ' વગેરે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' સુધી કહી તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરવો. તેમાં નીચેની ગાથા ચિંતવીને તે પ્રમાણે ભાવના ભાવવી—

अहो ! जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया ।
मुक्खसाहणहेउस्स, साहु देहस्स धारणा ॥ १ ॥

**અર્થ**-મોક્ષના સાધનરૂપ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રના સાધનભૂત સાધુના શરીરને ટકાવવા શ્રી જિનેશ્વરોએ સાધુઓને પાપ રહિત આજીવિકા બતાવેલી છે.

અર્થાત્ આ આહારાદિનો ઉપયોગ ઇન્દ્રિયોની તૃપ્તિ માટે નહિ, પણ સંયમની સાધના માટે લેવાનો છે, માટે, રાગદ્વેષાદિને વશ થયા વિના, ઉદાસીનપણે વાપરવાનો છે, એમ આત્માને સમજાવવો.

તે પછી કાયોત્સર્ગ પારીને પ્રગટ લોગસ્સ કહેવો અને ગુરુના પુણ્યપ્રભાવથી મળેલી તે વસ્તુઓ તેઓને સોંપી દેવી અને તેઓ તેમાંથી જે આહારાદિ વાપરવાનો આદેશ કરે તે જ નિરીહભાવે વાપરવું. એમ કરવાથી ગુરુની કૃતજ્ઞતા સચવાય છે, કર્મોની નિર્જરા થાય છે અને રાગદ્વેષ વગેરે થવાનો પ્રસંગ આવતો નથી; ઉપરાંત શરીરનું આરોગ્ય પણ બગડતું નથી.

## પ્રતિદિન સાત વાર ચૈત્યવન્દન

૧. પ્રાતઃકાળે જાગ્યા પછી જગચિંતામણિનું જય વીયરાય સુધી, ૨. રાઈપ્રતિક્રમણમાં વિશાલલોચનનું, ૩. જિનમંદિરમાં, ૪. પચ્ચક્ખાણ પાર્યા પૂર્વે અને ૫. ભોજન કર્યા પછી જગચિંતામણિનું જય વીયરાય સુધી, ૬. દૈવસિક

પ્રતિક્રમણમાં 'નમોસ્તુ વર્ધમાનાય'નું અને ૭. સંથારા પોરિસિમાં ચઉક્કસાયનું–એમ સાત ચૈત્યવન્દનો કરવાં જોઈએ.

## પ્રતિદિન ચાર વાર સજ્ઝાય

૧. સવારે પ્રતિક્રમણમાં 'ભરહેસર બાહુબલી૦', ૨. સાંજે પ્રતિક્રમણમાં, ૩. સવારે પડિલેહણ પછી ધમ્મો મંગલની, અને ૪. સાંજે પડિલેહણની મધ્યમાં 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં'' વગેરે પાંચ ગાથાની–એમ ચાર વાર સજ્ઝાય કરવી.

★

# પરિશિષ્ટ નં. ૨

## ચરણસિત્તરી

५   १०   १७   १०   ९

**वय समणधम्म संजम, वेयावच्चं च बंभगुत्तीओ ।**

३   १२   ४

**नाणाइतियं तव कोहनिग्गहा इइ चरणमेयं ॥ १ ॥**

**ભાવાર્થ**-પાંચ મહાવ્રતો, દશવિધ શ્રમણધર્મ, સત્તર પ્રકારે સંયમ, દશવિધ વૈયાવચ્ચ, નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિ, ત્રણ જ્ઞાનાદિ આત્મગુણો, બાર પ્રકારનો તપ અને ક્રોધાદિ ચાર કષાયોનો નિગ્રહ-એમ સિત્તેર પ્રકારને ચરણસિત્તરી કહી છે. તેમાં—

### ૧. મહાવ્રતો

**अहिंसा सत्यमस्तेयं, ब्रह्माकिञ्चन्यमेव च ।**
**महाव्रतानि षष्ठं च, व्रतं रात्रावभोजनम् ॥ २ ॥**

**ભાવાર્થ**-અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, આકિંચન્ય (અપરિગ્રહતા)-એ પાંચ મહાવ્રતો છે અને રાત્રિએ ભોજનનો ત્યાગ એ છઠ્ઠું વ્રત છે. તેમાં—

#### પ્રથમ અહિંસાવ્રતનું લક્ષણ—

**प्रमादयोगतोऽशेष—जीवासुव्यपरोपणात् ।**
**निवृत्तिः सर्वथा यावज्जीवं सा प्रथमं व्रतम् ॥ ३ ॥**

**ભાવાર્થ**-અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, સ્મૃતિભ્રંશ, યોગોની દુષ્ટતા અને ધર્મમાં અનાદર-એ આઠ

પ્રકારના પ્રમાદથી ત્રસ અને સ્થાવર અથવા સૂક્ષ્મ અને બાદર કોઈ પણ (સર્વ પ્રકારના) જીવોના પાંચ ઇન્દ્રિઓ, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્યરૂપ (જેને જેટલા હોય તેટલા) પ્રાણોનો વિનાશ કરવારૂપ હિંસાનો સર્વ (ત્રિવિધ ત્રિવિધ) પ્રકારે જાવજ્જીવ સુધી ત્યાગ (હિંસા નહિ કરવાનો નિશ્ચય) કરવો તેને પહેલું અહિંસાવ્રત કહેલું છે. સર્વ વ્રતોનું ધ્યેય અહિંસા હોવાથી અને શાસ્ત્રમાં એનો નંબર પહેલો હોવાથી તે પહેલું મહાવ્રત સમજવું.*

* પાંચ મહાવ્રતો, અહિંસા મહાવ્રત કે જે પરમધર્મરૂપ છે, તેની સિદ્ધિમાં પરસ્પર સાપેક્ષ છે; બીજાં વ્રતોના સહકારથી એક વ્રત ઉપકાર કરે છે એટલું જ નહિ, પહેલા અહિંસાવ્રતની સિદ્ધિ બાકીનાં વ્રતો વિના થતી નથી, એમ કહેવા છતાં દરેક વ્રતો સ્વતંત્ર ઉપકારક છે, માટે દરેકનું મહાવ્રતપણું સ્વતંત્ર છે. જેમ કે, હિંસા, જીવમાત્રનું અનિષ્ટ છે, માટે તેને અટકાવવા પહેલું વ્રત ઉપકારક છે. અસત્ય, વસ્તુના સાચા સ્વરૂપને ઓળખી ખોટું સ્વરૂપ જાહેર કરે છે, તેને અટકાવવા સત્યવ્રત ઉપકારી છે. નીતિ કે જે વાસ્તવમાં આત્મસ્વરૂપ છે, સર્વ સુખની પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે, તેનો નાશ કરનાર સ્તેય છે, તેને અટકાવવા અસ્તેય વ્રત ઉપકારક છે. સ્વરૂપરમણતાના શુદ્ધ આનંદને અબ્રહ્મ લૂંટે છે અને આત્માને પરપદાર્થોમાં આસક્ત બનાવે છે, તેને અટકાવવા બ્રહ્મચર્યવ્રત ઉપકારક છે. અને પરિગ્રહ કે જે આત્માનો સ્વાશ્રય ભાવ લૂંટીને તેને પરાશ્રિત બનાવે છે, તેનો નાશ કરવા (સ્વતંત્ર અને સ્વાશ્રયી બનવા) માટે અપરિગ્રહતા ઉપકારક છે. એમ પાંચે વ્રતો પોતપોતાનું વિશિષ્ટ કાર્ય કરનારા હોવાથી સ્વતંત્ર મહાવ્રતો તરીકે કહેલાં છે. આ પાંચ મહાવ્રતો ઉપરાંત છઠ્ઠા રાત્રિભોજન વિરમણવ્રતને મહાવ્રત નહિ પણ વ્રત કહ્યું છે, તેનું કારણ

બીજા વ્રતનું લક્ષણ આ પ્રમાણે છે—

**सर्वथा सर्वतोऽलीकादप्रियाच्चाहितादपि ।**
**वचनाद्विनिवृत्तिर्या, तत्सत्यव्रतमुच्यते ॥ ४ ॥**

**ભાવાર્થ**-ક્રોધ, લોભ, ભય અને હાસ્ય, એ સકળ કારણોથી બોલાતું અસત્ય વચન, તથા અપ્રીતિકારક વચન તથા ભવિષ્યમાં અહિતકારક વચન, એવા કોઈ પણ વચનથી જે ત્રિવિધ ત્રિવિધ અટકવું (એવું નહિ બોલવાનો નિશ્ચય કરવો) તેને સત્યવ્રત કહેલું છે.

જોકે ખોટું બોલવું તેને અસત્ય કહેવાય, તોપણ સાચું વચન પણ અપ્રીતિજનક કે અહિતકારક હોય તો તે પણ પરમાર્થથી કર્મબંધ, હિંસાદિ અનર્થોનું કારણ હોવાથી, વ્યવહારથી અસત્ય સમજવું. કાણાને કાણો, ચોરને ચોર, કોઢીઆને કોઢીઓ કહેવાથી તેને અપ્રીતિ થવાનો સંભવ છે, માટે જ શાસ્ત્રમાં ૧. હલકાઈ કરનારી, ૨. નિંદા કર-

---

એ પણ છે કે તેનું પાલન ગૃહસ્થ અને સાધુ બન્ને કરી શકે છે, એકલા સાધુ નહિ; એટલે ગૃહસ્થ અને સાધુ ઉભયને એ વ્રત સામાન્ય છે. એની વિશિષ્ટતા એ છે કે ધર્મના મુખ્ય સાધનરૂપ માનવદેહનો આધાર આહાર છે, તે શુદ્ધ હોવા ઉપરાંત ઉચિત કાળે હોય તો જ ઉપકારક થઈ શકે, માટે આહારમાં કાળની મર્યાદા કરનારું હોવાથી રાત્રિભોજનવિરમણવ્રત ઉપકારક છે. એ રીતે ઉચિત કાલે લીધેલા શુદ્ધ આહારથી પોષાયેલા શરીર દ્વારા પૂર્વનાં મહાવ્રતોનું પાલન શક્ય બને છે. માટે પાંચે મહાવ્રતોના પાલનમાં છઠ્ઠા વ્રતનો સહકાર આવશ્યક છે. આ વિષયમાં 'માનવીય આહારની મીમાંસા' વિચારવા જેવી છે.

નારી, ૩. કઠોર, ૪. અસત્ય, ૫. ગૃહસ્થની (સાવદ્ય) ભાષા અને ૬. શાન્ત પડેલા કલહ-કષાયને ઉદીરનારી—એમ છ પ્રકારની ભાષાને અપ્રશસ્ત કહી છે. તથા માર્ગમાં 'પારધી પૂછે કે મૃગલાં કઈ દિશામાં ગયાં છે? ત્યારે એ જાણવા છતાં સાચું કહે તો પારધી મૃગલાંને મારે' માટે એવી અહિત-કારક જીવઘાતક ભાષા પણ, સત્ય છતાં, અસત્ય સમજવી. શાસ્ત્રમાં કહ્યું પણ છે કે, પરને પીડા કરનારું હોય એવું સત્ય પણ નહિ બોલવું. આ ગ્રંથમાં કહેલા ચાર પ્રકારની ભાષાના બેંતાલીસ ભેદોને જાણી—સમજીને આ વ્રતનું પાલન કરવું.

**ત્રીજા અચૌર્યવ્રતનું લક્ષણ આ પ્રમાણે છે—**

**सकलस्याप्यदत्तस्य, ग्रहणाद्विनिवर्त्तनम् ।**
**सर्वथा जीवनं यावत्, तदस्तेयव्रतं मतम् ॥ ५ ॥**

**ભાવાર્થ**—'સ્વામિઅદત્ત' વગેરે ચારે પ્રકારના અદત્તને ત્રિવિધે ત્રિવિધે નહિ લેવાનો જીવન પર્યન્ત નિર્ણય કરવો તે ત્રીજું અચૌર્યવ્રત કહ્યું છે. તેમાં તૃણ, કાષ્ટ વગેરે વસ્તુ તેના માલિકે આપ્યા વિના લેવી તે **સ્વામિઅદત્ત.** કોઈ માતા-પિતાએ પોતાના પુત્રને દીક્ષા આપવા વહોરાવવા છતાં તે પુત્રની ઇચ્છા ન હોવા છતાં દીક્ષા આપવી વગેરે તે **જીવઅદત્ત.** તીર્થંકરોએ નિષેધેલો આધાકર્મિક આહાર આદિ પિંડ લેવો તે **તીર્થંકરઅદત્ત.** અને માલિકે આપેલું આધાકર્મિકાદિ દોષ રહિત, અજીવ (અચિત્ત), પણ ગુરુની અનુમતિ વિના લેવું-વાપરવું તે **ગુરુઅદત્ત** સમજવું. ગામ, નગર અથવા અરણ્યમાં, અલ્પ કે ઘણું, નાનું કે મોટું,

અને સચિત્ત અથવા અચિત્ત કોઈ પણ સ્વામિઅદત્તાદિ ચારે પ્રકારનું અદત્તાદાન જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે તજવું તે અચૌર્યવ્રતનું લક્ષણ સમજવું.

ચોથા બ્રહ્મવ્રતનું લક્ષણ આ પ્રમાણે છે—

**दिव्यमानुषतैरश्च-मैथुनेभ्यो निवर्त्तनम् ।**
**त्रिविधं त्रिविधेनैव, तद् ब्रह्मव्रतमीरितम् ॥ ६ ॥**

**ભાવાર્થ**-દેવ, મનુષ્ય અને તિર્યંચનાં મૈથુનથી ત્રિવિધ ત્રિવિધે નિવૃત્ત થવું તેને બ્રહ્મચર્યવ્રત કહ્યું છે. અર્થાત્ વૈક્રિય અને ઔદારિક કામભોગોને મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનો પણ ત્યાગ કરવો તે (૨×૩=૬×૩=૧૮) અઢાર પ્રકારે બ્રહ્મચર્ય કહ્યું છે.

પાંચમા મહાવ્રતનું લક્ષણ આ પ્રમાણે છે—

**परिग्रहस्य सर्वस्य, सर्वथा परिवर्जनम् ।**
**आकिञ्चन्यव्रतं प्रोक्त-मर्हद्भिर्हितकाङ्क्षिभिः ॥ ७ ॥**

**ભાવાર્થ**-સચિત્ત, અચિત્ત કે મિશ્ર પદાર્થોનો અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનો મૂર્છારૂપે ત્રિવિધ ત્રિવિધથી જાવજ્જીવ પર્યન્ત ત્યાગ કરવો તેને, હિતેચ્છુ એવા અરિહંતોએ અપરિગ્રહવ્રત કહ્યું છે. અર્થાત્ સંયમોપકારક પદાર્થ રાખવા છતાં તેમાં મમત્વ નહિ કરવું તે અપરિગ્રહવ્રત સમજવું. માટે જ મુનિઓને શરીરાદિ ધર્મોપકરણમાં મૂર્છાના અભાવે મુક્તિ થાય છે, તેવી રીતે સાધ્વીને પણ શાસ્ત્રોક્ત વસ્ત્રપાત્રાદિ રાખવા છતાં મૂર્છાના અભાવે મુક્તિ થવામાં

કંઈ બાધક નથી.

આ ગ્રન્થમાં જુદી કહેલી પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓથી પવિત્રપણે (નિરતિચાર) પાળેલાં આ વ્રતો યથાર્થ ગુણસાધક બને છે.

એ ઉપરાંત પ્રભુ શ્રી મહાવીરદેવના શાસનમાં છઠ્ઠું **રાત્રિભોજનવિરમણ વ્રત** આ પ્રમાણે કહેલું છે—

**चतुर्विधस्याहारस्य, सर्वथा (निशायाम्) परिवर्जनम् ।**
**षष्ठं व्रतमिहैतानि, जिनैर्मूलगुणाः स्मृताः ॥ ८ ॥**

**ભાવાર્થ**–અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ–એ ચારે પ્રકારના આહારોનો રાત્રિએ સર્વથા ત્યાગ કરવો તે છઠ્ઠું રાત્રિભોજનવિરમણ વ્રત કહ્યું છે.

શ્રી જિનેશ્વરોએ આ વ્રતોને તથા ઉપલક્ષણથી આગળ કહીશું તે શ્રમણધર્મ વગેરે ચરણસિત્તરીના ભેદોને સંયમના મૂળ ગુણો કહ્યા છે. તેમાં હવે દશવિધ શ્રમણધર્મ કહીએ છીએ—

**खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**सच्चं सोयं आकिंचणं, च बंभं च जइधम्मो ॥ ९ ॥**

**ભાવાર્થ**–૧. **ક્ષમા**–શક્તિના સદ્ભાવે કે અભાવે પણ પરાભવાદિ પ્રતિકૂળતાને સહન કરવાનો આત્મપરિણામ અર્થાત્ ક્રોધકષાયના ઉદયને સર્વ રીતે નિષ્ફળ બનાવવો

તે. ૨. **માર્દવ**-મોટાઈનો ત્યાગ અથવા નિરભિમાનતા અર્થાત્ લઘુપણું-નમ્રતા. ૩. **આર્જવ**-મન, વચન અને કાયાની અકુટિલ (અવક્ર) પ્રવૃત્તિ, સરળતા, મન, વચન, કાયાના વિકારનો અભાવ અથવા માયારહિતપણું. ૪. **મુક્તિ**-બાહ્ય-અભ્યંતર પૌદ્ગલિક ભાવોની તૃષ્ણાનો વિચ્છેદ અર્થાત્ લોભનો સર્વ પ્રકારે ત્યાગ. ૫. **તપ**-જેનાથી રસ-રુધિરાદિ ધાતુઓ તપે તે બાહ્ય અને કર્મો તપે તે અભ્યંતર-એમ બે પ્રકારનો તપ; જેના અનશન, ઉણોદરિક આદિ બાર અવાન્તર પ્રકારો છે તે. ૬. **સંયમ**-કર્મોને આવવાનાં આશ્રવોનો રોધ તે સંયમ; એનું વર્ણન આ ગ્રન્થમાં જુદું આપેલું છે ત્યાં જોવું. ૭. **સત્ય**-મૃષાભાષણ-નો ત્યાગ; એ પણ અહીં આપેલા ભાષાના પ્રકારો દ્વારા અને બીજા વ્રતના લક્ષણ દ્વારા સમજવું. ૮. **શૌચ**-સંયમ-માં નિરૂપલેપતા અર્થાત્ અતિચારો નહિ લાગવા દેવારૂપ સંયમની પવિત્રતા. ૯. **આકિંચન્ય**-બાહ્ય-અભ્યંતર સમ્પત્તિ કે ઉપકરણો પ્રત્યે પણ મારાપણાનો અભાવ; ઉપલક્ષણથી શરીરના મમત્વનો પણ અભાવ અને ૧૦. **બ્રહ્મચર્ય**-નવવિધ વાડોના પાલનપૂર્વક વિષયેન્દ્રિયનો સંયમ કરવો તે.

કોઈ આચાર્યો સત્ય અને શૌચને સ્થાને '**લાઘવ**' અને '**ત્યાગ**' કહે છે. તેઓના મતે દ્રવ્યથી ઉપધિ અલ્પ રાખવી અને ભાવથી ગૌરવનો ત્યાગ કરવો તે '**લાઘવ**'. અને સર્વ સંગનો ત્યાગ કરવો તે અથવા સાધુઓને વસ્ત્રાદિ સંયમોપકારક પદાર્થોનું દાન કરવું તે '**ત્યાગ**' જાણવો.

એ ચરણસિત્તરીમાં દશવિધ યતિધર્મ કહ્યો. હવે **સત્તર પ્રકારનો સંયમ**, તેનું વર્ણન આ ગ્રન્થમાં જુદું કરેલું છે, તે પ્રમાણે સમજવો. હવે વૈયાવચ્ચ કહીએ છીએ.

**વૈયાવચ્ચ**-વ્યાપારપણું, તે તે આચાર્યાદિને અનુકૂળ હિતકારક પ્રવૃત્તિ. તેના દશ ભેદો આ પ્રમાણે કહેલા છે—

**आयरिअउवज्झाए, तवस्सिसेहे गिलाणसाहूसु ।**
**समणुन्नसंघकुलगण–वेयावच्चं हवइ दसहा ॥१०॥**

**ભાવાર્થ**-પ્રવ્રાજકાચાર્ય, દિગાચાર્ય; ઉદ્દેશાચાર્ય, સમુદ્દેશાનુજ્ઞાચાર્ય અને આમ્નાયાર્થ વાચકાચાર્ય-એમ પાંચ પ્રકારના આચાર્યની તેઓની ઇચ્છાનુસાર સંયમસાધક સ્વ-પરહિતકારક સેવા કરવી તે ૧. **આચાર્યની વૈયાવચ્ચ.** એમ સર્વત્ર વૈયાવચ્ચનો, સંયમસાધક સ્વ-પરહિતકારી સેવા અર્થ સમજવો. આચાર્યની અનુજ્ઞાથી જ્ઞાનાદિ આચાર વિષયક અધ્યયન સાધુઓ જેની પાસે કરે તે ૨. **ઉપાધ્યાય.** અષ્ટમભક્ત વગેરે વિકૃષ્ટ તપ કરે તે ૩. **તપસ્વી.** ગ્રહણાદિ શિક્ષાને યોગ્ય નવદીક્ષિત સાધુ તે ૪. **શૈક્ષ.** જ્વર વગેરે બિમારીવાળા સાધુ તે ૫. **ગ્લાન.** સ્થિર કરે તે ૬. **સ્થવિર;** તેના શ્રુત, પર્યાય અને વય ભેદે ત્રણ ભેદો છે. સમવાયાંગ સુધીના અભ્યાસી તે શ્રુતસ્થવિર. વીશ કે તેથી વધારે વર્ષના દીક્ષા પર્યાયવાળા તે પર્યાયસ્થવિર. અને સિત્તેર કે તેથી વધારે ઉમ્મરવાળા તે વયસ્થવિર સમજવા. એક (સમાન) સામાચારીવાળા તે ૭. **સમનોજ્ઞ.** સાધુ-સાધ્વી,

શ્રાવક-શ્રાવિકાઓનો સમુદાય તે ૮. **સંઘ.** ગચ્છ-એક આચાર્યની નિશ્રાવાળો સાધુ સમુદાય, તેવા એકજાતીય ઘણા ગચ્છોનો સમૂહ તે 'ચાન્દ્રકુળ' વગેરે ૯. **કુળ.** અને 'કૌટિક' વગેરે ઘણાં કુળોનો સમુદાય તે ૧૦. **ગણ.** એ દરેકની યથોચિત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિથી સાપેક્ષ સેવા કરવી તે દશવિધ વૈયાવચ્ચ.

હવે **બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ** આ પ્રમાણે છે—

**वसहिकहनिसिज्जिन्दिय-कुड्डंतरपुव्वकीलिए पणिए ।**
**अइमायाहारविभूसणाइं, नव बंभचेरगुत्तीओ ॥ ११ ॥**

**ભાવાર્થ**-બ્રહ્મચારીએ સ્ત્રી, પશુ અને પંડકવાળી વસતિમાં નહિ રહેવું તે ૧. **વસતિ.** કેવલ સ્ત્રીઓને એકલા સાધુએ ધર્મકથા પણ નહિ કહેવી અને સ્ત્રીઓની વાતો પુરુષને ન સંભળાવવી ઇત્યાદિ તે ૨. **કથા.** સ્ત્રીની સાથે એક આસને, તેમ જ તેણે વાપરેલા આસને પુરુષે એક મુહૂર્ત સુધી અને પુરુષના વાપરેલા આસને સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી નહિ બેસવું, કારણ કે, તેમ કરવાથી વિકાર થવાનો સંભવ છે, માટે પરસ્પરનું આસન તજવું તે ૩. **આસન.** ચિત્તમાં વિકાર કરનાર હોવાથી સ્ત્રીએ પુરુષનાં અને પુરુષે સ્ત્રીનાં નેત્ર, મુખ, સ્તન વગેરે તે તે અંગોને સ્થિર દૃષ્ટિએ જોવાની બુદ્ધિએ નહિ જોવાં તે ૪. **ઇન્દ્રિય.** જ્યાં ભીંત વગેરેના આંતરે પણ સ્ત્રી-પુરુષના કામક્રીડાના શબ્દો સંભળાય તેવા સ્થાને નહિ રહેવું તે ૫. **કુડ્યાન્તર.**

પૂર્વે ગૃહસ્થાવસ્થામાં કરેલી કામક્રીડાનું સ્મરણ નહિ કરવું તે ૬. **પૂર્વક્રીડિત.** અતિસ્નિગ્ધ, વિકારક, સ્વાદુ આહારનો ત્યાગ કરવો તે ૭. **પ્રણીતાહાર.** રુક્ષ પણ અધિક આહારનો ત્યાગ કરવો તે ૮. **અતિમાત્રાહાર.** અને સ્નાન, વિલેપન, નખ, કેશ વગેરેનું સમારણ ઇત્યાદિ શોભા નહિ કરવી તે ૯. **વિભૂષા.** એ દરેકનો ત્યાગ કરવારૂપ બ્રહ્મચર્ય માટેની નવ વાડો કહી છે. જેમ ખેતરમાંના પાકનું રક્ષણ કાંટાની વાડ વિના થઈ શકે નહિ, તેમ વેદોદયવાળા જીવોના બ્રહ્મચર્યરૂપ ચારિત્રના મૂળભૂત ગુણનું રક્ષણ આ વાડોના પાલન વિના શકય નથી. વધારે શું? વેદોનો સત્તામાંથી પણ જેઓને નિર્મૂળ ક્ષય થયો હોય છે, તે તીર્થંકરો નિર્વેદી છતાં અન્ય જીવોના ઉપકારની ખાતર (વ્યવહાર-શુદ્ધિ માટે) એ વાડોનું પાલન કરે છે. કેવળજ્ઞાની સાધુ પણ સાધ્વીઓ સાથે રહેતા નથી. આવા જ્ઞાનીઓ પણ આ વ્યવહાર સાચવે છે, તો છદ્મસ્થ અને નિર્બળ મનવાળા જીવો માટે તો પૂછવું જ શું? શ્રી જિનેશ્વરોએ પ્રાણીઓના આત્મગુણોની રક્ષા અને વૃદ્ધિ માટે બતાવેલા દરેક વ્યવહારો આત્માને પૂર્ણ ઉપકારી છે. તેની ઉપેક્ષા કરનારો પોતાના આત્માનું પણ હિત સાધી શકે નહિ, તો અન્ય જીવોનું હિત તે શી રીતે સાધે? વસ્તુતઃ સ્વરક્ષાથી પર-રક્ષા અને સ્વહિતથી પરહિત સાધી શકાય છે, એ અપેક્ષાને ભૂલવા જેવી નથી.

**જ્ઞાનાદિ ત્રય**–જેનાથી જ્ઞેય ભાવોને જાણી શકાય તે

આભિનિબોધિક (મતિજ્ઞાન) વગેરે સમ્યગ્જ્ઞાન અને આદિ શબ્દથી સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર, એ ત્રણ ગુણોનું રક્ષણ અને વૃદ્ધિ કરવી તે ત્રણ પ્રકારો આ પ્રમાણે છે—

**बारसअंगाइ सुअं, नाणं तत्तत्थसद्दहाणं तु ।**
**दंसणमेअं चरणं, विरई देसे अ सव्वे अ ॥१२॥**

**ભાવાર્થ**-'આચારાંગ' આદિ બાર અંગો વગેરે તે શ્રુતજ્ઞાન, તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન અને દેશથી અથવા સર્વથી સાવદ્ય યોગોની વિરતિ તે સમ્યક્ચારિત્ર.

પરમાર્થથી આ ગુણો જ આત્માનું સાધ્ય છે. એ ત્રણની સાધના જેટલે અંશે થાય તેટલે અંશે મોક્ષમાર્ગની સાધના ગણાય છે અને એની સંપૂર્ણ સિદ્ધિ મોક્ષ કહેવાય છે.

**તપ**-જેનું લક્ષણ દશવિધ યતિધર્મમાં જણાવ્યું, તે બાર પ્રકારનો તપ યથાશક્ય આચરવો. તે બાર પ્રકારો આ પ્રમાણે છે—

૧. **અનશન**-ત્રણ અથવા ચારે આહારનો કવલરૂપે ત્યાગ. ૨. **ઊણોદરી**-ક્ષુધાની અપેક્ષાએ ન્યૂન આહાર લઈ સંતુષ્ટ બનવું. ૩. **વૃત્તિસંક્ષેપ**-દ્રવ્યોની અપેક્ષાએ ન્યૂન દ્રવ્યોથી નિર્વાહ કરવો અર્થાત્ અલ્પ દ્રવ્યોથી સંતોષ કરવો. ૪. **રસત્યાગ**-સ્વાદની (રસની) અપેક્ષા નહિ રાખવી અર્થાત્ વિગઈઓ (રસો)નો શક્તિ પ્રમાણે ત્યાગ કરવો. ૫. **કાયક્લેશ**-લોચ વગેરેનાં કષ્ટો પ્રસન્ન ભાવે સહવાં, પરિષહો-ઉપસર્ગોમાં પ્રસન્નતા કેળવવી. અને ૬. **સંલીનતા**-

સાવદ્ય કાર્યોમાં કાયિક પ્રવૃત્તિ અટકાવવી, અંગોપાંગ વગેરે અવયવોને સંકોચી રાખવાં.

અનશનાદિ છ પ્રકારનો આ તપ બાહ્ય એટલે લોકો દેખે તેવો અથવા કાયા દ્વારા થતો હોવાથી બાહ્ય છે. તેમાં કષ્ટની અપેક્ષાએ પૂર્વ પૂર્વનો તપ કઠીન છે, જેમ કે અનશનમાં સર્વથા આહારનો ત્યાગ છે; ઉણોદરીમાં તેમ નથી; ઉણોદરીમાં અલ્પ ક્ષુધા સહવાની છે; વૃત્તિસંક્ષેપમાં તેવું નથી, ઇત્યાદિ સ્વયં વિચારવું. મનોવિજય માટે ઉત્તરોત્તરનો તપ બલવાન આલંબન છે, કારણ કે, ઉપવાસ કરવા કરતાં ઉણોદરી કરવી તેમાં મનને વધારે જીતવું પડે છે. તેથી પણ દ્રવ્યસંક્ષેપમાં વધારે, તેનાથી વધારે રસત્યાગમાં, તેનાથી વધારે કાયક્લેશમાં અને સહુથી વધારે મનોવિજય સંલીનતા તપમાં કરવો પડે છે. આ બાહ્ય તપ ભાવ (અભ્યંતર) તપનું કારણ છે, આધાર છે, શણગાર છે અને બાળ જીવોને આકર્ષક હોઈ શાસનપ્રભાવનાનું વિશિષ્ટ અંગ છે. આ તપની આરાધનાથી ઇન્દ્રિયોનો વિજય કરી શકાય છે અને પરિણામે મનનો વિજય બનતાં અભ્યંતર તપ પ્રગટ થાય છે, તેના છ પ્રકારો આ પ્રમાણે છે—

૧. **પ્રાયશ્ચિત્ત**–એના આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, કાયોત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિત, એમ દશ પ્રકારો છે; જે પ્રાયઃ ચિત્તની (આત્માની) શુદ્ધિ કરે તેને પ્રાયશ્ચિત્ત કહે છે. ૨. **વિનય**–શાસ્ત્રોમાં વિનયના ભિન્ન ભિન્ન રીતે અનેક પ્રકારો કહ્યા છે. આત્માનાં

પાપકર્મોને વિશેષ પ્રકારે **नयति**-દૂર કરે અથવા આત્માને વિશેષતયા ઊર્ધ્વ દશામાં દોરે તે વિનય કહેવાય. સર્વ ગુણોની ભૂમિકારૂપ હોવાથી વિનયને મોક્ષનું મૂળ કહેલું છે, એટલું જ નહિ, શિષ્યને શાસ્ત્રમાં 'વિનેય' નામ આપીને વિનય કરવો તે સંયમનું મુખ્ય અને આવશ્યક અંગ છે એમ સૂચવ્યું છે. ૩. **વૈયાવચ્ચ**-એનું વર્ણન ઉપર જણાવાયું છે, તેના દશ પ્રકારો છે. તેને અપ્રતિપાતિ ગુણ કહ્યો છે. એનાથી વીર્યાન્તરાય વગેરે કર્મોનો ક્ષય થતાં પુણ્યસાધક અને નિર્જરાકારક નિર્મળ બળ મળે છે, જેનાથી પરિષહો અને ઉપસર્ગોમાં સ્થિર બની આત્મા કઠોર કર્મોનો નાશ કરતાં પરંપરાએ મોક્ષને સાધે છે. ૪. **સ્વાધ્યાય**-સામાન્યતયા વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા -એમ પાંચ પ્રકારો સ્વાધ્યાયના છે. ગૃહસ્થને દ્રવ્ય ઉપાર્જનની જેમ સંયમીને સ્વાધ્યાય કરવો એ મુખ્ય વ્યાપાર છે; સ્વાધ્યાયથી નવું નવું જ્ઞાન મળે છે. એથી પરિણતિની શુદ્ધિ થતી જાય છે અને અધ્યવસાય-સ્થાનો વધતાં ગુણસ્થાનકોમાં વૃદ્ધિ (વિશુદ્ધિ) થાય છે. સ્વાધ્યાયમાં વાચનાદિ ત્રણ અને ધર્મકથા દ્રવ્યશ્રુત છે અને અનુપ્રેક્ષા ભાવશ્રુતરૂપ છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર શ્રુતજ્ઞાનની સેવા સ્વાધ્યાયરૂપે થાય છે. એનાથી જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો પણ ઘાત થાય છે, ઇત્યાદિ સ્વાધ્યાયનું મહત્ત્વ અતિ ઘણું છે.

૫. **ધ્યાન**-ધ્યાનના ચાર પ્રકાર છે: આર્ત્ત, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ. એમાંનાં પહેલાં બે અશુભ (હેય) અને

છેલ્લાં બે શુભ (ઉપાદેય) છે. અહીં તપમાં છેલ્લાં બે ધ્યાનો સમજવાનાં છે. (પરમાર્થ દૃષ્ટિએ જૈન શાસનમાં બતાવેલા કર્મશાસનને માન્ય રાખી તેના અબાધિત નિયમોને વશ થવાથી જ જીવ કર્મમુક્ત થાય છે, માટે જ કર્મશાસનને વશ બની જીવો પોતાના જીવનને ધર્મમય બનાવે એ નીતિ રાજ્યશાસનની અને તેનાથી પણ પ્રથમ દરજ્જાના લોક-શાસનની છે. લોકશાસન ઉપર રાજ્યશાસનની અને એના ઉપર કર્મશાસનની સત્તા છે. એ ત્રણેનું કર્તવ્ય જીવને તેની શક્તિને અનુસાર અહિંસા, સત્ય વગેરેનું પાલન કરાવવારૂપ ધર્મશાસનને વફાદાર બનાવવાનું છે. જે જીવ એમ કરે છે, તે હંમેશને માટે ત્રણે શાસનમાંથી મુક્ત થઈ શાશ્વત સુખનો ભોગી બને છે. આમ છતાં મોહાધીન અજ્ઞ જીવ જ્યારે, કર્મસત્તાથી ઉપરવટ થઈ, સુખી થવા માટે વિચાર કરે છે, ત્યારે તેને આર્ત્તધ્યાન કહેવાય છે. આર્ત્તધ્યાનના ચારે પ્રકારોનું લક્ષણ ઉદિત કર્મોની ઉપરવટ થઈ સુખી બનવાનો વિચાર કરવો તે છે, અને રૌદ્રધ્યાનનું લક્ષણ આર્ત્તધ્યાનરૂપ કર્મની ઉપરવટ થઈ સુખી થવા માટે કરેલા વિચારોને અનુસારે હિંસાદિ પાપો કરવાનું ધ્યાન કરવું તે છે. માટે તે બે ધ્યાનો નવાં કર્મોનાં બંધનો વધારી જીવને સંસારમાં ભમાવે છે. એનાથી બચવા માટે ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે ધ્યાનો છે.) તેમાં કર્મના નિયમોને પ્રસન્નપણે અનુ-સરવું, અસમાધિથી બચવું અને એવું જીવન બને તેવા ઉપાયો કરવા તે ધર્મધ્યાન છે; અને એના ફળરૂપે

સમાધિસ્થ બની કર્મોદય ભોગવવા છતાં આત્માને તેથી પર (ભિન્ન) અનુભવવો તે શુક્લધ્યાનના પ્રથમના બે પ્રકારો છે. એમ ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું પૂર્વાર્ધ એ અહીં ધ્યાનરૂપ તપ તરીકે સમજવું. ૬. **કાયોત્સર્ગ**-ચૌદમા ગુણસ્થાનકની અયોગી (યોગનિરોધરૂપ) અવસ્થા આ છેલ્લો તપ છે. એની પ્રાપ્તિથી અંતર્મુહૂર્તમાં મુક્તિ થાય છે, આ નિશ્ચય-કાયોત્સર્ગ (યોગનિરોધ) એ જ શુક્લધ્યાનનો ઉત્તરાર્ધ છે. અહીં તેને કાયોત્સર્ગરૂપે ધ્યાનથી ભિન્ન તપમાં ગણ્યું છે. એની પ્રાપ્તિ માટે અભ્યાસરૂપે કાયોત્સર્ગ કરવાનું વિધાન અનેક રીતે અનુષ્ઠાનોમાં જણાવેલું છે, એ પણ પરિણામે યોગનિરોધરૂપ કાયોત્સર્ગનું કારણ હોવાથી તેનો પણ આ તપમાં અંતર્ભાવ સમજવો. એમ આ છ પ્રકારનો અભ્યંતર તપ ઉત્તરોત્તર આત્મવિશુદ્ધિ કરનારો અને પરિણામે મોક્ષ આપનારો છે, માટે નિર્જરા તત્ત્વમાં બાર પ્રકારનો તપ કહ્યો છે. એમ બાહ્ય-અભ્યંતર મળી તપના બાર પ્રકારો કહ્યા.

હવે છેલ્લું ક્રોધાદિ નિગ્રહનું સ્વરૂપ કહીએ છીએ—

**ક્રોધાદિ નિગ્રહ**-ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનો નિગ્રહ કરવો તે ચાર પ્રકાર.

આ પ્રમાણે '૫ વ્રતો, ૧૦ યતિધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્યની ગુપ્તિઓ, ૩ જ્ઞાનાદિ ગુણો, ૧૨ પ્રકારે તપ અને ૪ ક્રોધાદિ ચાર કષાયોનો નિગ્રહ' -એમ ચરણસિત્તરીના સિત્તેર ભેદો સમજવા.

એમાં આ રીતે વિશેષતા સમજવી : ચોથા વ્રતમાં બ્રહ્મચર્ય કહેવા છતાં નવ બ્રહ્મગુપ્તિ જુદી કહી તે બ્રહ્મચર્ય વ્રતનું પાલન નિરપવાદ કરવાનું સૂચવવા માટે છે. મહાવ્રતો ચારિત્રરૂપ છતાં જ્ઞાનાદિ ત્રણમાં પુનઃ ચારિત્ર કહ્યું તે છેદ વગેરે ચાર ચારિત્રોના સંગ્રહ માટે સમજવું, અને મહાવ્રતોથી પાંચ ચારિત્ર પૈકી એક સામાયિક ચારિત્ર સમજવું. તથા યતિધર્મમાં સંયમ અને તપ કહેવા છતાં પુનઃ કહ્યાં તે મોક્ષમાં સંયમ અને તપની પ્રાધાન્યતા સમજવા માટે ભિન્ન કહ્યાં છે. સંયમથી નવો કર્મબંધ અટકે અને તપથી જૂનાંની નિર્જરા થાય, એમ મોક્ષમાં એની પ્રધાનતા સ્પષ્ટ છે. તપમાં વૈયાવચ્ચ કહેવા છતાં તે સ્વ-પર-ઉપકારક હોવાથી બીજા તપથી વિશેષતા જણાવવા જુદી કહી. તથા યતિધર્મમાં ક્રોધાદિના અભાવરૂપ ક્ષમાદિ કહેવા છતાં ક્રોધાદિનો નિગ્રહ જુદો કહ્યો, તે ઉદયમાં વર્તતા ક્રોધાદિને નિષ્ફળ કરવારૂપ સમજવો. અને ક્ષમાદિ ક્રોધ વગેરેના અનુદયરૂપ સમજવા અથવા ક્ષમાદિ ચાર ઉપાદેયરૂપે અને ક્રોધાદિ ચાર હેયરૂપે ભિન્ન સમજવાં.

આ પ્રમાણે ચરણસિત્તરીરૂપ મૂળ ગુણોનું સ્વરૂપ કહ્યું, હવે કરણસિત્તરીરૂપ ઉત્તર ગુણોનું સ્વરૂપ કહીએ છીએ—

## કરણસિત્તરી

पिंडविसोही[૪] समिई[૫], भावण[૧૨] पडिमा[૧૨] य इंदियनिरोहो[૫] ।
पडिलेहण[૨૫]गुत्तीओ[૩], अभिग्गहा[૪] चेव करणं तु ॥ १ ॥

**ભાવાર્થ**-ચાર પ્રકારના પિંડની (આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિની) વિશુદ્ધિ તે ચાર; પાંચ સમિતિનું પાલન તે પાંચ; બાર ભાવનાઓ ભાવવી તે બાર; ભિક્ષુની બાર પડિમાનું પાલન તે બાર; પાંચ ઇન્દ્રિયોના વિકારનો નિરોધ તે પાંચ; વસ્ત્રાદિની પચીસ પ્રતિલેખનારૂપ પચીશ; ત્રણ ગુપ્તિના પાલનરૂપ ત્રણ અને દ્રવ્યાદિ ચાર પ્રકારના અભિગ્રહો ધારવા તે ચાર—એમ કરણ અને મૂળ ગુણોની સાધનામાં સાધનરૂપ (૪+૫+૧૨+૧૨+૫+૨૫+૩+૪=૭૦) આ સિત્તેર ગુણોને કરણસિત્તરી કહી છે. તેનું ક્રમશઃ સ્વરૂપ આ પ્રમાણે છે.

ચાર **પિંડવિશુદ્ધિ**, પાંચ **સમિતિ** અને ત્રણ **ગુપ્તિનું** વર્ણન આ ગ્રન્થમાં આપેલા અષ્ટ પ્રવચનમાતાના સ્વરૂપમાં કહ્યા પ્રમાણે સમજવું.

બાર **ભાવનાઓ** તથા બાર **પડિમાઓનું** સ્વરૂપ પણ જુદું કહ્યું છે તે પ્રમાણે જાણવું.

**ઇન્દ્રિયનિરોધ**-સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર-એ પાંચ ઇન્દ્રિયોના અનુક્રમે આઠ સ્પર્શ, પાંચ રસ, બે ગંધ, પાંચ રૂપ અને સચિત્ત, અચિત્ત તથા મિશ્ર એમ ત્રણ પ્રકારના શબ્દો મળી ૨૩ વિષયો છે. તેમાંના ઇષ્ટ વિષયો પ્રત્યે રાગપરિણતિનો અને અનિષ્ટ પ્રત્યે દ્વેષપરિણતિનો ત્યાગ તે પાંચ પ્રકારનો ઇન્દ્રિયનિરોધ કહ્યો છે.

ઇન્દ્રિયોનો ધર્મ તે તે વિષયોના તે તે સ્વરૂપનું

જ્ઞાન કરાવવાનો છે, તેથી એ પાંચને જ્ઞાનેન્દ્રિયો કહી છે. એના દ્વારા આત્માને જ્ઞાન મેળવવું હિતકર છે. ઇષ્ટમાં રાગ કરવો કે અનિષ્ટમાં દ્વેષ કરવો તે આત્માનું કર્તવ્ય નથી. અનાદિ કાળથી જ્ઞાનેન્દ્રિયો દ્વારા તે તે વિષયોનું જ્ઞાન મેળવીને મોહોદયથી તેમાં રાગ-દ્વેષ કરવાથી જીવ સંસારમાં ભટકે છે. તેમાંથી બચવા માટે સંયમ છે, માટે સંયમીએ ઇષ્ટ-અનિષ્ટ વિષયો પ્રત્યે રાગ-દ્વેષને તજવા જ જોઈએ. મોહનો પરાભવ કરવા માટે જેમાં દ્વેષ થાય તેવા વિષયોને સેવવા જોઈએ અને જેમાં રાગ થાય તેવા વિષયોનો ત્યાગ કરવો જોઈએ. જડ પદાર્થોનો જડ જીવન પૂરતો ઉપયોગ જરૂરી છે, તેમાં રાગ-દ્વેષ થાય તે નિષ્કારણ કર્મબંધનું કારણ બને છે. અને જે મોહનો નાશ કરવાનો છે, તેનું પોષણ કરીને ઊલટો આત્માનો પરાભવ કરે છે, માટે જિનવચનના બળે અનિત્ય પદાર્થોના સ્વરૂપને વિચારી રાગ-દ્વેષના પરાભવથી બચવા ઉદ્યમ કરવો જોઈએ.

**પડિલેહણા**–એનું વર્ણન આ ગ્રન્થમાં જુદું આપેલું છે.

**અભિગ્રહો**–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અંગે ઇચ્છાનો રોધ કરવા માટે અભિગ્રહો (પ્રતિજ્ઞાઓ) કરવી તે. આ અભિગ્રહના દ્રવ્યાદિ ચાર પ્રકારો આ પ્રમાણે છે—

૧. **દ્રવ્યાભિગ્રહ**–અમુક લેપકૃત્ અથવા અલેપકૃત વસ્તુ સિવાયની વસ્તુ ન લેવી અથવા અમુક દ્રવ્ય (સાધન)થી વહોરાવે તે જ લેવી ઇત્યાદિ અમુક દ્રવ્ય વસ્તુને અંગે મર્યાદા બાંધવી તે દ્રવ્યઅભિગ્રહ.

૨. **ક્ષેત્રાભિગ્રહ**-અમુક સ્થાનિક ગામ કે બીજા ગામ વગેરેમાંથી, અમુક ક્ષેત્રમાંથી કે અમુક ઘરોમાંથી મળે તે સિવાયનું નહિ લેવું, એવો ક્ષેત્રને અંગે નિશ્ચય કરવો તે ક્ષેત્રઅભિગ્રહ. એને અંગે સામાન્યતઃ શાસ્ત્રમાં આઠ ગોચર-ભૂમિઓ કહી છેઃ ૧. **ઋજ્વી**-ઉપાશ્રયથી એક જ સીધી લાઈનમાં રહેલાં ઘરોમાં ક્રમશઃ ગોચરી માટે ફરવું; આહાર પૂર્ણ ન થાય તોપણ બીજી લાઈનમાં નહિ ફરવું તે. ૨. **ગત્વાપ્રત્યાગતિ**-ઉપાશ્રયથી નીકળી એક પંક્તિમાં રહેલાં ઘરોમાં ફરી પાછા ફરતાં તેની સામેની બીજી પંક્તિના છેલ્લા ઘરથી આરંભી બીજી પંક્તિ પૂર્ણ કરવી, આહાર પૂર્ણ ન થાય કે બિલકુલ ન મળે તોપણ બે લાઈનો સિવાય અન્યત્ર નહિ ફરવું તે. ૩. **ગોમૂત્રિકા**-સામસામી બે પંક્તિઓનાં ઘરોમાંથી ક્રમશઃ એક એક ઘરમાંથી આહાર લેતાં બે પંક્તિ પૂર્ણ કરવી, એ સિવાયના ઘરોમાં નહિ ફરવું તે. ૪. **પતંગવિથિ**-અનિયત ક્રમે છૂટાં છૂટાં ગમે તે અમુક ઘરોમાં ફરવું તે. ૫. **પેટા**-ગામને ચાર ખુણા-વાળું કલ્પીને વચ્ચેનાં ઘરોને છોડી ચારે દિશામાં રહેલાં પંક્તિબદ્ધ ઘરોમાં જ ફરવું તે. ૬. **અર્દ્ધપેટા**-એ પેટારૂપે કલ્પેલાં ચારે દિશાનાં ઘરો પૈકી અડધાં-કોઈ બે દિશાની પાસે પાસેની બે પંક્તિઓમાં રહેલાં-ઘરોમાં જ ફરવું તે. ૭. **અંતઃશમ્બૂકા**-ગામના મધ્ય ભાગમાંથી પ્રારંભીને શંખનાં આવર્ત્તોની જેમ ગોળ પંક્તિએ ફરતાં ફરતાં ગામને છેડે રહેલા ઘરમાં સમાપ્તિ કરવી તે. ૮. **બહિઃશમ્બૂકા**-

અંતઃશમ્બૂકાથી વિપરીત, ગામના છેડે રહેલા ઘરથી પ્રારંભીને ગોળ પંક્તિએ ફરતાં ફરતાં છેલ્લે ગામના મધ્યના ઘરમાં સમાપ્તિ કરવી તે.

૩. **કાળાભિગ્રહ**–ભિક્ષાકાળ થયા પૂર્વે ગોચરી ફરવું તે આદિ, ભિક્ષાકાળે ફરવું તે મધ્ય અને ભિક્ષાકાળ પૂર્ણ થયા પછી ફરવું તે અંત–એ ત્રણ પ્રકારમાં કોઈ પણ કાળનો અભિગ્રહ કરી તે કાળે જ ગોચરી માટે ફરવું તે.

૪. **ભાવાભિગ્રહ**–અમુક પીરસવા માટે પાત્રમાંથી હાથમાં કે કડછી વગેરેમાં લીધેલો, અથવા પાત્રમાં પડેલો, અથવા ભોજન માટે પીરસેલો, ખાવા માટે હાથમાં લીધેલો, અથવા અમુક હાલતમાં રહેલો મળે તે જ આહાર લેવો, ઇત્યાદિ નિશ્ચય તે ભાવઅભિગ્રહ સમજવો.

જોકે નિર્દોષ અને કલ્પ્ય વસ્તુ લેવામાં સાધુને સાવદ્ય વ્યાપાર નથી, છતાં મનનો (ઇચ્છાનો) રોધ કરવા આ અભિગ્રહો યથાશકય દરરોજ કરવા જોઈએ. ગૃહસ્થોને દેસાવગાસિકના પચ્ચક્ખાણથી સાવદ્ય વ્યાપારની મર્યાદા થાય છે, તેમ સાધુને આ અભિગ્રહોથી ઇચ્છાનો રોધ થાય છે, માટે તે કરવાનું વિધાન કરેલું છે.

એમ પિંડવિશુદ્ધિના ચાર, સમિતિના પાંચ, ભાવનાના બાર, પડિમાઓના બાર, ઇન્દ્રિઓના નિરોધના પાંચ, પડિલેહણાના પચીશ, ગુપ્તિઓના ત્રણ અને અભિગ્રહોના ચાર મળી કુલ સિત્તેર પ્રકારો કરણસિત્તરીના જણાવ્યા.

# દશધા સામાચારી

ઓઘ, દશધા અને પદવિભાગ-એમ સામાચારી ત્રણ પ્રકારે છે. તેમાં ઓઘનિર્યુક્તિમાં કહેલી તે ઓઘસામાચારી. તથા ઉત્સર્ગ-અપવાદના ભેદો તે પદવિભાગસામાચારી સમજવી. અને દશધા સામાચારી નીચે પ્રમાણે છે—

૧. **ઇચ્છાકાર**-ગુર્વાદિએ શિષ્યને કોઈ કામની પ્રેરણા કરતાં 'તારી ઇચ્છા હોય તો આ અમુક કાર્ય કરો' એમ કહેવું અથવા કામ કરનારે વિના પ્રેરણાએ પણ 'આપની ઇચ્છા હોય તો હું અમુક કામ કરું' તે. એમ પરસ્પર એકબીજાની ઇચ્છા જોઈ કાર્ય કરવું, કરાવવું; પણ બલાત્કાર નહિ કરવો.

૨. **મિથ્યાકાર**-જિનવચનના સારનો જાણ મુનિ, સંયમની કોઈ પણ પ્રવૃત્તિમાં ભૂલ થાય ત્યારે, તે ભૂલના સ્વીકારપૂર્વક, 'મિથ્યાદુષ્કૃત' આપે, કિન્તુ પુનઃ તેવી ભૂલ ન કરે કે ભૂલનો સમજપૂર્વક આદર ન કરે તે.

૩. **તથાકાર**-સૂત્ર-અર્થ વિષયક પૃચ્છા કરતાં, ગુર્વાદિ જે કહે તે સાંભળી તરત જ 'તહત્તિ' કહી સ્વીકારે, પણ કુતર્કાદિ ન કરે. એ રીતે ગુર્વાદિ સામાન્યવિષયક આદેશ કરે ત્યારે પણ તરત જ 'તહત્તિ' કહી સ્વીકાર કરે. વ્યાખ્યાનાદિ સાંભળતાં પણ પુનઃ પુનઃ 'તહત્તિ' કહી સ્વીકાર કરે ઇત્યાદિ.

૪. **આવશ્યિકી**–જ્ઞાનાદિ આવશ્યક પ્રયોજને ઉપાશ્રયાદિથી બહાર જતાં 'આવસ્સહી' બોલી ગુરુઆજ્ઞાપૂર્વક બહાર જવું તે ક્રિયાને અને ક્રિયાસૂચક 'આવસ્સહી' શબ્દને પણ આવશ્યિકી કહી છે.

૫. **નૈષેધિકી**–અવશ્ય પ્રયોજને બહાર ગયેલા સાધુને પુનઃ ઉપાશ્રયાદિ સ્થાનમાં પ્રવેશ કરી, તે કાર્યથી નિવૃત્ત થવું તે અને પ્રવેશ કરતાં 'નિસીહિ' શબ્દ ઉચ્ચારવો તે પણ નૈષેધિકી સમજવી.

૬. **આપૃચ્છા**–સર્વ પ્રયોજનમાં ગુરુની આજ્ઞા મેળવવા વિનયપૂર્વક પૃચ્છા કરવી, કોઈ પણ કાર્ય કરતાં પહેલાં ગુરુને પૂછવું તે 'આપૃચ્છા' સામાચારી.

૭. **પ્રતિપૃચ્છા**–ગુરુએ કહ્યું હોય કે 'તારે અમુક કાર્ય કરવું', તે કાર્ય કરતાં પહેલાં ગુરુને પુનઃ પૂછવું તે પ્રતિપૃચ્છા. પહેલાં ગુરુની આજ્ઞા મેળવી હોય અથવા ગુરુએ કોઈ કામ કરવા સૂચના કરી હોય, તે કાર્ય કરતાં પુનઃ પૂછવાથી કરતી વેળા કદાચ તે કામ કરવાનું ન હોય તો ગુરુ નિષેધ કરે અથવા કંઈ વિશેષ સૂચના કરવાની હોય તો કરી શકે માટે પુનઃ પૂછવું જોઈએ.

૮. **છન્દના**–પૂર્વે ગ્રહણ કરેલા આહારાદિમાંથી સર્વ સાધુઓને 'આ આહારાદિ હું લાવ્યો છું, જો કોઈને ઉપયોગી થાય તો ઇચ્છા પ્રમાણે ગ્રહણ કરો' એમ દાન

માટે વિનંતિ કરવી તે છંદના.

૯. **નિમંત્રણા**-આહાર લાવતાં પહેલાં જ બીજા સાધુઓને 'હું આપને માટે જરૂરી આહારાદિ લાવું' એમ નિમંત્રણ કરવું તે નિમંત્રણા.

૧૦. **ઉપસંપદા**-જ્ઞાનાદિની વિશિષ્ટ આરાધના માટે અન્ય આચાર્યની (ગચ્છની) નિશ્રામાં પોતાના આચાર્યની અનુજ્ઞાપૂર્વક રહેવું તે. જ્ઞાન એટલે સૂત્ર, અર્થ આદિ ભણવા માટે; દર્શન એટલે દર્શનપ્રભાવક 'સન્મતિતર્ક' વગેરે ગ્રન્થોના અધ્યયન માટે; ચારિત્ર એટલે તપશ્ચર્યા, વિનય, વૈયાવચ્ચ વગેરે કરવા માટે—એમ તેના અનેક ભેદો અને વિધિ શાસ્ત્રોમાં કહેલો છે. તેમાં પણ ઉપસંપદા તેનાથી લઈ શકાય કે જેને ગુરુની અનુજ્ઞા મળી હોય, પોતાની ગેર-હાજરીમાં સ્વગચ્છમાં ગુર્વાદિની સેવા કરનાર કે ગચ્છની જવાબદારી ઉપાડનારા અન્ય સાધુઓ ગુરુની પાસે હોય અને પોતાની વિશિષ્ટ શક્તિઓનો વિકાસ કરવા માટે સ્વગચ્છમાં તેવી સહાય મળે તેમ ન હોય ઇત્યાદિ વિવેક સમજવો.

## ચૈત્ર માસમાં કાયોત્સર્ગ કરવાનો વિધિ

ચૈત્ર સુદિ ૧૧, ૧૨, ૧૩ અથવા સુદિ ૧૨, ૧૩, ૧૪ અને ભૂલી જવાય તો છેલ્લે સુદિ ૧૩, ૧૪, ૧૫—એમ ત્રણ દિવસોએ દરરોજ સાંજે પ્રતિક્રમણ કર્યા પછી ઇરિ૰ પ્રતિ-ક્રમણ કરી ખમા૰ દઈ "ઇચ્છા૰ સંદિ૰ ભગ૰ અચિત્તરજ ઓહડાવણત્થં કાઉસ્સગ્ગ કરું? ઇચ્છં', અચિત્તરજ ઓહ-

ડાવણુત્થં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦ કહી, ચાર લોગસ્સ સાગરવરગંભીરા સુધીનો કાયોત્સર્ગ કરવો. પારીને પ્રગટ લોગસ્સ કહેવો. જો આ કાઉસ્સગ્ગ ન કરે તો મૂળ આગમોનું પઠન, પાઠન, વાંચન કે યોગોદ્વહનાદિ કરી-કરાવી શકાય નહિ. (કોઈ પ્રતિક્રમણમાં સજ્ઝાય કહ્યા પછી આ કાયોત્સર્ગ કરી, પછી દુક્ખક્ખય કમ્મક્ખયનો કાયોત્સર્ગ કરવાનું કહે છે, પણ તે યુક્તિસંગત જણાતું નથી, કારણ કે આ કાયોત્સર્ગનો સંબંધ પ્રતિક્રમણ સાથે નથી.)

---

# સત્તર પ્રકારના સંયમનું સ્વરૂપ

**पञ्चासवाविरमणं, पञ्चिंदियनिग्गहो कसायजओ ।**
**दंडत्तयस्स विरई, सत्तरसहा संजमो होइ ॥ १ ॥**

**ભાવાર્થ**-સંયમ એટલે 'सम्'-એકસાથે, 'यमः'-કાબુ કરવો-અટકવું. તેમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચ આશ્રવોની (નવાં કર્મબન્ધનાં કારણોની) વિરતિ કરવી તે પાંચ પ્રકારો; સ્પર્શના વગેરે પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો અર્થાત્ તેના અનુકૂળ-પ્રતિકૂળ વિષયોમાં રાગદ્વેષ નહિ કરવા તે પાંચ પ્રકારો; ક્રોધાદિ ચાર કષાયોનો જય એટલે ઉદયમાં આવેલાને વશ નહિ થવું અને ઉદિત ન હોય તેને ઉત્પન્ન નહિ કરવા તે ચાર પ્રકારો; અને મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિરૂપી દંડોની વિરતિ એટલે નિરોધ કરવો તે ત્રણ—એમ સત્તર પ્રકારે સંયમ કરી શકાય છે. અન્ય આચાર્યો તો બીજી રીતે ૧૭ પ્રકારોને કહે છે; કહ્યું છે કે—

**पुढविदगअगणिमारुअ-वणस्सइबितिचउपणिंदिअजीवे ।**
**पेहुप्पेहपमज्जण-परिठवणमणोवईकाए ॥ २ ॥**

**ભાવાર્થ**-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ નવ પ્રકારના જીવોનો મન, વચન અને કાયાથી સંરંભ, સમારંભ અને આરંભ કરવો નહિ, કરાવવો નહિ અને અનુમોદવો

નહિ તે નવ પ્રકારનો સંયમ છે. તેમાં હિંસાદિનો સંકલ્પ કરવો તે સંરંભ, પરિતાપ ઉપજાવવો તે સમારંભ અને પ્રાણોનો નાશ કરવો તે આરંભ સમજવો. તે ઉપરાંત અજીવ એટલે પુસ્તકો વગેરે સંયમનાં ઉપકરણોનો સંગ્રહ, દુઃષમ કાળના દોષે બુદ્ધિ, સ્મૃતિ આદિથી હીન, અલ્પ આયુષ્યવાળા વર્તમાનના જીવોના ઉપકારાર્થે તે જરૂરી છે, માટે તેને પ્રતિલેખના, પ્રમાર્જના વગેરે જયણાપૂર્વક રાખવાં તે ૧૦. **અજીવસંયમ.** નેત્રોથી જોઈને સચિત્તાદિ રહિત નિર્જીવ ભૂમિમાં બેસવું, સૂવું, ફરવું ઇત્યાદિ ૧૧. **પ્રેક્ષાસંયમ.** ગૃહસ્થોના સાવદ્ય વ્યાપારો પ્રેરણા નહિ કરતાં ઉપેક્ષા કરવી તે ૧૨. **ઉપેક્ષાસંયમ.** અથવા બીજી રીતે પ્રેક્ષાસંયમ એટલે સંયમમાં પ્રમાદ કરતા સાધુઓને સંયમમાં પ્રેરણા કરવી તે; અને પાર્શ્વસ્થાદિ સંયમ પ્રત્યે નિર્ધ્વંસ પરિણામીઓની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષાસંયમ સમજવો. નેત્રોથી જોયેલાં પણ વસ્ત્ર, પાત્ર, ભૂમિ વગેરેનો ઉપયોગ કરતાં, લેતાં, મૂકતાં રજોહરણાદિથી પ્રમાર્જવાં તથા વિજાતીય ભૂમિમાં પ્રવેશ કરતાં, નીકળતાં, ગૃહસ્થો વગેરે દેખે તેમ ન હોય ત્યારે, સચિત્તાદિ રજથી ખરડાયેલા પગ વગેરેને પ્રમાર્જવા અને દેખે તેમ હોય તો નહિ પ્રમાર્જવા તે ૧૩. **પ્રમાર્જનાસંયમ.** સ્થંડિલ (ઉચ્ચાર) માત્રુ (પ્રશ્રવણ) વગેરે અથવા અશુદ્ધ તેમ જ સંયમને અનુપકારક જીવસંસક્ત આહાર, પાણી વગેરેને નિર્જીવ શુદ્ધ ભૂમિમાં પરઠવવાં તે ૧૪. **પરિષ્ઠાપનાસંયમ.** મનને દ્રોહ,

ઈર્ષ્યા, અભિમાનાદિ અશુભ ભાવોથી રોકી ધર્મધ્યાનાદિમાં જોડવું તે ૧૫. **મનસંયમ.** સાવદ્ય, કઠોર, તુચ્છ વગેરે દુષ્ટ વચનથી અટકવું અને સત્ય, પથ્ય, મિત અને પ્રીતિકારક બોલવું તે ૧૬. **વાક્‌સંયમ.** અને ગમનાગમનાદિ અવશ્ય કરવા યોગ્ય પ્રવૃત્તિમાં ઉપયોગપૂર્વક કાયવ્યાપાર કરવો તે ૧૭. **કાયસંયમ.** એમ હિંસાદિ આશ્રવોથી અટકવારૂપ સંયમ સત્તર પ્રકારે જાણવો.

---

## અષ્ટ પ્રવચનમાતાઓ

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, એમ આઠને પ્રવચનની (ચારિત્રની) માતાઓ કહી છે. કહ્યું છે કે—

**एताश्चारित्रगात्रस्य, जननात् परिपालनात् ।**
**संशोधनाच्च साधूनां, मातरोऽष्टौ प्रकीर्तिताः ॥ १ ॥**

**અર્થ**—આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓ સાધુઓના ચારિત્રરૂપી શરીરને (પુત્રને) જન્મ આપે છે, પાલન કરે છે અને શુદ્ધ કરે છે, તેથી તે આઠને માતાઓ કહી છે.

વસ્તુતઃ મન, વચન અને કાયાના યોગોના બળે અભ્યંતર સંયમ (જ્ઞાનાદિ ગુણો) પ્રગટે છે, માટે તેની શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાંથી નિવૃત્તિ કરવાના ઉપાયરૂપે આઠ પ્રવચનમાતાઓનું વિધાન છે.

ગુપ્તિઓ તે તે મન, વચન અને કાયાની સદૈવ શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિરૂપ છે; અને સમિતિઓ, જીવનના (સંયમના) આહાર, નિહાર, વિહારાદિ વ્યાપારો કે જ્ઞાનાદિ ગુણોના વિકાસાર્થે વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ, ધ્યાન ઇત્યાદિ વ્યાપારો કરતાં સમ્યગ્ જયણા (યતના) પાળવારૂપ છે—એમ બેમાં ભિન્નતા છે. સમિતિ તે તે પ્રકારની પ્રવૃત્તિ વખતે પાળવાની હોવાથી 'સપ્રવિચાર' છે અને ગુપ્તિઓ જીવનભર (અગર ગૃહસ્થને સામાયિક-પૌષધ પર્યન્ત) પાલન કરવાની હોવાથી તે અશુભથી નિવૃત્તિરૂપ 'અપ્રવિચાર' અને શુભમાં પ્રવૃત્તિરૂપ 'સપ્રવિચાર' એમ ઉભયાત્મક છે, એથી જ કહ્યું છે કે "જે સમિતિવાળો છે તે નિયમા ગુપ્તિવાળો હોય છે, પણ ગુપ્તિવાળો સમિતિયુક્ત હોય અથવા ન પણ હોય." જેમ કે, કુશળ વચનને બોલતો ભાષાસમિત અને વચનગુપ્ત છે, કિન્તુ મૌની હોય ત્યારે માત્ર વચનગુપ્ત છે, ભાષાસમિત નથી." ઇત્યાદિ સ્વયં સમજી લેવું.

સંયમના તે તે સર્વ વ્યાપારોમાં આ આઠ પ્રવચનમાતાના પાલનથી સંયમની રક્ષા, શુદ્ધિ તથા વૃદ્ધિ થાય છે. એ સર્વ વ્યાપારોને પાંચ ભાગમાં વહેંચી તેની શુદ્ધિ જાળવવા માટે પાંચ સમિતિ (સમ્યગ્ પ્રવૃત્તિ)નું વિધાન કર્યું છે; તેમાં—

૧. ઈર્યાસમિતિ—

**लोकातिवाहिते मार्गे, चुम्बिते भास्वदंशुभिः ।**
**जन्तुरक्षार्थमालोक्य, गतिरीर्या मता सताम् ॥ १ ॥**

**અર્થ**–ઘણા લોકોના ગમનાગમનથી વટાયેલા અને સૂર્યનાં કિરણોથી સ્પર્શિત થયેલા રસ્તે, જીવરક્ષા માટે, દૃષ્ટિથી ચાર હાથ આગળ નીચે ભૂમિને જોતાં જોતાં ચાલવું તેને જ્ઞાનીઓ ઈર્યાસમિતિ કહે છે.

એથી એ નક્કી થયું કે, વટાયેલા માર્ગને છોડીને અન્ય માર્ગે રાત્રે કે નીચે જોયા વિના સાધુએ ચાલવું જોઈએ નહિ કારણ કે, લોકોથી નહિ વટાયેલા માર્ગે ચાલતાં સર્પ, વિંછી આદિનો ભય રહે અને લોકોમાં ચોર, અસદાચાર વગેરેની શંકા જન્મે, રાત્રે કે દિવસે પણ અંધારાવાળા માર્ગે ચાલવાથી જીવો દેખી ન શકાય અને ભૂમિ પણ સચિત્ત હોવાનો સંભવ રહે, તથા દિવસે વટાયેલા માર્ગે ચાલવા છતાં, નીચે જોયા વિના ચાલવાથી, કીડી આદિ જીવોની વિરાધના થાય; ઉપરાંત આજુબાજુ જોવાથી તે તે પદાર્થોમાં ખેંચાયેલું ચિત્ત સંયમમાં ચંચળ બને. ધૂંસરી પ્રમાણ ચાર હાથથી વધારે દૂર જોતાં સ્પષ્ટ જોઈ શકાય નહિ અને નજીકમાં જોતાં પડી જવાનો સંભવ રહે ઇત્યાદિ અનેક હેતુઓ સ્વયં વિચારવા.

**૨. ભાષાસમિતિ—**

**अवद्यत्यागतः सर्वजनीनं मितभाषणम् ।**
**प्रिया वाचंयमानां सा, भाषासमितिरुच्यते ॥ २ ॥**

**અર્થ–પાપવચનનો ત્યાગ કરવાપૂર્વક સર્વ જીવોને હિતકારી, પ્રમાણોપેત બોલવું તે મુનિવરોને પ્રિય (જિનાજ્ઞાને અનુસરતી) એવી ભાષાસમિતિ કહેવાય છે.**

એથી એ નક્કી થયું કે, સાવદ્ય આદેશ–ઉપદેશરૂપ, કોઈનું પણ અહિત થાય તેવું, વિના પ્રયોજને ઘણું કે શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ વચન સાધુએ બોલવું જોઈએ નહિ. ઉપલક્ષણથી અપ્રિય, અહિતકારક અને અસત્ય બોલવું જોઈએ નહિ. કારણ કે, પાપવચનથી પાપવ્યવહાર ચાલે, એકનું હિત કરતાં બીજાઓનું અહિત થાય, તે પણ હિતકર ન ગણાય અને ઘણું બોલવામાં અસત્ય, અહિતકર વગેરે બોલાઈ જવાનો છદ્મસ્થને સંભવ છે. જે બોલવાથી સાંભળનારને પાપની

પ્રેરણા મળે, કોઈને પણ અહિત થાય કે અસત્ય છતાં સત્યમાં ખપે, તે વચન જિનાજ્ઞાને અનુસરતું ગણાય નહિ અને છદ્મસ્થને જિનાજ્ઞા વિનાનું સ્વતંત્ર બોલવાથી હિત થાય નહિ. માટે ઉપર જણાવ્યું તેવું જ સમ્યગ્ વચન બોલવાથી વ્રતનું રક્ષણ થાય છે.

૩. એષણાસમિતિ—

**द्विचत्वारिंशता भिक्षा–दोषैर्नित्यमदूषितम् ।**
**मुनिर्यदन्नमादत्ते, सैषणासमितिर्मता ॥ ३ ॥**

**અર્થ—પ્રતિદિન ભિક્ષાના બેંતાલીશ દોષોથી દૂષિત ન હોય તેવું જે અન્ન મુનિ ગ્રહણ કરે છે, તેને એષણા-સમિતિ કહી છે.**

શરીર ( મન, વચન, કાયા ) એ ધર્મનું મુખ્ય સાધન છે; તેની પવિત્રતા ઉપર ધર્મનો આધાર છે. એ પવિત્રતા આહારને આભારી છે, માટે 'ઓજાહાર, કવલાહાર અને લોમાહાર' એ ત્રણે આહારો પવિત્ર ( અહિંસક ) હોવા જોઈએ. તેમાં અહીં કવલાહારને ઉદ્દેશીને એષણાસમિતિનું વિધાન છે. તેમાં ટાળવાના ૪૨ દોષો આ ગ્રન્થમાં જુદા આપેલા ગોચરીના દોષોમાં કહ્યા પ્રમાણે સમજવા. 'આહાર તેવો ઓડકાર,' 'ચતુર વહુ ચૂલામાં પેસે' વગેરે કિંવદંતિઓ મહત્ત્વની છે, અજૈનો દ્રવ્ય શૌચમાં માનનારા આહારની પવિત્રતા ઉપર ત્યાં સુધી ભાર મૂકે છે કે સ્નાન વિના ભોજન કરાય જ નહિ. એથી આગળ વધીને અભ્યંતર શૌચનું મહત્ત્વ આંકનારા જૈનો અને જૈન સાધુઓએ આહારશુદ્ધિ ઉપર વિશેષ ભાર મૂક્યો છે, એ કારણે ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેય વગેરેની વિચારણા જૈનોએ વિશેષતયા કરી છે, એને ભૂલીને અભ્યંતર શુદ્ધિની ઇચ્છા કરવી તે પાયા વિના હવેલી ચણવા જેવું છે. આ વિષયમાં ઘણું સમજવા જેવું છે, જે જ્ઞાની ગીતાર્થ ગુરુઓની સહાય વિના દુઃશક્ય છે.

૪. આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ—

**आसनादीनि संवीक्ष्य, प्रतिलिख्य च यत्नतः ।**
**गृह्णीयान्निक्षिपेद्वा यत्, सादानसमितिः स्मृता ॥४॥**

**અર્થ**–આસન વગેરે કોઈ પણ વસ્તુ પહેલાં ઉપયોગ-પૂર્વક ચક્ષુથી જોઈને પછી રજોહરણાદિથી પડિલેહીને લેવી કે મૂકવી તે આદાનસમિતિ કહી છે.

પુનઃ પુનઃ પૂંજવું, પ્રમાર્જવું, એ અહિંસાના પાલન માટે આવશ્યક છે. તેમાં પ્રમાદ કરનારને જીવ ન મરે તોપણ અહિંસાની બેદરકારીરૂપે (સંભવ) હિંસા લાગે છે, માટે શ્રી જિનેશ્વરોએ આ સમિતિમાં વસ્તુમાત્ર લેતાં-મૂકતાં પૂંજવા-પ્રમાર્જવાનું વિધાન કરેલું છે.

૫. પારિષ્ઠાપનિકાસમિતિ—

**कफमूत्रमलप्रायं, निर्जन्तुजगतीतले ।**
**यत्नाद्यदुत्सृजेत्साधुः, सोत्सर्गसमितिर्भवेत् ॥ ५ ॥**

**અર્થ**–કફ, શ્લેષ્મ, માત્રુ, સ્થંડિલ વગેરે તથા નિરુ-પયોગી પરઠવવા યોગ્ય વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી વગેરે વસ્તુઓને સાધુ ત્રસ-સ્થાવર જીવથી રહિત અચિત્ત ભૂમિમાં જયણાપૂર્વક પરઠવે તે પારિષ્ઠાપનિકાસમિતિ જાણવી.

જેમ શરીરમાં નિરુપકાર બની ગયેલો અલ્પ પણ મળ રહી જાય તો તે પીડા ઉપરાંત અન્ય રોગોને પ્રગટ કરે છે, તેમ સંયમી જીવ-નમાં નિરુપયોગી બની ગયેલી વસ્તુ નહિ પરઠવવાથી તેના ઉપર મમત્વ અને પ્રમાદનું કારણ બને છે, પરિણામે સંયમને પીડારૂપ અને ઉત્ત-રોત્તર પ્રમાદની વૃદ્ધિમાં સહાય કરે છે. જેમ ઉપયોગી વસ્તુ પણ પ્રમાણાતીત લેવાથી શરીરને બાધા-રોગ કરે છે, તેમ ઉપયોગી ઉપ-કરણો માટે પણ સંયમને અંગે સમજી લેવું.

હવે ત્રણ ગુપ્તિઓ પૈકી પહેલી મનોગુપ્તિ કહે છે કે—

विमुक्तकल्पनाजलं, समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनस्तज्ज्ञै-र्मनोगुप्तिरुदाहृता ॥ १ ॥

**અર્થ**–મનોગુપ્તિના ત્રણ પ્રકારો છે: ૧. આર્ત્ત-રૌદ્ર-ધ્યાનના કારણભૂત દુષ્ટ કલ્પનાઓની પરંપરાથી મનની મુક્તિ. ૨. પરલોકમાં સુખ આપનારી, શાસ્ત્રને અનુસરતી, ધર્મધ્યાનમાં હેતુભૂત એવી માધ્યસ્થ્યવૃત્તિમાં મનની સ્થિરતા. અને ૩. શુભાશુભ સર્વ મનોવ્યાપારથી રહિત ચૌદમા ગુણ-સ્થાનકવર્તી આત્માની યોગનિરોધ અવસ્થાનો આત્માનંદ. આ પ્રમાણે ૧. અકુશલ મનનો નિરોધ, ૨. કુશલ મનની પ્રવૃત્તિ અને ૩. સર્વથા મનના નિરોધરૂપ મનોગુપ્તિ ત્રણ પ્રકારે તેના જ્ઞાતા શ્રી તીર્થંકરદેવોએ કહેલી છે.

બીજી વચનગુપ્તિ—

संज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनम् ।
वाग्वृत्तेः संवृतिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ॥२॥

**અર્થ**–મુખ, નેત્ર, ભ્રકુટિ, અંગુલી વગેરેની ચેષ્ટા અથવા ઉધરસ વગેરેના શબ્દ, પથ્થરાદિ ફેંકવું, ઊભા થવું, હુંકારો કરવો વગેરેના ત્યાગપૂર્વક મૌન કરવું તે વચન-ગુપ્તિનો એક પ્રકાર. અને સર્વથા મૌન નહિ કરતાં મુખે મુખવસ્ત્રિકાથી જયણા કરવાપૂર્વક લોક અને આગમને અનુ-સરતું બોલવું તે બીજો પ્રકાર. એમ વચનગુપ્તિ બે પ્રકારે છે; અને ભાષાસમિતિમાં સમ્યગ્ વાણીની પ્રવૃત્તિ જ છે, એમ બેનો ભેદ સમજવો.

ત્રીજી કાયગુપ્તિ—

**उपसर्गप्रसङ्गेऽपि, कायोत्सर्गजुषो मुनेः ।**
**स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥ ३ ॥**

**शयनासननिक्षेपादानचंक्रमणेषु यः ।**
**स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु साऽपरा ॥ ४ ॥**

**અર્થ**–દેવ, મનુષ્ય કે તિર્યંચોના કરેલા ઉપદ્રવો તથા ક્ષુધા વગેરે પરીષહોના પ્રસંગે અને તેવા પ્રસંગ વિના પણ શરીર પ્રત્યે નિરપેક્ષ ભાવરૂપ કાયોત્સર્ગને ભજનારા એવા સાધુના શરીરની નિશ્ચલતા અથવા કાયયોગના નિરોધરૂપ શારીરિક ચેષ્ટાનો ત્યાગ, તેને કાયગુપ્તિ કહે છે.

વળી સૂવું-બેસવું, લેવું-મૂકવું, ચાલવું કે ઊભા રહેવું વગેરે કોઈ પણ કાયિક પ્રવૃત્તિ કરતાં સ્વચ્છંદ ચેષ્ટાનો ત્યાગ કરવો (જયણાથી વર્તવું) તે બીજી કાયગુપ્તિ છે.

અનાદિ મોહાચ્છાદિત જીવને ભૌતિક (જડ) વાસનાઓને સફળ કરવાનું સાધન મન, વચન અને કાયાના યોગો છે. તેને જિનવચનના બળે વશ કર્યા વિના, વાસનાઓનો વેગ રોકી શકાય તેમ નથી અને એ રોકાણ વિના નવાં કર્મોના બંધથી બચવું શક્ય નથી. માટે વાસનાના બળને પોષનારા યોગોનું વશીકરણ કરવા માટે ગુપ્તિઓનું પાલન આવશ્યક છે. એનાથી નિષ્ફળ બનેલી વાસનાઓ ધીમે ધીમે મંદ પડતાં આત્માના જ્ઞાનાદિ યોગોનું બળ વધે છે અને પરિણામે વાસનાઓનો ક્ષય થતાં સંયમ વિશુદ્ધ બની આત્માને વિશુદ્ધ બનાવે છે. ગુપ્તિનું પાલન રાત્રિ કે દિવસ કોઈ પણ સમયે કરવાનું છે અને સમિતિઓનું પાલન તે તે મન, વચન અને કાયાથી ચાલવું, બોલવું વગેરે પ્રવૃત્તિઓ કરતાં કરવાનું છે.

# ભિક્ષુની બાર પડિમાઓ

**પડિમા**-પ્રતિમા, એનો અર્થ એ છે કે વિશેષ આરાધનાની યોગ્યતા કેળવીને તે પ્રમાણે આરાધના માટે વિશેષ (આકરો) અભિગ્રહ કરવો-પાળવો.

ગૃહસ્થને 'સમ્યક્ત્વ પ્રતિમા' વગેરે અગિયાર પ્રતિમા હોય છે, કિન્તુ સાધુને બાર પ્રતિમાઓ કહેલી છે: ૧. એક માસિકી, ૨. દ્વિ માસિકી, ૩. ત્રણ માસિકી, ૪. ચાર માસિકી, ૫. પાંચ માસિકી, ૬. છ માસિકી, ૭. સાત માસિકી, ૮. પ્રથમ સાત અહોરાત્રની, ૯. બીજા સાત અહોરાત્રની, ૧૦. ત્રીજા સાત અહોરાત્રની, ૧૧. એક (ત્રણ) અહોરાત્રની અને ૧૨. એક રાત્રિની. કહ્યું છે કે—

**मासाई सत्तंता, पढमाबिइतइअसत्तरायदिणा ।**
**अहराइ एगराई, भिक्खूपडिमाणबारसगं ॥ १ ॥**

**ભાવાર્થ**-એકથી સાત સુધી એક મહિના, બે મહિના વગેરેની અર્થાત્ જેટલામી પ્રતિમા હોય તેટલા મહિનાની; આઠમી, નવમી, દશમી સાત સાત અહોરાત્રની. ૧૧મી એક અહોરાત્રની અને ૧૨મી એક રાત્રિની, એમ ભિક્ષુ-ઓની પ્રતિમાઓ બાર જાણવી.

આ પ્રતિમાઓનું પાલન કરવા ઇચ્છતા સાધુ પહેલાં ગચ્છની નિશ્રાએ જિનકલ્પિકની જેમ તપ, શ્રુતજ્ઞાન, સંઘયણ, એકત્વ અને સત્ત્વ એ પાંચ વિષયમાં પરિકર્મ એટલે

તુલના કરે, તે તે વિષયમાં આત્માની યોગ્યતા કેળવે. જે પ્રતિમાનો જેટલો કાળ હોય તેટલો કાળ તે પ્રતિમાના પરિકર્મનો જાણવો. વર્ષા-ચાતુર્માસમાં પરિકર્મ કે પ્રતિમા થઈ શકે નહિ. એથી પહેલી અને બીજી એમ બે પ્રતિમા એક વર્ષમાં થઈ શકે; ત્રીજી, ચોથી બે એક એક વર્ષમાં; પાંચમી, છઠ્ઠી, સાતમી, ત્રણનું પરિકર્મ એક એક વર્ષે અને પ્રતિમા-પાલન બીજા બીજા વર્ષે-એમ દરેકનાં બે બે વર્ષો, એમ પહેલી સાત પ્રતિમાઓ માટે નવ વર્ષો જોઈએ અને પછીની પાંચે એક જ વર્ષમાં થઈ શકે.

પ્રતિમા-પાલક જિનકલ્પિકની જેમ, શરીરની મમતા અને સારસંભાલ ન કરે; પ્રાયઃ (આહાર, વિહાર, નિહારને છોડીને) કાયોત્સર્ગમાં રહે; દેવાદિના ઉપસર્ગો અને પરીષહોને પણ સમતાપૂર્વક સહન કરે; આહાર અલેપકૃત્ અને તે પણ એષણાના સંસૃષ્ઠાદિ સાત પ્રકારો પૈકી ઉદ્ધૃતાદિ પાંચ પ્રકારોમાંના અન્યતર બે પ્રકારોથી લેવાનો અભિગ્રહ કરી, એક પ્રકારથી આહાર અને બીજા પ્રકારથી પાણી ગ્રહણ કરે.

પ્રતિમા ગ્રહણ કરનાર ગચ્છમાં પરિકર્મ કર્યા પછી ગચ્છમાંથી નીકળીને પહેલી એક મહિનાની પ્રતિમા ગ્રહણ કરે; તે એક મહિના સુધી આહાર અને પાણીની એક એક દત્તિ ગ્રહણ કરે; મહિનો પૂર્ણ થતાં પુનઃ ગચ્છમાં આવે અને બીજીનું પરિકર્મ બે મહિના સુધી ગચ્છમાં કરી બીજી પ્રતિમાને સ્વીકારે—એમ સાત પ્રતિમાઓ માટે સમજવું. માત્ર એટલું વિશેષ છે કે જેટલામી પ્રતિમા હોય તેટલી

દત્તિઓથી આહાર અને તેટલી દત્તિઓથી પાણી વહોરે.

**આઠમી**–પહેલા સાત અહોરાત્રની પ્રતિમામાં ગામની બહાર રહે, ચોથ ભક્ત (એકાન્તર ઉપવાસ) અને પારણે આયંબિલ કરે, દત્તિનો નિયમ નથી. તેઓ ચત્તા કે પાસું વાળીને સૂઈ રહે, ઊભા રહે, અથવા સરખી જગ્યાએ બેસે —એ પ્રમાણે યથાશક્તિ સાત અહોરાત્ર રહે.

**નવમી**–બીજા સાત અહોરાત્રની પ્રતિમા પણ ગામ-નગરાદિની બહાર રહીને પાળે; એમાં એટલું વિશેષ છે કે, ઉત્કટિકા આસને રહીને, અથવા મસ્તક અને પગની પાનીઓ સિવાય શરીરનો અન્ય ભાગ જમીનને ન સ્પર્શે તેમ, અથવા માત્ર પૃષ્ઠ (પીઠ) સિવાયનું અંગ જમીનને સ્પર્શ ન કરે તેમ, અથવા પગ લાંબા કરીને દંડની જેમ ભૂમિ પર શરીરને લાંબુ કરીને, એમ કોઈ પણ આસને રહે.

**દશમી**–ત્રીજા સાત અહોરાત્રની પણ એમ જ સમજવી; વિશેષ એટલું કે ગોદોહિકા આસને, વીરાસને (સિંહાસન ઉપર બેસીને પગ નીચે મૂકયા પછી આસન લઈ લેતાં જે રીતે શરીર રહે તેમ) કે આંબાના ફળની જેવો શરીરનો વાંકો આકાર કરીને રહે. આ ત્રણમાં સાત સાત અહોરાત્ર ઉપરાંત આગળ-પાછળ એકાસણાનો એક એક દિવસ મેળવતાં પ્રત્યેકના નવ નવ દિવસ ગણતાં સત્તાવીશ દિવસો થાય.

**અગિયારમી**–અહોરાત્રની પ્રતિમામાં છઠ્ઠનો તપ

કરે; એમ બે ઉપવાસના ચાર ભક્ત અને આગળ પાછળ એકાસણું કરી એક એક ભક્ત છોડતાં કુલ છ ભક્તનો ત્યાગ કરે. તે પણ પહેલા અહોરાત્ર પછી છઠ્ઠનો તપ કરવાનો હોવાથી ત્રણ દિવસની સમજવી. છેલ્લા પારણાના એકાસણાનો દિવસ પ્રતિમામાં ગણવો નહિ.

**બારમી**-એક રાત્રિકી પ્રતિમા ચાર દિવસે પૂર્ણ થાય, કારણ કે જે રાત્રિએ આ પ્રતિમાનું પાલન કરે, પાળે તે રાત્રી પછી લાગલો જ ત્રણ દિવસનો અઠ્ઠમ તપ કરવાનો હોય છે. એ પણ ગ્રામ-નગરાદિની બહાર આખી રાત્રી અનિમેષ નેત્રથી સિદ્ધશિલાની સામે (ઊંચી) દૃષ્ટિ રાખીને થાય છે. એમાં અવધિ આદિ કોઈ એક વિશિષ્ટ જ્ઞાન પ્રગટે છે.

## બાવીસ પરીષહો

૧. **ક્ષુધા**-ભૂખ લાગવા છતાં શક્તિવંત સાધુ એષણા-સમિતિનું રક્ષણ કરે અને દીનતા કે વિહ્વલતા વિના ગીતાર્થ એવો સાધુ માત્ર સંયમ યાત્રાનું લક્ષ્ય રાખી ગોચરી માટે ફરે.

૨. **પિપાસા**-તૃષાતુર થયેલો પણ સાધુ વિહારમાં પણ તત્ત્વનો જાણ, ગીતાર્થ, દીનતા વિના પંથ કાપે, કિન્તુ સચિત્ત કે શીતળ પાણીની વાંછા ન કરે, અચિત્ત અને નિર્દોષ પાણીની શોધ કરે.

૩. **શીત**-વસ્ત્રાદિ કે કામળી આદિથી રહિત પણ સાધુ શીતપરિષહને (ઠંડીને) સહન કરે, પણ અકલ્પ્ય વસ્ત્રનો કે અગ્નિનો ઉપયોગ કરવાની ઇચ્છા સરખી ન કરે.

૪. **ઉષ્ણ**–ગરમીથી તપેલો પણ સાધુ ગરમીની નિન્દા ન કરે, છાયાનું સ્મરણ ન કરે, તેમ પંખાની કે શરીરે જળ સિંચવા વગેરેની ઇચ્છા પણ ન કરે.

૫. **દંશમશક**–ડાંસ, મચ્છર વગેરે કરડવા છતાં જીવમાત્રને આહાર પ્રિય છે એમ સમજતો, તેને દૂર ન કરે, દ્વેષ પણ ન કરે અને ત્રાસ પણ ન પામે.

૬. **અચેલક**–જીર્ણપ્રાયઃ વસ્ત્રને ધારણ કરતો મુનિ 'મારે વસ્ત્ર નથી અથવા આ વસ્ત્રો સારાં નથી,' એમ આર્ત્તધ્યાન ન કરે, કિન્તુ સંયમની લાભ-હાનિને સમજતો, સારાં-ખોટાં વસ્ત્રોની ઇચ્છા નહિ કરતાં જ્યારે જે સંયમોપકાર એને લભ્ય હોય તેમાં પ્રસન્ન રહે, રાગ-દ્વેષ ન કરે.

૭. **અરતિ**–ધર્મરૂપ આરામને ઇચ્છતો મુનિ ચાલવામાં, ઊભા રહેવામાં કે બેસવામાં પણ ચિત્તની સ્વસ્થતા (સમાધિ)ને કેળવે; પણ અરતિ ન કરે.

૮. **સ્ત્રી**–મુનિને સ્ત્રીનો અનુકૂળ પરીષહ આવે (ભોગાદિની પ્રાર્થના કરે), ત્યારે પણ મુનિ સ્ત્રીના ભોગની ઇચ્છા સરખી પણ ન કરે, કિન્તુ સ્ત્રીનો સંગ દુર્ધ્યાનનું કારણ છે, મોક્ષની સાધનામાં વિઘ્નભૂત છે અને તેની ચિંતા કરવામાત્રથી પણ ધર્મનો નાશ થાય છે, એમ વિચારે. એ પ્રમાણે સ્ત્રીઓ પુરુષને અંગે વિચારે.

૯. **ચર્યા-વિહાર**–સાધુ ગ્રામાનુગ્રામ વિચરે, વિના

કારણ સ્થિરવાસ ન રહે; કોઈ ગામ, નગર કે ઉપાશ્રયાદિ સ્થાનનો પ્રતિબંધ (રાગ) ન કરે અને પોતે એકલો વિચરવા માટે યોગ્ય હોય તો, વિશેષ કર્મનિર્જરા માટે, ગુરુની આજ્ઞાથી, વિવિધ અભિગ્રહો કરીને, એકલો પણ વિચરે; વિશિષ્ટ યોગ્યતા જેનામાં હોય તે જ એકાકી વિચરી શકે.

૧૦. **નિષદ્યા (આસન)**-સ્ત્રી, પશુ, પંડકાદિ ભાવકંટક ન હોય તેવી સ્મશાન વગેરે ભૂમિમાં પણ કાયોત્સર્ગ વગેરે કરતો મુનિ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોને નિર્ભયપણે, શરીરની પણ દરકાર છોડીને, શુભ ભાવનાથી સહે.

૧૧. **વસતિ (શય્યા)**-સવારે તો વિહાર કરવાનો છે એમ વિચારતો મુનિ વસતિનાં ગરમી, ઠંડી, ખાડા, ટેકરા વગેરેમાં રાગ-દ્વેષ કર્યા વિના સુખ-દુઃખને સહન કરે, સારા-ખોટા ઉપાશ્રય પ્રત્યે રાગ-દ્વેષ ન કરે.

૧૨. **આક્રોશ**-પોતે 'ક્ષમાશ્રમણ' છે એમ ભાવના ભાવતો મુનિ બીજો કોઈ પોતાના ઉપર ક્રોધ કરે તોપણ પોતે ક્રોધ ન કરે, કિન્તુ આક્રોશ કરનારને પણ ઉપકારી માને.

૧૩. **વધ (તાડન-તર્જન)**-કોઈ તાડન કરે (માર મારે) તોપણ 'મને મારી તો નથી નાંખતો ને ?'-એમ સમજતો મુનિ સામો તેને મારે તો નહિ, પણ ભલે એણે દુષ્ટતાથી ક્રોધ કર્યો, તોપણ મારે તો ક્ષમાગુણની સાધના માટે ઉપકાર થયો એમ ચિંતવે.

૧૪. **યાચના**-પરના દાન ઉપર જીવનારા મુનિને

યાચના કરવી તે યોગ્ય નથી, એમ સમજતો મુનિ યાચના કરવામાં દુઃખ ન માને અને પુનઃ ગ્રહવાસની ઇચ્છા પણ ન કરે.

૧૫. **અલાભ**–બીજાની પાસેથી પોતાના કે પરના માટે આહારાદિ મળવાથી મદ ન કરે અને ન મળવાથી પોતાની કે દાતારની નિન્દા પણ ન કરે.

૧૬. **રોગ**–કર્મોના ઉદયથી, કોઈ પ્રસંગે, રોગ થાય તો મુનિ ઉદ્વેગ ન કરે; તે માટે ઔષધાદિની ઇચ્છા પણ ન કરે; કિન્તુ શરીર અને આત્માની ભિન્નતાને સમજી, દીનતા વિના, પ્રસન્ન ચિત્તે રોગને સહન કરે.

૧૭. **તૃણસ્પર્શ**–વસ્ત્રના અભાવે કે અલ્પ હોય ત્યારે તૃણ (ઘાસ) વગેરેનો સંથારો કરતાં મુનિ તેના સ્પર્શનું દુઃખ સહન કરે, કિન્તુ કોમળ સાધનની કે કોમળ તૃણની ઇચ્છા ન કરે.

૧૮. **મલ**–ઉનાળાના તાપથી પસીનાને કારણે ગાત્રો ભીંજાતાં શરીરે મેલ થાય, તે મેલથી મુનિ ઉદ્વેગ ન કરે, સ્નાનની ઇચ્છા પણ ન કરે, તેમ શરીર ચોળીને મેલને દૂર પણ ન કરે, પરંતુ મલિન ગાત્રોના દુઃખને સહન કરે.

૧૯. **સત્કાર**–મુનિ, પોતાના સત્કાર માટે ઊભા થવું, પૂજન કરવું, માન આપવું ઇત્યાદિ અભિલાષા તો ન કરે, કિન્તુ કોઈ એવો સત્કાર કરે તો હર્ષ પણ ન કરે અને સત્કાર ન કરે તો દુઃખ પણ ન ધરે.

૨૦. **પ્રજ્ઞા(બુદ્ધિ)**-બીજા બુદ્ધિમાનોની વિશિષ્ટ બુદ્ધિને જોઈને અને પોતાની તેવી બુદ્ધિ નથી એમ સમજતો મુનિ વિષાદ ન કરે તથા બુદ્ધિનો પોતામાં ઉત્કર્ષ હોય તો મદ પણ ન કરે.

૨૧. **અજ્ઞાન**-હું જ્ઞાન-ચારિત્રયુક્ત છતાં છદ્મસ્થ છું, એમ સમજતો મુનિ જ્ઞાનની પ્રાપ્તિ ક્રમશઃ અભ્યાસ કરતાં થાય છે એમ માની અજ્ઞાનને સહન કરે, કિન્તુ અક્રમથી જ્ઞાન મેળવવા ન ઇચ્છે અને અજ્ઞાનનું દુઃખ પણ ન ધરે.

૨૨. **સમ્યક્ત્વ**-સમ્યક્ત્વવંત મુનિ શ્રી જિનેશ્વરો તેમ જ તેઓએ કહેલા જીવ, ધર્મ, અધર્મ, પરલોક વગેરે પદાર્થો પ્રત્યક્ષ નહિ છતાં તે મિથ્યા નથી, એમ સમજે.

એ પ્રમાણે મન, વચન, કાયાને વશ કરનારો મુનિ સ્વપ્રેરિત કે પરપ્રેરિત શારીરિક અને માનસિક પરીષહોને નિર્ભયપણે સહન કરે.

આ પરીષહો જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મોના ઉદયથી સંભવે છે. તેમાં ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ-એ ૧૧ વેદનીયના ઉદયથી; પ્રજ્ઞા અને અજ્ઞાન બે જ્ઞાનાવરણીયના ઉદયથી; અલાભ પરીષહ અંતરાય કર્મના ઉદયથી; સમ્યક્ત્વ દર્શનમોહનીયના ઉદયથી અને અચેલક, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર-એ સાત ચારિત્રમોહનીયના ઉદયથી હોય છે.

તેમાં બાદર સંપરાય (નવમા) ગુણસ્થાનક સુધી સર્વે, સૂક્ષ્મસંપરાય અને ક્ષીણમોહ ગુણસ્થાનકે છદ્મસ્થને વેદનીયના ૧૧, જ્ઞાનાવરણીયના ૨ અને અંતરાયના ઉદયથી થતો ૧–એમ ચૌદ હોય છે; તથા વેદનીયના ઉદયજન્ય ૧૧ કેવલીને પણ હોય છે.

તેમાં પણ એકસાથે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ૨૦ હોય છે, કેમ કે પરસ્પર વિરુદ્ધ શીત-ઉષ્ણ તથા વિહાર-વસતિ સાથે સંભવે નહિ. શ્રી તત્ત્વાર્થસૂત્રમાં તો વિહાર-વસતિ અને નિષદ્યા ત્રણ પૈકી એકવખતે એક જ હોય એમ કહી ઉત્કૃષ્ટથી એક જીવને એક સાથે ૧૯ કહ્યા છે.

# ચાર પ્રકારની ભાષા અને તેના ૪૨ ઉત્તર ભેદો

**पढमा भासा सच्चा, बीआ उ मुसा विवज्जिआ तासिं।**
**सच्चामुसा असच्चामुसा पुणो तच्चउत्थी उ ॥ १ ॥**

**ભાવાર્થ**-પહેલી સત્યા, બીજી તેનાથી વિપરીત મૃષા, ત્રીજી સત્યામૃષા (મિશ્ર) અને ચોથી અસત્યા-અમૃષા (વ્યવહાર) ભાષા એમ વ્યવહારનયે ભાષાના મૂળ ચાર ભેદો છે. નિશ્ચયનયે તો બોલનારના ઉપયોગ (ઉદ્દેશ)ને અનુસારે સત્ય અને અસત્ય, એમ બે જ પ્રકારો ભાષા-રહસ્યમાં કહેલા છે; અને આરાધક-વિરાધક ભાવની અપે-ક્ષાએ ઘટે પણ તે બે જ છે. તેમાં પહેલી સત્યાભાષાના દશ ભેદો આ પ્રમાણે છે: ૧. **જનપદસત્ય**-જનપદ એટલે દેશ; અમુક દેશમાં કોઈ અમુક વસ્તુ માટે અમુક શબ્દ બોલાતો હોય તે અન્ય દેશમાં ન બોલાતો હોય તોપણ દેશની અપેક્ષાએ સત્ય ગણાય. ૨. **સમ્મતસત્ય**-સર્વસંમત વચન, જેમ કે રાત્રિવિકાસી, સૂર્યવિકાસી વગેરે કમળો બધાં પંકમાં (કાદવમાં) ઊગે છે, તોપણ આબાલગોપાલ અરવિન્દને જ પંકજ કહેવાય છે, બીજાને નહિ, માટે પંકજ એટલે અરવિન્દ (કમળ) ગણાય, બીજી જાતનાં કમળો નહિ ઇત્યાદિ. ૩. **સ્થાપનાસત્ય**-સ્થાપના (વ્યવહાર)થી સત્ય; જેમ કે એકડાની આગળ બે મીડાં સ્થાપવાથી સો, ત્રણ મીડાં

મૂકવાથી હજાર વગેરે. અથવા પાષણાદિની સ્થાપેલી મૂર્તિ; ચિત્ર વગેરેમાં 'અરિહંત' વગેરે તે તે વ્યક્તિને માનવી તે. ૪. **નામસત્ય**-નામમાત્રથી સત્ય; જેમ કે કુળની વૃદ્ધિ નહિ કરવા છતાં કોઈ વ્યક્તિનું નામ કુલવર્ધન રાખ્યું હોય તો તેને નામમાત્રથી 'કુલવર્ધન' માનવો તે. ૫. **રૂપસત્ય**-રૂપની અપેક્ષાએ સત્ય; જેમ કે દંભથી કોઈએ સાધુવેષ પહેર્યો હોય તો તેના તે વેષ (રૂપ)થી તેને સાધુ કહેવો તે. ૬. **પ્રતીત્યસત્ય**-અન્ય વસ્તુને આશ્રિને સત્ય; જેમ કે અનામિકા અંગુલીને કનિષ્ઠાની અપેક્ષાએ લાંબી અને મધ્યમાની અપેક્ષાએ ટૂંકી કહેવી. ૭. **વ્યવહારસત્ય**-લોકવ્યવહારથી સત્ય; જેમ કે પર્વત ઉપર ઘાસ કે ઝાડ બળતાં હોય છતાં લોકોમાં બોલાય છે કે પર્વત બળે છે; પાણી ગળવા છતાં બોલાય કે પાત્ર ગળે છે; પેટ હોવા છતાં કોઈ ગર્ભ ધારણ ન કરે તેવી સ્ત્રીને 'અનુદરા'-પેટ વગરની કહેવી ઇત્યાદિ. આવું વ્યવહારથી સાધુ પણ બોલે તો તે વ્યવહારસત્ય સમજવું. ૮. **ભાવસત્ય**-વર્ણ વગેરે તે તે ભાવોની ઉત્કટતાની અપેક્ષાએ બોલાતું વચન; જેમ કે પાંચે વર્ણો હોવા છતાં ઉજ્જવળ વર્ણ ઉત્કટ હોવાથી શંખને ઉજ્જવળ કહેવો; પાંચે વર્ણવાળા ભમરામાં કાળા વર્ણની ઉત્કટતા હોવાથી કાળો કહેવો ઇત્યાદિ. ૯. **યોગસત્ય**-અન્ય વસ્તુ વગેરેના યોગની અપેક્ષાએ તે તે પ્રકારે બોલવું તે; જેમ કે કોઈ હંમેશાં છત્ર ધારણ કરતો હોવાથી કદાચિત્ છત્ર ન હોય ત્યારે પણ તેને છત્રવાળો કહેવો, મંત્રી આદિ પદ છોડી દેવા છતાં તેને મંત્રી તરીકે ઓળખવો ઇત્યાદિ.

અને ૧૦. **ઉપમાસત્ય**-ઉપમાનો ઉપચાર કરી બોલવું; જેમ કે મોટા તળાવને સમુદ્ર તુલ્ય કહેવું, અતિ રૂપવાનને દેવ તુલ્ય કહેવો વગેરે.

બીજી મૃષાભાષાના દશ ઉત્તર ભેદો આ પ્રમાણે છે: ૧. ક્રોધઅસત્ય, ૨. માનઅસત્ય, ૩. માયાઅસત્ય. ૪. લોભઅસત્ય, ૫. રાગ(પ્રેમ)અસત્ય, ૬. દ્વેષઅસત્ય, ૭. હાસ્યઅસત્ય, ૮. ભયઅસત્ય, ૯. કથાઅસત્ય અને ૧૦. ઉપઘાતઅસત્ય. તેમાં ક્રોધથી બોલાયેલું સત્ય છતાં અસત્ય, અથવા ક્રોધથી દાસ નહિ છતાં દાસ કહેવો તે ૧. **ક્રોધઅસત્ય.** એ રીતે માનથી 'હું સમર્થ છું, સ્વામી છું,' વગેરે સાચું કે ખોટું બોલવું તે ૨. **માનઅસત્ય.** બીજાને ઠગવાના આશયથી સત્ય કે અસત્ય બોલવું તે ૩. **માયાઅસત્ય.** લોભથી અલ્પ મૂલ્યવાળા પદાર્થને બહુ મૂલ્યવાળો કહેવો વગેરે ૪. **લોભઅસત્ય.** રાગ-પ્રેમથી સ્ત્રીને કહેવું કે 'હું તારો દાસ છું' વગેરે ૫. **પ્રેમઅસત્ય.** દ્વેષથી ગુણવાનને પણ નિર્ગુણી કહેવો વગેરે ૬. **દ્વેષ-અસત્ય.** હાંસી-મશ્કરીમાં બોલવું તે ૭. **હાસ્યઅસત્ય.** ચોર વગેરેના ભયથી ગભરાઈને જેમ તેમ અસંબદ્ધ બોલવું તે ૮. **ભયઅસત્ય.** વાત-કથા કરતાં અસંભવિત છતાં સંભવિત જણાવવું તે ૯. **કથાઅસત્ય.** અને ઉપઘાતને યોગે 'તું ચોર છે' વગેરે બોલવું તે ૧૦. **ઉપઘાતઅસત્ય.**

ત્રીજી સત્યામૃષા (મિશ્ર) ભાષાના દશ પ્રકારો આ પ્રમાણે છે: ૧. **ઉત્પન્નમિશ્ર**-કોઈ ગામમાં દશથી ન્યૂન

કે અધિક બાળકોનો તે દિવસે જન્મ થવા છતાં આજે અહીં દશ બાળકો જન્મ્યાં વગેરે બોલવું તે. ૨. **વિગત-મિશ્ર**–જન્મની જેમ ન્યૂનાધિક મરણ થવા છતાં આજે આટલા માણસો મરી ગયા વગેરે બોલવું તે. ૩. **ઉભયમિશ્ર**–ઉત્પત્તિ અને વિનાશ ઉભયને અંગે ન્યૂનાધિક છતાં અમુક સંખ્યામાં જન્મ્યા અને અમુક સંખ્યામાં મર્યા વગેરે બોલવું તે. ૪. **જીવમિશ્ર**–ઘણા જીવોના ઢગલામાં થોડા મરેલા પણ હોવા છતાં 'આ જીવોનો સમૂહ છે' એમ બોલવું તે. ૫. **અજીવમિશ્ર**–ઘણા મરેલા સાથે થોડા જીવતા છતાં આ 'મુડદાનો સમૂહ છે' એમ બોલવું તે. ૬. **જીવા-જીવમિશ્ર**–એ જ ઢગલામાં જીવતા અને મરેલા જીવોની સંખ્યા નક્કી નહિ કરવા છતાં 'આટલા જીવતા છે, આટલા મરેલા છે,' એમ નિશ્ચય આંકથી બોલવું વગેરે. ૭. **અનંતમિશ્ર**–મૂળો વગેરે અનંતકાયિકા વસ્તુ તેનાં પાકેલાં પાંદડાં કે બીજી કોઈ વસ્તુની સાથે રહેલી જોઈને તે પાંદડાં વગેરે સર્વને 'આ અનંતકાયિક છે' વગેરે કહેવું તે. ૮. **પ્રત્યેક-મિશ્ર**–એ પણ અનંતમિશ્રની પેઠે પ્રત્યેક વનસ્પતિને અંગે બોલવું તે. ૯. **અદ્ધામિશ્ર**–અદ્ધા એટલે પ્રસંગાનુસાર અહીં દિવસ વા રાત્રિ; તેને અંગે કોઈ શીઘ્રતા કરાવવા રાત્રિ છતાં બોલે કે દિવસ ઊગ્યો અથવા દિવસ છતાં બોલે કે રાત્રી પડી ઇત્યાદિ. અને ૧૦. **અદ્ધાદ્ધામિશ્ર**–અહીં દિવસ કે રાત્રીનો એક દેશ તે 'અદ્ધાદ્ધા' સમજવો; જેમ કે કોઈ પહેલા પ્રહરે પણ ઉતાવળ કરાવવા કહે કે 'જલદી કર, મધ્યાહ્ન થયો' વગેરે.

ચોથી અસત્યાઅમૃષા (વ્યવહાર) ભાષાના બાર ઉત્તર-ભેદો આ પ્રમાણે છે: ૧. **આમન્ત્રણી**–આમન્ત્રણ અર્થે 'હે દેવદત્ત!' ઇત્યાદિ બોલવું તે; આ ભાષા સત્યા, અસત્યા અને મિશ્ર એ ત્રણેથી વિલક્ષણ હોવાથી સત્ય પણ નથી અને અસત્ય પણ નથી, માટે મિશ્ર પણ નથી, તેથી તેને 'અસત્યા-અમૃષા' (વ્યવહારભાષા) સમજવી. ૨. **આજ્ઞાપની**–આજ્ઞાવચન, જેમ કે 'આમ કર' ઇત્યાદિ. ૩. **યાચની**–'અમુક આપ' ઇત્યાદિ યાચના-વચન. ૪. **પ્રચ્છની**–અજાણપણાથી કે સંશયથી જાણનારને 'આ શું છે?'–ઇત્યાદિ પૂછવું તે. ૫. **પ્રજ્ઞાપની**–શિષ્યાદિને ઉપદેશ દેવો, જેમ કે 'હિંસા નહિ કરવાથી આયુષ્ય દીર્ઘ થાય છે' વગેરે બોલવું તે. ૬. **પ્રત્યાખ્યાની**–યાચકને નિષેધ કરવો વગેરે નકાર-વચન. ૭. **ઇચ્છાનુવર્તિની**–પૂછનારની ઇચ્છાને અનુસરતો જવાબ આપવો વગેરે. ૮. **અનભિગૃહીતા**–કોઈ એક નિર્ણય વિનાનું વચન, જેમ કે કોઈ પૂછે 'અત્યારે શું કરું?' તેના જવાબમાં 'જે યોગ્ય જણાય તે કરો' વગેરે. ૯. **અભિગૃહીતા**–નિર્ણયાત્મક વચન, અમુક કામ કરવું, અમુક નહિ, ઇત્યાદિ. ૧૦. **સંશયકરણી**–અનેક અર્થો સમજાય તેવો શબ્દ બોલી સામાને સંશય ઉપજાવવો તે. ૧૧. **વ્યાકૃતા**–સ્પષ્ટાર્થ વચન, અને ૧૨. **અવ્યાકૃતા**–ગૂઢ અર્થવાળું અથવા અસ્પષ્ટ અક્ષરવાળું વચન.

એમ ચાર ભાષાના ઉત્તર ભેદો ૪૨ છે, તે સમજીને સત્યવ્રતના પાલન માટે પહેલી અને છેલ્લી ભાષાઓ બોલવી, અસત્યા અને મિશ્રનો ત્યાગ કરવો.

# પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓ

## પહેલા મહાવ્રતની પાંચ ભાવનાઓ—

मनोगुप्त्येषणादाने-र्याभिः समितिभिः सदा ।
दृष्टान्नपानग्रहणेनाऽहिंसां भावयेत् सुधीः ॥ १ ॥

**ભાવાર્થ**-૧. મનોગુપ્તિ, ૨. એષણાસમિતિ, ૩. આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ અને ૪. ઈર્યાસમિતિ-એ ચારનું પાલન કરવું, તથા આહાર-પાણી જોઈને ગ્રહણ કરવાં, વાપરવાં, એમ પાંચ પ્રકારે અહિંસાવ્રતનું બુદ્ધિમાન આત્માએ રક્ષણ કરવું. પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરેની જેમ હિંસામાં મનનું પ્રાધાન્ય હોવાથી મનોગુપ્તિનું અહિંસામાં ઉપયોગીપણું છે. તથા એષણાસમિતિ દ્વારા નિર્દોષ પિંડ લેવાથી, વસ્તુ લેવા-મૂકવા વગેરેમાં આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિના પાલનથી, ગમનાગમનમાં ઈર્યાસમિતિના પાલનથી તથા આહાર-પાણી આદિ ચક્ષુ દ્વારા જોઈને લેવાથી અને દિવસે પ્રકાશવાળા સ્થળે પહોળા મુખના ભાજનમાં વાપરવાથી અહિંસાનું પાલન થાય છે.

## બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ—

हास्यलोभभयक्रोधप्रत्याख्यानैर्निरन्तरम् ।
आलोच्यभाषणेनाऽपि, भावयेत् सुनृतव्रतम् ॥ २ ॥

**ભાવાર્થ**-બોલવામાં હાસ્યાદિ ચારનો ત્યાગ કરવો અને વિચારીને બોલવું-એમ પાંચ પ્રકારે સત્યવ્રતનું પાલન

કરવું. કારણ કે, હાંસીથી બોલનારો મિથ્યા (ખોટું) બોલે, એ રીતે લોભને વશ થયેલો ધનની ઇચ્છાથી, ભયભીત બનેલો પ્રાણ વગેરેના રક્ષણ માટે અને ક્રોધી પણ ક્રોધને વશ મિથ્યા બોલે, માટે સત્યની રક્ષા માટે બોલવામાં હાસ્યાદિનો હંમેશાં ત્યાગ કરવો તથા હાસ્યાદિ વિના પણ જૂઠું, અહિતકર વગેરે ન બોલાઈ જાય તેમ વિચારીને બોલવું.

**ત્રીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ—**

> **आलोच्यावग्रहयाच्ञाऽभीक्ष्णावग्रहयाचनम् ।**
> **एतावन्मात्रमेवैतदित्यवग्रहधारणम् ॥ ३ ॥**
> **समानधार्मिकेभ्यश्च, तथाऽवग्रहयाचनम् ।**
> **अनुज्ञापितपानाऽन्नाऽशनमस्तेयभावनाः ॥ ४ ॥**

**ભાવાર્થ**-ઇન્દ્ર, રાજા, માંડલિક, શય્યાતર અને સાધુ (સાધર્મિક)-એમ પાંચ પૈકી જેનો અધિકાર જ્યાં હોય, તેનો ત્યાં વિચાર કરીને અવગ્રહ (જગ્યા)ની યાચના કરવી. એ પાંચમાં પૂર્વ પૂર્વનો અવગ્રહ ઉત્તર ઉત્તરને બાધક છે, જેમ કે રાજાનો અવગ્રહ ઇન્દ્ર પાસે માગવા છતાં ન કલ્પે, તેમ માંડલિકનો અવગ્રહ રાજા પાસે, શય્યાતરનો માંડલિક પાસે અને સાધુઓ ઊતરેલા હોય તે વસતિને શય્યાતર પાસે માગવા છતાં અને તેણે આપવા છતાં પણ ન કલ્પે; કિન્તુ જેનો જ્યાં મુખ્ય અધિકાર ચાલુ હોય, તેની પાસે માગવાથી જ કલ્પે, માટે તે પ્રમાણે વિચારીને જગ્યાની યાચના કરવી તે પહેલી ભાવના. પૂર્વે યાચેલા અવગ્રહને

પણ, બિમારી વગેરે કારણે, સ્થંડિલ, માત્રુ આદિ પરઠવવા શય્યાતર પાસે પુનઃ પુનઃ માગણી કરવી તે બીજી ભાવના. આટલું-અમુક પ્રમાણોપેત-ક્ષેત્ર મારે ઉપયોગી છે, એમ પ્રમાણનો નિર્ણય કરવો તે ત્રીજી ભાવના. જ્યાં પૂર્વે બીજા સાધુઓ રહેલા હોય તેની અનુમતિપૂર્વક માસકલ્પાદિ માટે પાંચ કોશ વગેરે પ્રમાણવાળા ક્ષેત્રની માગણી કરી, તેઓની અનુમતિપૂર્વક, ત્યાં ઉપાશ્રયાદિની યાચના કરવી તે ચોથી ભાવના. અને કલ્પ્ય તથા નિર્દોષ આહાર-પાણી આદિ પણ ગુરુની અનુજ્ઞાપૂર્વક લેવા અને વ્રત, પચ્ચક્ખાણ, તપ, જપ વગેરે ધર્મસાધના પણ ગુરુની અનુમતિ પ્રમાણે કરવી તે પાંચમી ભાવના સમજવી. એ પાંચ ભાવનાઓથી ત્રીજા મહાવ્રતનું રક્ષણ થઈ શકે છે. અન્યથા અદત્તાદાન, વૈર, વિરોધ આદિ અનેક દોષો ઉપરાંત જિનાજ્ઞાનો ભંગ વગેરે દોષો લાગે.

## ચોથા મહાવ્રતની પાંચ ભાવનાઓ—

स्त्रीषण्ढपशुमद्वेश्मा–सनकुड्यान्तरोज्झनात् ।
सरागस्त्रीकथात्यागात्प्राग्रतस्मृतिवर्जनात् ॥ ५ ॥
स्त्रीरम्याङ्गेक्षणस्वाङ्ग–संस्कारपरिवर्जनात् ।
प्रणीतात्यशनत्यागाद्, ब्रह्मचर्यं च भावयेत् ॥ ६ ॥

**ભાવાર્થ**-દેવીઓ, સ્ત્રીઓ કે તેનાં ચિત્રો તથા નપુંસકો અને પશુઓ જ્યાં હોય, તેવા ઉપાશ્રયનો અને તેઓનાં ભોગવેલાં આસનોનો તથા જેની ભીંતના આંતરે સ્ત્રી-

પુરુષની કામક્રીડાના શબ્દો સંભળાય, તેવા સ્થાનનો ત્યાગ કરવો તે પહેલી ભાવના. રાગને વશ બની સ્ત્રીઓની સાથે બોલવું નહિ કે સ્ત્રીની કથા પુરુષની સાથે કરવી નહિ અથવા રાગવતી સ્ત્રીની સાથે બોલવું નહિ કે રાગવતી સ્ત્રીની વાતો પુરુષની સાથે કરવી નહિ તે બીજી ભાવના. પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ તજવું તે ત્રીજી ભાવના. સ્ત્રીનાં કે તેનાં ચિત્રો, મૂર્તિ આદિનાં 'મુખ, નેત્રો, સ્તન' વગેરે વિકારજનક અંગોનું નિરીક્ષણ નહિ કરવું અને પોતાનાં અંગોનો સંસ્કાર (શોભા) વગેરે નહિ કરવું તે ચોથી ભાવના. અને સ્નિગ્ધ (માદક) અને સ્વાદિષ્ટ-રસદાર આહારનો તથા લુખા પણ અધિક આહારનો ત્યાગ કરવો તે પાંચમી ભાવના. એ પાંચ ભાવનાથી બ્રહ્મચર્યનું પાલન કરવું. (વસ્તુતઃ બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન એ જ પાંચ ભાવનાઓ છે. પહેલી ભાવનામાં વસતિ, આસન અને ભીંતના અંતરનું વર્જન-એ ત્રણ ગુપ્તિઓ છે; બીજીમાં સ્ત્રીકથાનો ત્યાગ; ત્રીજીમાં પૂર્વક્રીડિત સ્મૃતિનો ત્યાગ; ચોથીમાં ઇન્દ્રિયાદિ અંગોને જોવાનો અને સ્વશરીરની વિભૂષાનો ત્યાગ અને પાંચમી ભાવનામાં પ્રણીત અને અતિ આહારનો ત્યાગ -આ રીતે નવે ગુપ્તિઓનું પાલન આ પાંચમાં આવી જાય છે.)

**પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ—**

**स्पर्शे रसे च गन्धे च, रूपे शब्दे च हारिणि ।**
**पञ्चस्विती(स्वपी)न्द्रियार्थेषु, गाढं गार्द्धस्य वर्जनम् ॥७॥**

एतेष्वेवामनोज्ञेषु, सर्वथा द्वेषवर्जनम् ।
आकिञ्चन्यव्रतस्यैवं, भावनाः पञ्च कीर्तिताः ॥ ८ ॥

**ભાવાર્થ**–સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ અને શબ્દો–એ પાંચે ઇન્દ્રિયોના પાંચ મનપસંદ વિષયોમાં અતિ ગૃદ્ધિનો અને ન ગમે તેવા તે સ્પર્શાદિમાં સર્વથા દ્વેષનો ત્યાગ કરવો તે અપરિગ્રહ વ્રતની પાંચ ભાવનાઓ કહી છે. વસ્તુતઃ વિષયોનો વિરાગ એ જ ધર્મનું ફળ છે, કારણ કે એના રાગમાંથી દ્વેષ અને ક્રોધાદિ કષાયો જન્મે છે. એમાંથી અસત્ય, ચોરી, હિંસા વગેરે પાપોની પરંપરા જન્મે છે. માટે જ પરિગ્રહને (વિષયોની મૂર્છાને) સર્વ પાપોનું મૂળ કહ્યું છે, અને એ મૂર્છાનો વિજય કરવા અહીં અનુકૂળનો રાગ અને પ્રતિકૂળનો દ્વેષ તજવાનું કહ્યું છે.

આ પચીસ ભાવનાઓ વિના મહાવ્રતોનું પાલન માત્ર નામનું જ રહી જાય છે અને સંયમનાં કષ્ટો સહન કરવા છતાં આત્મામાં ગુણસ્થાનક વધતું કે ટકતું પણ નથી. ભાવનાઓ મહાવ્રતોના પ્રાણરૂપ છે. જેમ પ્રાણ વિનાનું શરીર ગમે તેવું શણગારેલું હોય, પણ તે નિરુપયોગી મુડદું ગણાય છે, તેમ ભાવનાઓના બળ વિનાનાં મહાવ્રતોનું પાલન ગમે તેવાં રાગપૂર્વક કરાય કે કષ્ટો વેઠીને બાહ્યથી સુંદર બનાવાય તો-પણ તેમાં આત્માના ભાવ પ્રાણો–જ્ઞાનાદિ ગુણો પ્રગટતા નથી.

# બાર ભાવનાઓ

સંસારને ઓળખવા માટે સંયોગોનું અનિત્યપણું ૧; જીવનું અશરણપણું ૨; એકલાપણું ૩; સર્વથી જુદાપણું ૪; શરીરનું અશુચિપણું ૫; નાટકિયાની જેમ જીવનું ભિન્ન ભિન્ન રૂપો અને સંબંધોથી ભટકવાપણું ૬; પ્રતિસમય કર્મોથી બંધન ૭; તેને રોકવાના ઉપાયો ૮; જૂનાં કર્મોથી છૂટવાના ઉપાયો ૯; જગત (ચૌદરાજ)નો વિસ્તાર, આકાર વગેરે ૧૦; એમાંથી છૂટવા માટે શ્રી જિનેશ્વરે કહેલા ધર્મની ઉત્તમતા ૧૧; અને એ ધર્મની પ્રાપ્તિની દુર્લભતા ૧૨ એમ બાર ભાવનાઓને વારંવાર ભાવવાથી જીવના અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહ વગેરે દોષો મંદ પડે છે, સંસારથી વૈરાગ્ય પ્રગટે છે, ધર્મપ્રાપ્તિ માટેની યોગ્યતા પ્રગટે છે અને પરિણામે સર્વ દુઃખોમાંથી છૂટી શાશ્વત સુખનો ભોગી બને છે.

૧. **અનિત્યપણું**–ઇષ્ટ મનુષ્યોનો મેળાપ, ઋદ્ધિ, વિષયસુખની સામગ્રી, સંપત્તિ વગેરે બાહ્ય સંયોગો તથા આરોગ્ય, શરીર, યૌવન અને છેવટે આયુષ્ય ( જીવન ) પણ નાશ પામનારું છે, માટે તેમાં મમત્વ નહિ કરવું.

૨. **અશરણપણું**–જન્મ, જરા અને મરણ વગેરે ભયોથી અને વિવિધ વ્યાધિઓથી ભરેલા જગતમાં ( એ આપત્તિઓથી રિબાતા ) જીવને બીજે ક્યાંય શરણ મળે તેમ નથી; અનાથ, દીન અને લાચારપણે ભવોભવ ભટકતા જીવને માત્ર એક શ્રી જિનવચન જ સાચું શરણ છે.

૩. **એકલાપણું**–એકલા જન્મતા અને મરતા જીવને સંસારચક્રમાં સારી-માઠી ગતિઓ એકલાને જ ભોગવવી પડે છે; માતા-પિતા, ભાઈ-બહેન, સ્ત્રી-પુત્ર કે કોઈ બીજું એમાં ભાગ કરતું નથી, માટે જીવે પોતાનું આત્મહિત પોતે એકલાએ જ કરવું જોઈએ, બીજાની આશા રાખવી વ્યર્થ છે.

૪. **સર્વથી જુદાપણું**–સ્વજનોથી, પરિવારથી, વૈભવથી અને જેને પાળી–પોષીને અનેક રીતે સંભાળું છું, તે શરીરથી પણ હું ભિન્ન છું, તેમાંનું કોઈ મારું નથી, એવી જેની બુદ્ધિ હોય તેને શોકરૂપ શત્રુ દુઃખી કરી શકતો નથી.

૫. **શરીરનું અશુચિપણું**–જે શરીર સ્વભાવે જ વસ્તુમાત્રને દુર્ગંધમય બનાવે છે, જેની ઉત્પત્તિ અશુચિમાંથી થયેલી છે અને પછી પણ તે ગંદા પદાર્થોથી પોષાય છે, તે શરીરનું સર્વત્ર અપવિત્રપણું વારંવાર વિચારવું. ઉપર મઢેલી ચામડી માત્રમાં મૂઢ બનેલો જીવ શરીરના રાગથી અનેકાનેક પાપો કરે છે; તે જો શરીરના સ્વરૂપને સમજે તો વૈરાગ્ય પ્રગટ થાય અને સર્વ પાપોનું કારણ શરીરનો રાગ ટળી જતાં મોક્ષની આરાધનામાં તે સાધન બની જાય.

૬. **સંસારી સંબંધોની વિચિત્રતા**–એક વાર જે માતા હોય છે, તે જ આ સંસારમાં બીજા જન્મમાં બહેન, પુત્રી કે પત્ની પણ થાય છે; બ્રાહ્મણ કસાઈ, રાજા રંક, પંડિત મૂર્ખ, દેવ કીડો કે શ્રીમંત દરિદ્ર પણ થાય છે.

તો કયા સંબંધમાં કોની ઉપર વિશ્વાસ રાખવો ?

૭. **આશ્રવ**-જેમ જેમ જીવ મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, કષાયો, અકુશલ, મન-વચન-કાયારૂપી ત્રણ દંડોનો આશ્રય લે છે, તેમ તેમ તેને નવાં કર્મો આવે (બંધાય) છે, માટે તે કર્મબંધનાં કારણોને રોકવા પ્રયત્ન કરવો જોઈએ.

૮. **સંવર**-સારાં કે માઠાં (પુણ્ય-પાપરૂપે) બંધાતાં કર્મોને રોકવા માટે (કુશળ) મન, વચન અને કાયા (રૂપ ગુપ્તિઓ) દ્વારા (શુભ)પ્રવૃત્તિ (અને અશુભમાંથી નિવૃત્તિ) કરવી તેને સમાધિજનક, આત્મહિતકર અને ઇષ્ટ સુખ આપનાર સંવર કહેલો છે, માટે તે સંવરના સ્વરૂપની ભાવના ભાવવી.

૯. **નિર્જરા**-જેમ ઘણો જૂનો પણ પેટમાં જામેલો મળ તેનું શોષણ કરવારૂપ ચિકિત્સા કરવાથી પાકીને નીકળી જાય છે, તેમ અતિ જૂનાં અને ઘણાં પણ એકઠાં થયેલાં કર્મો આશ્રવનાં દ્વારો બંધ કરીને સંયમમાં ઝીલતો આત્મા બાહ્ય-અભ્યંતર તપ દ્વારા પકાવીને ખેરવી નાખે છે.

૧૦. **લોકવિસ્તાર**-લોક એટલે જીવોને જન્મ-મરણાદિ દ્વારા પરિભ્રમણ કરવાનું સ્થાન. આનો આકાર બે હાથ કેડ ઉપર મૂકીને નીચેથી પગ પહોળા કરી ઊભેલા મનુષ્યના જેવો ગોળ છે. તે નીચે સાત રાજ પહોળો, ચૌદ રાજ ઊંચો, મધ્યમાં એક રાજ, કોણીના ભાગે પાંચ રાજ અને મસ્તકે એક રાજ પહોળો છે. તેમાં આ જીવે સર્વ ઠેકાણે (સર્વ આકાશપ્રદેશો ઉપર) જન્મ-મરણ અનંતી વાર કર્યાં છે અને પોતે અરૂપી છતાં કર્મ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન

અને ભિન્ન ભિન્ન શરીરરૂપે અનંતાનંત રૂપી પુદ્ગલોનો તેને આશ્રય લેવો પડ્યો છે, એ વગેરે વિચારવું.

૧૧. **ધર્મની સુંદરતા**–આ જગતમાં આત્માના અંતરંગ શત્રુનો નાશ કરી ચૂકેલા શ્રી જિનેશ્વરદેવોએ જગતના હિત માટે ઉપદેશ દ્વારા 'જૈનધર્મ' નામનો મહાન ધર્મ એવો પ્રસિદ્ધ કર્યો છે કે જે કોઈ આત્મા એને પોતાનો બનાવે છે–ચિત્તમાં ધારણ કરે છે–તેને તે આ સંસારરૂપી મહાસમુદ્રમાંથી શીઘ્ર પાર ઉતારી દે છે.

૧૨. **બોધિની દુર્લભતા**–જન્મ-મરણ કરતાં કોઈ વાર જીવને મનુષ્યપણું, કર્મભૂમિરૂપ આર્યક્ષેત્ર, આર્ય (ઉત્તમ) કુળ, સુંદર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા અને પટુતા વગેરે એક એકથી દુર્લભ સામગ્રી મળી જવા છતાં ધર્મશ્રવણની ઇચ્છા થતી નથી અને તે થાય તો ધર્મોપદેશકનો યોગ થતો નથી, તેવો યોગ થાય તોપણ તેઓના વચન પ્રત્યેનો વિશ્વાસ–સમકિત તો અતિ દુર્લભ છે.

એમ છતાં કર્મનું જોર મંદ પડતાં, ભવિતવ્યતા અને કાળનો પરિપાક થતાં, કદાચ સમકિત પણ પ્રગટે, તોપણ જડનો મોહ–રાગ અને ઉન્માર્ગમાં ફસાઈ ગયેલા જીવને સંપત્તિઓ, પાંચે ઇન્દ્રિયોના વિષયોનો રસ અને સુખશીલિયાપણું–એ ત્રણના મોહરૂપ ત્રણ ગારવોના લીધે **વિરતિ–જડની સેવાનો રાગ તજવો**–અતિ દુર્લભતર છે.

કદાચ વિરતિરૂપ ધર્મરત્ન પણ મળી જાય, તોપણ

ઈન્દ્રિયો, કષાયો, ગારવો અને પરીષહોરૂપ શત્રુઓથી વિજય મેળવવો તે તો દુષ્કર દુષ્કરતમ છે.

માટે સુખના અર્થી ભવ્ય જીવોએ એ પરિષહો, ઇન્દ્રિયો, ગારવો અને એ બધાના નાયક સરખા કષાયોને જીતવા માટે ક્ષમા, મૃદુતા, સરળતા અને સંતોષરૂપ સ્વ-ગુણોની મદદ મેળવવી જોઈએ. આખરે તો આત્માનું સુખ આત્માની શક્તિઓના (અધ્યાત્મના) બળે જ મેળવી શકાશે, જડ વસ્તુઓ તો જાગ્રત આત્માને પ્રારંભમાં થોડો સાથ આપશે, મોહમૂઢને તો વિશેષ ફસાવી સંસારમાં ભટકાવશે વગેરે તત્ત્વને વિચારી આત્મ(અધ્યાત્મ)બળ કેળવવા પ્રયત્ન-શીલ થવું ઇત્યાદિ.

---

# પરિશિષ્ટ ત્રીજું

## ૧. અસ્વાધ્યાયિક પ્રકરણ

રુધિરાદિ અશુચિ વગેરેને કારણે સ્વાધ્યાય (સૂત્રાદિનું પઠન-પાઠન) વગેરે ન થઈ શકે તેવા પ્રસંગોને અસ્વાધ્યાયિક કહેવાય છે. તેના બે મૂળ ભેદો છે, તેમાં, ૧. **આત્મસમુત્થ**-સ્વાધ્યાય કરવાની ઇચ્છાવાળાથી જે કારણ ઊપજે તે આત્મસમુત્થ. અને ૨. **પરસમુત્થ**-બીજાથી કારણ ઊપજે તે પરસમુત્થ જાણવું. તેમાં પરસમુત્થનું વર્ણન નીચે પ્રમાણે છે. આત્મસમુત્થ અસ્વાધ્યાય તો પરસમુત્થમાં કહીશું તે પરમનુષ્યના અસ્વાધ્યાયની તુલ્ય સમજી લેવો.

**પરસમુત્થ**-તેના ઉત્તર પ્રકારો પાંચ છે: ૧. સંયમઘાતિક, ૨. ઔત્પાતિક, ૩. સદૈવ. ૪. વ્યુદ્ગ્રાહિક અને ૫. શારીર. એ પાંચે પ્રકારના અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કરનારને જિનાજ્ઞાનો ભંગ, અનવસ્થાં વગેરે દોષો લાગે છે.

૧. **સંયમઘાતિક**-સંયમનો ઘાત કરનાર; તેના ત્રણ ભેદો છે: ૧. મહિકા, ૨. સચિત્ત રજોવૃષ્ટિ અને ૩. અપ્કાયની વૃષ્ટિ. તેમાં કાર્તિકથી માઘ મહિના સુધી આકાશમાં જે ધુમરી (ધુમ્મસ) વરસે તે ૧. મહિકા. આ ધુમ્મસ વરસતાં તરત જ સર્વ સ્થાનો અપ્કાયમય બની જાય છે, માટે અંગોપાંગ સંકોચીને, મૌનપણે, ઉપાશ્રયાદિ સુગુપ્ત સ્થાને બેસી રહેવું જોઈએ, હાથ-પગ પણ હલાવવા જોઈએ

નહિ. ૨. અરણ્યના પવનથી ઊડેલી વ્યવહાર સચિત્ત રજ, તે વર્ણથી કંઈક લાલ હોય અને દૂર દૂર દિશાઓમાં દેખાય. આ સચિત્ત રજ પણ સતત વરસે તો ત્રણ દિવસ પછી સર્વ સ્થાનો પૃથ્વીકાયમય બની જાય છે. ૩. અપ્‌કાયની વૃષ્ટિ, તેના ત્રણ પ્રકારો છે: ૧. બુદ્‌બુદ વર્ષા, ૨. બુદ્‌બુદ-રહિત અને ૩. ફૂસિકા. તેમાં બુદ્‌બુદ એટલે જે વરસાદમાં નીચે પાણીમાં પરપોટા (પાણીની સળીઓ) થાય, તે જો આઠ પ્રહર સુધી (અને અન્ય મતે ત્રણ દિવસ સુધી) સતત વરસે તો, તે પછી અસ્વાધ્યાય. ૨. બુદ્‌બુદ (પરપોટા) રહિત–સતત પાંચ દિવસ વરસે તો તે પછી અસ્વાધ્યાય. અને ૩. ફુસિકા (ઝીણી ફૂસી) સતત સાત દિવસ વરસે તો તે પછી સર્વત્ર અપ્‌કાયમય બની જાય, માટે તે તે સમય પછી અસ્વાધ્યાય સમજવો. (આ અસ્વાધ્યાય આર્દ્રાથી ચિત્રા નક્ષત્રનો સૂર્ય હોય ત્યારે સમજવો, શેષ કાળે તો અલ્પ વરસાદ પડે તોપણ બંધ થયા પછી ત્રણ પ્રહર.) વળી આ સંયમઘાતિકનો પરિહાર સ્વાધ્યાયમાં દ્રવ્યાદિ ચાર ભેદે કહ્યો છે: ૧. **દ્રવ્યથી**–ઉપર્યુક્ત મહિકા, સચિત્ત રજ અને વર્ષાનો ત્યાગ. ૨. **ક્ષેત્રથી**–જે ગામ, શહેર આદિમાં વરસે ત્યાં સ્વાધ્યાયનો ત્યાગ. ૩. **કાળથી**–તે તે કાળ પછી જ્યાં સુધી તે વરસે ત્યાં સુધી (તેટલા કાળનો) ત્યાગ. અને ૪. **ભાવથી**–નેત્રસ્ફુરણ-શ્વાસોચ્છ્‌વાસ સિવાયની સઘળી ચેષ્ટાનો ત્યાગ કરવો; ઉપરાંત જવું-આવવું, પડિલેહણ કરવું વગેરે કાયિક પ્રવૃત્તિ અને બોલવું વગેરે વાચિક પ્રવૃત્તિ પણ વર્જવી: વિના કારણ લેશ

પણ પ્રવૃત્તિ નહિ કરવી; બિમારી વગેરે આવશ્યક કારણ આવી પડે તો હાથ, આંખ કે આંગળીના ઇશારાથી કામ લેવું, બોલવું પડે તો મુખવસ્ત્રિકાથી મુખ ઢાંકીને બોલવું અને જવું-આવવું પડે તો વર્ષાકલ્પ (કામળી)થી શરીર ઢાંકીને જવું-આવવું.

૨. **ઔત્પાતિકં**-રજસ્, માંસ, રુધિર, કેશ અને પાષાણના વરસાદથી થાય તે ઔત્પાતિક અસ્વાધ્યાય જાણવો; તેમાં અચિત્ત રજ વરસે તે ૧. **રજોવૃષ્ટિ**; માંસના કકડા આકાશ માર્ગેથી પડે તે ૨. **માંસવૃષ્ટિ**; રુધિરના બિંદુઓ પડે તે ૩. **રુધિરવૃષ્ટિ**; ઉપરના ભાગથી કેશ પડે તે ૪. **કેશવૃષ્ટિ** અને કરા વગેરે પથ્થરનો વરસાદ પડે તે ૫. **પાષાણવૃષ્ટિ.** તથા **રજોદ્‌ઘાત**-દિશાઓ રજવાળી હોય ત્યારે સૂત્ર નહિ ભણવું, બીજી સઘળીય પ્રવૃત્તિ કરી શકાય. તેમાં માંસ અને રુધિરની વૃષ્ટિ થાય તો એક અહોરાત્ર સુધી અસ્વાધ્યાય અને શેષ રજોવૃષ્ટિ વગેરેમાં તે તે વૃષ્ટિ થાય ત્યાં સુધી નન્દી વગેરે સૂત્ર ન ભણવું, શેષ કાળે ભણવું. અહીં રજોવૃષ્ટિ અને રજોદ્‌ઘાતમાં એ ભેદ છે કે ધુમાડા જેવા આકારે કંઈક સફેદ અચિત્ત ધૂળ વરસે તે રજોવૃષ્ટિ અને સર્વ દિશાઓ અચિત્ત ધૂળવાળી છવાઈ જતાં સર્વત્ર અંધકાર જેવું દેખાય તે રજોદ્‌ઘાત જાણવો. એ બન્ને પવન સહિત કે રહિત પડે ત્યારે ત્યાં સુધી સૂત્ર નહિ ભણવું.

૩. **સદૈવં**-દેવાદિથી થયેલ અસ્વાધ્યાયિકને સદૈવ (અથવા સાદિવ્ય) કહેવાય છે, તે આ પ્રમાણે છે: ૧.

**ગાન્ધર્વનગર**-ચક્રવર્તી વગેરેના નગરના ઉત્પાતનું સૂચક, સંધ્યા સમયે તે તે નગર ઉપર કિલ્લા, અટારી વગેરે આકાર સહિત બીજું નગર દેખાય તે અવશ્ય દેવકૃત હોય. ૨. **દિગ્દાહ**-કોઈ એક દિશામાં ઊંચે મોટું શહેર સળગતું હોય તેવો પ્રકાશ દેખાય અને નીચે અંધકાર દેખાય તે. ૩. **વીજળી**-સ્વાતિથી મૃગશિરનો સૂર્ય હોય તે દિવસોમાં વીજળી થાય તે. ૪. **ઉલ્કાપાત**-તારો પડે તેમ જ પાછળ રેખાવાળી અથવા પ્રકાશ યુક્ત ઉલ્કા (મોટી પ્રકાશની રેખા) પડે તે. ૫. **ગર્જિત**-વાદળની ગર્જના. ૬. **યૂપક**-શુક્લપક્ષમાં બીજ, ત્રીજ અને ચોથ ત્રણ દિવસ સુધી ચંદ્ર સંધ્યાગત હોવાથી સંધ્યા ન દેખાય તેને યૂપક કહેવાય છે. ત્રણ દિવસ સંધ્યાની સમાપ્તિ ન સમજાયાથી કાળવેળાનો નિર્ણય ન કરી શકાય માટે પ્રાદોષિક કાળ કે સૂત્ર પોરિસી ન થાય. ૭. **યક્ષાદીપ્ત**-એક દિશામાં આંતરે આંતરે વીજળી સરખો પ્રકાશ દેખાય તે. આ ગાન્ધર્વનગર વગેરે થાય ત્યારે એક એક પ્રહર અસ્વાધ્યાય; અને ગર્જિત થાય ત્યારે બે પ્રહર સુધી સ્વાધ્યાય નહિ કરવો. ગાંધર્વનગર તો દેવકૃત જ હોય, શેષ દિગ્દાહ વગેરે દેવકૃત હોય અને સ્વાભાવિક પણ હોય. જોકે સ્વાભાવિક હોય તો અસ્વાધ્યાય નથી, તોપણ 'દેવકૃત નથી પણ સ્વાભાવિક છે' એવો નિર્ણય કરવાનું વિશિષ્ટ જ્ઞાન નહિ હોવાથી સ્વાધ્યાય નહિ કરવો.

આ ઉપરાંત પણ ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, નિર્ઘાત, ગુઞ્જિત, ચતુઃસંધ્યા, મહાપડવા, મહામહ વગેરે પ્રસંગોને

સદૈવ અસ્વાધ્યાયમાં કહેલા છે. તેમાં **ચંદ્રગ્રહણનો** અસ્વાધ્યાય ઉત્કૃષ્ટ બાર અને જઘન્ય આઠ પ્રહરનો છે. તે આ પ્રમાણે : ઊગતો ચંદ્ર ગ્રહણ થયો તે રાત્રિના ચાર અને બીજા દિવસના ચાર મળી આઠ પ્રહર અને પ્રાતઃ ગ્રહણ થાય, ગ્રહણ સહિત આથમે, તો તે પછી દિવસ, રાત્રી અને બીજા દિવસની સાંજ સુધી બાર પ્રહર. અથવા ઉત્પાતથી સમગ્ર રાત્રીગ્રહણ રહે અને સગ્રહણ આથમે, તો તે રાત્રી અને બીજો દિવસ તથા રાત્રી મળી બાર પ્રહર, અથવા વાદળથી ચંદ્ર દેખાય નહિ ત્યારે ગ્રહણ ક્યારે થયું તે નહિ જાણવાથી તે સમગ્ર રાત્રી અને બીજો દિવસ અને રાત્રી મળી બાર પ્રહર; પણ જો સ્પષ્ટ ગ્રહણ દેખાય તો ગ્રહણ થાય, ત્યારથી બીજા દિવસનો ચંદ્ર ઊગે ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો. એ સિદ્ધાન્તનો મત કહ્યો. બીજા આચાર્યોના મતે આચરણા એવી છે કે રાત્રે ચંદ્રગ્રહણ થાય અને રાત્રે મુકાય તો સંવારે સૂર્યોદય થતાં સુધી અસ્વાધ્યાય. (અને ગ્રહણ સહિત આથમે તો ગ્રહણ થાય ત્યારથી બીજો દિવસ અને બીજી રાત્રી સુધી અસ્વાધ્યાય જાણવો.) **સૂર્યગ્રહણનો** અસ્વાધ્યાય જઘન્યથી બાર (આઠ) અને ઉત્કૃષ્ટથી સોળ પ્રહર. તે આ પ્રમાણે : ગ્રહણ સહિત સૂર્ય આથમે તો તે પછીની રાત્રી અને બીજો અહોરાત્ર મળી બાર. ઊગતો સૂર્યગ્રહણ થાય અને ઉત્પાતને વશ આખો દિવસ ગ્રહણ રહે, ગ્રહણ સહિત આથમે ત્યારે તે દિવસ, રાત્રી અને બીજો અહોરાત્ર મળી સોળ પ્રહર. આચરણાથી અન્ય આચાર્યોના

મતે સૂર્ય દિવસે ગ્રહણ થાય અને મુકાયા પછી આથમે તો, જે દિવસે ગ્રહણ થાય ત્યારથી બીજા સૂર્યોદય સુધી અસ્વાધ્યાય.

**નિર્ઘાત**-વાદળ સહિત કે રહિત આકાશમાં વ્યન્તર દેવે કરેલો મહાગર્જના તુલ્ય અવાજ.

**ગુઞ્જિત**-ગર્જનાના જ વિકારરૂપ ગુંજારવ કરતો મહાધ્વનિ (અવાજ). આ બન્ને થાય ત્યારથી આઠ પ્રહર પૂર્ણ થતાં સુધી અસ્વાધ્યાય.

**ચાર સંધ્યા**-સૂર્યાસ્ત પછી, મધ્યરાત્રીએ, સૂર્યોદય પૂર્વે અને મધ્ય દિવસે એમ ચાર વખત બે બે ઘડી અસ્વાધ્યાય.*

**ચાર મહાપડવા**-અષાઢ, આસો, કાર્તિક અને ચૈત્ર માસની પૂર્ણિમા તથા પ્રતિપદ એ ચાર મહામહોત્સવના દિવસો છે. જોકે મહોત્સવ ચતુર્દશીના મધ્યાહ્નથી પૂર્ણિમા સુધી હોય છે, તોપણ, પ્રતિપદાના દિવસે પણ ચાલુ રહેતો હોવાથી, પ્રતિપદા સુધી ઘણી હિંસાનું કારણ હોવાથી, એ દિવસોમાં સ્વાધ્યાય નહિ કરવો; બીજી પ્રવૃત્તિ કરવાનો નિષેધ નથી. આ ઇન્દ્રમહોત્સવો જે દેશ, ગામ, નગરમાં જેટલા દિવસ ચાલે તેટલો, અસ્વાધ્યાય સમજવો. ચૈત્રી ઇન્દ્રમહ શુક્લ પ્રતિપદાથી કૃષ્ણ પ્રતિપદા સુધી પ્રસિદ્ધ છે.+

---

* આચારપ્રદીપમાં આચરણાથી સૂર્યાસ્ત પહેલાં, મધ્યરાત્રે, સૂર્યોદય પહેલાં અને મધ્યદિનની એમ ચાર સંધ્યા કહેલી છે અને અન્યત્ર સૂર્યોદય તથા સૂર્યાસ્તની પહેલાં અને પછી એક એક ઘડી કહેલી છે.

+ વર્તમાનમાં આસો-ચૈત્રમાં સુદ ૫ ના અને અષાઢ-કાર્તિકમાં સુદ ૧૪ ના મધ્યાહ્નથી આરંભી વદ ૧ ના પૂર્ણાહુતિ સુધી આ

૪. **વ્યુદ્ગ્રાહિકં**—દણ્ડિક વગેરેના પરસ્પર યુદ્ધના પ્રસંગે લોકો ભયથી અસ્વસ્થ હોય તે કારણે સ્વાધ્યાય વર્જવો. **બે દંડિક રાજાઓ, બે સેનાપતિઓ** કે તેવી પ્રસિદ્ધ કોઈ **સ્ત્રીઓ** લડે–ઝઘડે ત્યાં સુધી અસ્વાધ્યાય. અથવા **મલ્લયુદ્ધ** પ્રસંગે કે કોઈ બે **ગામોના લોકો** (અથવા એક જ ગામના મોટા પક્ષો) પરસ્પર પથ્થર, શસ્ત્ર આદિથી લડતા હોય ત્યાં સુધી અસ્વાધ્યાય; કારણ કે તેવા પ્રસંગે વ્યન્તરાદિ દેવો પોતપોતાના પક્ષમાં આવવાનો સંભવ હોવાથી તે છળે; લોકોને પણ અપ્રીતિ થાય કે અમે ભયમાં છીએ, ત્યારે પણ નિર્દાક્ષિણ્ય સાધુઓ નિશ્ચિંત થઈને ભણે છે. કોઈ રાજા મરણ પામ્યા પછી બીજા રાજાને અભિષેક ન થાય ત્યાં સુધી તેવા **અરાજકતા**ના પ્રસંગે અસ્વાધ્યાય જાણવો. તથા **મ્લેચ્છ** વગેરે ગામ ઉપર આક્રમણ કરે ત્યારે, ભયથી લોકો આકુલ-વ્યાકુલ હોય ત્યારે, પણ અસ્વાધ્યાય. આ વ્યુદ્ગ્રહાદિ કારણે જ્યાં સુધી લોકોમાં ક્ષોભ હોય, સ્વસ્થતા ન આવે, ત્યાં સુધી જ નહિ પણ ક્ષોભ–અસ્વસ્થતા ગયા પછી પણ એક અહોરાત્ર અસ્વાધ્યાય પાળવો. હવે મરણ સંબંધમાં કોઈ **ગામમાલિક** કે ગામ વગેરેનો **અધિકારી** ઉપાશ્રયથી સાત ઘર સુધીમાં મરણ પામે તો, તે મૃતક લઈ ગયા પછી, એક અહોરાત્ર અસ્વાધ્યાય. કોઈ **અનાથ** સો હાથની અંદર મરી જાય તો, શય્યાતર અથવા

મહાપડવાને અંગે અસ્વાધ્યાય છે તથા ફાગણમાં હોલિકા પ્રગટે ત્યારથી ધૂળ ભેડ (ધૂલેટી સમાપ્ત થાય), ત્યાં સુધી અસ્વાધ્યાયિક ગણાય છે.

કોઈ તેવા શ્રાવક દ્વારા દૂર કરાય નહિ ત્યાં સુધી, અસ્વાધ્યાય. અનાથનું કલેવર કૂતરાં વગેરેએ તોડયું હોય તો તેના અવયવાદિ જ્યાં જ્યાં દેખાય ત્યાંથી શુદ્ધ કરાય નહિ, ત્યાં સુધી અસ્વાધ્યાય. **શય્યાતર** કે **અન્ય ગ્રહસ્થ** ઉપાશ્રયથી સાત ઘરો સુધીમાં મરે તો મૃતક લઈ ગયા પછી એક અહોરાત્ર ભણવું નહિ, અથવા કોઈ ન સાંભળે તેમ ભણવું, અન્યથા લોકોમાં ગર્હા થાય. કોઈ **સ્ત્રી દુઃખથી ડરતી** હોય તેનો શબ્દ સંભળાય ત્યાં સુધી ન ભણવું. ઇત્યાદિ પ્રસંગોમાં લોકમાં સાધુતાની નિંદા વગેરે થવાના કારણે અસ્વાધ્યાય સમજવો.

૫. **શારીર**—શારીરિક અશુચિ આદિનાં કારણોથી અસ્વાધ્યાય. એના **મનુષ્ય સંબંધી** અને **તિર્યંચ સંબંધી** એમ બે પ્રકારો છે. તેમાં મચ્છ, કાચબા વગેરે **જળચર,** ગાય, ભેંસ વગેરે **સ્થળચર** અને મયૂર, પોપટ વગેરે **ખેચર,** એમ તિર્યંચ સંબંધી ત્રણ ભેદો છે. અને એ જળચરાદિ ત્રણેના દ્રવ્યાદિ ભેદે ચાર ચાર પ્રકારો છે; તેમાં **દ્રવ્યથી**-પંચેન્દ્રિય તિર્યંચનાં રુધિરાદિ કોઈ પણ દ્રવ્યનો અસ્વાધ્યાય. **ક્ષેત્રથી**-સાઈઠ હાથની અંદરના ક્ષેત્રમાં અસ્વાધ્યાય. તેમાં પણ કોઈ નાનું ગામ હોય તો નાના ત્રણ માર્ગોથી અંતરિત ક્ષેત્રમાં અને મોટું નગર હોય તો એક મોટા રાજમાર્ગથી અંતરિત ક્ષેત્રમાં તે રુધિરાદિ પડેલું હોય તો અસ્વાધ્યાયિક ન ગણવું; પણ નાના ગામમાં કોઈ કૂતરાં-બિલાડાંએ એ કલેવરને ઠેકાણે ઠેકાણે ચૂંથવાથી બધે રુધિરાદિ પડયું હોય

તો ગામ બહાર જઈ સ્વાધ્યાય કરવો. **કાળથી**-તે રુધિરાદિ અંશોના સંભવ કાળથી માંડીને ત્રણ પ્રહર સુધી અસ્વાધ્યાય, અથવા કોઈ મોટા બિલાડાએ મારેલા ઉંદરાદિના કલેવરને અંગે આઠ પ્રહર અસ્વાધ્યાય. અને **ભાવથી**-નન્દીસૂત્ર વગેરે સૂત્રો નહિ ભણવાં. અથવા બીજી રીતે ચાર પ્રકાર કહ્યા છે કે, જળચરાદિના રુધિર, માંસ, હાડકું અને ચામડું-એ ચાર દ્રવ્યોને અંગે અસ્વાધ્યાય. એમાં વિશેષ એ છે કે સાઈઠ હાથની અંદર માંસ ધોયું હોય કે પકાવ્યું હોય તો તે માંસ બહાર લઈ જવા છતાં ત્યાં અવશ્ય બિંદુઓ પડે માટે ત્રણ પ્રહરનો અસ્વાધ્યાય. જો તે પહેલાં વરસાદના કે બીજા પાણીનો પ્રવાહ આવવાથી ધોવાઈ જાય તો ત્યારથી અસ્વાધ્યાય મટે. કોઈ ઈંડું ૬૦ હાથની અંદર પડે પણ ફૂટે નહિ તો તે દૂર કર્યા પછી અસ્વાધ્યાય નથી; પણ ફૂટે અને તેનો રસ જમીન ઉપર પડે તો દૂર કરવા છતાં ત્રણ પ્રહરનો અસ્વાધ્યાય. જો કપડા વગેરે ઉપર પડેલું ઈંડું ફૂટે તોપણ સાઈઠ હાથની બહાર તે કપડાને ધોવાથી અસ્વાધ્યાય નથી. એ ઈંડાનો રસ કે લોહીનું બિન્દુ માખીનો પગ ડૂબે તેટલું અલ્પ પણ હોય તો અસ્વાધ્યાય ગણવો. વળી જરાયુ (ઓવાળ) રહિત હાથણી વગેરેને પ્રસવ થાય, તેનો ત્રણ પ્રહર અસ્વાધ્યાય. જરાયુવાળાં ગાય વગેરેને પ્રસવ થાય, તેનો ઓવાળ પડ્યા (દૂર કર્યા) પછી ત્રણ પ્રહર અસ્વાધ્યાય. સાઈઠ હાથમાં રાજમાર્ગમાં રુધિરાદિનાં બિન્દુ પડ્યાં હોય તો જતા-આવતા મનુષ્યો-પશુઓનાં પગલાં વગેરે

પડવાથી, જિનાજ્ઞા એવી છે કે, અસ્વાધ્યાય ગણાય નહિ, પણ રાજમાર્ગ સિવાય અન્યત્ર સાઈઠ હાથમાં તિર્યંચનું રુધિરાદિ કંઈ પડયું હોય અને તે વરસાદના પ્રવાહથી ધોવાય કે અગ્નિથી બળી જાય, તો અસ્વાધ્યાય ન થાય; પણ એમ ને એમ રહેલ હોય તો થાય. હવે **મનુષ્ય સંબંધી અસ્વાધ્યાય** માટે કહ્યું છે કે, મનુષ્યનાં પણ રુધિર, માંસ, ચામડું અને હાડકાં એ ચાર દ્રવ્યોમાં હાડકા સિવાયનાં ત્રણ પૈકી કોઈ સો હાથની અંદર પડેલું હોય તો એક અહોરાત્ર અસ્વાધ્યાય. જો મનુષ્યનું કે તિર્યંચનું રુધિર સાઈઠ કે સો હાથમાં પડેલું સુકાઈને વર્ણાન્તર થઈ ગયું હોય તો અસ્વાધ્યાય નથી. સ્ત્રી **રજસ્વલા** થાય ત્યારથી ત્રણ અહોરાત્ર (૨૪ પ્રહર) અસ્વાધ્યાય. તે પછી રુધિર ગળે તોપણ અસ્વાધ્યાય નહિ. સ્ત્રીને પુત્ર જન્મે તો સાત અને પુત્રી જન્મે તો આઠ અહોરાત્ર અસ્વાધ્યાય જાણવો. દાંત સિવાયનું મનુષ્યનું કોઈ પણ હાડકું સો હાથની અંદરની જમીનમાં દાટયું હોય, તો બાર વર્ષ સુધી અસ્વાધ્યાય. પડેલો દાંત સો હાથથી દૂર પરઠવ્યા પછી અસ્વાધ્યાય નથી. કોઈ દાંત ખોવાઈ જાય અને શોધવા છતાં ન જડે તો અસ્વાધ્યાય નથી; કોઈ એમ કહે છે કે, તેને ઓહડાવણાર્થં કાયોત્સર્ગ કરવો જોઈએ. અગ્નિથી બળેલાં હાડકાં સો હાથની અંદર હોય તોપણ અસ્વાધ્યાય નથી. અસ્વાધ્યાયમાં અનુપ્રેક્ષાનો નિષેધ નથી, પણ સૂત્રની વાચના, પૃચ્છના, પરાવર્તના ન થાય અને ધર્મકથામાં સૂત્ર ન વંચાય.

# લોચનો વિધિ

મસ્તક અને દાઢી-મૂછના કેશ ચૂંટાવવારૂપ લોચપરીષહ સહન કરવો તે એક મહાનિર્જરાકારક ઉત્તમ અનુષ્ઠાન છે. છતી શક્તિએ યુવાન સાધુએ વર્ષમાં ત્રણ વાર અથવા બે વાર લોચ કરવા રૂપ એ આરાધના અવશ્ય કરવી જોઈએ. એનાથી વીર્યાન્તરાય કર્મોનો ક્ષયોપશમ થતાં બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારનું બળ પ્રગટે છે. અને તે બળથી અનાદિ સંચિત કર્મોને નાશ કરવા આત્મા ઉત્સાહી થઈ શકે છે. માટે પ્રવ્રજ્યા અંગીકાર કરનારે (સાધુ-સાધ્વીએ) લોચ અવશ્ય કરાવવો જોઈએ. તેનો વિધિ આ પ્રમાણે—

પ્રથમ ગુરુ સમક્ષ ખમા૦ દઈ આદેશ માંગવાપૂર્વક ઈરિ૦ પડિક્કમવા. પછી ખમા૦ દઈ આદેશ માગી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણાં દઈ ચાર ખમા૦ દેવાં. પહેલું ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ લોયં સંદિસાવેમિ, બીજું ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગં૦ લોયં કારેમિ, ત્રીજું ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉચ્ચાસણું સંદિસાવેમિ અને ચોથું ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉચ્ચાસણું ઠામિ—એમ ચાર આદેશો માગે. પછી લોચ કરનાર પર્યાયથી મોટા હોય તો તેઓને ખમા૦ પૂર્વક ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ લોયં કરેહ ! એમ વિનંતી કરે અને નાના હોય તો ખમા૦ વિના 'ઇચ્છકારી લોયં કરેહ' એમ કહે. પાસે સહાયક તરીકે માત્રક(ભસ્મ) ધારક અને કેશગ્રાહકને પણ ઇચ્છકાર-પૂર્વક વિનંતિ કરે.

તે પછી તે તે તિથિએ જોગણીવાળી દિશાને ડાબી રાખીને કે પૂંઠ દઈને લોચ કરવા બેસે. જોગણી તે તે તિથિએ નીચે જણાવેલી દિશામાં હોય છે—

૧, ૯ પૂર્વમાં; ૨, ૧૦ ઉત્તરમાં; ૩, ૧૧ અગ્નિકોણે; ૪, ૧૨ નૈઋત્યમાં; ૫, ૧૩ દક્ષિણમાં; ૬, ૧૪ પશ્ચિમમાં; ૭, ૧૫ વાયવ્યમાં અને ૮, ૦)) ઈશાનકોણમાં.

લોચ બુધ, સોમ, ગુરુ અને શુક્રવારે, તારા અને ચંદ્રબળ સારું હોય તે તિથિએ, પુષ્ય, પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા—એ ચાર ઉત્તમ નક્ષત્રોમાં કે (કૃતિકા, વિશાખા, મઘા અને ભરણી નક્ષત્રો વર્જીને) શેષ મધ્યમ નક્ષત્રોમાં, ૪, ૯, ૧૪, ૦))-(૮, ૬) તિથિ સિવાયની બીજી તિથિઓમાં કરાવવો. લોચ પૂર્ણ થયે લોચ કરનારના બાહુની વિશ્રામણા કરીને નીચે જણાવેલા વિધિથી લોચનું પ્રવેદન કરવું.

ગુરુ પાસે આવી ઇરિ૦ પડિક્કમી ખમા૦દઈ આદેશ માગવાપૂર્વક મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દેવાં. પછી ખમા૦ દઈ 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ લોયં પવેએમિ ?' કહે. ગુરુ કહે, 'પવેયહ' ત્યારે, ઇચ્છં કહી ખમા૦ દઈ 'સંદિસહ કિં ભણામિ ?' કહે ત્યારે ગુરુ 'વંદિત્તા પવેયહ' કહે. પછી ત્રીજું ખમા૦ દઈ 'કેસા મે પજ્જુવાસિયા' કહે, ત્યારે ગુરુ 'દુક્કરં કયં, ઇંગિણી સાહિયં' એમ કહે, તેનો સ્વીકાર કરતો શિષ્ય 'ઇચ્છામો અણુસટ્ઠિં' કહે. ચોથું ખમા૦ દઈ 'તુમ્હાણં પવેઇઅં સંદિસહ ! સાહૂણં પવેએમિ ?' કહે ત્યારે ગુરુ 'પવેયહ' કહે. પાંચમું ખમા૦ દઈ પ્રગટ નવકાર ગણે. છઠ્ઠું ખમા૦

દઈ 'તુમ્હાણં પવેઇઅં, સાહૂણું પવેઇઅં, સંદિસહ! કાઉસ્સગ્ગં કરેમિ?' કહે. ગુરુ 'કરેહ' કહે, ત્યારે 'ઇચ્છં' કહી સાતમું ખમા૦ દઈ 'કેસેસુ પજ્જુવાસિજ્જમાણેસુ સમ્મં જં ન અહિયાસિયં, કૂઇઅં, કક્કરાઇઅં, છીઅં, જમ્ભાઇઅં તસ્સ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં' કહી અન્નત્થ૦ વગેરે કહી ૨૭ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ (સાગરવરગંભીરા સુધી લોગસ્સનો) કાયોત્સર્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહે. પછી યથાપર્યાય વડીલ સાધુઓને વન્દન કરે. તેઓ પણ તેને 'દુક્કરં કયં ઇંગિણી સાહિયં' કહી સુખશાતા પૂછે. પોતે તેઓના પગની વિશ્રામણા કરે. જે પોતાની જાતે લોચ કરે તે સંદિસાવણા અને પવેયણાના આદેશો ન માગે.

# સાધુ-સાધ્વી કાળધર્મ પામે ત્યારે કરવાનો વિધિ

કોઈ સાધુએ રાત્રે કાળ કર્યો હોય, ત્યારે બીજા સાધુઓએ પ્રતિક્રમણાદિ ક્રિયા, સગવડ હોય તો, બીજા હોલમાં મૌનપણે કરવી. મૃતકના હોલમાં સ્થાપનાજી વગેરે રાખવાં નહિ. નાના સાધુએ મૃતકવાળા સ્થાને બેસવું-રહેવું નહિ. સગવડ ન હોય તો, તે જ રૂમમાં પડદા વગેરેને આંતરે પ્રતિક્રમણાદિ કરવું. પ્રૌઢ અને ધીર સાધુએ જાગવું અને કાયિકીનું માત્રક રાખવું. જો મૃતક ઊઠે તો ડાબા હાથમાં કાયિકી લઈ 'બુજ્ઝ બુજ્ઝ બુજ્ઝગા' કહી તેના ઉપર છાંટવું. ગૃહસ્થો ત્યાં હાજર હોય તો મૃતકને વોસિરાવી તેઓને સોંપી દેવું. તેમાં પ્રથમ મૃતક જ્યાં પડ્યું હોય ત્યાં, તેના માથાની પાસે જમીનમાં, એક ખીલી મારવી. પછી મૃતક પાસે દાંડો થાપી ખમા૦ દઈ ઇરિ૦ પ્રતિક્રમી ખમા૦ દઈ કોટિક ગણ, વયરી શાખા, ચાંદ્ર કુલ, આચાર્ય શ્રી વિજયસિંહસૂરિજીનું (અથવા પોતાના આચાર્યનું) નામ લેવું. ઉપાધ્યાય શ્રી સકલચંદ્રજીનું (અથવા પોતાના ગચ્છના ઉપાધ્યાયનું) નામ લેવું, મહત્તરાશ્રીનું (પોતાના ગચ્છમાં જે મહત્તરા હોય તેનું) નામ લેવું. અમુક ગુરુના શિષ્ય (કે શિષ્યા) મુનિશ્રી અમુક નામ હોય તે નામ બોલવું. (સાધ્વીનાં ગુરુણી અને કાલધર્મ પામનારનું નામ લેવું.) મહાપારિટ્ઠાવણિઆએ કરેમિ કાઉસ્સગ્ગં અન્ન૦ ૧૦ કહી, એક નવ-

કારનો કાયોત્સર્ગ કરી પારીને પ્રગટ નવકાર કહેવો. પછી મૃતકના મસ્તકે વાસક્ષેપ કરવાપૂર્વક ત્રણ વાર 'વોસિરે' કહેવું.

વોસિરાવતાં પહેલાં ઓઘો, વધારાની ઉપધિ વગેરે શ્રાવકો પાસે દૂર કરાવી, ઊનની વસ્તુઓને ગોમૂત્ર કે સોના-વાણી પાણી છાંટીને અને સુતરાઉને પાણીથી પવિત્ર કરવી. મૃતકને વોસિરાવતાં પહેલાં, કાલધર્મ પામે તે જ વખતે, *એક આંગળીનો સહજ છેદ કરી ખંડિત બનાવવું.* હાથ-પગના આંગળા ધોળા સૂતરથી બાંધી લેવા, કે જેથી કોઈ વ્યન્તરાદિ તેમાં પ્રવેશ ન કરી શકે.

**શ્રાવકનું કર્તવ્ય**—મૃતકને મસ્તક તથા દાઢી-મૂછના વાળનું મુંડન કરાવવું. રાત્રે ધીર શ્રાવકોએ ચોકી કરવી. મુંડન પછી એક કથરોટ વગેરેમાં બેસાડીને કાચા પાણીથી પ્રક્ષાલન (સ્નાન) કરવું, સુંવાળા વસ્ત્રથી શરીર કોરું કરી ચંદન-કેસર-બરાસ ઘસીને વિલેપન કરવું. સાધુ હોય તો ચોળપટ્ટો ૨॥ હાથનો પહેરાવી કંદોરો બાંધવો; ઉપર સાડા-ત્રણ હાથનો કપડો પહેરાવવો; કપડાના ચાર છેડે અને મધ્યમાં કેસરના અવળા સ્વસ્તિક કરવા. બીજાં કપડાંને કેસરના છાંટા નાખવા. નનામી ઉપર એક મજબૂત કપડાનો ઉત્તરપટ્ટો પાથરીને વચ્ચે આટાનો અવળો સાથિયો કરી મૃતકને તેની ઉપર સુવાડવું. કોઈ આચાર્યનું મૃતક હોય તો માંડવી બનાવી, બેસાડવાની જગ્યાએ તેમાં આટાનો અવળો સાથિયો કરીને બેસાડવું અને શરીરને માંડવી સાથે બરાબર બાંધી લેવું. **સાધ્વીનું** મૃતક હોય તો શ્રાવિકા-

ઓએ નીચે પહેરાવવાનો લેંઘો વગેરે સિવાયનાં ઉપરનાં કપડાંમાં દરેકને પાંચ અવળા સાથિયા કેસરથી કરવા. કેસર દરેક વસ્ત્રોને છાંટવું. નીચે પહેલો નાવના આકારે લંગોટ પહેરાવવો; તે ન હોય તો કપડાનાં ચૌદ પડ કરી લંગોટ બાંધવો. તેની ઉપર જંઘા સુધીનો લેંઘો, અને તેની ઉપર પગની ઘૂંટી સુધીનો લેંઘો, તેની ઉપર કટી ભાગે કંદોરો, તેની ઉપર સાડો પગની પાની સુધી લાંબો પહેરાવવો. ઉપર દોરી બાંધવી. કંચુઆની જગ્યાએ પહેલાં સ્તન ભાગને કપડાના પાટાથી બાંધી, કંચવો પહેરાવી, એક નાનો કપડો પહેરાવવો. પછી નનામીમાં સુવાડચા પછી પગની પાનીથી મસ્તક ઢંકાય તેવો લાંબો કપડો ઓઢાડવો. મુખ ખુલ્લું રાખવું. સાધુ-સાધ્વી ઉભયને મુખે મુખવસ્ત્રિકા બાંધવી.

એમ મૃતકને શણગારી જ્યાં નનામી કે માંડવી પધરાવે ત્યાં પણ માથાની પાસે લોહની ખીલી જમીનમાં ઠોકવી. મૃતકની જમણી બાજુએ એક ચરવલી, મુહપત્તિ અને ડાબી બાજુએ એક લાડુ સહિત ખંડિત પાત્રવાળી ઝોળી મૂકવી. કાલધર્મ પામતી વખતે ચંદ્રનક્ષત્ર જો રોહિણી, વિશાખા, પુનર્વસુ અને ત્રણ ઉત્તરા એ છ પૈકીનું કોઈ નક્ષત્ર હોય, તો મૃતકની સાથે ડાભનાં બે પૂતળાં મૂકવાં; જો જ્યેષ્ઠા, આર્દ્રા, સ્વાતિ, શતભિષક્, ભરણી, આશ્લેષા અને અભિજિત એ સાત પૈકીનું કોઈ નક્ષત્ર હોય તો પૂતળું મૂકવું નહિ; શેષ પંદર નક્ષત્રોમાં એક પૂતળું મૂકવું. જેટલાં પૂતળાં મૂકવાનાં આવે તે પ્રત્યેકની સાથે એક ચરવળી, મુહપત્તિ અને લાડુ સહિત

ખંડિત પાત્રવાળી ઝોળી મૂકવી. એમ મૃતકના પડખે મૂકવાની વસ્તુઓ મૂકી તેની ઉપર મજબૂત કપડો ઓઢાડવો અને એ કપડાથી સાધુને મસ્તક સિવાયનું અને સાધ્વીને મુખ સિવાયનું સર્વ અંગ સારી રીતે ઢાંકવું. તેના ઉપર જરિયાન વસ્ત્ર ઓઢાડી મૃતકને નનામી સાથે સારી રીતે બાંધવું. પછી તેની ઉપર વાસક્ષેપ કરી પૂજન કરવું.

એ રીતે નનામી શણગારીને સારા મુહૂર્તે તેને ઉપાડીને લઈ જતાં પહેલાં પગ આગળ અને માથું પાછળ રહે તેમ ઉપાડવું. નગર બહાર ગયા પછી પગ નગર તરફ અને માથું જંગલ તરફ ફેરવી દેવું. મૃતકને લઈ જતાં શોકપૂર્ણ હૃદયે, મહોત્સવપૂર્વક, વાજિંત્રોના નાદ સહિત લઈ જવું. ત્રાંબા વગેરેના હાંડામાં અગ્નિ લઈ એક શ્રાવકે આગળ ચાલવું. મૃતકની આગળ શ્રાવકોએ સોનાનાં પુષ્પો, સોના-રૂપા નાણું, બદામ, ચોખા વગેરે ઉછાળતાં ચાલવું અને રડવું નહિ, પણ 'જય જય નંદા, જય જય ભદ્દા'ની ઘોષણા કરતાં સર્વ શ્રાવકોએ સમુદાય સહિત ધીમે ધીમે જયણાથી ચાલવું. અર્થાત્ શાસનની પ્રભાવના થાય તે રીતે નનામી કે માંડવીને શુદ્ધ ખેતર વગેરે જીવ રહિત ભૂમિમાં લઈ જવી. અગ્નિસંસ્કારના સ્થાનની ભૂમિને પ્રથમ પ્રમાર્જીને ચંદન વગેરેનાં ઉત્તમ કાષ્ઠોથી તેનો અગ્નિસંસ્કાર કરવો. સંપૂર્ણ રાખ થયા પછી તે રાખને જળાશય (નદી) વગેરે યોગ્ય સ્થળે પરઠવવી કે જેથી આશાતના ન થાય. પછી શ્રાવકોએ સ્નાનથી પવિત્ર થઈ, ઉપાશ્રયે આવી, સમુદાય સાથે,

ગુરુમુખે સંતિકરં, લઘુશાન્તિ, બૃહચ્છાન્તિ, મંગલિક સાંભળી કાળધર્મ પામનાર સાધુના ગુણો સાંભળવા; ઉપરાંત અનિત્યતાદિનો ઉપદેશ સાંભળવો અને પોતાને એક આધારભૂત ગુરુનો વિયોગ થયો તેનું દુઃખ ધારણ કરવું.

**સાધુઓને કરવાનો વિધિ**—સાધુ કાળધર્મ પામ્યા હોય તો ચતુર્વિધ સંઘે અને સાધ્વી કાલધર્મ પામ્યાં હોય તો સાધ્વી અને શ્રાવિકા સંઘે ભેગા થઈ દેવવન્દનની ક્રિયા કરવી. તેમાં પ્રથમ મૃતક લઈ ગયા પછી ઉપાશ્રયમાં ગોમૂત્ર છાંટવું, મૃતકને પધરાવ્યું હોય ત્યાં સોનાવાણી કરેલ અચિત્ત પાણીથી ભૂમિ શુદ્ધ કરવી. સાધુ-સાધ્વીએ કાળ કર્યો હોય ત્યાં લોટનો સાથિયો કરાવવો. પછી કાળધર્મ પામનારના શિષ્ય અને તે ન હોય તો લઘુ પર્યાયવાળા સાધુ કે સાધ્વીએ વસ્ત્રો અવળાં પહેરવાં, ઓઘો જમણી કાખમાં રાખી દ્વારથી અંદરના ભાગ તરફ કાજો અવળો લેવો, લોટનો સાથિયો પણ અવળા કાજામાં લઈ લેવો. પછી કાજા સંબંધી ઇરિ૦ પ્રતિક્રમણ કરીને કાજો પરઠવવો. પછી દેવવંદન અને ઇરિ૦ પ્રતિક્રમણ અવળા વિધિથી કરવું. તેમાં પ્રથમ કલ્લાણકંદંની પહેલી સ્તુતિ, એક નવકારનો કાઉસ્સગ, અન્નત્થ૦, અરિહંતચેઇઆણં૦, જય વીયરાય૦, ઉવસગ્ગહરં૦, નમોઽર્હત્૦, જાવંત કેવિસાહૂ૦, ખમાસમણ, જાવંતિ ચેઇઆઇં૦, નમુત્થુણં૦, જંકિંચિ૦, પાર્શ્વનાથનું ચૈત્યવંદન, ખમા૦, પ્રગટ લોગસ્સ૦ એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી કાયોત્સર્ગ, અન્નત્થ૦ તસ્સ ઉત્તરી૦, ઇરિયાવહી૦, ખમા૦ દઈ અવિધિ-આશાતનાનો મિચ્છા મિ દુક્કડં દેવો.

પછી સવળો વેષ પહેરીને સવળો કાજો ઈરિ૦ પ્રતિ૦ પૂર્વક લેવો. પછી શ્રાવકે ઉપાશ્રયમાં નંદી માંડી ચારે દિશામાં ચાર પ્રતિમા અથવા ચતુર્મુખ બિંબ પધરાવીને નંદિની ચારે બાજુ ચાર દીપકો ઘીના કરવા, પાંચ સ્વસ્તિક કરી તેની ઉપર શ્રીફળ પધરાવવાં. પછી ધૂપ વગેરે યથાયોગ્ય કરીને ચતુર્વિધ સંઘે દેવ વાંદવા. નંદિની સમક્ષ પ્રારંભમાં સર્વ સાધુઓએ ગોમૂત્ર કે અચિત્ત સોનાવાણી પાણીથી ચોળ-પટ્ટાનો, મુહપત્તિનો એક એક છેડો, કંદોરાનો તથા ઓઘાના દોરાનો અને ઓઘાની એક દશીનો છેડો–એમ પાંચ વસ્તુ શુદ્ધ કરવી. પછી આઠ થોય અને પાંચ શક્રસ્તવથી દેવવન્દન કરવું. ચૈત્યવન્દનો શ્રી પાર્શ્વનાથ તથા શ્રી શાન્તિનાથનાં કહેવાં. સ્તુતિઓ સંસારદાવા૦અને સ્નાતસ્યા૦ની કહેવી તથા સ્તવનમાં અજિતશાન્તિસ્તવ કહેવું. આ રીતે દેવવન્દન પૂર્ણ થયા પછી ખમા૦ દઈ, ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ ક્ષુદ્રોપદ્રવઓહડા-વણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી અન્નત્થ૦ કહી ચાર લોગસ્સનો સાગરવરગંભીરા સુધીનો કાયોત્સર્ગ કરવો. વડીલે પારીને નમોર્હત્ કહી—

सर्वे यक्षाम्बिकाद्या ये, वैयावृत्यकराः सुराः (जिने) ।
क्षुद्रोपद्रवसंघातं, ते द्रुतं द्रावयन्तुनः ॥

–એ સ્તુતિ (પાંચ વખત) કહેવી. પછી એક જણે લાગલી જ બૃહચ્છાન્તિ કહેવી. તે પછી સહુએ કાયોત્સર્ગ પારવો. ઉપર પ્રગટ લોગ્ગસ્સ કહી, ખમા૦ દઈ, અવિધિ-આશાતનાનો મિચ્છા મિ દુક્કડં દેવો.

એમ દેવવન્દન કર્યા પછી સર્વ સાધુઓને યથાપર્યાય સહુએ વન્દન કરવું અને વડીલના મુખે કાલધર્મ પામનારની સંયમની આરાધના તથા સમાધિ વગેરેનું વર્ણન સાંભળવું. જીવનની અનિત્યતાનો, સંયમની દુર્લભતાનો, મનુષ્યજન્મની વિશિષ્ટતાનો અને શ્રી જૈન શાસનની મહત્તાનો ખ્યાલ કરી કૃતજ્ઞભાવે સવિશેષ આરાધનામાં ઉદ્યત થવું.

બહારગામથી સ્વસામાચારીવાળા કોઈ સાધુ-સાધ્વી કાલધર્મ પામ્યાના સમાચાર આવે તો, સંઘ સહિત, ઉપર જણાવ્યા પ્રમાણે, સવળા દેવ, આઠ થોય અને પાંચ શક્રસ્તવ-પૂર્વક, વાંદવા. અજિતશાન્તિસ્તવ અને ક્ષુદ્રોપદ્રવઓહડાવણત્થં કાયોત્સર્ગ, સ્તુતિ, બૃહચ્છાન્તિ વગેરે ઉપર પ્રમાણે સમજવું.

॥ अथ संविज्ञसाधुयोग्यं नियमकुलकम् ॥

भुवणिक्कपईवसमं, वीरं नियगुरुपए अ नमिऊणं ।
चिर इअर दिक्खिआणं, जुग्गे नियमे पवक्खामि ॥१॥

निअउअरपूरणफला, आजीविअमित्त होइ पव्वज्जा ।
धूलिहडीरायत्तण–सरिसा सव्वेसिं हसणिज्जा ॥२॥

तम्हा पंचायारा–राहणहेउं गहिज्ज इअ निअमे ।
लोआइकट्ठरूवा, पव्वज्जा जह भवे सफला ॥३॥

नाणाराहणहेउं, पइदिअहं पंचगाहपढणं मे ।
परिवाडीओ गिण्हे, पणगाहा णं च सट्ठा य ॥४॥

---

ત્રણ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રી વીરપ્રભુને અને મારા ગુરુના ચરણકમળને નમીને દીર્ઘ-પર્યાયવાળા અને નવદીક્ષિત સાધુઓને યોગ્ય (સુખે નિર્વાહી શકાય એવા) નિયમો હું (સોમસુંદરસૂરિ) કહીશ. (૧)

યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા (દીક્ષા) પોતાનું ઉદરપૂરણ કરવારૂપ માત્ર આજીવિકા ચલાવવાના ફળવાળી થાય છે, તેથી એવી દીક્ષા ધૂળેટીના રાજા (ઇલાજી)-ના જેવી સહુ કોઈને હસવા યોગ્ય બને છે. (૨)

તે માટે પંચાચાર (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય-આચાર) ના આરાધન માટે લોચાદિ કષ્ટોરૂપ નિયમો ગ્રહણ કરવા જોઈએ કે જેથી (આદરેલી) પ્રવ્રજ્યા સફળ થાય. (૩)

તેમાં જ્ઞાન-આરાધન માટે મારે હંમેશાં પાંચ મૂળ

अण्णेसिं पढणत्थं, पणगाहाओ लिहेमि तह निच्चं ।
परिवाडीओ पंच य, देमि पढंताण पइदियहं ॥५॥
वासासु पंचसया, अट्ठ य सिसिरे य तिन्नि गिम्हंमि ।
पइदियहं सज्झायं, करेमि सिद्धंतगुणणेणं ॥६॥
परमिट्ठिनवपयाणं, सयमेगं पइदिणं सरामि अहं ।
अह दंसणआयारे, गहेमि नियमे इमे सम्मं ॥७॥
देवे वंदे निच्चं, पणसक्कत्थएहिं एकवारमहं ।
दो तिन्निय वा वारा, पइजामं वा जहासत्ति ॥८॥

---

ગાથાઓ ભણવી-કંઠાગ્ર કરવી-અને દરરોજ પાંચ ગાથાઓની અર્થ સહિત ગુરુ પાસેથી વાચના લેવી. (૪)

વળી હું બીજાઓને ભણવા માટે હંમેશાં પાંચ ગાથાઓ પુસ્તકમાં લખું અને ભણનારાઓને હંમેશાં પરિપાટીથી ( વિધિપૂર્વક વાચનાથી ) પાંચ પાંચ ગાથાઓ આપું ( ભણાવું, અર્થ ધરાવું વગેરે ). (૫)

વળી સિદ્ધાંતપાઠ ( ગાથા વગેરે ) ભણવા વડે વર્ષાઋતુમાં પાંચસો, શિશિર ઋતુમાં આઠસો અને ગ્રીષ્મ ઋતુમાં ત્રણસો ગાથા પ્રમાણ દરરોજ સજ્ઝાય-ધ્યાન સદૈવ કરું. (૬)

પંચ પરમેષ્ઠિનાં નવ પદોનું ( નવકાર મહામંત્રનું ) એક સો વાર હું સદાય રટણ કરું ( દરરોજ એક બાંધી નવકારવાળી ગણું ). હવે હું દર્શનાચારના આ (નીચેના) નિયમોને સારી રીતે ગ્રહણ કરું છું. (૭)—

अट्ठमीचउद्दसीसुं, सव्वाणि वि चेइआइं वंदिज्जा ।
सव्वे वि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं ॥९॥
पइदिणं तिन्नि वारा, जिट्ठे साहू नमामि निअमेणं ।
वेयावच्चं किंची, गिलाण वुड्ढाइणं कुव्वे ॥१०॥
अह चारित्तायारे, नियमग्गहणं करेमि भावेणं ।
बहिभूगमणाईसुं, वज्जे वत्ताइं इरियत्थं ॥११॥

---

પાંચ શક્રસ્તવ વડે દરરોજ એક વખત દેવવંદન કરું, અથવા બે વખત, ત્રણ વખત કે પહોરે પહોરે (ચાર વખત), યથાશક્તિ, આળસ રહિત દેવવન્દન કરું.(શક્તિ-સંયોગ પ્રમાણે જઘન્યથી એક વખત અને ઉત્કૃષ્ટથી ૪ વખત દેવવંદન કરું.) (૮)

વળી દરેક અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે જે ગામ-નગરમાં હોઉં ત્યાંનાં સઘળાં દેરાસરો જુહારવાં, તેમ જ સઘળાય મુનિરાજોને વાંદવા અને બાકીના દિવસોમાં એક દેરાસરે દર્શન-ચૈત્યવન્દનાદિ અવશ્ય કરવું. (૯)

હંમેશાં વડીલ સાધુઓને નિશ્ચયથી ત્રણ વાર (ત્રિકાળ) વન્દન કરું જ અને બીજા ગ્લાન (બીમાર) તથા વૃદ્ધાદિક મુનિજનોની વૈયાવચ્ચ યથાશક્તિ કરું. (સાધ્વીએ પોતાના સમુદાયમાં દરેક વડીલ સાધ્વીને વન્દન કરવું.) (૧૦)

હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવ સહિત અંગીકાર કરું છું—

૧. **ઈર્યાસમિતિ**–વડીનીતિ-લઘુનીતિ કરવા અથવા

अपमज्जियगमणम्मि, असंडासपमज्जिउं च उवविसणे ।
पाउंछणयं च विणा, उवविसणे पंचनमुक्कारा ॥१२॥
उग्घाडेण मुहेणं, नो भासे अहव जत्तिया वारा ।
भासे तत्तियमित्ता, लोगस्स करेमि उस्सग्गं ॥१३॥
असणे तह पडिक्कमणे, वयणं वज्जे विसेस कज्ज विणा ।
सक्कीयमुवहिं च तहा, पडिलेहंतो न बेमि सया ॥१४॥

---

આહાર-પાણી વહોરવા જતાં-આવતાં ઈર્યાસમિતિ પાળવા માટે (જીવરક્ષા માટે) વાટમાં વાર્તાલાપ વગેરે કરવાનું હું વર્જું-ત્યાગ કરું છું (રસ્તે ચાલતાં બોલીશ નહિ). (૧૧)

દિવસે દૃષ્ટિથી કે રાત્રિએ દંડાસણથી પૂંજ્યા-પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો, અંગ-પડિલેહણા પ્રમુખ સંડાસા કે આસન પડિલેહ્યા-પ્રમાર્જ્યા વિના બેસી જવાય તો અને કટાસણા-કાંબળી વિના જમીન ઉપર બેસી જવાય તો (તત્કાળ) પાંચ નમસ્કાર કરવા (પાંચ ખમાસમણ દેવાં અથવા પાંચ વાર નવકાર મન્ત્રનો જાપ કરવો). (૧૨)

૨. **ભાષાસમિતિ**—ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વિના) નહિ જ બોલું, છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા મુખે બોલી જાઉં તેટલી વાર (ઇરિયાવહીપૂર્વક) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું. (૧૩)

આહાર-પાણી વાપરતાં તેમ જ પ્રતિક્રમણ કરતાં, કોઈ મહત્ત્વના કાર્ય વિના, કોઈને કાંઈ કહું નહિ, એટલે કે

अन्नजले, लब्भंते, विहरे नो धोवणं सकज्जेणं ।
अगलिअजलं न विहरे, जरवाणीअं विसेसेणं ॥१५॥

सक्कीयमुवहिमाई, पमज्जिउं निक्खिवेमि गिण्हेमि ।
जइ न पमज्जेमि तओ, तत्थेव कहेमि नमुक्कारं ॥१६॥

जत्थ व तत्थ व उज्झणि, दंडग उवहीण अंबिलं कुव्वे ।
सयमेगं सज्झायं, उस्सग्गे वा गुणेमि अहं ॥१७॥

કોઈ સંગાથે વાર્તાલાપ કરું નહિ. એ જ રીતે, મારી પોતાની ઉપધિની પડિલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ. (વડીલના પડિલેહણ વખતે કારણે બોલવું પડે તો જયણા.) (૧૪)

૩. **એષણાસમિતિ**—બીજું નિર્દોષ-પ્રાસુક (નિર્જીવ) જલ મળતું હોય તો મારા પોતાના માટે ધોવાણવાળું જળ હું ગ્રહણ કરું નહિ. વળી અળગણ (ગળ્યા વિનાનું) જળ હું લઉં નહિ અને જરવાણી (ગૃહસ્થે નિતારીને તૈયાર કરેલું) તો વિશેષે કરીને લઉં જ નહિ. (૧૫)

૪. **આદાનનિક્ષેપણાસમિતિ**—મારી પોતાની ઉપધિ પ્રમુખ કોઈ પણ ચીજ પૂંજી-પ્રમાર્જીને (ભૂમિ ઉપર) મૂકું તેમજ પૂંજી-પ્રમાર્જીને ગ્રહણ કરું. જો તેમ પૂંજવા-પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ એક નવકાર ગણું. (૧૬)

દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં (જેમ તેમ સૂની, ભળાવ્યા વિના) મૂકી દેવાય તો એક આયંબિલ કરું

मत्तगपरिट्ठवणम्मि अ, जीवविणासे करेमि निव्वियं ।
अविहीइ विहरिऊणं, परिठवणे अंबिलं कुव्वे ॥१८॥
अणुजाणह जस्सुग्गह, कहेमि उच्चारमत्तगट्ठाणे ।
तह सन्नाडगलगजोग-कप्पतिप्पाइ वोसिरे तिगं ॥१९॥
रागमये मणवयणे, इक्किक्कं निव्वियं करेमि अहं ।
कायकुचिट्ठाए पुणो, उववासं अंबिलं वा वि ॥२०॥

---

અથવા ઊભા ઊભા, કાઉસ્સગ મુદ્રાએ રહી, એકસો શ્લોક અથવા સો ગાથા જેટલો કાઉસ્સગ્ગ કરું. (૧૭)

**૫. પારિઠાવણિયાસમિતિ**—લઘુનીતિ કે શ્લેષ્મ વગેરેનું ભાજન પરઠવતાં કોઈ જીવનો વિનાશ થાય તો નીવિ કરું અને અવિધિથી (સદોષ) આહાર-પાણી પ્રમુખ વહોરી લાવવાથી તેને પરઠવવવાં પડે તો એક આયંબિલ કરું. (૧૮)

વડીનીતિ (ઝાડો) કે લઘુનીતિ (પેશાબ) વગેરે કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમ જ તે લઘુ-વડીનીતિ, ધોવાનું પાણી, લેપ અને ડગલ (શુદ્ધિ માટેના ઈંટ, માટી, પથ્થર વગેરેના કકડા) પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું. (૧૯)

**ત્રણ ગુપ્તિના પાલન માટે**—મન અને વચનથી રાગમય (રાગાકુળ) વિચારું કે બોલું તો હું એક નીવી કરું અને જો કાયાથી કુચેષ્ટા થાય–ઉન્માદ જાગે–તો ઉપવાસ અથવા આયંબિલ કરું. (૨૦)

बिंदियमाईण वहे, इंदियसंखा करेमि निव्वियया ।
भयकोहाइवसेणं, अलीयवयणंमि अंबिलयं ॥२१॥

पढमालियाइ तु गहे, घयाइवत्थूण गुरुअदिट्ठाणं ।
दंडग तप्पणगाई, अदिन्नगहणे य अंबिलयं ॥२२॥

एगित्थीहिं वत्तं, न करे परिवाडिदाणमवि तासिं ।
इगवरिसारिहमुवहिं, ठावे अहिगं न ठावेमि ॥२३॥

---

**પહેલા અહિંસાવ્રતમાં**—બેઇન્દ્રિય પ્રમુખ ત્રસ જીવની વિરાધના-હિંસા મારા પ્રમાદાચરણથી થઈ જાય તો તે મરેલા જીવની ઇન્દ્રિયો જેટલી નીવીઓ કરું.

**બીજા વ્રતમાં**—ભય, ક્રોધ. લોભ અને હાસ્યાદિકને વશ થઈ અસત્ય (અસભ્ય) બોલું તો આયંબિલ કરું. (૨૧)

**ત્રીજા વ્રતમાં**—નવકારશી વગેરેમાં ઘી, દૂધ વગેરે વિકારી વિગઇઓ આદિ વસ્તુઓ ગુરુએ જોઈ હોય (મને વાપરવાની ગુરુએ આજ્ઞા કરી હોય) તો જ વાપરું. (કારણ કે, મુનિને કારણ વિના વિગઇઓ વાપરવાનું વિધાન નથી.) અને બીજા સાધુઓનાં દાંડો, તરપણી વગેરે ઉપકરણો તેઓની રજા વગર લઉં-વાપરું તો આયંબિલ કરું. (૨૨)

**ચોથા વ્રતમાં**-એકલી સ્ત્રીઓ કે સાધ્વીઓ સંગાથે વાર્તાલાપ ન કરું અને તેઓને એકલો (સ્વતન્ત્ર) ભણાવું નહિ.

**પાંચમા વ્રતમાં**—એક વર્ષ યોગ્ય (જેટલી જ) ઉપધિ રાખું, પણ એથી અધિક ન જ રાખું. (૨૩)

पत्तग दुप्परगाइ, पन्नरस उवरिं ठवे न ठावेमि ।
आहाराण चउण्हं, रोगे वि अ संनिहिं न करे ॥२४॥
महरोगे वि अ काढं, न करेमि निसाइ पाणीयं न पिबे ।
सायं दोघडियाणं, मज्झे नीरं न पिबेमि ॥२५॥
अहवत्थमिए सूरे, काले नीरं न करेमि सयकालं ।
अणहारोसहसंनिही-मवि नो ठावेमि वसहीए ॥२६॥

પાત્રાં અને કાચલાં પ્રમુખ બધું મળી મારા પોતાના (તરીકે) પંદર ઉપરાંત રાખું નહિ અને બીજાને રખાવું નહિ.

**છઠ્ઠા વ્રતમાં**—અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ-રૂપ ચારે પ્રકારના આહારનો (લેશમાત્ર) સંનિધિ રોગાદિક કારણે પણ રાત્રે રાખું નહિ. દરરોજ જરૂર હોય તે પ્રમાણે લાવું, વધારે સંગ્રહ ન રાખું. (૨૪)

મોટો રોગ થયો હોય તોપણ ક્વાથ ન કરું-ઉકાળો કરાવીને વાપરું નહિ. રાત્રિ સમયે જળપાન પણ કરું નહિ અને સાંજે છેલ્લી બે ઘડીમાં (સૂર્યાસ્ત પહેલાંની બે ઘડીના કાળમાં) પાણી પીઉં નહિ (બે ઘડી પહેલાં ચોવિહાર પચ્ચક્ખાણ કરું), તો પછી બીજા અશનાદિક આહારની તો વાત જ શી? અર્થાત્ સૂર્યાસ્ત પહેલાં બે ઘડી બાકી રહે ત્યારે સર્વ આહારનો ત્યાગ કરું. (૨૫)

અથવા સૂર્ય આથમે છતે સદાય જળપાન ન કરું (સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહાર સંબંધી પચ્ચક્ખાણ કરી

तवआयारे गिण्हे, अह नियमे कइवए ससत्तीए ।
ओगाहियं न कप्पइ, छट्टाइ तवं विणा जोगं ॥२७॥
निव्वियतिगं च अंबिल-दुगं विणु नो करेमि विगयमहं ।
विगइदिणे खंडाइ-गकार नियमो अ जावजीवं ॥२८॥
निव्विअयाइं न गिण्हे, निव्वियतिगमज्झि विगइदिवसे अ ।
विगइं नो गिण्हेमि अ, दुन्नि दिणे कारणं मुत्तुं ॥२९॥

લઉં); અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું-રખાવું નહિ. (૨૬)

**તપાચારને વિષે**—કેટલાક નિયમો સ્વશક્તિને અનુસારે ગ્રહણ કરું છું. તેમાં છટ્ઠ (એકસાથે બે ઉપવાસ) કે તેથી વધુ તપ ન કર્યો હોય, તેમ જ યોગવહન ન કરતો હોઉં, તો મારે અવગાહિમ (પક્વાન્ન-વિગઇ) કલ્પે નહિ. (૨૭)

લાગોલાગ ત્રણ નીવીઓ અથવા બે આયંબિલ કર્યા વિના હું વિગઇ (દૂધ, દહીં, ઘી પ્રમુખ) વાપરું નહિ અને વિગઇ વાપરું તે દિવસે પણ સ્વાદ માટે દૂધ વગેરેમાં ખાંડ વગેરે ન ભેળવવાનો નિયમ જાવજ્જીવ સુધી પાળું. (૨૮)

ત્રણ નિવીઓ લાગોલાગ થાય ત્યાં સુધી તેમ જ વિગઇ વાપરવાના દિવસે પણ નીવીયાતાં દ્રવ્યો (પકવાન્નાદિ) ગ્રહણ કરું નહિ-વાપરું નહિ, તેમ જ કોઈ પણ તેવા પુષ્ટ કારણ વિના બે દિવસ સુધી લાગટ વિગઇ વાપરું નહિ. (૨૯)

પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીએ ઉપવાસ કરું; શક્તિના

अट्ठमीचउद्दसीसुं, करे अहं निव्वियाइं तिन्नेव ।
अंबिलदुगं च कुव्वे, उववासं वा जहासत्ति ॥३०॥
दव्वखित्ताइगया, दिणे दिणे अभिग्गहा गहेअव्वा ।
जीयम्मि जओ भणियं, पच्छित्तमभिग्गहाभावे ॥३१॥
वीरियायारनियमे, गिण्हे केई अवि जहासत्ति ।
दिण-पणगाहाईणं, अत्थं गिण्हे मणूण सया ॥३२॥
पणवारं दिणमज्झे, पमाययंताणं देमि हियसिक्खं ।
एगं परिट्ठवेमि अ, मत्तयं सव्वसाहूणं ॥३३॥

અભાવે બે આયંબિલ અથવા ત્રણ નીવીઓ વગેરે સ્વશક્તિ પ્રમાણે કરી આપું. (૩૦)

પ્રતિદિન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહો* ધારણ કરવા. કારણ, 'અભિગ્રહ ન ધારે તો પ્રાયશ્ચિત્ત આવે' એમ શ્રી યતિજીતકલ્પમાં કહ્યું છે. (૩૧)

**વીર્યાચાર**—સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરું છું. સદા સંપૂર્ણ પાંચ ગાથા વગેરેના અર્થ હું ગ્રહણ કરું; ઓછામાં ઓછી પાંચ ગાથા ગોખું, અર્થ કરું, ભણાવું વગેરે કરું. (૩૨)

(વડીલ તરીકે) આખા દિવસમાં સંયમમાર્ગમાં (ધર્મ-

* કરણસિત્તરીમાં ચાર ભેદો અભિગ્રહના ગણેલા છે. તે દરરોજ કરવા યોગ્ય હોવાથી આહારાદિ સંજ્ઞાના વિજય માટે સાધુએ (ગૃહસ્થના દેસાવગાસિકની જેમ) પ્રતિદિન દ્રવ્યાદિ અભિગ્રહો ધારવા.

चउवीसं वीसं वा, लोगस्स करेमि काउसग्गम्मि ।
कम्मखयट्ठा पइदिण, सज्झायं वा वि तम्मित्तं ॥३४॥
निद्दाइपमाएणं, मंडलिभंगे करेमि अंबिलयं ।
नियमा करेमि एगं, त्रिस्सामणयं च साहूणं ॥३५॥
सेहगिलाणाईणं, विणा वि संघाडयाइसंबंधं ।
पडिलेहणमल्लगपरि-ठवणाइ कुव्वे जहासत्ति ॥३६॥
वसहीपवेसि निगम्मि, निसिही आवस्सियाण विस्सरणे ।
पायापमज्जणे विय, तत्थेव कहेमि नमुकारं ॥३७॥

કાર્યમાં ) પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા (શિખામણ) આપું અને લઘુ તરીકે સર્વ વડીલ સાધુઓનું એક એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું. (૩૩)

પ્રતિદિવસ કર્મક્ષય માટે ચોવીસ કે વીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું, અથવા કાઉસગ્ગમાં રહી સ્થિરતાથી એટલું સજ્ઝાય-ધ્યાન કરું. (૩૪)

નિદ્રાદિક પ્રમાદ વડે મંડલીનો ભંગ થઈ જાય (પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાયાદિમાં જુદો પડું ) તો એક આયંબિલ કરું અને (કરવા યોગ્ય વડીલ) સાધુઓની એક વખત વિશ્રામણા-વૈયાવચ્ચ નિશ્ચે કરું. (૩૫)

સંઘાડાદિકનો કશો સંબન્ધ ન હોય તોપણ લઘુ શિષ્ય (બાલ), ગ્લાન સાધુ પ્રમુખનું પડિલેહણ તેમ જ તેમની ખેળ પ્રમુખની કૂંડીને પરઠવવી વગેરે હું યથાશક્તિ કરીશ. (૩૬)

भयवं पसाउ करिउं, इच्छा(च्चा)इ अभासणम्मि वुड्ढेसु।
इच्छाकाराकरणे, लहूसु साहूसु कज्जेसु ॥३८॥
सव्वत्थवि खलिएसुं, मिच्छाकारस्स अकरणे तह य।
सयमन्नाउ वि सरिए, कहियव्वो पंचनमुक्कारो ॥३९॥
वुड्ढस्स विणा पुच्छं, विसेसवत्थुं न देमि गिण्हे वा।
अन्नं पि अ महकज्जं, वुड्ढं पुच्छिय करेमि सया ॥४०॥

વસતિ (ઉપાશ્રય)માં પ્રવેશ કરતાં 'નિસીહિ' અને નીકળતાં 'આવસ્સહિ' કહેવી ભૂલી જાઉં તથા ગામમાં પેસતાં કે નીસરતાં પગ પૂંજવા ભૂલી જાઉં તો, યાદ આવે ત્યાં જ, નવકાર મંત્ર ગણું. (૩૭)

કાર્ય પ્રસંગે વિનંતિ કરતાં, વૃદ્ધ સાધુઓને 'હે ભગવન્, પસાય કરી' અને લઘુ સાધુને 'ઇચ્છાકાર' એટલે તેમની ઇચ્છા અનુસારે, એમ કહેવું ભૂલી જાઉં કે સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ થાય ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે 'મિચ્છા મિ દુક્કડં' એમ કહેવું ભૂલી જાઉં તો, જ્યારે મને યાદ આવે અથવા કોઈ હિતસ્વી સંભારી આપે ત્યારે, તત્કાળ મારે એક વાર નવકાર મન્ત્ર ગણવો. (૩૮-૩૯)

વૃદ્ધ (વડીલ)ને પૂછ્યા વિના કોઈ વિશેષ સારી વસ્તુ (આહાર, વસ્ત્ર, પાત્રાદિ) બીજા પાસેથી લઉં નહિ અને દઉં પણ નહિ તથા સદૈવ કોઈ મોટું કામ વૃદ્ધ(વડીલ)ને પૂછીને જ કરું, પૂછ્યા વગર કરું નહિ. (૪૦)

दुब्बलसंघयणाण वि, एए नियमा सुहावहा पायं ।
किंचि वि वेरग्गेणं, गिहिवासो छड्डिओ जेहिं ॥४१॥
संपइकाले वि इमे, काउं सक्के करेइ नो निअमे ।
सो साहुत्तगिहित्तण–उभयभट्ठो मुणेयव्वो ॥४२॥
जस्स हिययम्मि भावो, थोवो वि न होइ नियमगहणंमि ।
तस्स क(ग)हणं निरत्थय–मसिरावणि कूवखणणं व ॥४३॥

શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા પણ જેમણે કાંઈક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છોડયો છે, તેઓને આ ઉપર જણાવેલા નિયમો પ્રાયઃ સુખેથી પાળી શકાય તેવા (શુભ ફળ દેનારા) છે. (૪૧)

સંપ્રતિકાળે પણ સુખે પાળી શકાય એવા આ નિયમો-ને જે આદરે-પાળે નહિ, તે સાધુપણા થકી અને ગૃહસ્થ-પણા થકી એમ ઉભયભ્રષ્ટ થયો જાણવો. (૪૨)

જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો લેશ પણ ભાવ ન હોય, તેને આ નિયમ સંબન્ધી ઉપદેશ કરવો, એ સિરા રહિત (જ્યાં પાણી પ્રગટ થાય તેમ ન હોય તેવા) સ્થળે કૂવો ખોદવા જેવો નિરર્થક-નિષ્ફળ થાય છે. અથવા તેનો સંયમનો સ્વીકાર પાણી વિનાની જમીનમાં કૂવો ખોદવા બરાબર છે. (૪૩)

'વર્તમાનમાં સંઘયણબળ, કાળબળ અને દુઃષમ આરો વગેરે નબળાં છે'-એવાં હીણાં આલંબનો પકડીને પુરુષાર્થ

संघयणकालबलदूसमा-रुयालंबणाइं घित्तूणं ।
सव्वं चिय निअमधुरं, निरुज्जमाओ पमुच्चंति ॥४४॥
वुच्छिन्नो जिणकप्पो, पडिमाकप्पो अ संपइं नत्थि ।
सुद्धो अ थेरकप्पो, संघयणाईण हाणीए ॥४५॥
तह वि जइ एअ नियमा-राहणविहीए जइज्ज चरणम्मि ।
सम्ममुवउत्तचित्तो, तो नियमाराहगो होई ॥४६॥
एए सव्वे नियमा, जे सम्मं पालयंति वेरग्गा ।
तेसिं दिक्खा गहिआ, सहला सिवसुहफलं देइ ॥४७॥

રહિત-પામર હોય તેવા-જીવો આળસ-પ્રમાદથી બધા નિયમોરૂપી સંયમની ધૂંસરીને છોડી દે છે. (૪૪)

(સંપ્રતિકાળે) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે; વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી અને સંઘયણાદિકની હાનિથી શુદ્ધ સ્થવિરકલ્પ પણ પાળી શકાતો નથી, તોપણ જો મુમુક્ષુ જીવ આ નિયમોની આરાધના કરવાપૂર્વક સમ્યગ્ ઉપયુક્ત ચિત્તવાળો થઈ ચારિત્ર પાળવામાં યત્ન (ઉદ્યમ) કરશે, તો તે નિયમા-નિશ્ચે જિનાજ્ઞાનો આરાધક થશે. (૪૫-૪૬)

આ સર્વે નિયમોને જે આત્માઓ વૈરાગ્યથી સારી રીતે પાળે છે, આરાધે છે, તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે અને તે શિવસુખના ફળને આપે છે. (૪૭)

॥ इति संविग्नसाधुयोग्यनियमकुलकम् ॥

# પાક્ષિક અતિચાર

**नाणंमि दंसणंमि अ, चरणंमि तवंमि तहय विरियंमि । आयरणं आयारो, इअ एसो पंचहा भणिओ ॥ १ ॥**

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર -એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષદિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતાં-અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. (૧)

**તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર—काले विणए बहुमाणे, उवहाणे तह अनिन्हवणे । वंजण-अत्थ-तदुभए, अट्ठविहो नाणमायारो ॥ १ ॥** જ્ઞાન કાળવેળામાંહે પઢચો, ગુણ્યો, પરાવર્ત્યો નહિ, અકાલે પઢચો, વિનયહીન, બહુમાનહીન, યોગોપધાનહીન પઢચો, અનેરા કન્હે પઢચો, અનેરો ગુરૂ કહ્યો,[1] દેવવંદન, વાંદણે,[2] પડિક્કમણે, સજ્ઝાય કરતાં પઢતાં-ગુણતાં કૂડો[3] અક્ષર, કાને માત્રે આગલો[4]-ઓછો ભણ્યો ગુણ્યો. સૂત્રાર્થ તદુભય કૂડાં કહ્યાં, (સાધુતણે ધર્મે) કાજો અણઉદ્ધર્યાં, ડાંડો અણપડિલેહ્યાં, વસતિ અણશોધ્યાં-અણપવેયાં અસજ્ઝાઈ[5] અણોજ્ઝા કાળવેલામાંહિ શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાન્ત ભણ્યો ગુણ્યો પરાવર્ત્યો. અવિધિએ યોગોપધાન કીધાં-કરાવ્યાં, જ્ઞાનોપકરણ-પાટી પોથી ઠવણી કવળી[6] નોકારવાળી સાંપડા સાંપડી દસ્તરી[7] વહી કાગળીઆ

---

૧. કર્યો. ૨. ગુરુવન્દનમાં. ૩. ખોટો. ૪. વધારે-ઓછો. ૫. અસ્વાધ્યાયનાં કારણો છતાં અનાધ્યાય દિવસોમાં કે કાળવેળાએ. ૬. પુસ્તકને વીંટવાની. ૭. દોઢીઆં પાઠાં.

ઓળીઆ પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થુંક લાગ્યું, થુંકે કરી અક્ષર ભાં(માં)જ્યો, જ્ઞાનવંત પ્રત્યે પ્રદ્વેષ મત્સર વહ્યો, અંતરાય અવજ્ઞા આશાતના કીધી, કુણહિ પ્રત્યે તોતડો બોબડો દેખી હસ્યો-વિતર્ક્યો, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ-જ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન-એ પંચવિધ જ્ઞાનતણી અસદ્દહણા આશાતના કીધી, જ્ઞાનાચાર વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૨)

દર્શનાકારે આઠ અતિચાર—**निस्संकिअ निक्कंखिअ, निव्वितिगिच्छा अमूढदिट्ठी अ । उववूह थीरिकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥१॥** દેવગુરુ ધર્મતણે વિષે નિઃશંકપણું ન કીધું, તથા એકાન્ત નિશ્ચય ધર્યો નહિ. ધર્મસંબંધિઆ ફળતણે વિષે નિસ્સંદેહ બુદ્ધિ ધરી નહિ, સાધુ-સાધ્વી તણી નિન્દા-જુગુપ્સા કીધી, મિથ્યાત્વી તણી પૂજા-પ્રભાવના દેખી મૂઢ દૃષ્ટિપણું કીધું, સંઘમાંહિ ગુણવંત તણી[૧] અનુપબૃંહણા કીધી, [૨]અસ્થિરીકરણ અવાત્સલ્ય અપ્રીતિ અભક્તિ નિપજાવી, તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણ દ્રવ્ય [૩]ભક્ષિત-ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાસ્યો, વિણસંતો ઉવેખ્યો, છતી શક્તિએ [૪]સાર સંભાળ ન કીધી, ઠવણાયરિય હાથ થકી પાડચા, પડિલેહવા વિસાર્યા, જિનભુવન તણી ચોરાશી

---

૧. પ્રશંસા ન કરી. ૨. ધર્મમાં અસ્થિરતા. ૩. ભક્ષણ કર્યું, ઉપેક્ષા કરી, ઓછી સમજથી દુરૂપયોગ કર્યો, દુરુપયોગ થવા દીધો. ૪. રક્ષા.

આશાતના, ગુરૂપ્રત્યે તેત્રીશ આશાતના કીધી, દર્શનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૩)

**ચારિત્રકારે આઠ અતિચાર—पणिहाणजोगजुत्तो, पंचहिं समिईहिं तीहिं गुत्तीहिं । एस चरित्तायारो, अट्ठविहो होइ नायव्वो ॥१॥** ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમાત્રનિક્ષેપણાસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ—એ અષ્ટ પ્રવચનમાતા રૂડી પેરે પાળી નહિ, સાધુતણે ધર્મે સદૈવ, શ્રાવકતણે ધર્મે સામાયિક-પોસહ લીધે-જે કાંઈ ખંડના -વિરાધના હુઈ હોય, ચારિત્રાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦. (૪)

**વિશેષતશ્ચારિત્રાચારે તપોધન* તણે ધર્મે-**

**वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायण ।**
**पलिअंक निसिज्जा य, सिणाणं सोहवज्जणं ॥१॥**

**વ્રતષટ્કે-પહેલે મહાવ્રતે**—પ્રાણાતિપાત સૂક્ષ્મ-બાદર ત્રણ-સ્થાવર જીવતણી વિરાધના હુઈ (૧). **બીજે મહાવ્રતે**—ક્રોધ-લોભ-ભય-હાસ્ય લગે જૂઠું બોલ્યા (૨). **ત્રીજે અદત્તાદાનવિરમણ મહાવ્રતે—सामीजीवादत्तं, तित्थयरऽदत्तं तहेव य गुरूहिं । एवमदत्तं चउहा, पण्णत्तं वीयराएहिं ॥ १ ॥** સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકર-અદત્ત, ગુરૂઅદત્ત—એ ચતુર્વિધ અદત્તાદાનમાંહિં કંઈ

---

* સાધુ તણે ધર્મે.

અદત્ત પરિભોગવ્યું (૩). **ચોથે મહાવ્રતે—वसहीकह-निसिज्जिंदिय—कुड्डितरपुव्वकीलिए पणिए । अइमायाहार विभूसणा य, नव बमचेरगुत्तीओ ॥१॥** એ નવ વાડો સુદ્ધી પાલી નહિ, સુહણે સ્વપ્નાંતરે દૃષ્ટિવિપર્યાસ હુઆ (૪). **પાંચમે મહાવ્રતે**—ધર્મોપકરણને વિષે ઇચ્છા-મૂર્છા-ગૃદ્ધિ-આસક્તિ ધરી, અધિકો ઉપકરણ વાવર્યો, પર્વતિથિએ પડિલેહવો વિસાર્યો (૫). **છટ્ઠે રાત્રિભોજનવિરમણવ્રતે**—[૧]અસૂરો ભાતપાણી કીધો, [૨]છારોડ્ગાર આવ્યો, પાત્રે [૩]પાત્રબંધે તક્રાદિનો છાંટો લાગ્યો, ખરડચો રહ્યો, લેપ તેલ ઔષધાદિતણો[૪]સંનિધિ રહ્યો, [૫]અતિમાત્રાએ આહાર લીધો (૬). એ છએ વ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૫)

**કાયષટ્કે**—ગામતણે [૬]પઇસારે નિસારે પગ પડિલેહવા વિસાર્યા. માટી મીઠું ખડી ધાવડી **અરણેટ્ટો** પાષાણતણી [૭]ચાતલી ઉપર પગ **આવ્યો** (૭). **અપકાય**—[૮]વાઘારી ફૂસણા હુઆ, વહોરવા ગયા, [૯]ઝીલખો હાલ્યો, લોટો ઢોળ્યો, કાચા પાણી તણા છાંટા લાગ્યા (૮). **તેઉકાય**—વીજ-દીવાતણી ઉજેહી હુઈ (૯). **વાઉકાય**—ઉઘાડે મુખે બોલ્યા. મહાવાય વાજતાં કપડા કામળી તણા છેડા સાચવ્યા

૧. અંધારે અથવા સૂર્યનો પ્રકાશ મંદ પડે તેવા લગભગ વખતે. ૨. ખાટો (અજીર્ણનો) ઓડકાર. ૩. ઝોળીએ. ૪. સંઘર્યો. ૫. વધારે પડતો. ૬. પેસવા-નિકળવાની ભાગોળે. ૭. છાટ. ૮. ઝાકળ-ધુમ્મસની સ્પર્શના. ૯. સંસક્ત પાણીનું પાત્ર વિશેષ.

નહિ, ફૂંક દીધી (૧૦). **વનસ્પતિકાય**—નીલફૂલ-સેવાલ-થડ, ફળ, ફૂલ, વૃક્ષ શાખા-પ્રશાખાતણા સંઘટ્ટ પરંપર નિરંતર હુઆ (૧૧). **ત્રસકાય**—બેઇંદ્રી, તેઇંદ્રી, ચઉરેન્દ્રી, પંચેન્દ્રી કાગ-બગ ઉડાવ્યા, ઢોર ત્રાસવ્યાં. બાલક બીહરાવ્યાં (૧૨). ષટ્કાય વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૬)

**અકલ્પનીય** સિજ્જા-વસ્ત્ર-પાત્ર-પિંડ-પરિભોગવ્યો, ઉપયોગ કીધા [1]પાખે વિહર્યો, ધાત્રીદોષ, ત્રસ-બીજસંસક્ત, પૂર્વકર્મ-પશ્ચાત્કર્મ, ઉદ્દગમ ઉત્પાદના(દિ) દોષ ચિંતવ્યા નહિ (૧૩). ગૃહસ્થતણો ભાજન ભાંજ્યો, ફોડ્યો, વળતો પાછો આપ્યો નહિ (૧૪). સુતાં સંથારિઆ ઉત્તરપટ્ટા [2]ટળતો અધિક ઉપકરણ વાવર્યો (૧૫-૧૬). દેશતઃ સ્નાન (કીધું), મુખે ભીનો હાથ લગાડ્યો, સર્વતઃ સ્નાનતણી વાંછા કીધી (૧૭). શરીરતણો મેલ ફેડ્યો. કેશ-રોમ-નખ સમાર્યા, અનેરી કાંઈ [3]રાઢા-વિભૂષા કીધી (૧૮). અકલ્પનીય પિંડાદિ વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ (૬)

**आवस्सय[1] सज्झाए,[2] पडिलेहण[3] झाण[4] भिक्ख[5] अभत्तट्ठे[6] ।**
**आगमणे-निग्गमणे[7], ठाणे[8] निसीअण[9] तुअट्टे[10] ॥१॥**

**આવશ્યક** ઉભયકાલ વ્યાક્ષિપ્ત ચિત્તપણે પડિક્કમણું કીધું, પડિક્કમણામાંહિ ઉંઘ્યા, બેઠાં પડિક્કમણું કીધું (૧). દિવસ પ્રત્યે ચાર વાર **સજ્ઝાય** સાત વાર ચૈત્યવંદન ન કીધાં (૨). **પડિલેહણા** [4]આઘી પાછી ભણાવી, [5]અસ્તો-

૧. વિના વહોર્યું. ૨. ઉપરાંત. ૩. શોભા. ૪. મોડીવહેલી. ૫. જેમ તેમ અવિધિએ.

વ્યસ્ત કીધી (૩). **આર્ત્તધ્યાન**-રૌદ્રધ્યાન ધ્યાયાં, ધર્મધ્યાન શુક્લધ્યાન ધ્યાયાં નહિ (૪). **ગોચરી** ગયાં બેંતાલીસ દોષ ઉપજતા ચિંતવ્યા નહિં, પાંચ દોષ માંડલી તણા ટાળ્યા નહિ (૫). છતી શક્તિએ પર્વતિથિએ **ઉપવાસાદિ** તપ કીધો નહિ (૬). દેહરા-ઉપાસરામાંહિ **પેસતાં** નિસિહી **નિસરતાં** આવસ્સહી કહેવી વિસારી, ઇચ્છા-મિચ્છાદિક દશવિધ ચક્રવાલ સામાચારી સાચવી નહિ, ગુરૂતણો વચન 'તહત્તિ' કરી [1]પડિવજ્યો નહિ, અપરાધ [2]આવ્યાં મિચ્છા મિ દુક્કડં દીધો નહિ (૭). [3]**સ્થાનકે** રહેતાં હરિઅકાય બીઅકાય કીડીતણાં નગરાં શોધ્યાં [4]નહિ (૮). ઓઘો, મુહપત્તિ, ચોળપટ્ટો [5]ઉત્સંઘટ્ટયા, સ્ત્રી-તિર્યંચતણા સંઘટ્ટ અનન્તર પરંપર હુઆ (૯-૧૦). વડા પ્રત્યે 'પસાય કરી' [6]લહુડાં પ્રત્યે 'ઇચ્છાકાર' ઇત્યાદિક વિનય સાચવ્યો નહિ. સાધુ સામાચારી વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર જાણતાં-અજાણતાં હુઓ હોય તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## ઇતિ પાક્ષિક અતિચાર સંપૂર્ણ ॥

૧. સ્વીકાર્યો. ૨. થતાં. ૩. ઉભા રહેતાં. ૪. સંભાળ્યાં. ૫ એક હાથથી વધારે છેટા મૂક્યા. ૬. લઘુ સાધુઓ.

ॐह्रींअर्हं

नमः